# Hirensir

# મનોવિજ્ઞાન અને શિક્ષણના સિદ્ધાંતો

# Tet – 1 & 2

# શિક્ષણના સાંપ્રતપ્રવાહો

## પેડાગોજી

### સંકલ્પના:

– અધ્યયન અનેઅધ્યાપન પરસ્પર જોડાયેલીપ્રક્રિયા છે શિક્ષક શીખવે છેઅને વિદ્યાર્થી શીખે છે શિક્ષકની શીખવવાની પ્રક્રિયાને અધ્યાપન કહે છે જ્યાર ે વિદ્યાર્થીઓની શીખવાની પ્રક્રિયાને અધ્યયન કહે છે અધ્યયન અને અધ્યાપન પ્રક્રિયાના શાસ્ત્રીય અભ્યાસનેપેડાગોજીક ે અધ્યાપનશાસ્ત્ર કહેછે શિક્ષણ અને તેને અસર કરતાં પાસાંઓનો અભ્યાસ શિક્ષણશાસ્ત્ર કરે છે

### પેડાગોજીનોશાબ્દિક અર્થ:

– શિક્ષણની કળા, વ્યવહાર કે વ્યવસાય.

– અધ્યયન તથા અધ્યાપનના નિયમો અને વિધિઓનો પદ્ધતિસરનો અભ્યાસ. તેમાં વિદ્યાર્થીઓના નિયંત્રણઅનેમાર્ગદર્શનનોસમાવેશકરવામાંઆવેછે

– બન્નેઅર્થોનુંવિશ્લેષણકરીએ તો પેડાગોજીમાંસમગ્ર શિક્ષણ પ્રક્રિયા કે વ્યવહારનો અભ્યાસ કરવામાં આવે છે શિક્ષણ પ્રક્રિયામાં મુખ્ય બે પાસાં અધ્યયન અને અધ્યાપન છે અધ્યયન અને અધ્યાપનનો વૈજ્ઞાનિક દ્રષ્ટીકોણથી અભ્યાસ કરતુંશાસ્ત્ર એટલેપેડાગોજી

– પેડાગોજીના મુખ્ય આધારસ્તંભો મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર અનેજીવશાસ્ત્ર છે

### શૈક્ષણિકતત્ત્વજ્ઞાનની સંકલ્પના

– જહોન ડ્યુઈના મતે તત્ત્વજ્ઞાનની વિચારધારાઓના શિક્ષણ અર્કને શિક્ષણના સિદ્ધાંતો અને શિક્ષણ વ્યવહારમાં અમલી કરતું શાસ્ત્ર એટલે શૈક્ષણિક તત્ત્વજ્ઞાન.

– બર્નાટ રસેલના મતે શિક્ષણના પ્રશ્નો તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોનો આશરો લઈને ઉક ેલવા માટેનું શાસ્ત્ર કેળવણીનુંતત્ત્વજ્ઞાન છે આમ શૈક્ષણિક તત્ત્વજ્ઞાનમાં શિક્ષણના હેતુઓ અભ્યાસક્રમ, શિક્ષણ પદ્ધતિ, શિક્ષકનુંઅધ્યાપન પ્રક્રિયામાં સ્થાન, શિક્ષક વિદ્યાર્થી સંબંધો શિસ્ત, શૈક્ષણિક સંચાલન વગેર ે બાબતોનો સમાવેશ થાય છે શૈક્ષણિક તત્ત્વજ્ઞાનનું કાર્ય તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને વ્યવહારમાં મૂકી તેના અમલીકરણને સુચારૂ બનાવવાનું છે શૈક્ષણિક તત્ત્વજ્ઞાન વ્યક્તિનેસર્વાંગીવિકાસની પ્રક્રિયા તરફ લઈ જાય છે

– જેઈમ્સ રોસના મતે તત્ત્વજ્ઞાન અને શિક્ષણ જાણે એક સિક્કાની બેબાજુઓછે એક ચિંતનાત્મકબાજુછે અનેબીજી ક્રિયાત્મક બાજુછે

### તત્ત્વજ્ઞાનની શાખાઓ

**તત્ત્વ મીમાંસા**

**જ્ઞાન મીમાંસા**

**મૂલ્યમીમાંસા**

# શિક્ષણ દર્શન

### શ્રી અરવિંદનુંશિક્ષણ દર્શન

– શિક્ષક એ શીખવનાર મહેતાજીકે મુકાદમનથી; પણ તે મદદગાર અને માર્ગદર્શકછે માણસે પોતે પોતાના ભૂતકાળનાસંતાનરહેવાનુંછે ભાવિના સૃષ્ટાબનવાનું છે ભૂતકાળ એ આપણો પાયો છે, વર્તમાનએ આપણી સામગ્રી છેઅનેભવિષ્યએ આપણુંલક્ષ્ય છે

– સત્ય, સંવાદ અને સ્વાતંત્ર્ય એ શિક્ષણના નૂતન આદર્શમાટે ના સિદ્ધાંતોછે

– આપણેબાળકનેતેનાવિષયમાંદર ેક પગલેરસ લેતું કરી; તેમાંલીન કરી દઈ અને તે રીતે તેનેઆખોને આખો વિષય શીખવી દઈએ એ જ શિક્ષણની સાચી કલા છે

– સાચી વિકાસની શરત છે, મુક્ત અને સ્વાભાવિક બુદ્ધિ

### શ્રી રવિન્દ્રનાથ ટાગોરનુંશિક્ષણ દર્શન

– આપણે જો ફળ મેળવવુંહોય; તો ઈંટ, ચૂનાની ઈમારતોને છોડીને ભૂમિમાતાને ખોળે બેસવુંપડશે વેદના જમાનામાં અથવા નાલંદા અને તક્ષશિલામાં જ ે વિદ્યાર્થીઓ ભેગા થતાં હતાં ; તેમની જેમ આપણે પણ આપણી જીવનશક્તિને કસીને પોષવી પડશે.

– ભલે ને જગત પ્રતિક ૂળ હોય; તોય આખા જગત કરતાંયતમારો આત્મા ઘણો મોટો છે

– તમારા જીવનનો ઈતિહાસ એ કાંઈતમારા એકલાનો નથી. એમાંઆખાય જગતના કલ્યાણનો ઈતિહાસ છે

– શિક્ષણનુંમહત્ત્વનુંઅંગ ચિત્તનાંદ્વાર ખટખટાવવાંતે છે

– માતૃભાષામાંશિક્ષણ.
– વૈભવનાઠઠારા કરતાંસાદાઈનુંમૂલ્યવધાર ે છે

# ગાંધીજીનુંશિક્ષણદર્શન

– **જન્મ** – 2 ઓક્ટોબર, 1869
– **જન્મસ્થળ** – પોરબંદર
– **1917 :** સાબરમતી આશ્રમની સ્થાપના
– **1920 :** ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના
– **1937 :** 'નઈ તાલીમના' વિચારો.
ડૉ ઝાકીર હુસેનના પ્રમુખપદે 'વર્ધાયોજના' સમિતિ
– **1938 :** બુનિયાદી શિક્ષણનો પ્રારંભ
– **નઈ તાલીમનાંનામો :**
(1) બુનિયાદી શિક્ષણ
(2) વર્ધા શિક્ષણ યોજના
(3) જીવન શિક્ષણ
(4) પાયાની કેળવણી
(5) બેઝિક એજ્યુકેશન
(6) રાષ્ટ્રીય શિક્ષણ.

**શિક્ષણદર્શનનાઆધારભૂતસિદ્ધાંતો:**
– હસ્ત ઉદ્યોગને મહત્ત્વ – બેરોજગારીની સમસ્યાનું સમાધાન.
– બાળકનેક્રિયા દ્વારા શિક્ષણ આપવુંજોઈએ.
– શિક્ષણનુંમાધ્યમ માતૃભાષાહોવુંજોઈએ.

**કેળવણીનો અર્થ:**
– સાક્ષરતા કે અક્ષરજ્ઞાન એ સ્વયંશિક્ષણ નથી.
– કેળવણી એટલે બાળક અને મનુષ્યના શરીર, મન અનેઆત્મા ઉત્તમાંશોનુંઆવિષ્કરણ.
– કેળવણી યથાર્થતામાં બાળકની આધ્યાત્મિક, માનસિક કે બૌદ્ધિક અને શારીરિક શક્તિઓને બહાર લાવી તેનેઉત્તેજ ે છેઅનેવિકાસ કર ે છે

**કેળવણીના હેતુઓ :**
– સ્વાવલંબનમાટે કેળવણી
– આર્થિક, સામાજિક અનેમાનસિક સ્વાવલંબન

**અભ્યાસક્રમ :**
– 1 થી 5 સુધી સમાન અભ્યાસક્રમ
– શિક્ષણનુંમાધ્યમ માતૃભાષા
– છઠ્ઠા ધોરણથી છોકરીઓ માટે ગૃહવિજ્ઞાનનુંશિક્ષણ

**બુનિયાદીશિક્ષણ :**
– 6 થી 14 વર્ષની વયજૂથનાં બાળકો માટે મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ
– માતૃભાષા – શિક્ષણનું માધ્યમ

– જે માણસ પોતાની ફરજ બજાવે છે; તે સદાય અભ્યાસ કરે છે. સારી રીતે રહેતા શીખવું એ અભ્યાસ છે, બાકી બધુ મિથ્યાભાસ છે.
– શરીર, મન અને આત્મા એ ત્રણેનો જ ેના વડે વધારેમાંવધારે વિકાસ થાય એ કેળવણી ગણાય.
– સમગ્ર જીવનનેઆવરી લેતેનુંનામ શિક્ષણ.
– ખરી કેળવણી તો એ છે કે જે માણસના અંતરના ગુણોનોવિકાસ કરે.
– કેળવણી એટલેબાળક કે મનુષ્યનાશરીર, મન અને આત્મામાં જે ઉત્તમ અંશો હોય; તેનો સર્વાંગી વિકાસ સાધીનેતેનેબહાર આણવા.
– જે કેળવણીથી સાચુ સ્ત્રીત્વ ખીલવી શકાય; તે જ ખરી કેળવણી છે એ જ પ્રમાણેજ ે ખરૂ પુરૂષત્વ જાગૃત કરે એ જ પુરૂષોનીખરી કે ળવણી છે
– શિક્ષણ એટલે અક્ષરજ્ઞાન નહીં; પણ ચારિત્ર્યની ખીલવણી, ધર્મભાવનાનુંભાન.
– કેળવણીનો ઉદ્દેશ ચારિત્ર્ય ઘડવાનો છે
– વિદ્યાકુળ જ એ છેક ે વિદ્યાર્થી ઉત્તમ નાગરિક બને, ઉત્તમ દેશસેવકબને, સમાજને, ગૃહસ્થાશ્રમને, દેશને સુશોભિતકરે.
– વિદ્યા તો આપણને છોડાવે, બંધનમુક્ત કર ે, શોભાવે એનાથી મુલકનુંધન વધે, ચારિત્ર્યનુંધન વધે આપણા દીકરા –દીકરી પાવરધાંથાય.
– વિદ્યાનુંલક્ષ્ય આત્મવિકાસ છે જ્યાંઆત્મ વિકાસ છે, ત્યાંઆજીવિકા છે

## સ્વામી દયાનંદસરસ્વતી

– જેનાથી માણસ વિદ્યા વગેરે સદગુણોની પ્રાપ્તિ કરે અનેઅવિદ્યારૂપી દોષોનેછોડીનેહ ંમેશાંપ્રસન્ન રહેએને શિક્ષણ કહેવાય
– શિક્ષણ કે જેનાથી વિદ્યા, સભ્યતા, ધાર્મિકતા વગેરે માંપ્રગતિ થાય અનેઅવિદ્યારૂપી દોષો છૂટે એને શિક્ષણ કહેવાય

# કેળવણી

**વ્યાખ્યા :**

– 'બાળકમાંરહેલીસુષુપ્તશક્તિઓ બહાર લાવી તેનો સર્વાંગીવિકાસ કરવાની પ્રક્રિયા એટલેકેળવણી.'

## પશ્ચિમની સંસ્કૃતિમાંકેળવણીની વ્યાખ્યાઓ

**રૂસો** – 'કુટુંબ દ્વારા મળતી કેળવણી એ જ સાચી કેળવણી.'

**એરિસ્ટોટલ** – 'કેળવણીથી તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મનનું ઘડતર થાય છે.'

## કેળવણીની શરૂઆત

**1. પ્રથમ સોપાન :**

ગર્ભાવસ્થા

**2. દ્વિતીય સોપાન :**

– શાળા–શિક્ષક – અધ્યયન – અધ્યાપન પદ્ધતિ

– અભ્યાસક્રમ – વિષયવસ્તુ

– કઠીનતા મૂલ્ય – શિક્ષણ–વિદ્યાર્થી

– આંતરક્રિયા – શાલેયપર્યાવરણ

**3. તૃતીય સોપાન :**

– શિક્ષણ–વિદ્યાર્થી વચ્ચેજ્ઞાનનુંઆદાન પ્રદાન

**4. ચતુર્થ સોપાન :**

– ફલશ્રુતિ(નીપજ) – અપેક્ષિતસમાજનુંનિર્માણ

– વિદ્યાર્થીઓનો વિકાસ – ભાવિ નાગરિકો અને રાષ્ટ્રનુંઘડતર

## કેળવણીના ધ્યેયનાપ્રકારો

**1. વ્યક્તિગત ધ્યેય**

**2. સામાજિક ધ્યેયો**

## બુનિયાદીશિક્ષણ

– બુનિયાદી શિક્ષણ એટલે સરળ અર્થમાં'પાયાનું શિક્ષણ (Basic education) .'

– ભારત દેશમાંતેના પ્રણેતા ગાંધીજી હતા. તેમણે ભારત દેશમાંબુનિયાદીશિક્ષણનો પાયો નાખ્યો છે

– જહોન ડ્યુઈ જેવા શિક્ષણશાસ્ત્રી પણ કેળવણીનો આત્મા બુનિયાદીશિક્ષણનેગણતા.

– ઈ.સ. 1937માં વર્ધા મુકામે મારવાડી વિદ્યાલય (હાલ નવભારત વિદ્યાલય)ની રજત જયંતીના પ્રસંગે તા. 22, 23 ઓક્ટોબરે શ્રીમન્નારાયણજીએ ગાંધીજીના અધ્યક્ષપણા હેઠળ રાષ્ટ્રીય કેળવણીકારોનું એક સંમેલન યોજ્યું. આ સંમેલનમાં ગાંધીજીએ બુનિયાદી શિક્ષણનાં બીજ રોપ્યાં.

### બુનિયાદીશિક્ષણનો મનોવૈજ્ઞાનિકદષ્ટિકોણ

– અહીં વિદ્યાર્થી સમગ્ર પ્રક્રિયામાંકેન્દ્રમાંરહેછે

– તેનેશિક્ષણ વિવિધ પ્રવૃત્તિઓદ્વારા અપાય છે

– વિદ્યાર્થીનુંધ્યેયવ્યવસાયિક બનેછેઅનેતેમૂર્તથી અમૂર્તતરફ જાય છે

– બધુંજ જ્ઞાન સ્વયંરીતેતેપ્રાપ્ત કરે છે

### બુનિયાદીશિક્ષણનો સામાજિક દષ્ટિકોણ

– વિદ્યાર્થીમાંસમાજ ભાવના વિકસેછે

– તેશ્રમનુંમહત્ત્વ સમજે છે

– બેકારીમાંથીબહાર આવેછે

### બુનિયાદીશિક્ષણનો તાત્વિક દષ્ટિકોણ

– તેનૈતિકબનેછે

– ચારિત્ર્ય ઘડતર થાય છે

– આત્મનિર્ભરબનેછે

### બુનિયાદીશિક્ષણના સિદ્ધાંતો

– સાત વર્ષસુધીમફત અનેફરજીયાત શિક્ષણ

– માતૃભાષામાંજ શિક્ષણ

– ઉદ્યોગો દ્વારા શિક્ષણ

– સમવાયી શિક્ષણ

– સ્વાવલંબનશિક્ષણ

# અભ્યાસક્રમ – પાઠ્યપુસ્તક

**વ્યાખ્યા**

– 'વિદ્યાર્થી દ્વારા ચોક્કસ પાઠ્યપુસ્તકીય વિષયવસ્તુનુંઅધ્યયન એટલેઅભ્યાસક્રમ.'

– વાસ્તવમાં વર્તમાન યુગ મુજબ વિદ્યાર્થીઓનો માનસિક, શારીરિક, વ્યવસાયિક, સંસ્કૃતિક અને સામાજિક વિકાસ કરતો મુસદ્દોએટલેઅભ્યાસક્રમ.

## ક્ષમતાલક્ષી (MLL) અભ્યાસક્રમની લાક્ષણિકતા

– વર્ગના 80% વિદ્યાર્થીઓ તમામ વિષયોમાં 75% જેટલું શીખે એ ક્ષમતાલક્ષી અભ્યાસક્રમનું મુખ્ય ધ્યેય છે.
– વય મુજબતેમનેશીખતા કરવા પ્રેર છે
– વિદ્યાર્થી જાતેશીખતો થાય છે
– સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનઅને ત્યારબાદ નિદાન અનેઉપચાર કરવામાંઆવે

### અભ્યાસક્રમમાંશિક્ષણનુંસ્થાન

– વર્ગખંડમાંશીખેલી પ્રવૃત્તિઓ પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય છેઅનેવર્ગખંડબહારથી વિદ્યાર્થી જે શીખે તેનેપરોક્ષ જ્ઞાન કહેવાય

### પાઠ્યક્રમ

– 'ચોક્કસ અવધિમાં અધ્યયન – અધ્યાપન પદ્ધતિ દ્વારા મેળવેલવિષયવસ્તુનુંજ્ઞાન એટલેપાઠ્યક્રમ.'

## પાઠ્યક્રમની વિશેષતાઓ

– વિદ્યાર્થીઓની અધ્યયન, વિષયવસ્તુ અનુભવો, શૈક્ષણિક પ્રવૃત્તિઓ જેવી વિવિધ ક્ષમતાઓને કેન્દ્રમાં રાખી અભ્યાસક્રમ નક્કી થાય છે
– દરેક ક્ષમતાઓને ચોક્કસ કોડ અપાય છે દા.ત., વિજ્ઞાનની ક્ષમતાઓમાં 3.5.6 અપાય છે. એટલે કે 3 એટલે અધ્યયન ક્ષેત્ર, 5 એટલે ધોરણ 5 તથા 6 એટલે ક્ષમતાક્રમાંક
– વિદ્યાર્થી ક્ષમતાઓમાંપારંગતતા મેળવતોજાય; તેમ તેનીક્ષમતા સિદ્ધ થતી જાય છે
– દરેક એકમ સાથે ચોક્કસ ક્ષમતાઓ આપવામાં આવેલીહોય છે
– ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમમાં વિવિધ શૈક્ષણિક સામગ્રી પણ વાપરવામાંઆવેછે

1. અધ્યયનપોથી
2. સ્વાધ્યાયપોથી
3. પ્રશ્નપત્રો
4. કસોટીઓ
5. પ્રોજેક્ટો TLM
6. પાઠ્યપુસ્તકો
7. પ્રયોગો
8. પ્રયોગપોથી
9. પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ
10. નિદાન

### વિદ્યાર્થીની મૂળભૂતજરૂરિયાતો

### જરૂરિયાત એટલેશું ?

– વ્યક્તિને કોઈ ધ્યેય (ખોરાક, પાણી, પ્રેમ, ક્રોધ, હૂંફ)નેમેળવવાતરફ દોરી જતો આંતરીકઆવેગ

## વિદ્યાર્થીની જરૂરિયાતોના પ્રકારો

**1. શારીરિક જરૂરીયાતો**

– ખોરાક, પાણી, જાતીયતા વગેરે.

**2. માનસિક અને સાંવેગિક જરૂરિયાતો**

– પ્રેમ, હૂંફ, ક્રોધ, લાગણી, સંવેદનાઓ હર્ષ, ઈર્ષા, જિજ્ઞાસાવૃત્તિવગેરે.

**3. સામાજિક જરૂરીયાતો**

– સમાજ દ્વારા સ્વીકૃતિ
– માન, મોભો, પ્રતિષ્ઠા, સિદ્ધિઓ
– નેતૃત્વ

## અભ્યાસક્રમ અનેપાઠ્યક્રમ વચ્ચે તફાવત

| અભ્યાસક્રમ | પાઠ્યક્રમ |
|---|---|
| – તેવિશાળ છે | – તેસંકુચિત છે |
| – વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ કરે છે | – વર્ગખંડને લગતી વિષયવસ્તુનીક્ષમતા સિદ્ધ કરે છે |
| – તમામ શૈક્ષણિકઅનુભવોનું ભાથુંછે | – તે માત્ર અભ્યાસક્રમનો જ એક ભાગ છે, વ્યાપક નથી. |
| – અભ્યાસક્રમ એ શિક્ષણની કક્ષા દર્શાવેછે | – પાઠ્યક્રમ માત્ર ધોરણ અને તેને લગતુંવિષયવસ્તુ દર્શાવે છે |
| – અભ્યાસક્રમ એ સર્વાંગી વિકાસનો પાયો છે | – પાઠ્યક્રમ માત્ર વિષયવસ્તુનોપાયો છે |
| – તેઅમૂર્તછે | – તેમૂર્તછે |
| – તે લેખકોની મર્યાદા નક્કી કરતુંઅધ્યયનક્ષેત્રછે | – તે લેખકો માટે વિષયવસ્તુની મર્યાદા નક્કી કરતુંઅધ્યયન ક્ષેત્રછે |

# શિક્ષણ પંચોઅનેશિક્ષણનીતિ

## વૂડનોખરીતો (૧૮૫૪)

- માધ્યમિક સ્તર પર વ્યાવસાયિક શિક્ષણ શરૂ કરવા પર બળ આપવામાં આવ્યું.
- માધ્યમિક સ્તર પર વિદ્યાર્થીઓને એવું શિક્ષણ આપવામાં આવે કે જેથી વિદ્યાર્થીઓનું ભાવિ વ્યાવસાયિક જીવન માટે તૈયાર કરી શકાય.
- 1857માં કલકત્તા, મદ્રાસ અને મુંબઇમાં વિશ્વ વિદ્યાલયોની સ્થાપના કરવામાં આવી.
- આ બધા પ્રયાસો છતાં માધ્યમિક સ્તર કે ઉચ્ચ શિક્ષણમાં વ્યવસાયિક શિક્ષણ આપવાની કવાયત ન થઈ શકી.

## હંટર કમિશન (૧૮૮૨)

ભારતીય શિક્ષા આયોગ અંતગર્તબનાવાયેલા હ ંટર કમિશને સૂચવ્યું ` માધ્યમિક સ્તરના શિક્ષણને બે વિભાગમાંવહેંચીનાખવામાંઆવે (૧) એક વિભાગમાં વિદ્યાર્થીઓનેઉચ્ચ શિક્ષણ માટે તૈયારકરવામાંઆવે, (૨) બીજા વિભાગમાં વિદ્યાર્થીઓને વ્યાવસાયિક શિક્ષણ આપવામાંઆવે

હંટર કમિશનના આ રિપોર્ટને 1884માં સ્વીકારી દર વર્ષે બે વૈકલ્પિક પરીક્ષાઓનું આયોજન કરવામાં આવ્યું. પ્રાથમિક શિક્ષણને સ્થાનિક સંસ્થાઓને સોંપી દેવામાં આવ્યું. સ્થાનીય 'સ્વશાશન અધિનિયમ' અંતગર્ત આ માટે સરકારે અનુદાન (grant) આપવાના નિયમો બનાવ્યા. જેના કારણે માધ્યમિક સ્કૂલોનો રાફડો ફાટી નીકળ્યો. સ્થાનીય સમિતિઓ દ્વારા ફી લઈને ચલાવાતી આવી સ્કૂલોના કારણે હંટર કમિશનની ભલામણો ફળદાયી સાબિત ન થઈ. ઈ.સ. ૧૮૯૬માં "અખિલ ભારતીય શિક્ષણ સેવા" શરૂ કરવામાં આવી. ઇંગ્લેન્ડમાં યોજાનારી પરીક્ષા દ્વારા આ સેવામાં નિમણૂક કરવામાં આવી. ભારતીયો આ પરીક્ષા આપી શકતા, પરંતુ ઇંગ્લેન્ડમાં આ પરીક્ષાઓ યોજાતી હોવાથી મોટા ભાગે 'અખિલ ભારતીય શિક્ષણ સેવા'માં અંગ્રેજો જ નિયુકત થતા. આ પ્રકારની વ્યવસ્થા, છેક 1919 સુધી ચાલી.

## હાર્ટોગ કમિટી (૧૯૨૮)

- ૧૯૧૯માં બ્રિટિશ સરકારે નવું સંવિધાન લાગુ કર્યું. આ સંવિધાન મુજબ કેટલાક વિભાગોનું સંચાલન ગવર્નર દ્વારા ; જ્યારે કેટલાક વિભાગોનું સંચાલન પ્રાંતીય ધારાસભાના મંત્રીઓ દ્વારા કરવામાં આવતું હતું.
- આ સમય દરમિયાન શિક્ષણ સંસ્થાઓ અને વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘણો વધારો થયો. 'ઈન્ડિયન સ્ટેચ્યુટરી કમિશન'ની સહાયક સમિતિ; જે હાર્ટોગ કમિટીના નામે પ્રસિદ્ધ છે, તેણે પોતાના રિપોર્ટમાં કેટલીક ભલામણો કરી. તેની ભલામણો નીચે મુજબ હતી.
- પ્રાથમિક શિક્ષણનો વિસ્તાર જેટલા પ્રમાણમાં થયો તેટલા પ્રમાણમાં સાક્ષરતા દરમાં વધારો થયો નહીં. કારણ કે પહેલા ધોરણમાં પ્રવેશ લેનાર બાળકો ચોથા–પાંચમા ધોરણ પછી ભણવાનું છોડી દેતાં હતાં. તેથી આ અપવ્યયને રોકવા કમિટીએ ભલામણો કરી.
- માધ્યમિક કક્ષાએ અભ્યાસક્રમમાં વિવિધતા લાવવાનું સૂચન કર્યું.
- આ આયોગ દ્વારા સામાન્ય શિક્ષણની સાથે સાથે ભૌતિક અને શારીરિક વિજ્ઞાનના સિદ્ધાંતો, આદાન પ્રદાનના સાધનરૂપે ભાષાના સ્પષ્ટ અને પ્રભાવશાળી પ્રયોગ, ઉચ્ચ જીવનમૂલ્યો અને સહકારના શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો.
- ઈ.સ. ૧૯૩૨માં આંધ્ર યુનિવર્સિટીમાં બી.એડ. કોલેજની સ્થાપના કરવામાં આવી અને ૧૯૩૬માં મુંબઈ યુનિવર્સિટીમાં એમ.એડનો અભ્યાસક્રમ દાખલ કરવામાં આવ્યો.
- આ સિવાય આયોગે પગારમાં રહેલી વિસંગતતાઓ દૂર કરવા, ખેતી અને વ્યવસાયિક શિક્ષણનો પ્રસાર કરવા, ગ્રામ વિશ્વ વિદ્યાલયોની સ્થાપના કરવા, સ્નાતક કક્ષાના અભ્યાસક્રમની અવધિ, ત્રણ વર્ષ કરવા, શિક્ષણના માધ્યમ તરીકે પ્રાદેશિક ભાષાને માધ્યમ તરીકે સ્વીકારવા તેમજ વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ (UGC)ની સ્થાપના કરવાની ભલામણ કરવામાં આવી. આ આયોગની ભલામણના આધારે ૧૯૫૩માં વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ (UGC)ની સ્થાપના કરવાની કરવામાં આવી.

## સાર્જન્ટ પ્લાન (૧૯૪૪)

- ૧૯૩૫માં ભારત સરકાર અધિનિયમ – ૧૯૩૫ મુજબ પ્રાંતીય સરકારોમાં માધ્યમિક શિક્ષણના

વિસ્તરણની ગતિ મંદ રહી. આના કારણે સાર્જન્ટ પ્લાન મુજબ માધ્યમિક શિક્ષણનું પુનઃગઠન કરવામાંઆવ્યું

- (૧) કલા (Art) અને મૂળ વિજ્ઞાન (Basic Science)નો અભ્યાસ કરાવતી શાળાઓ અને
- (૨) ટેકનિકલ હાઈસ્કૂલ
- આમ, બે પ્રકારની શાળાઓ શરૂ કરવામાં આવી.

**સાર્જન્ટ પ્લાનની અગત્યની ભલામણો**

- ગ્રામીણ અભ્યાસક્રમમાં ખેતી (કૃષિ) પર બળ આપવું.
- કન્યા કેળવણીના ક્ષેત્રમાં વૈકલ્પિક વિષય તરીકે ગૃહ વિજ્ઞાન સામેલ કરવું.

૧૯૪૦ના દશકનેશિલ્પ શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણ, વાણિજિયિક શિક્ષણના સ્વસ્થ વિકાસની દિશામાં સાર્થક કદમ માની શકાય. સાર્જન્ટ કમિશને ભારતમાંશિક્ષણના વિકાસ માટે એક દીર્ઘકાલીનરિપોર્ટ તૈયારકર્યો.

## રાધાકૃષ્ણન આયોગ (૧૯૪૮-૪૯) (યુનિવર્સિટીશિક્ષણ પંચ)

– આઝાદી પછી સૌપ્રથમ શિક્ષણ પંચ એટલે રાધાકૃષ્ણન પંચ

– 4 નવેમ્બર, 1948 ના રોજ ડૉ. એસ. રાધાકૃષ્ણનના અધ્યક્ષપદે આ પંચની સ્થાપના કરવામાં આવી હતી.

– રાધાકૃષ્ણન પંચેભાષા શિક્ષણ માટે 'ત્રિભાષી સૂત્ર' આપ્યુંતું

– રાધાકૃષ્ણન પંચેઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે પ્રાદેશિકભાષાની ભલામણ કરી હતી.

– ભારતમાં ઉચ્ચ શિક્ષણ માટે 'ગ્રામ વિદ્યાપીઠો'સ્થાપવાની ભલામણ કરી હતી.

ઉચ્ચ શિક્ષણ માટે બનાવવામાં આવેલા આ આયોગે પોતાના પ્રતિવેદનમાં સ્પષ્ટ કર્યું કે,

વિદ્યાલય દ્વારા અપાતા શિક્ષણનુંકાર્ય માત્ર વિદ્યાર્થીનેયુનિવર્સિટીનાકાર્યમાટે તૈયારકરવાનુંનથી. પરંતુ કોઈ વિદ્યાર્થી યુનિવર્સિટીનથી જતો ; તો તેને વ્યાવહારિક કાર્ય માટે તૈયાર કરવાનું પણ છે. જેથી તે પોતાનું જીવનઅધ્યયન કરી શકે. વિદ્યાલયોમાં અપાતું શિક્ષણ વિદ્યાર્થીને બૌદ્ધિક જ્ઞાન તો આપે જ છે, પરંતુ સાથે-સાથે શારીરિક શિક્ષણ અને સમૂહ શિક્ષણ પર પણ સરખો ભાર આપવો જોઈએ.

આયોગના આ પ્રતિવેદનથી સ્પષ્ટ થાય છે કે ઉચ્ચ શિક્ષણ બધા માટે નથી. પરંતુ વિદ્યાર્થીના રસ અને રુચિ પર આધારિત છે આયોગે વિદ્યાલય સ્તરે સામાન્ય શિક્ષણ આપવા પર ભાર મૂક્યો કૃષિ, કૃષિવિજ્ઞાન, લલિતકલા જેવા વિષયોનેઐચ્છિક વર્ગના વિષયોમાંમૂકવાજોઈએ.

## મુદલિયારપંચ (માધ્યમિક શિક્ષણ પંચ ૧૯૫૨-૫૩)

– માધ્યમિક સ્તરે ત્રણ ભાષાઓનુંશિક્ષણ ફરજિયાત કરાયું

– તેના અનુસંધાનમાં'અખિલ ભારતીય ખેલકૂદ પરિષદ'ની સ્થાપના કરવામાંઆવી.

– માધ્યમિક શિક્ષણના સંદર્ભમાંકેન્દ્ર તથા રાજ્ય સરકારોને સલાહ આપવા માટે 'અખિલ ભારતીય માધ્યમિક શિક્ષણ પરિષદ'ની સ્થાપના થઈ.

ડૉ. લક્ષ્મણ સ્વામી મુદલિયારની અધ્યક્ષતામાં ઈ.સ. 1952માં આ પંચની રચના કરવામાં આવી.

– અભ્યાસક્રમમાં વૈવિધ્ય લાવવું ત્રિસ્તરીય સ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવાની ભલામણ કરી.

– પંચેનોંધ્યું કે તત્કાલીન અભ્યાસક્રમ અનેઅધ્યાપન પરીક્ષાકેન્દ્રી બની ગયુંછે જેના કારણે વિદ્યાર્થીની રસરુચિ, મૌલિકતા અનેક્ષમતાઓ પર વિઘાતક અસર પડેછે

**મુખ્યભલામણો :**

– હેતુલક્ષીપરીક્ષા પદ્ધતિ અપનાવવી.

– સ્કૂલોએ વિદ્યાર્થીની પ્રગતિનો રેકોર્ડ રાખવો અને સર્વાંગીપ્રગતિ પર ભાર મૂકવો

– સંખ્યાત્મકગુણ(માર્ક્સ) આપવાના બદલેસાંકેતિક અંકન(ગ્રેડ) પદ્ધતિનેઅનુસરવું

– એક જાહેર પરીક્ષા લેવી જેનાં અંતિમ પરિણામ આપતી વખતેશાળા દ્વારા લેવામાંઆવેલીકસોટીઓ, સ્કૂલ રેકોર્ડ અને જાહેર પરીક્ષાના પરિણામના આધારે પ્રમાણપત્ર આપવું

– માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ એક કેન્દ્રીય અભ્યાસક્રમ હોવો જોઈએ. ભાષા, સામાજિક વિજ્ઞાન, ગણિત, કલા, સંગીત, શારીરિક શિક્ષણ જેવા મૂળભૂતવિષયોનો કેન્દ્રીય વિષયોમાં સમાવેશ કરવો જોઈએ. આ સૂચન મુજબ પ્રાદેશિક સરકારોએ ટેકનિકલ, વાણિજ્ય (કોમર્સ) અને કૃષિ હાઈસ્કૂલને વધારે અનુદાનઆપવાનુંશરૂ કર્યું

– માધ્યમિક સ્તર પર વ્યવસાયિક અભ્યાસક્રમની શરૂઆત કરવામાંઆવી.

– માધ્યમિક સ્તરે ભારતીય ભાષાઓને શિક્ષણના માધ્યમરૂપે સ્વીકારવામાં આવી. જો કે વિશ્વવિદ્યાલય સ્તર પર અંગ્રેજીભાષાનુંપ્રભુત્વઅનિવાર્યપણેરહ્યું ૧૯૫૨–૫૩ માં નિમાયેલા માધ્યમિક શિક્ષણ પંચે શિક્ષણના નીચેનાઉદ્દેશ્યો નક્કી કર્યાહતા.

૧. લોકશાહી નાગરિકતાનો વિકાસ
૨. જીવન જીવવાની કળા માટે શિક્ષણ
૩. સાચી દેશભક્તિનીભાવનાનો વિકાસ
૪. વ્યવસાયિક ક્ષમતાનો વિકાસ
૫. વ્યક્તિત્ત્વનો વિકાસ
૬. નેતૃત્વમાટે ની કેળવણી

## કોઠારી પંચ
## (રાષ્ટ્રીય શિક્ષણ પંચ૧૯૬૪–૬૬)

– ભારત સરકારે 4 જુલાઈ, 1964ના રોજ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC)ના અધ્યક્ષ પ્રો. ડી. એચ. કોઠારીના અધ્યક્ષપદે એક પંચની નિમણૂક કરી.

– આ પંચમાં 14 જેટલા સભ્યો હતા. તેમાં 9 ભારતીય અને 5 ભારત સિવાયના સભ્યો હતા.

– કોઠારી કમિશન ભારતના શિક્ષણના ઈતિહાસમાં 'મેગ્નાકાર્ટા તરીકે જાણીતુંબન્યુંહતું

ભારતના શૈક્ષણિક ઈતિહાસમાં આ આયોગનું મહત્ત્વપૂર્ણસ્થાન છે એનાંબેકારણો છે

(૧) શિક્ષણના પુનરુદ્ધારમાટે વ્યાપક વિચાર,
(૨) રાષ્ટ્રીય શિક્ષણનીતિનુંમાળખુંતૈયારકર્યું

સરકાર દ્વારા શિક્ષણ માટે રચવામાંઆવેલુંઆ છઠ્ઠું પંચ હતું પરંતુ વાસ્વતિક રીતે ભારતીય શિક્ષણ પદ્ધતિનો સંર્વાંગીઅભ્યાસ કરનાર આ પ્રથમ પંચ હતું જેના પરિણામસ્વરૂપ ૧૯૬૮માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અમલમાં આવી. તેની મુખ્ય ભલામણો નીચે મુજબ હતી.

- રાષ્ટ્રીય જીવનની જરૂરિયાતો અને ઈચ્છાઓને પરિપૂર્ણ કરે તે પ્રકારની શિક્ષણ પદ્ધતિ અપનાવવી.
- યોગ્ય સ્તર પ્રાપ્ત કરવા માટે શિક્ષણમાં ગુણાત્મક સુધારણા કરવી.
- સમાન શૈક્ષણિક અવસરો ઉપલબ્ધ કરાવવા.

પંચેશિક્ષણને ભારતીય સમાજમાં અપેક્ષિત પરિવર્તન લાવવા માટે શક્તિશાળી માધ્યમ તરીકે માન્યુંસંગઠિત શિક્ષણ કાર્યક્રમની જરૂરિયાત પણ જણાતાં આયોગ દ્વારા બાર કાર્યદલઅનેસાત કાર્યકારીસમૂહનીરચના કરવામાં આવી. જેના દ્વારા દેશની જરૂરિયાતો અને સામાજિક – આર્થિક પરિવર્તન વિશે પંચે અનેક ઉપાયો સૂચવ્યા અને ભલામણો કરી.

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (૧૯૬૮)

કોઠારી શિક્ષણ પંચની ભલામણોને આધારે સરકાર દ્વારા ૧૯૬૮માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ઘોષણા કરવામાં આવી. જેની પ્રમુખ વિશેષતાઓ નીચે મુજબ છે

(૧) સામાન્ય રીતે દેશના બધા ભાગોમાં એક સમાન શિક્ષણ માળખુંઅપનાવવાનુંલાભપ્રદ રહેશેજે 10 + 2 + 3 પ્રકારનું રહેશે. (રા.શિ.ની. અનુચ્છેદ – 4 પરિચ્છેદ – 17)

(૨) શિક્ષણ પર કરવામાંઆવતા ખર્ચમાંધીરે – ધીરે કુલ રાષ્ટ્રીય આવકના 6 % જેટલો વધારવો. (ભાગ – ૫)

(૩) શિક્ષકોના પગાર અને સેવાની શરતો એમની યોગ્યતા અને જવાબદારી અનુરૂપ હોવી જોઈએ અને વળી શિક્ષકોને સેવાકાલીન પ્રશિક્ષણ આપવુંજોઈએ. (ભાગ – ૪ અનુ. ૨ એ તથા ૨ સી)

(૪) ગ્રામીણ અને પછાત વિસ્તારોમાં શિક્ષણની સર્વોત્તમ સુવિધાઓઉપલબ્ધ કરાવવી.

(૫) મહિલાઓ, અનુસૂચિત જાતિ – જનજાતિ, આદિવાસી તથા વિકલાંગ બાળકોને પણ યોગ્ય શિક્ષણ મળી રહે તેની વ્યવસ્થા કરવી.

(૬) અભ્યાસક્રમને વધારે ઉંડાણવાળો બનાવવામાં આવે અને પાઠયપુસ્તકો તથા અધ્યાપન વિધિઓમાં સુધારોકરવો જોઈએ.

(૭) સ્કૂલ લેવલનાશિક્ષણમાંવિજ્ઞાન ટેકનોલોજી અને વ્યાવસાયિક શિક્ષણનેવિશેષમહત્ત્વ આપવુંજોઈએ.

(૮) નબળા વર્ગના બાળકોના શિક્ષણને ઉત્તેજન આપવા માટે શિષ્યવૃત્તિ વધારવી જોઈએ તથા અલ્પકાલીન તેમજ પત્રવ્યવહાર દ્વારા ચાલતા અભ્યાસક્રમો પર ભાર આપવામાંઆવે

૧૯૬૮ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પછી ૨૧ સદીના ભારતને ઝડપથી વિકસતા વિજ્ઞાનયુગ સાથે કદમ મિલાવવા માટે જાન્યુઆરી, ૧૯૮૫માંતત્કાલીન પ્રધાનમંત્રી રાજીવ ગાંધીએ નવી શિક્ષણ નીતિ લાવવાનું વચન આપ્યું હતું ઈ.સ. ૧૯૮૬ના અદાંજપત્ર સત્ર દરમિયાન લોકસભાએ પુખ્ત વિચાર

વિર્મશકર્યાબાદ 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૧૯૮૬'નો નિર્ધાર જાહેર કર્યો. આ કાર્યક્રમો નક્કી કરવા માટે સૌપ્રથમ તો ૨૩ જેટલી કાર્યસમિતિઓની રચના કરવામાં આવી. સમિતિના સક્રિય સભ્ય તરીકે વિવિધ ક્ષેત્રોની વિશિષ્ટ વ્યક્તિઓ જેવી કે પ્રખર કેળવણીકાર, તજજ્ઞો, ભારત તેમજ રાજય સરકારના પ્રતિનિધિઓની નિયુક્તિ કરવામાં આવી હતી.

કાર્યસમિતિઓનેસોંપવામાંઆવેલાવિવિધ વિષયોની સૂચિ નીચેપ્રમાણેહતી.

(૧) શિક્ષણનીતિનેકાર્યાન્વિતકરવી.
(૨) શાળા શિક્ષણની પ્રક્રિયા તથા પાઠયક્રમ (અભ્યાસક્રમ)
(૩) સ્ત્રીઓનેસમાનતા માટે શિક્ષણ
(૪) અનુસૂચિતજાતિ, અનુસૂચિતજનજાતિ તથા પછાત વર્ગમાટે નુંશિક્ષણ
(૫) લઘુમતીઓમાટે નુંશિક્ષણ
(૬) શારીરિક ક્ષતિવાળા માટેનુંશિક્ષણ
(૭) પ્રૌઢ તથા નિરંતર શિક્ષણ
(૮) બાળસંભાળઅનેશિક્ષણ
(૯) પ્રાથમિક શિક્ષણ (અવૈધિક શિક્ષણ તથા શાળા સુવિધાઓ –ઓપરેશન બ્લેકબોર્ડ સહિત)
(૧૦) માધ્યમિક શિક્ષણ અનેનવોદય વિદ્યાલય
(૧૧) વ્યવસાયીકરણ
(૧૨) ઉચ્ચ શિક્ષણ
(૧૩) ખુલ્લીવિદ્યાપીઠો તથા દૂરવર્તીશિક્ષણ
(૧૪) તાંત્રિકઅનેસંચાલનશિક્ષણ
(૧૫) સંશોધનઅનેવિકાસ
(૧૬) માધ્યમ અનેશૈક્ષણિકટેકનોલોજી (શિક્ષણક્ષેત્રે કમ્પ્યુટરનાઉપયોગ સહિત)
(૧૭) વિવિધ સેવાઓ સાથે ઉપાધિઓનુંવિચ્છેદન અનેમાનવશક્તિ અંગેઆયોજન.
(૧૮) સંસ્કૃતિક તથા દર્શન અને ભાષાકીય નીતિનું અમલીકરણ.
(૧૯) રમત – ગમત, શારીરિક શિક્ષણ તથા યુવાવર્ગ
(૨૦) મૂલ્યાંકનપ્રક્રિયા અનેપરીક્ષા સુધારણા
(૨૧) શિક્ષકો અનેશિક્ષણની તાલીમ
(૨૨) શિક્ષણનુંસંચાલન
(૨૩) ગ્રામ વિદ્યાપીઠો – સંસ્થાઓ.

કાર્યસમિતિઓ દ્વારા જુલાઈ ૧૯૮૬માં પોતાના વિવિધ વિષયો પરના અભ્યાસક્રમપૂર્ણ અહેવાલો સુપરત કરવામાં આવ્યા. માનવસંપત્તિ વિકાસ મંત્રાલયના મંત્રીશ્રીની અધ્યક્ષતામાં અહેવાલ અંગેઅનેક મીટીંગો દ્વારા વિશદ ચર્ચા – વિચારણા કરવામાં આવી હતી. ૨૦ જુલાઈ, ૧૯૮૬ના રોજ ભારત સરકાર તથા રાજય સરકારના પ્રતિનિધિઓની પરિષદ રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સંદર્ભમાં 'અમલીકરણ કાર્યક્રમ' તૈયાર કરવામાં આવ્યો. ૧૯૮૬ની પહેલી અને બીજી ઓગસ્ટના રોજ નવી દિલ્હી ખાતે શિક્ષણવિષયક મધ્યસ્થ સલાહકાર બોર્ડની બેઠકમાં બહુમૂલ્ય સૂચનો કરવામાં આવ્યાં. ત્યારબાદ ચર્ચા – વિચારણાને અંતે અમલીકરણ કાર્યક્રમ લોકસભાના ટેબલ ઉપર મૂકાયો. આ કાર્યક્રમનો અમલ એ ભારત તેમજ રાજય સરકારોનો સહિયારો પ્રયાસ રહેશે. આમ રાષ્ટ્ર નવનિર્માણની કેડી કંડારવામાં "**કરના નિર્માણ હૈ**"ના નારા સાથે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ કાર્યાન્વિત કરાઈ.

શિક્ષણ મંત્રાલય દ્વારા ઓગસ્ટ, ૧૯૮૫માં પ્રકાશિત કરેલ **'શિક્ષણના પડકાર – નીતિ પરિપ્રેક્ષ્ય'** ની વિષયસૂચિ ચાર પ્રકરણમાં વિભાજિત કરેલી હતી.

(૧) શિક્ષણ, સમાજ અનેવિકાસ
(૨) શૈક્ષણિકવિકાસનુંસમગ્ર દર્શન
(૩) આલોચનાત્મક મૂલ્યાંકન
(૪) શૈક્ષણિકનવસંકરણનોઅભિગમ

**રાષ્ટ્રીય શિક્ષણ વ્યવસ્થાનાં મુખ્ય લક્ષણો નીચે પ્રમાણેછે.**

- જ્ઞાતિ, જાતિ, પ્રાદેશિકતા કે લિંગના ભેદભાવ વિના નક્કી કરેલા સ્તરે તમામ વિદ્યાર્થીઓને સમાન ગુણવત્તાવાળું શિક્ષણ.
- પ્રત્યેકને શિક્ષણની સમાન તક જ નહીં, પરંતુ શિક્ષણમાં સફળતા પ્રાપ્તિની પરિસ્થિતિ ઉભી કરવા.
- 10 + 2 + 3 નું શિક્ષણ સમાન માળખું.
- અન્ય સ્થિતિસ્થાપક વિભાગો સાથે સર્વસામાન્ય હાર્દરૂપ તત્ત્વો ધરાવતું રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું. હાર્દરૂપ તત્ત્વો જેવાં કે,
  - ભારતની સ્વતંત્રતા ચળવળને આવરી લેતો ઈતિહાસ.
  - બંધારણીય જવાબદારીઓ.
  - રાષ્ટ્રીયતાની ગૌરવને વધારનારી બાબતો.
  - રાષ્ટ્રના સંસ્કૃતિક વારસો
  - લોકશાહી અને બિનસાંપ્રદાયિકતા
  - ટૂંકદેશીતા, જાતીય સમાનતા
  - પર્યાવરણનું રક્ષણ
  - સામાજિક ભેદભાવો દૂર કરવા.

- નાના કુટુંબના લક્ષ્યાંકનું પાલન કરવું.
- વૈજ્ઞાનિક વલણ કેળવવું.

- શિક્ષણના દરેક તબક્કે અધ્યયનનું ન્યૂનતમ સ્તર નક્કી કરવું.
- દેશના વિભિન્ન ભાગોમાં વસતા લોકોની વિવિધ સંસ્કૃતિ અને જીવન પદ્ધતિ વિશે વિદ્યાર્થીઓના મનમાં સમજ કેળવવી.
- વ્યવસાયિક જગત અને સાહસિકતાના વિકાસ માટે કડીરૂપ બનવું.
- અધ્યેતામાં વિવિધ સાધનો દ્વારા આજીવન અભ્યાસ અને તાલીમ માટે જિજ્ઞાસા ઉભી કરવી.
- રાષ્ટ્રીય પદ્ધતિના શિક્ષણ માટે રાષ્ટ્રીય સંસ્થાઓને મુખ્ય અગત્યનો ભાગ ભજવવા માટે પગભર કરવી.

## રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આર્ષદષ્ટીપૂર્વકએવા અભ્યાસક્રમની ભલામણ કરે છે કે જેનુંહાર્દ તથા વિષયવસ્તુ એકસરખુ (Common) હોવા છતાં લવચિકતા (Flexible) વાળા ફેરફારને પાત્ર હોય.

**પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માટે અભ્યાસક્રમનાં મૂળભૂતલક્ષણો :**

- રાષ્ટ્રીય વિકાસના ધ્યેયને અભિભૂત કરવા માટે માનવસંપત્તિનો વિકાસ.
- પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ દરેક અધ્યેતાને વિશાળ પાયાનું સામાન્ય જ્ઞાન.
- પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ શિક્ષણ માટેની સામાન્ય નીતિ.
- અભ્યાસક્રમના માળખામાં હાર્દ રૂપ બાબતોનો સમાવેશ.
- શિક્ષણના દરેક ક્ષેત્ર અને દરેક કક્ષાએ લઘુત્તમ અધ્યયન નીપજની વ્યાખ્યા કરવી.
- અપેક્ષિત લઘુત્તમ અધ્યયન નીપજ પ્રાપ્તિ માટે શિક્ષણ અનુભવમાં વિષયવસ્તુ, વિષયક્ષેત્રોની પસંદગીમાં લવચિકતા.
- બાળકેન્દ્રી શિક્ષણ.
- શૈક્ષણિક અને બિનશૈક્ષણિક વિષયોનાં મૂલ્યાંકન માટે પરીક્ષા પદ્ધતિનું નવીનીકરણ.
- સમગ્ર રાષ્ટ્ર માટે વિષયક્ષેત્રો તથા પસંદગી માટે, નેશનલ ટેસ્ટ સર્વિસ જેવા એક સુવ્યવસ્થિત તંત્રની સ્થાપના.
- અધ્યેતા ગમે તે પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત કરતો હોય પણ અભ્યાસક્રમ તેને એ રીતે લાગુ થવો જોઈએ કે તે અધ્યેતાનેસમાંતર તથા ઊર્ધ્વગામી વિકાસની તકો પૂરીપાડે
- દરેક શાળા તથા અવૈધિક શિક્ષણનાં કેન્દ્રોમાં અભ્યાસક્રમના અસરકારક વિનિમયની સુવિધાઓ.

## શિક્ષણ કાર્યદળ(૧૯૮૫)

૧૯૮૦ના દશકામાં ભારતમાં રાજનીતિક અને આર્થિક ક્ષેત્રોમાં પરિવર્તન જોવા મળ્યું ભારતમાં ટેકનિકલ અને વ્યવસાયલક્ષી શિક્ષણની જરૂરિયાત ઉભી થઈ. આ જરૂરિયાતોને પૂર્ણકરવા તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધી દ્વારા ઈ.સ. ૧૯૮૫માં પ્રો. કુલક્ષૈસ્વામીની અધ્યક્ષતામાં એક કાર્યદળની રચના કરવામાં આવી ; જેણે વ્યવસાયલક્ષી પ્રવાહોમાં નીચે મુજબના વર્ગીકરણની ભલામણ કરી.

(૧) કૃષિ અભ્યાસક્રમ
(૨) વ્યવસાય અનેવાણિજિયક અભ્યાસક્રમ
(૩) એન્જિનિયરિંગ અનેટેકનોલોજી અભ્યાસક્રમ
(૪) સ્વાસ્થ્ય તથા ઉપ – ચિકિત્સીય અભ્યાસક્રમ
(૫) ગૃહવિજ્ઞાનઅભ્યાસક્રમ
(૬) અન્ય અભ્યાસક્રમ.

## રાષ્ટ્રીય શિક્ષણનીતિ (૧૯૮૬)

ભારતમાંઆકાર લઈ રહેલી નવી સામાજિક – આર્થિક વ્યવસ્થાના અનુસંધાને ભારત સરકાર દ્વારા **"શિક્ષણના પડકારો–નીતિગત પરિપ્રેક્ષ્ય"** નામે એક ઘોષણાપત્ર જાહેર કરવામાં આવ્યું જ ` દસ્તાવેજ ૧૯૮૬ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિના રૂપમાં પરિણમ્યો. આ નીતિની પ્રમુખવિશેષતાઓનીચેમુજબછે

(૧) ૨૧મી સદીની જરૂરિયાતો મુજબબાળકોમાંજરૂરી કૌશલ્યો અનેયોગ્યતાનો વિકાસ કરવો.
(૨) એક ગતિશીલ, વિકાસશીલ, પ્રતિબદ્ધ અને પરિવર્તનશીલસમાજનુંનિર્માણકરવું
(૩) પ્રાથમિક શિક્ષણનો વિસ્તાર અનેવિકાસ કરવો.
(૪) ૧૪ વર્ષ સુધીનાંતમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવા માટે વિશેષકાર્યક્રમની રચના કરવી.
(૫) સમાજના સર્વાંગીણ વિકાસ માટે શિક્ષણ આવશ્યક છે
(૬) સંશોધન અને વિકાસ દ્વારા આર્થિક પ્રગતિ વધારવી અને જાળવી રાખવી. ટેકનિકલ જ્ઞાનક્ષેત્રેઆત્મનિર્ભરબનવુંઅનેએના સંચાલન માટે આવશ્યક મનોબળ ઊભુંકરવું

(૭) 10 + 2 + 3 પદ્ધતિ આખા દેશમાં લાગુ કરવી.

(૮) આખા દેશમાટે એક સમાન રાષ્ટ્રીય અભ્યાસક્રમ નક્કી કરવો, જે ભારતની સંસ્કૃતિક પરંપરા, સમાનતા, બિન – સાંપ્રદાયિકતા , લૈંગિક સમાનતા, પર્યાવરણ સુરક્ષા, સામાજિક ભેદભાવની સમાપ્તિ, વૈજ્ઞાનિક માનસના વિકાસ અને નાના કુટુંબની વિભાવના જેવા મૂલ્યોને સ્પષ્ટ કરતો હોય.

(૯) શિક્ષણના દરેક સ્તર પર લઘુત્તમઅધ્યયન સ્તર (MLL)નું નિર્ધારણ કરવું. ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણમાં યોગ્યતાના આધારે પ્રવેશ આપવો.

(૧૦) રાષ્ટ્રીય સાક્ષરતા કાર્યક્રમ, અનૌપચારિક તેમજ મુક્ત અને દૂરવર્તી શિક્ષણ પર વિશેષ ભાર મૂકવો

રાષ્ટ્રીય શિક્ષણ નીતિએ જે પરિવર્તનોસૂચવ્યાં તેઆ પ્રમાણેછે:

(1) રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું

(2) અધ્યેતાકેન્દ્રી શિક્ષણ

(3) મૂલ્યલક્ષી શિક્ષણ

(4) શિક્ષકોની સેવાકાલીન તાલીમ

(5) નવોદય વિદ્યાલયો

(6) સતત સર્વાંગી મૂલ્યાંકન

(7) વિશેષ જરૂરિયાતવાળાં બાળકોનું શિક્ષણ

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૧૯૮૬નો માધ્યમિક કક્ષાએ અમલ

### (૧) એક સમાન શિક્ષણ માળખું

રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સંદર્ભમાંકોઠારી કમિશને 10 + 2 + 3 નું માળખું સૂચવ્યું હતું, જેનો મહદઅંશે સ્વીકાર થયો છે. સરકાર આગામી વર્ષોમાં ધો.૧૦ સુધીના શિક્ષણને 5 + 3 + 2 ના માળખામાં એટલે 5 વર્ષ નિમ્ન પ્રાથમિક શિક્ષણ (ધો. ૧ થી ૫), ત્રણ વર્ષ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધો. ૬ થી ૮) અને પછીનાં બે વર્ષ (ધો. ૯ – ૧૦) માધ્યમિક શિક્ષણમાં વિભાજિત કરશે. કેટલાંક રાજ્યોમાં આનો અમલ થઈ ગયો છે. કેટલાંક રાજ્યો આ પેટર્નનો હવે અમલ કરશે.

### (૨) એક સરખો અભ્યાસક્રમ

– માધ્યમિક કક્ષાએ એકસરખો અભ્યાસક્રમ.

– પાઠ્યસામગ્રીમાં રાજ્યો પોતાની સ્થાનિક પરિસ્થિતિ, જરૂરિયાત અનેઆકાંક્ષાઓમુજબકેટલાક ફેરફારો કરી શકે છે

### (૩) હાર્દરૂપતત્ત્વો

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સંદર્ભેરાષ્ટ્રીય અભ્યાસક્રમનાં હાર્દરૂપતત્ત્વો :

- ભારતની સ્વતંત્રતા ચળવળનો ઈતિહાસ
- બંધારણીય જવાબદારીઓ
- રાષ્ટ્રીય ઐક્ય માટેની આવશ્યક વિષયવસ્તુ
- ભારતનો સામાન્ય સંસ્કૃતિક વારસો
- જાતીય સમાનતા
- સર્વસમાનતા, લોકશાહી અને બિનસાંપ્રદાયિકતા
- પર્યાવરણ સુરક્ષા
- સામાજિક અવરોધો દૂર કરવા
- નાના કુટુંબના ધોરણોનું પાલન
- વૈજ્ઞાનિક વલણની કેળવણી.

### (૪) કાર્યાનુભાવ( Work – Experience)

માધ્યમિક કક્ષાએ કાર્યાનુભવકોઠારી કમિશન અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સંદર્ભેજોઈએ તો સુથારીકામ, ધાતુકામ, ચર્મકામ, ચિનાઈ માટીકામ, ખાદ્યપદાર્થોની જાળવણી, વીજળી સમારકામ, બુક – બાઈન્ડિંગ, જમીન, સંરક્ષણ, સાદાં વૈજ્ઞાનિક સાધનોની બનાવટ, પાકસંભાળ જેવી પ્રવૃત્તિઓ સૂચવાઈ છે. ઈશ્વરભાઈ પટેલ સમિતિની ભલામણો અનુસાર ગુજરાત સરકારે કાર્યાનુભવમાં થોડો ફેરફાર કરી સમાજોપયોગી ઉત્પાદક શ્રમકાર્ય (SUPW)ના અમલની દિશામાં પગલાં લીધાં છે.

### (૫) પર્યાવરણશિક્ષણ

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૧૯૮૬માં માધ્યમિક કક્ષાએ પર્યાવરણના શિક્ષણને સ્થાન અપાયું છે. પરંતુ માધ્યમિક કક્ષાએ તેનો અલગ વિષયના રૂપમાં સ્વીકાર થયો નથી. ગુજરાત જેવાં કેટલાંક રાજ્યોએ સામાજિક વિજ્ઞાન જેવા વિષયોમાં ભૂગોળના વિષયને પર્યાવરણલક્ષી બનાવવાનો સારો પ્રયાસ કર્યો છે. એ સિવાય વિજ્ઞાન અને ભાષાની પાઠ્યસામગ્રીમાં પણ પર્યાવરણના વિષયવસ્તુને સાંકળી લેવાઈ છે. બી.એડ.ના નવા અભ્યાસક્રમમાં Elective Subjectમાં પર્યાવરણ શિક્ષણનો વિષય સ્થાન પામ્યો છે.

### (૬) અધ્યેતાકેન્દ્રી શિક્ષણ

અધ્યેતાકેન્દ્રી શિક્ષણમાં અધ્યેતાનેકેન્દ્રસ્થાને રાખી અધ્યયન–અધ્યાપન પ્રવૃત્તિઓ – પ્રયુક્તિઓની રચના કરવા બાબતે શિક્ષણ નીતિ–૧૯૮૬ ભાર મૂકે છે

**(૭) વ્યવસાયલક્ષી શિક્ષણ**

– વ્યવસાયલક્ષી શિક્ષણનેએક જુદોપ્રવાહ ગણી એના અભ્યાસક્રમો માધ્યમિક શિક્ષણને અંતેઅપાય તેવુંસૂચનકરવામાંઆવ્યું

–વ્યવસાયલક્ષી અભ્યાસક્રમનો ગાળો ૧ થી ૩ વર્ષનો રાખવો.

**વ્યવસાયલક્ષી શિક્ષણના સંદર્ભમાંકોઠારી કમિશનની ભલામણો :**

પછીના સમયમાં દેશના વિવિધ ભાગોમાં ટેકનિકલ હાઈસ્કૂલો, આઈ.ટી.આઈ. સંસ્થાઓ તથા પોલિટેકનીક સંસ્થાઓનુંવિસ્તરણ થયુંછે

–હાલમાં ધોરણ ૭ થી વિદ્યાર્થીઓને ટેકનિકલ વિષયોમાંશિક્ષણ આપવાની જોગવાઈ છે

–આઈ.ટી.આઈ સંસ્થાઓમાંપણ ધો. ૮ કે ૯ પાસ કર્યાપછી પ્રવેશમળી શકે છે

– પોલિટેકનિક અભ્યાસક્રમોની +2 સ્તરે જોગવાઈ થયેલી છે.

**(૮) સતત સર્વાંગીમૂલ્યાંકન**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાંશૈક્ષણિકઅનેસહઅભ્યાસિક એ બંનેનામૂલ્યાંકનનેસર્વાંગીમૂલ્યાંકનતરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે સમગ્ર શૈક્ષણિક વર્ષ દરમિયાન વિદ્યાર્થીનુંસતત મૂલ્યાંકનથતુંરહેવુંજોઈએ.

**(૯) નવોદય વિદ્યાલયો**

કોઠારી કમિશન દ્વારા ખાસ બુદ્ધિ – પ્રતિભા ધરાવતાં તેજસ્વી બાળકો માટે ગતિશીલ શાળાઓ સ્થાપવાની ભલામણ કરવામાં આવી હતી. તેને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત નવોદય શાળાઓ શરૂ કરવામાં આવી. તેમાં ગ્રામ્ય વિસ્તારોના શક્તિશાળી વિદ્યાર્થીઓને તેમની શક્તિ પ્રતિભા વિકસાવવાની તક મળે તેવો હેતુ રખાયો છે. આ હેતુને ધ્યાનમાં રાખી દરેક જિલ્લામાં ઓછામાં ઓછા એક નવોદય વિદ્યાલયની સ્થાપના થઈ છે. જે જિલ્લા કક્ષાએ મોડલ સ્કૂલની ભૂમિકા ભજવી રહી છે.

**(૧૦) શિક્ષક – પ્રશિક્ષણ**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાંસેવાકાલીનશિક્ષણનેમહત્ત્વનું સ્થાન અપાયુંછે દેશભરની શિક્ષણ કોલેજો પૈકી કેટલીક કોલેજોનેઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ સ્ટડીઝ ઈન એજ્યુકેશન (IASE) કે કોલેજ ઓફ ટીચર એજ્યુકેશનમાં રૂપાંતર કરવાની જોગવાઈ કરેલી છે.

## આચાર્યરામમૂર્તિસમિતિ (૧૯૯૦)

વર્ષ ૧૯૮૯માં સંયુક્ત મોરચાની સરકાર કેન્દ્રમાં સત્તા પર આવી. તેના દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૧૯૮૬માં સંશોધન કરવાની કવાયત શરૂ કરી તેના માટે આચાર્ય રામમૂર્તિની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિ સામે ત્રણ મુખ્ય વિષય વિચારણા માટે રજૂ કરવામાં આવ્યા.

(૧) ઈ.સ. ૧૯૮૬ ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનેતેના ક્રિયાન્વયનની સમીક્ષા કરવી.

(૨) નીતિમાં સુધારા – વધારા માટે જરૂરી ભલામણો કરવી.

(૩) સંશોધિત નીતિના ક્રિયાન્વયન માટે સમયબદ્ધ યોજના બનાવવી.

**આ સમિતિ દ્વારા કરવામાં આવેલી ભલામણો નીચે મુજબછે.**

(૧) પછાત વર્ગના લોકોના શિક્ષણ માટે કાર્યક્રમ બનાવવો અનેતેનાપર જરૂરી ખર્ચકરવો.

(૨) શિક્ષણમાં મોડ્યુલ તથા સેમેસ્ટર પદ્ધતિ અપનાવવી.

(૩) તમામ પ્રકારની સામાજિક – આર્થિક અસમાનતાઓ દૂર કરવા ખાનગી શાળાઓને પણ સામાન્ય વિદ્યાલયના માળખામાં સમાવી લેવા.

## યશપાલ સમિતિ (૧૯૯૨)

શિક્ષણ પ્રણાલીમાં સુધાર લાવવા માટે, પ્રાથમિક શિક્ષણનેવધુસુરૂચિપૂર્ણઅનેગુણવત્તાયુક્ત બનાવવા માટે તેમજ અભ્યાસક્રમને વ્યવસ્થિત અને ગુણવત્તાસભર બનાવવાના હેતુથી ઈ.સ. ૧૯૯૨માં પ્રખ્યાત શિક્ષણશાસ્ત્રી પ્રો. યશપાલની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી. ભાર વગરના ભણતરને આ સમિતિ દ્વારા મહત્ત્વ આપવામાં આવ્યું છે

## સંશોધિતરાષ્ટ્રીય શિક્ષણ નીતિ (૧૯૯૨)

૧૯૯૧માં કોંગ્રેસ ફરીથી સત્તા પર આવી. પાછળની સરકારો દ્વારા કરવામાં આવેલ પરિવર્તનોનું પુનઃનિરીક્ષણ કરવાના હેતુથીઆંધ્રપ્રદેશનાતત્કાલીન મુખ્યમંત્રીજનાર્દન રેડ્ડીની અધ્યક્ષતામાં એક સમિતિ બનાવવામાં આવી, જેણે નીચે મુજબની ભલામણો કરી.

(૧) દરેક વિદ્યાલયોમાંઓછામાંઓછા ત્રણ વર્ગો અને ત્રણ શિક્ષકોની વ્યવસ્થા લાગુકરવી.
(૨) ઓપરેશન બ્લેકબોર્ડતથા સ્કૂલ કોમ્પ્લેક્સ જેવી યોજનાઓ ચાલુરાખવામાંઆવે
(૩) સામાજિક – આર્થિક – રાષ્ટ્રીય હિતોને અનુરૂપ અભ્યાસક્રમ બનાવવામાં આવે.
(૪) પ્રૌઢ – શિક્ષણ માટે જિલ્લા સાક્ષરતા અભિયાન (DLM) શરૂ કરવાની ભલામણ કરી.
(૫) વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક વિકાસ માટે વિદ્યાર્થીઓને અધ્યયન – અધ્યાપન પ્રક્રિયાના કેન્દ્રીય ઘટક તરીકે માનવામાં આવે.
(૬) વ્યવસાયિક શિક્ષણ માધ્યમિક સ્તરે પણ શરૂ કરવામાંઆવે
(૭) સરકાર દ્વારા શિક્ષણ સંસ્થાઓનેનાણાકીય મદદ પૂરી પાડવામાં આવે, સાથે સાથે શિક્ષણ સંસ્થાઓ પોતે નાણાકીય મદદ મેળવવા માટે પ્રયત્ન કરે, જેથી કરીને માળખાગત સુવિધાઓનો વિકાસ કરી શકાય.

## નોલેજકમિશન (૨૦૦૫)

દેશમાંશિક્ષણનો વ્યાપ વધ્યો હોવા છતાંતેની ગુણવત્તાનો પ્રશ્ન આપણને સતત પજવે છે વિશ્વમાં સૌથી વધુનિરક્ષરો આપતા દેશમાંછે સમાજમાંવધતી જતી અસમાનતાની ખાઈ ચિંતાપ્રેરકછે આ બધા પ્રશ્નોના ઉકેલ માટે અનેસમયની માંગનેસંતોષવા માટે 'નેશનલએજ્યુકેશન કમિશન' નિમાયુંતું

૧૩ જૂન, ૨૦૦૫માં જ્ઞાન સંવર્ધિતસંસ્થાઓ અનેતેનીભૌતિક સુવિધાઓમાંજરૂરી સુધારાસૂચવવા શ્રી સામ પિત્રોડાના અધ્યક્ષપદે ઉચ્ચ કક્ષાની સલાહકાર સમિતિની રચના કરવામાંઆવી હતી, જેને નેશનલ નોલેજ કમિશન તરીકે ઓળખવામાંઆવે છે, જેમાંઅધ્યક્ષ સિવાયના અન્ય સાત સભ્યો હતા.

**અધ્યક્ષ –** શ્રી સામ પિત્રોડા
**(અધ્યક્ષ, નેશનલટેકનોલોજી મિશન, ભારત)**

**સભ્યો**
૧. ડૉ. અશોક ગાંગુલી
૨. પ્રો.પીફ બલરામ
૩. ડૉ. જયંતીઘોષ
૪. ડૉ. દીપક નાયર
૫. શ્રી નંદનનિલેકણી
૬. ડૉ. સુજાતારાજ દોરાઈ
૭. પ્રો. અભિતાભ મારુ

**સલાહકાર**
(૧) શ્રી. એસ. રેગુનાથન
(૨) ડૉ.કિરના દાતાર
(૩) ડૉ. કુમુદ બંસલ
(૪) ડૉ.અશોક કોલાસ્કર

આ પંચર ઓક્ટોબર, ૨૦૦૬થી અસ્તિત્વમાં આવ્યું પંચેવડાપ્રધાનને ૨૪ જેટલા કાર્યક્ષેત્રોમાંપત્ર સ્વરૂપે ભલામણ સુપરત કરી હતી અને ૨૦૦૬ અને ૨૦૦૭માંબેસંકલિતઅહેવાલોપંચદ્વારા રજૂકરવામાં આવ્યા હતા.

**પંચનાઉદ્દેશો :**

પંચનાઉદ્દેશો ભારતનેજીવંતઅનેઉત્સાહપૂર્ણ જ્ઞાન આધારિત સમાજ (Vibrant Knowledge – Based Society) બનાવવાનું પ્રતિબિંબ પાડે છે. જે નીચે મુજબ છે.

- ૨૧મી સદીના જ્ઞાનના પડકારોને પહોંચી વળે અને જ્ઞાનના ક્ષેત્રમાં ભારતને સ્પર્ધાત્મક ફાયદો કરાવે તેવી નિપુણ વ્યકિતઓ તૈયાર કરવા શિક્ષણ પદ્ધતિ વિકસાવવી.
- વિજ્ઞાન અને ટેકનોલોજીની પ્રયોગશાળાઓમાં જ્ઞાનની વૃદ્ધિ કરવી.
- બૌદ્ધિક માલિકીના કાયદાઓનું સંવર્ધન કરતી વ્યવસ્થાપનની સંસ્થાઓ સુધારવી.
- ખેતી અને ઉદ્યોગના ક્ષેત્રમાં જ્ઞાનના ઉપાયોજનને પ્રાધાન્ય આપવું.
- સરકારે અસરકારક, પારદર્શક અને જવાબદારીપૂર્વક સેવા લોકોને આપવા અને પ્રજાને તેના મહત્તમ લાભો મળે તે માટે કુશાગ્ર સેવકો પૂરા પાડવા.

## પંચનીમુખ્યભલામણો

**૨૦૦૬ની ભલામણો** – પુસ્તકાલયો, અનુવાદ, અંગ્રેજી ભાષાનું શિક્ષણ, રાષ્ટ્રીય જ્ઞાન જાળ, ખુલ્લી અને દૂરવર્તી શિક્ષણ વ્યવસ્થા, બુદ્ધિગમ્ય મિલકતના હકો, પ્રણાલીગત તંદુરસ્ત પ્રણાલીઓ, લોકફાળાના સંશોધન માટે કાયદાકીય માળખું.

**૨૦૦૭ની ભલામણો** – હેલ્થ ઈન્ફોર્મેશન નેટવર્ક, પોર્ટલ્સ, ખુલ્લા શૈક્ષણિક કાર્યક્રમો, કાયદાકીય શિક્ષણ, દાકતરી શિક્ષણ, વ્યવસ્થાપનનું શિક્ષણ, ખુલ્લી અને દૂરવર્તી શિક્ષણ વ્યવસ્થા, બુદ્ધિગમ્ય મિલકતના હકો, પ્રણાલીગત તંદુરસ્ત પ્રણાલીઓ, લોકફાળાના સંશોધન માટે કાયદાકીય માળખું.

**૨૦૦૮ની ભલામણો : –** શાળાકીય શિક્ષણ, ઈજનેરી શિક્ષણ, ગણિત–વિજ્ઞાનના વધુવિદ્યાર્થીઓ, ધંધાકીય

સાહસિકતા.

**વિચારાધીન બાબતો :**
- પોર્ટેલ્સ (જૈવવિવિધતા, તંદુરસ્તી)
- વધુપી.એચ.ડી.
- ખેતીવાડીમાંજ્ઞાનનુંઉપાયોજન
- એક્વા ફૂડ્ઝ
- જીવનમાંગુણવત્તા

## પ્રાથમિક શિક્ષણનુંસાર્વત્રીકરણ

6 થી 14 વર્ષ સુધીનાં તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ પૂરુ પાડવામાં આવશે એવું બંધારણની કલમ 45થી નક્કી કરવામાં આવ્યું હતું. 1976 પછી બંધારણમાં સુધારો કરી તેની જવાબદારી કેન્દ્ર અને રાજ્યની સંયુક્ત કરવામાં આવી. પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણના હેતુ માટે વિકેન્દ્રીકરણ જરૂરી હતું. 1992માં પ્રાથમિક શિક્ષણમાં સુધારા માટે વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું. રાજ્ય સરકારે પ્રાથમિક શિક્ષણમાં વિકાસાત્મક પ્રયત્નો માટે ઘડેલા થોડા કાર્યક્રમો વિશે જાણકારી મેળવીએ.

**1. પ્રવેશોત્સવ :–**

ગુજરાત સરકારે 1998-99ના વર્ષથી શાળા પ્રવેશોત્સવ નામનો કાર્યક્રમ અમલમાં મૂક્યો. શરૂઆતમાં બનાસકાંઠા, પંચમહાલ અને ડાંગ જિલ્લામાં આ કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો હતો. આજે રાજ્યની દરેક શાળામાં નવા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં પહેલા ધોરણમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ ઉજવવામાં આવે છે; જેમાં ગામના સો ટકા પ્રવેશપાત્ર બાળકોનું નામાંકન થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ દિવસે પ્રવેશ મેળવેલ દરેક બાળકને શિક્ષણ કીટ આપીને પ્રોત્સાહન આપવામાં આવે છે.

**2. વૈકલ્પિક શિક્ષણ યોજના :–**

1998થી વૈકલ્પિક શિક્ષણ યોજના અમલમાં મૂકવામાં આવી છે. સામાજિક અને આર્થિક કારણોસર બાળક શાળામાં પ્રવેશ ન મેળવી શકે; ત્યારે તેના માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ હેઠળ આ યોજના શરૂ કરવામાં આવી છે.

**3. અવૈધિક શિક્ષણ કાર્યક્રમ :–**

6 થી 14 વર્ષની વયજૂથનાં શાળાએ ન જઈ શકતાં બાળકો માટે અવૈધિક શિક્ષણ અથવા અશાલેય શિક્ષણનો કાર્યક્રમ માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા 1979-80થી શરૂ કરવામાં આવ્યો છે.

**4. ઓપરેશન બ્લેકબોર્ડ :–**

આ કાર્યક્રમ 1997-98માં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે શાળાઓમાં જરૂરી સુવિધાઓ પૂરી પાડવાના આશયથી શરૂ થયો હતો. 1999 સુધીમાં 5 લાખ કરતાં વધુ પ્રાથમિક શાળાઓમાં આ કાર્યક્રમ હેઠળ શૈક્ષણિક ઉપકરણો પૂરાં પાડવામાં આવ્યાં.

**5. મધ્યાહન ભોજન યોજના :–**

19 નવેમ્બર, 1984થી મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીના સમયમાં અમલમાં આવેલી આ યોજના પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ માટેની છે. ગરીબ બાળકોને પોષણયુક્ત ખોરાક મળી રહે અને શાળા પ્રવેશમાં વધારો થાય તે હેતુથી આ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

**6. ક્ષમતાલક્ષી પાઠ્યક્રમ (M.L.L) :– (મિનિમમ લેવલ ઓફ લર્નિંગ) : –**

બાળકોની ક્ષમતાનેધ્યાનમાંરાખી વિષયવસ્તુ આધારિત પાઠ્યક્રમની ગોઠવણી 1995થી કરવામાં આવી; જેમાં બાળકોમાં વિવિધ ક્ષમતાઓનો વિકાસ થાય એવા પાઠ્યક્રમો તૈયાર કરવા પર ભાર મૂકવામાં આવે છે. પ્રાથમિક શિક્ષણ મેળવતાં 80 %બાળકોમાં ક્ષમતાસિદ્ધિનો આંક 75% ટકા સુધી પહોંચે એ આ અભ્યાસક્રમનો મુખ્ય હેતુ છે.

**7. ભાર વિનાનું ભણતર :–**

બાળકો ઉપર પાઠ્ય પુસ્તકોનુંમાનસિક ભારણ ન આવેતેમાટ` આ કાર્યક્રમઅમલમાંમૂકવામાંઆવ્યો છે પ્રો. યશપાલજીના અહેવાલના આધાર` નાનાં બાળકો ઉપર શિક્ષણનો જે ભાર જોવા મળે છે ; તેને ઘટાડવા ગુજરાત રાજ્યમાં ભાર વિનાના ભણતરનો પ્રયોગ અમલમાં મૂકાયો છે. આ કાર્યક્રમ અંતર્ગત બાળકને દફતરનો ભાર ન લાગે તે માટે તેનું દફતર શાળામાં જ મૂકી રાખવામાં આવે છે.

**8. વિદ્યાલક્ષ્મી યોજના :–**

કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે તેવા હેતુથી ગુજરાત સરકારે 2002-03ના વર્ષને કન્યા–કેળવણી વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું આ યોજના અનુસાર શાળા પ્રવેશ સમયે દરેક કન્યાને 1000 રૂ.ના બોન્ડ આપવામાં આવે છે આ બોન્ડ મેળવનાર વિદ્યાર્થીનીને ધોરણ 8 પાસ કરે; ત્યારે તે બોન્ડ વટાવી શકે છે. આ યોજનાના હેતુઓ નીચે મુજબ છે :

– સાક્ષરતાનું પ્રમાણ જે વિસ્તારોમાં ઓછું છે ત્યાં કેળવણીનું પ્રમાણ વધે
– શિક્ષણ મેળવવા તરફ કન્યાઓ આકર્ષાય
– 25 ટકાથી ઓછી સાક્ષરતાવાળા વિસ્તારોમાં કન્યા–કેળવણીનું પ્રમાણ સુધરે.
– કન્યાઓનું નામાંકન 100 ટકા થાય તેમજ તે આઠમા ધોરણ સુધી જળવાઈ રહે.

## ADEPTS
## (Advancement of Educational Performance through Teacher Support)
## (શિક્ષક સમર્થન દ્વારા ઉત્કૃષ્ટ શૈક્ષણિક અભિવ્યક્તિ)

– શિક્ષકોના વલણ ઘડતર માટેનો કાર્યક્રમ એટલે એડપ્ટસ કાર્યક્રમ
– 5 સપ્ટેમ્બર, 2007થી ગુજરાતમાં 500 શાળાઓમાં આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.

### એડપ્ટસનાં ક્ષેત્રો અને તેનાં વિધાનો :

**(૧) જ્ઞાનાત્મક પરિમાણ :** 1 થી 39 વિધાનો.
**(૨) સામાજિક તથા ભાવાત્મક પરિમાણ :** 40 થી 55 વિધાનો.
**(૩) ભૌતિક પરિમાણ :** 56 થી 61 વિધાનો.
**(૪) સંસ્થાકીય પરિમાણ :** 62 થી 80 વિધાનો.

– કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલય અને યુનિસેફના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમ ચાલે છે

**– એડપ્ટસના અનુસંધાનમાં શાળાઓમાં નીચેની પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.**

| | |
|---|---|
| – રામહાટ | – મુખવાચન |
| – અક્ષયપાત્ર | – શાળા પર્યાવરણ |
| – આજનું ગુલાબ | – વર્ગ પુસ્તકાલય |
| – આજનો દીપક | – પ્રતિભા શોધ પ્રવૃત્તિઓ |
| – ખોયાપાયા | – શૈક્ષણિક આયોજન |
| – પ્રાર્થનાસભા | – ક્ષેત્રિય મુલાકાત |
| – યુનિટ ટેસ્ટ | – મૂલ્યવર્ધક પ્રવૃત્તિઓ |
| – સ્ટુડન્ટ પોર્ટફોલિયો | – મુખપત્ર |
| – સ્ટુડન્ટ પ્રોફાઈલ | – હેલ્થ કોર્નર |
| – ડિસ્પ્લે બોર્ડ | – વિષય મંડળ |
| – શિક્ષક બેઠક | – સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ |

## School Management Committee (SMC)
## (શાળા વ્યવસ્થાપન સમિતિ)

RTE – 2009 ના 'શિક્ષણના અધિકાર' કાયદામાં SMCની રચના કરવાની જોગવાઈ આપવામાં આવી છે. જેમાં સ્થાનિક કક્ષાએ શાળામાં શિક્ષણ કાર્ય સુચારુ રીતે થાય તેવા પ્રયત્નો કરવા તે મુખ્ય હેતુ રહેલો છે.

### SMC વિશે થોડી માહિતી :

– શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)માં કુલ બાર સભ્યો હોય છે.
– તેમાં 75% પ્રતિનિધિત્વ વાલીઓનું હોય છે. એટલે કે 7 સભ્યો બાળકોના વાલીઓ હોય છે.
– જ્યારે 25% સભ્ય સંખ્યામાં નીચેની વ્યક્તિઓનો સમાવેશ થાય છે.
(૧) સ્થાનિક સત્તાતંત્ર નક્કી કરે તેવા ચૂંટાયેલા સભ્ય.
(૨) એક સભ્ય શાળાના શિક્ષકોમાંથી શિક્ષકો નક્કી કરે તે શિક્ષક.
(૩) એક સભ્ય સ્થાનિક શિક્ષણવિદ.
(૪) એક સભ્ય સ્થાનિક કડિયો.
– એસ.એમ.સી.ની બેઠક દર મહિને બોલાવવામાં આવે છે
– દર બે વર્ષે એસ.એમ.સી.ની પુનઃરચના કરવામાં આવે છે

### કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV)

– સમાજમાં ગરીબી રેખા નીચે આવતી કન્યાઓ માટે સર્વશિક્ષા અભિયાન અંતર્ગત કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી છે
– રાજ્યમાં તાલુકા કક્ષાએ એક –એક KGBVની સ્થાપના કરવામાં આવી છે.
– તાલુકા કક્ષાએ તેનું સંચાલન BRC દ્વારા થાય છે.
– જિલ્લામાં આવેલી KGBV શાળાઓનું સંચાલન DPEO હસ્તક થતું હોય છે.

– ખાસ કરીને KGBV કન્યાઓમાં નીચો સાક્ષરતા દર ધરાવતા તાલુકાઓમાં ખોલવામાં આવે છે.
– KGBV શાળાઓમાં મફત શિક્ષણ, શૈક્ષણિક સાધન સામગ્રી, ગણવેશ, વિવિધ જીવન કૌશલ્યની તાલીમ, શૈક્ષણિક પ્રવાસ અને રહેવાનું, જમવાનું વગેરે સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

## કન્યાઓના પ્રાથમિક શિક્ષણ અંગેનો રાષ્ટ્રીય કાર્યક્રમ (NPEGEL)

**(National Programme for Education of Girls at Elementary Level)**

– ગુજરાતમાં શૈક્ષણિક રીતે પછાત તાલુકાઓમાં કન્યા શિક્ષણને વેગ આપવાના હેતુથી સર્વ શિક્ષા અભિયાન હેઠળ આ યોજના શરૂ કરવામાં આવી છે
– કન્યાઓ શાળામાં પ્રવેશ મેળવી પ્રાથમિક શિક્ષણ મેળવે તેવા હેતુથી આવી શાળાઓ શરૂ કરવામાં આવી છે
– શિક્ષણની સાથે કન્યાઓ જીવન કૌશલ્યની તાલીમ મેળવી શકે તેવો આ યોજનાનો આશય છે

## વિકલાંગ બાળકો માટેનું સંકલિત શિક્ષણ (IED)

(ઈન્ટિગ્રેટેડ એજ્યુકેશન ફોર ડિસેબલ્સ)
– ભારતમાં વિકલાંગ ધારો 1995માં અમલમાં આવ્યો.
– વિકલાંગ બાળકો માટે પ્રાથમિક શિક્ષણમાં 6 થી 18 વર્ષની વય સુધી વિકલાંગ ધારા અન્વયે જોગવાઈ કરવામાં આવી છે.
– વિકલાંગતા નીચે મુજબની હોઈ શકે.
(૧) અંધત્વ અને અલ્પદૃષ્ટિ – TB
(૨) માનસિક ક્ષતિ અને માનસિક રોગ – MR
(૩) માનસિક બિમારી
(૪) સેરેબ્રલ પાલ્સી (મગજનો લકવો) – CP
(૫) બહુવિકલાંગતા – MD
(૬) શ્રવણની ખામી – HI
(૭) અસ્થિ વિષયક વિકલાંગતા – OH
(૮) મટી ગયેલ રક્તપિત્ત – LAP
(૯) ઓટિઝમ

## શિક્ષણ સાથે જોડાયેલ ટૂંકાક્ષરી નામો

| | |
|---|---|
| SSA | સર્વશિક્ષા અભિયાન |
| IED | ઈન્ટિગ્રેટેડ એજ્યુકેશન ઓફ ડિસ–એબલ્ડ ચાઈલ્ડ્સ |
| CCE | કન્ટિન્યૂઅસ એન્ડ કમ્પ્રિહેન્સિવ એવેલ્યૂએશન |
| ADEPTS | એડવાન્સમેન્ટ ઓફ એજ્યુકેશનલ પર્ફોમન્સ થ્રુ ટીચર્સ સપોર્ટ |
| BISAG | ભાસ્કરાચાર્ય ઈન્સ્ટિટ્યુટ ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જિઓ–ઈન્ફોર્મેટિક્સ |
| BALA | બિલ્ડીંગ એઝ લર્નિંગ એડ |
| BRC | બ્લોક રિસોર્સ સેન્ટર |
| BRP | બ્લોક રિસોર્સ પર્સન |
| BRG | બ્લોક રિસોર્સ ગ્રૂપ |
| CRC | ક્લસ્ટર રિસોર્સ સેન્ટર |
| CRG | ક્લસ્ટર રિસોર્સ ગ્રૂપ |
| CWSN | ચિલ્ડ્રન વિથ સ્પેશિયલ નીડ્સ |
| DDO | ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ ઓફિસર |
| DIET | ડિસ્ટ્રીક્ટ ઈન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ |
| DPC | ડિસ્ટ્રીક્ટ પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર |
| DPE | ડિસ્ટ્રીક્ટ પ્રોજેક્ટ એન્જિનિયર |
| DPEO | ડિસ્ટ્રીક્ટ પ્રાયમરી એજ્યુકેશન ઓફિસર |
| DPEP | ડિસ્ટ્રીક્ટ પ્રાયમરી એજ્યુકેશન પ્રોગ્રામ |
| EC | એજ્યુકેટિવ કમિટી |
| ECCE | અર્લી ચાઈલ્ડ હુડ કેર એન્ડ એજ્યુકેશન |
| GCERT | ગુજરાત કાઉન્સીલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ |
| GIAC | ગ્રાન્ટ ઈન એઈડ કમિટી |
| GOG | ગવર્મેન્ટ ઓફ ગુજરાત |
| GOI | ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા |
| IED | ઈન્ટિગ્રેટેડ એજ્યુકેશન ફોર ડિસેબલ |
| KGBV | કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય |
| MIS | મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ |
| MTA | મધર ટીચર એસોસિએશન |
| NPEGEL | નેશનલ પ્રોગ્રામ ઓફ એજ્યુકેશન ફોર ગર્લ્સ એટ એલિમેન્ટ્રી લેવલ |
| PTA | પેરેન્ટ્સ ટિચર એસોસિએશન |
| RTE | રાઈટ ટુ એજ્યુકેશન |
| RTI | રાઈટ ટુ ઈન્ફોર્મેશન |
| SIP | સ્કૂલ ઈમ્પ્રુવમેન્ટ પ્લાન |

| | |
|---|---|
| SPD | સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર |
| SPO | સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસર |
| SSA | સર્વશિક્ષા અભિયાન |
| STP | સ્પેશિયલટ્રેનિંગ પ્રોગ્રામ |
| TLE | ટીચીંગ લર્નિંગઈક્વિપમેન્ટ |
| TLM | ટીચીંગ લર્નિંગમટિરિયલ |
| TRP | ટેકનિકલ રિસોર્સપર્સન |
| TT | ટીચર્સટ્રેનિંગ |
| UP | અપર પ્રાયમરી |
| VCWC | વિલેજસિવિલ વર્ક કમિટી |
| VEC | વિલેજએજ્યુકેશન કમિટી |
| VER | વિલેજએજ્યુકેશન રજિસ્ટર |
| WCWC | વોર્ડસિવિલ વર્ક કમિટી |
| WEC | વોર્ડએજ્યુકેશન કમિટી |
| WER | વોર્ડએજ્યુકેશન રજિસ્ટર |
| NCF | નેશનલકરિક્યુલમફ્રેમવર્ક |
| NUEPA | નેશનલયુનિવર્સિટીએજ્યુકેશન પ્લાનિંગ એન્ડ એડમિનિસ્ટ્રેશન |
| PSTE | પ્રિ સર્વિસટીચર એજ્યુકેશન |
| CMDE | કરિક્યુલમ મટિરિયલ ડેવલપમેન્ટએન્ડ ઈવાલ્યુએશન |
| ET | એજ્યુકેશનલ ટેકનોલોજી |
| P & M | પ્લાનીંગ એન્ડ મેનેજમેન્ટ |
| RESECO | રિમોટ સેન્સીંગ એન્ડ કોમ્યુનિકેશન સેન્ટર |
| DPO | ડિસ્ટ્રીક્ટ પ્રોજેક્ટ ઓફિસ |
| DRU | ડિસ્ટ્રીક્ટ રિસોર્સયુનિટ |
| TDO | તાલુકાડેવલપમેન્ટઓફિસર |
| TPO | તાલુકાપ્રાયમરી ઓફિસર |
| EBB | એજ્યુકેશનલી બેકવર્ડબ્લોક |
| EGS | એજ્યુકેશન ગેરેન્ટી સ્કિમ |
| WE | વર્ક એક્સપિરિયન્સ |
| MHRD | મિનિસ્ટ્રી ઓફ હ્યુમનરિસોર્સડેવલપમેન્ટ |
| NCERT | નેશનલ કાઉન્સીલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચએન્ડ ટ્રેનિંગ |
| SIM | સેલ્ફઈન્સ્ટ્રક્ટીવ મટિરિયલ |
| LEP | લર્નિંગએનહાઉસમેન્ટપ્રોગ્રામ |
| GEIC | ગુજરાતએજ્યુકેશનલ ઈનોવેશનકમિશન |
| SMC | સ્કૂલ મેનેજમેન્ટકમિટિ |
| DISE | ડિસ્ટ્રીક્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ્સ ફોર એજ્યુકેશન |

| | |
|---|---|
| ICDS | ઈન્ટિગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટસર્વિસ |
| IITE | ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન |
| UNEP | યુનાઈટેડ નેશન્સઈવોલ્યુશનપ્રોગ્રામ |
| MPFL | માસ પ્રોગ્રામ ફોર ફન્કશનલ લિટરસી |
| CASE | સેન્ટર ફોર એડવાન્સ સ્ટડી ઈન એજ્યુકેશન |
| NKU | નેશનલનોલેજકમિશન |
| NTS | નેશનલટેલેન્ટ સર્વિસ |
| SCERT | સ્ટેટ કાઉન્સીલ ઓફ એજ્યુકેશન, રિસર્ચ એન્ડ ટ્રેનિંગ |
| ALM | એક્ટિવિટી લર્નિંગમેથોડોલોજી |
| ABL | એક્ટિવિટી બેઝડલર્નિંગ |
| MIS | મેનેજમેન્ટઈન્ફોર્મેશનસિસ્ટમ |
| SDC | સ્કૂલ ડેવલપમેન્ટકમિટી |
| TSG | ટેકનિકલ સપોર્ટ ગૃપ |
| TSM | ટિચર્સસપોર્ટ ગૃપ |
| TET | ટીચર એલિજિબિલીટી ટેસ્ટ |
| ICT | ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી |
| GER | ગ્રોસ એનરોલમેન્ટરેશિયો |
| GAP | ગુજરાતએચિવમેન્ટએટ પ્રાયમરી |
| GR | જનરલ રજીસ્ટર |
| CAL | કમ્પ્યુટરઆસિસ્ટેડ લર્નિંગ |
| CAI | કમ્પ્યુટરઆસિસ્ટેડ ઈન્સ્ટ્રક્શન |
| IGNOU | ઈન્દિરા ગાંધીનેશનલઓપન યુનિવર્સિટી |
| UGC | યુનિવર્સિટીગ્રાન્ટ કમિશન |
| CBSE | સેન્ટ્રલ બોર્ડઓફ સેકન્ડરી એજ્યુકેશન |
| CTE | કોલેજઓફ ટીચર એજ્યુકેશન |
| IASE | ઈન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ સ્ટડીઝ ઈન એજ્યુકેશન |
| NIEPA | નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ એજ્યુકેશન પ્લાનીંગ એન્ડ એડમિનિસ્ટ્રેશન |
| CCERT | સેન્ટર ફોર કલ્ચરલ એજ્યુકેશન એન્ડ રિસર્ચટ્રેનીંગ |
| RIE | રીજીયોનલ ઈન્સ્ટિટ્યુટઓફ એજ્યુકેશન |
| ICAI | ઈન્સ્ટિટ્યુટઓફ ચાર્ટર્ડએકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા |
| PTR | પ્યુપીલટિચર્સરેશિયો |
| SIS | સ્ટેટ ઈમ્પ્લીમેન્ટેશન સોસાયટી |
| UEE | યુનિવર્સલએલિમેન્ટરી એજ્યુકેશન |
| UPS | અપર પ્રાયમરી સ્કૂલ |

## શિક્ષણ ક્ષેત્રેવિવિધ સંસ્થાઓનોફાળો

**1. માનવ સંસાધન વિકાસ મંત્રાલય (MHRD)**

– દેશમાં કેન્દ્રીય કક્ષાએ શિક્ષણની જવાબદારી આ સંસ્થાની છે તેનું મુખ્ય કાર્યાલય દિલ્હીમાં આવેલું છે તે શિક્ષણ સંબંધી સુધારા –વધારાઓ, ગુણવત્તાલક્ષી માટેના સલાહ–સૂચનો, નવી શિક્ષણનીતિનો અભ્યાસ, વિવિધ શિક્ષણને લગતા કાર્યક્રમો વગેરે કામગીરી કરે છે માનવ સંસાધન વિકાસ મંત્રાલયની કામગીરી કેન્દ્રના કેબિનેટ કક્ષાના મંત્રી સંભાળે છે

**2. રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (NCERT)**

– NCERT ના મુખ્ય અધ્યક્ષ તરીકેની કામગીરી કેન્દ્રના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના પ્રધાન સંભાળે છે. NCERTની સ્થાપના 1-7-1961ના રોજ દિલ્હી ખાતે કરવામાં આવી હતી. તેનું મુખ્ય કાર્યાલય દિલ્હી ખાતે આવેલું છે. દરેક રાજ્યના શિક્ષણ પ્રધાનો, UGCના ચેરમેન, કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત સભ્યો અને નિશ્ચિત યુનિવર્સિટીના કુલપતિઓ આ સંસ્થાના સભ્યો બને છે. આ સંસ્થા સ્વતંત્ર અને મુક્ત છે. પોતાના શિક્ષણની ગુણવત્તા સુધારણા કે નવી શિક્ષણની તરાહોના કાર્યક્રમો તે સમગ્ર દેશમાં પહોંચાડે છે. દરેક રાજ્યમાં તેની શાખાઓ SCERTના નામે ઓળખાય છે. NCERT દેશમાં શિક્ષણનાં ત્રણેય સ્તરો જેવાં કે પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક સ્તરે શિક્ષણ સુધારણા અને ગુણાત્મક શિક્ષણ માટે કાર્ય કરે છે. આ સંસ્થા દર વર્ષે ઈન્ડિયન ઈયરબુક ઓફ એજ્યુકેશનનું પ્રકાશન કરે છે. ઉપરાંત વિજ્ઞાન એકમ દ્વારા વિજ્ઞાન પ્રદર્શન, વિજ્ઞાન પરિષદ જેવા કાર્યક્રમો યોજે છે. વિષય પ્રમાણે પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવાં અને તેનું પ્રકાશન કરવાનું કાર્ય પણ કરે છે.

**NCERT ના વિભાગો**

(૧) શિક્ષણની ક્ષેત્રીય પરિષદો
(૨) વિજ્ઞાન કેળવણી વિભાગ
(૩) સામાજિક શિક્ષણ અને માનવતાવાદી વિષયોનો વિભાગ
(૪) સંશોધન વિકાસ વિભાગ
(૫) શિક્ષણ–પ્રશિક્ષણ વિભાગ
(૬) શૈક્ષણિક સાધન વિભાગ
(૭) પાઠ્યપુસ્તક અને સાહિત્ય પ્રકાશન વિભાગ
(૮) કેળવણી મનોવિજ્ઞાન વિભાગ

**3. રાષ્ટ્રીય શૈક્ષણિક આયોજન અને પ્રબંધન સંસ્થા (NUEPA)**

– આ સંસ્થા શિક્ષણના ત્રણેય સ્તરે શૈક્ષણિક તાલીમ આયોજનનું કાર્ય કરે છે શિક્ષણ ક્ષેત્રે જોડાયેલા શિક્ષકો, અધ્યાપકો, વ્યાખ્યાતાઓનું શિક્ષણ કાર્ય સુધરે તેવા હેતુથી તાલીમનું આયોજન કરે છે

**4. રાષ્ટ્રીય શિક્ષક – પ્રશિક્ષણ સંસ્થા (NCTE)**

– NCTEની સ્થાપના 1993માં કરવામાં આવી હતી. આ સંસ્થાનો મુખ્ય હેતુ સમગ્ર દેશમાં શિક્ષણ–પ્રશિક્ષણ પદ્ધતિમાં એકસૂત્રતા જળવાય તે છે તેમનું મુખ્ય કાર્ય શિક્ષક–પ્રશિક્ષણ કાર્યને વધુ અસરકારક બનાવવાનું છે

શિક્ષણના ત્રણેય સ્તરોમાં શિક્ષકો, અધ્યાપકો, વ્યાખ્યાતાઓ જરૂરી શિક્ષણ કૌશલ્યો મેળવે નવી તરાહો વિશે સુમાહિતગાર બને તે માટે જરૂરી તાલીમ કાર્યક્રમો આ સંસ્થા કરે છે શિક્ષક –પ્રશિક્ષણની સંસ્થાઓ માટે અભ્યાસક્રમ, અભ્યાસક્રમ માટેનો સમયગાળો, વિષયવસ્તુ અને પદ્ધતિઓ નક્કી કરવાનું કાર્ય NCTEનું છે.

**5. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT)**

–1962માં સ્ટેટ ઈન્સ્ટિટ્યુટ ઓફ એજ્યુકેશન (SIE) નામે આ સંસ્થા શરૂ થઈ હતી. શરૂઆતમાં આ સંસ્થા અમદાવાદમાં શરૂ થઈ હતી. 1988માં SIEનું GCERT નામે રૂપાંતર કરવામાં આવ્યું. 1998માં સોસાયટી રજિસ્ટ્રેશન ધારા 1860 હેઠળ GCERTની નોંધણી કરવામાં આવી અને 1997માં આ સંસ્થા અમદાવાદથી ગાંધીનગર સ્થાયી થઈ. GCERT પ્રાથમિક, માધ્યમિક અને શિક્ષક–પ્રશિક્ષણના ગુણવત્તા સુધાર અને અભિવૃદ્ધિ માટે રાજ્યકક્ષાએ કાર્યરત છે આ સંસ્થા પૂર્વ સેવાકાલીન તાલીન અને સેવાકાલીન તાલીમના કાર્યક્રમોનું વાર્ષિક આયોજન તૈયાર કરે છે વિજ્ઞાન એકમ દ્વારા વિજ્ઞાન પ્રદર્શનો યોજે છે આ ઉપરાંત બાળમેળા, બાળ રમતોત્સવ, શાળા પ્રવેશોત્સવ, વિજ્ઞાનમેળા વગેરે કાર્યક્રમોનું આયોજન કરે છે પ્રશિક્ષણ સ્તરે Pre PTC, PTC, CPED, GBTCના અભ્યાસક્રમો તૈયાર કરે છે. CMDE શાખા દ્વારા પૂર્વ

પ્રાથમિકથી પ્રશિક્ષણ સંસ્થાઓનાઅભ્યાસક્રમો નક્કી કરે છે અને પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં 'ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તકમંડળ' નેસહાય કર ે છે દરેક જિલ્લામાં શિક્ષણનો વ્યાપ વધારવા અને ગુણાત્મક શિક્ષણ પૂરુ પાડવા DIET સંસ્થાઓ ઉભી કરવામાં આવી છે. DIETનું સંચાલન અને દેખરેખ રાજ્ય કક્ષાએ GCERT રાખે છે. દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ GCERT ચલાવે છે. GCERT તેનું મુખપત્ર 'જીવન શિક્ષણ' ચલાવે છે; જેનું પ્રકાશન દર મહિને ગાંધીનગરથી કરવામાં આવે છે. આ સામયિક મૂળ 'શાળાપત્ર'ના નામે 1962માં શરુ થયેલું, જે આજે 'જીવનશિક્ષણ' નામથી પ્રગટ થાય છે. GCERTનું મુખ્ય સૂત્ર **'તેજસ્વિનાવધીતમસ્તુ'** છે.

**6. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET)**

– શિક્ષણના વિકેન્દ્રીકરણના ભાગરૂપે શિક્ષણ યોજનાઓનો અમલ કેન્દ્ર કક્ષાએ, રાજ્યકક્ષાએ અને જિલ્લા કક્ષાએ વિસ્તરે તેમાટે 1995થી રાજ્યના તમામ જિલ્લાઓમાં DIET કાર્યરત છે. પ્રાથમિક શાળાના શિક્ષકોને તાલીમ પૂરી પાડવી, જિલ્લા કક્ષાએ શાળામાં ચાલતા વિવિધ કાર્યક્રમો અને તેના વિશેનું માર્ગદર્શન આપવાનું કાર્ય DIET કરે છે. જિલ્લાની પ્રાથમિક શાળાઓનાં સત્રાંત પ્રશ્નપત્રો તૈયાર કરાવવાં, વાર્ષિક આયોજન, તાલીમના મોડ્યુલ વગેરે તૈયાર કરવાની કામગીરી કરે છે.

## ગુજરાતરાજ્યનુંપ્રાથમિક શિક્ષણનુંશૈક્ષણિક પ્રશાસનનુંમાળખું

### શિક્ષણનું રાજ્યમાં માળખુ

↓

| | |
|---|---|
| શિક્ષણમંત્રી(કેન્દ્ર કક્ષાના) | શિક્ષણમંત્રી(રાજ્યકક્ષાના) |
| ↓ | ↓ |
| નાયબ શિક્ષણ મંત્રી | રાજ્યનુંકેળવણીતંત્ર |
| સચિવ/અગ્રસચિવ (શિક્ષણ) | પ્રાથમિક શિક્ષણ નિયામક |
| ↓ | ↓ |
| સંયુક્તસચિવ | સંયુક્તશિક્ષણ નિયામક |
| ↓ | ↓ |
| નાયબ સચિવ | નાયબ શિક્ષણ નિયામક |
| ↓ | ↓ |
| ઉપસચિવ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી |
| ↓ | ↓ |
| વિભાગીય અધિકારીઓ | નાયબ જિલ્લા પ્રા. શિ.અધિકારી |
| ↓ | ↓ |
| કર્મચારીઓ | કેળવણી નિરીક્ષક |
| | ↓ |
| | B.R.C. કો – ઓર્ડિનેટર |
| | ↓ |
| | C.R.C. કો – ઓર્ડિનેટર |
| | ↓ |
| | પ્રાથમિક શાળાના આચાર્ય |
| | ↓ |
| | પ્રાથમિક શાળાના શિક્ષકો |
| | ↓ |
| | પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ |

**– DIET મુખ્યત્વે સાત શાખાઓમાં વિભાજિત થયેલ છે.**

(૧) પૂર્વસેવાકાલીનશિક્ષક –પ્રશિક્ષણ શાખા(PSTE)

(૨) કાર્યાનુભવશાખા (WE)

(૩) જિલ્લા સંસાધનએકમ (DRU)

Best Wishes for Success by Astha Academy

(૪) સેવાઅંતર્ગતકાર્યક્રમો, ક્ષેત્રીયઆંતરક્રિયાઅને નાવીન્ય સંકલનશાખા (IFIC)

(૫) પાઠ્યક્રમ સામગ્રી વિકાસ અનેમૂલ્યાંકન (CMDE)

(૬) શૈક્ષણિકપ્રૌદ્યોગિકી શાખા (ET)

(૭) આયોજન અનેવ્યવસ્થાપન (P & M)

## શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE)

**(School based Comprehensive Evaluation)**

– શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન એ બાળકના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસની માહિતી મેળવવાની તથા તેનુંવિશ્લેષણ તેમજ અર્થઘટન કરવાની પ્રક્રિયા છે

## શાળાકીય સર્વગ્રાહીમૂલ્યાંકનનાપ્રકારો

(૧) શૈક્ષણિકમૂલ્યાંકન

(૨) સહ–શૈક્ષણિકમૂલ્યાંકન

## શૈક્ષણિકમૂલ્યાંકન

રચનાત્મક મૂલ્યાંકન

સત્રાંતમૂલ્યાંકન

સ્વઅધ્યયન કાર્યનુંમૂલ્યાંકન

## સહ–શૈક્ષણિકમૂલ્યાંકન

તેનામૂલ્યાંકનમાંચાર ક્ષેત્રોનોસમાવેશથાય છે

ક્ષેત્ર 1 : વ્યક્તિગત અને સામાજિક ગુણો

ક્ષેત્ર 2 : વિદ્યાર્થીનાં વલણો

ક્ષેત્ર 3 : વિદ્યાર્થીના રસનાં ક્ષેત્રો

ક્ષેત્ર 4 : કાર્યાનુભવ

## ગ્રેડીંગપદ્ધતિ

– ગ્રેડનીવિવિધ પદ્ધતિ છે જેમ કે, ત્રિબિંદુ પંચબિંદુ સપ્તબિંદુ કે નવ બિંદુ પંચબિંદુમાં A+, A, B+, B, C એમ ગ્રેડ આપી શકાય.

**(૧) પ્રત્યક્ષ ગ્રેડીંગ પદ્ધતિ :** ગુજરાતમાંહાલમાં ધોરણ 1 અને 2 માં પ્રત્યક્ષ ગ્રેડીંગ પદ્ધતિ છે. આ પદ્ધતિમાં શિક્ષક બાળકની સિદ્ધિનું મૂલ્યાંકન કરી સીધો ગ્રેડ આપે છે.

**(૨) પરોક્ષ ગ્રેડીંગ પદ્ધતિ :** આ પ્રકારની પદ્ધતિમાં વિદ્યાર્થીના ગુણનેગ્રેડમાંરૂપાંતરીત કરવામાંઆવે છે ધોરણ 3 થી 6માં આ પ્રકારની પદ્ધતિ છે.

## શાળાકીય સર્વગ્રાહીમૂલ્યાંકનનાવિવિધ પત્રકો :

**(૧) પત્રક – A (રચનાત્મક મૂલ્યાંકન)**

– ધોરણ 3 થી 8માં આ પત્રકો ભરવાનાં હોય છે.

– જે તે વિષયનાં પ્રતિનિધિરૂપ 20 વિદ્યાનો પસંદ કરવાનાં હોય છે.

– હેતુનીક્ષમતા સિદ્ધ થાય તો ખરાની નિશાની, હેતુની ક્ષમતા આંશિક રીતે સિદ્ધ ન થઈ હોય તો '?' ની નિશાની અનેહેતુનીક્ષમતા સિદ્ધ ન થઈ હોય તો '×' ની નિશાની કરવામાંઆવેછે

– પત્રક Aમાં 40 ગુણમાંથી સિદ્ધ કરેલી ક્ષમતાઓને આધારે ગુણ આપવામાં આવે છે. તેના માટે નીચેનું સૂત્ર યાદ રાખવું.

$$\text{મેળવેલ ગુણ} = \frac{\text{ખરાની નિશાનીની કુલ સંખ્યા}}{\text{સત્રની કુલ ક્ષમતાઓની સંખ્યા}} \times 40$$

**(૨) પત્રક – B (વ્યક્તિત્વ વિકાસ પત્રક)**

– વિદ્યાર્થીના સર્વાંગીવિકાસનુંમાપન આ પત્રક કરે છે

– આ પત્રકમાંકુલ 4 ક્ષેત્રોમાં 40 વિદ્યાનો હોય છે.

– 40 વિદ્યાનોમાંથી 9 વિદ્યાનો શિક્ષકે જાતે નક્કી કરવાનાં હોય છે.

**(૩) પત્રક – C (પરિણામ પત્રક)**

– સત્રના અંતેઆ પત્રક ભરવાનુંહોય છે

– ધો. ૩ થી ૮માંજુદા –જુદાવિષયો તેમજવ્યક્તિત્વ વિકાસના મૂલ્યાંકનદ્વારા વિદ્યાર્થીને મેળવેલગુણના આધારે ગ્રેડઆપવામાંઆવેછે

– ધોરણ – ૮માં પરિણામ પત્રકમાં ગુણ અને ગ્રેડ બન્ને આપવામાં આવે છે.

**(૪) પત્રક – D**

– આ પત્રક ધો. ૧ થી ૨ના વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે છે

**(૫) પત્રક – E (સર્વગ્રાહી વિકાસાત્મક સંગૃહિત પ્રગતિ પત્રક)**

– ધો. ૧થી લઈનેધો.૮ સુધીમાંવિદ્યાર્થીએ અલગ – અલગ ક્ષેત્રોમાં કરેલા વિકાસને ધ્યાનમાં લઈને મૂલ્યાંકનકરીનેપત્રક ભરવાનુંહોય છે

**(૬) પત્રક – F**

– આ પત્રકમાંધો.૩ થી ૮ના વિદ્યાર્થીનેમૂલ્યાંકનના આધારે ગ્રેડઆપવાનો હોય છે

**(૭) પત્રક – G (શાળાંત પ્રમાણપત્ર)**

– ધો. ૮ સુધીનોઅભ્યાસ વિદ્યાર્થી પૂરોકરે પછી આ પત્રક આપવામાંઆવેછે

– આ પત્રકમાંવિદ્યાર્થીએ અભ્યાસ દરમિયાન જે સિદ્ધિઓ હાંસલકરી હોય તેનુંચિત્ર આ પત્રકમાંમળે

છે

## સમાવેશીશિક્ષણની સંકલ્પના

– વ્યાપ્ત વિવિધતા ધરાવતા બાળકો અનેતેનાપરિવાર માટે શિક્ષણનીતિનો સમાવેશ કરવા માટે શાળા–પ્રણાલી, વ્યુહાત્મક યોજનાઓને તેમની જરૂરીયાત અનુરૂપ બનાવી બદલવાની પ્રક્રિયા એટલે સમાવેશી શિક્ષણ. – ડોના લેને.

– પ્રત્યેક બાળકની વિવિધતાસભર જરૂરિયાતોને ધ્યાનમાં રાખી તેમની અધ્યયન –અધ્યાપનમાં સહભાગીદારીતા વધારવા, સંસ્કૃતિ, સમાજ તેમજ શિક્ષણમાંથી તેમના એક્સક્લુઝન ઘટાડવાની પ્રક્રિયા એટલેસમાવેશીશિક્ષણ. – UNESCO

– શારીરિક, બૌદ્ધિક, સાંવેગિક, સામાજિક, ભાષાકીય કે અન્ય કોઈ રીતના ભેદભાવોનેઅવગણીને તમામ બાળકોને તેમની શાળાઓમાં સમાવેશ કરવાની જવાબદારી એટલેસમાવેશીશિક્ષણ.
**– Salamance FOA**

## પ્રજ્ઞા અભિગમ
## "પ્રવૃત્તિદ્વારા જ્ઞાન"

– ગુજરાત રાજ્યમાં પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવાના હેતુથીઆ અભિગમ અમલમાં મૂક્યો હતો. 'પ્રજ્ઞા' એટલે 'પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન.' પ્રજ્ઞા એટલે 'બુદ્ધિ સમજણ અને શાણપણનો સમન્વય.' ગુજરાતમાં ૨૦૧૦થી પ્રાયોગિક ધોરણે પ્રજ્ઞા અભિગમ અમલમાં મૂકવામાંઆવ્યો. આજે ધો. ૧ થી ૪માં પ્રજ્ઞા અભિગમ કાર્યરત છે જેમાં વિદ્યાર્થીઓ પ્રવૃત્તિ સાથે શિક્ષણ મેળવીરહ્યા છે

### પ્રજ્ઞા અભિગમની વિશેષતાઓ:

– આ અભિગમમાં બાળકો પાથરણા પર બેસીને શિક્ષણ મેળવેછે
– તેમાંમાઈલસ્ટોન પાર કરવાના હોય છે
– તેમાંછાબડીઓ રાખવામાંઆવી હોય છે
– પ્રજ્ઞામાં સપ્તરંગી (જાનીવાલાપીનારા) શિક્ષણ પ્રણાલી છે
– ધો.૧માં૧ થી ૮ માઈલસ્ટોન ; જ્યારે ધો. ૨માં ૯થી ૧૮ માઈલસ્ટોન હોય છે.
– જ્યારે ધો.૩માં૧૮ થી ૨૭ અનેધો. ૪માં૨૭ થી ૩૪ માઈલસ્ટોન છે

### પ્રજ્ઞા અભિગમમાંગૃપની રચના:

તેમાં ૬ ગૃપની રચના કરવામાંઆવેછે
(૧) શિક્ષક સપોર્ટેડ ગૃપ
(૨) આંશિકશિક્ષક સપોર્ટેડ ગૃપ
(૩) પીઅર સપોર્ટ ગૃપ
(૪) આંશિકપીઅર સપોર્ટ ગૃપ
(૫) સ્વયંશિસ્તમાંશીખી શકે તેવું ગૃપ
(૬) શીખવાની રીતનું મૂલ્યાંકન કરી શકે તેવું ગૃપ

# અધ્યાપન કૌશલ્યો

– સમગ્ર અધ્યયન–અધ્યાપનની પ્રક્રિયાનેઅસરકારક બનાવવા તથા તેનીહેતુસિદ્ધિમાટે જે કૌશલ્યો શિક્ષક દ્વારા વાપરવામાંઆવે ; તેને અધ્યાપન કૌશલ્યો કહેવાય છે.

શિક્ષક તેના અધ્યાપનકાર્ય દરમિયાન જે વર્ગવ્યવહારકરે છે; તેમાં તે અનેક વર્તન સ્વાભાવિક જ કરે છે. અધ્યાપનકાર્યને અસરકારક બનાવવા માટે શિક્ષક દ્વારા થતાં વર્તનોના વિશિષ્ટ સમૂહને અધ્યાપન કૌશલ્ય કહેવામાં આવે છે. આ કૌશલ્યોમાં નીચેનાં કૌશલ્યોનો સમાવેશ થાય છે.

1. વિષયાભિમુખ કૌશલ્ય
2. પ્રશ્નપ્રવાહિતા કૌશલ્ય
3. પ્રશ્નઊંડાણ કૌશલ્ય
4. કા.પા. કૌશલ્ય
5. સુદઢીકરણ કૌશલ્ય
6. ઉદાહરણ કૌશલ્ય
7. ઉત્તેજના પરિવર્તન કૌશલ્ય
8. સંલગ્નતા કૌશલ્ય
9. શાબ્દિક અને અશાબ્દિક કૌશલ્ય
10. ધ્યાનપૂર્વક વર્તન અને ઓળખ કૌશલ્ય
11. સ્પષ્ટીકરણ કૌશલ્ય
12. વિદ્યાર્થી સહયોગ વૃદ્ધિ કૌશલ્ય
13. અધ્યાપન હેતુ લેખન કૌશલ્ય
14. વર્ગવ્યવસ્થા કૌશલ્ય
15. સ્વાધ્યાય કૌશલ્ય
16. પાઠગતિ કૌશલ્ય
17. ઉચ્ચ કક્ષા પ્રશ્ન કૌશલ્ય
18. બહુવિધ પ્રશ્ન કૌશલ્ય

19. વ્યાખ્યાન કૌશલ્ય
20. આયોજિત પુનરાવર્તન કૌશલ્ય
21. પૂર્ણ અભિવ્યક્તિ કૌશલ્ય

## વિષયાભિમુખકૌશલ્ય

'જે વિષય અથવા મુદ્દો શિક્ષક દ્વારા વર્ગખંડમાં અધ્યાપન દરમિયાન શીખવવાનો હોય તેમુદ્દો વિવિધ પ્રશ્નો પૂછી, ચિત્રો બતાવી, પ્રોજેક્ટ દર્શનકરવી, ચાર્ટ બતાવી, વિદ્યાર્થી પાસેથી વિષયનો મુદ્દો કઢાવવાની પ્રક્રિયાનેવિષયાભિમુખપદ્ધતિ કહેવાય'
દા.ત.

- શિક્ષક : પૃથ્વી પર કેટલા ગ્રહો છે ?
  વિદ્યાર્થી : પૃથ્વીપર આઠ ગ્રહો છે
  શિક્ષક : આઠ ગ્રહો પૈકીકયા ગ્રહ પર જીવન જોવા મળેછે?
  વિદ્યાર્થી : પૃથ્વીપર જીવન જોવા મળેછે
  શિક્ષક : પૃથ્વીનેકેટલા ઉપગ્રહ છે?
  વિદ્યાર્થી : એક
  શિક્ષક : તેનુંનામ શુંછે?
  વિદ્યાર્થી : ચંદ્ર
  શિક્ષક : ચાલો આજે આપણે ચંદ્ર વિષે અભ્યાસ કરીશું
- અહીં વિદ્યાર્થીના પૂર્વજ્ઞાનની ચકાસણી થાય છે તથા વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ થાય છે અને તેના દ્વારા તેની પાસેથી વિષય કઢાવી શકાય છે.
- વિવિધ પ્રયુક્તિઓ તરીકે શિક્ષક પ્રશ્નોત્તરી, ઉદાહરણો, કથન, વાર્તા, નાટકો, રમત તથા ગીત, સંકેતિક ચેષ્ટા દ્વારા વિષય વિદ્યાર્થીઓ પાસેથી બહાર કઢાવી શકે.
- વિદ્યાર્થી પાસેથી વિષય કઢાવવા શિક્ષકે પ્રશ્નનો ક્રમ જાળવવો જોઈએ એટલે કે સાતત્યભંગ ન થવો જોઈએ તથા કૃત્રિમ રીતે વિષય કઢાવવો ન જોઈએ.

## પ્રશ્નપ્રવાહિતા કૌશલ્ય

- 'વિદ્યાર્થીઓ શું જાણે છે અને શું નથી જાણતા તે જાણવા માટે શિક્ષક દ્વારા પૂછાતા વિવિધ ક્રમિક અર્થપૂર્ણ પ્રશ્નોને પ્રશ્ન પ્રવાહિતા કૌશલ્ય કહેવાય.'
- આ કૌશલ્ય ત્રણ બાબતો પર આધારિત છે.
  (૧) પ્રશ્નો પૂછવાનો સમયગાળો
  (૨) અર્થપૂર્ણપ્રશ્નો
  (૩) પ્રશ્નોનુંતાર્કીક તથા ક્રમિક હોવું

### અર્થપૂર્ણપ્રશ્નો

જે પ્રશ્નો બંધારણ, પ્રશ્ન પૂછવાની પ્રક્રિયા તથા નિયતિની દષ્ટિએ અપેક્ષિત અનેસ્પષ્ટ તથા યોગ્ય હોય તેનેઅર્થપૂર્ણપ્રશ્નો કહેછે
અર્થપૂર્ણપ્રશ્નો ટૂંકા હોવા જોઈએ અને તેમાંવધારાના બિનજરૂરી શબ્દો ન હોવા જોઈએ.
પ્રશ્નો સંગત હોવા જોઈએ. કેમ કે અસંગત પ્રશ્નો પ્રશ્ન પ્રવાહિતા કૌશલ્યનેઅવરોધેછે

### પ્રશ્નો પૂછવાનીપ્રયુક્તિ

– શિક્ષણ કાર્ય કરતી વખતે વિદ્યાર્થીઓ સામે રજૂ કરવામાંઆવતો પ્રશ્ન એટલેપ્રશ્ન પૂછવાનીપ્રક્રિયા .

**શિક્ષકે પ્રશ્નો પૂછવાની પ્રક્રિયા દરમિયાન ધ્યાનમાંલેવા જેવી બાબતો નીચેમુજબછે.**

– પ્રશ્નોની સમગ્ર વર્ગસમક્ષ રજૂઆત થવી જોઈએ
– પ્રશ્નો વ્યક્તિગત ન પૂછવા જોઈએ.
– પ્રશ્નોનુંપુનરાવર્તનટાળવું
– વિદ્યાર્થીઓનેપ્રશ્ન સમજવા સમય આપવો.
– પ્રશ્નો પૂછવાની ઝડપ વિદ્યાર્થીની વયકક્ષા અનુરૂપ ગોઠવવી.
– પ્રશ્નો પૂછવામાંશિક્ષકનો અવાજ તથા આરોહ – અવરોહ યોગ્ય હોવા જોઈએ.
– અધોરેખિત પ્રશ્નો ઉપર શિક્ષકે ભાર મૂકવો જોઈએ.
– પ્રશ્નો પૂછતી વખતેહાવભાવ જાળવવા જોઈએ.

### પ્રશ્ન નિષ્પત્તિ

– પ્રશ્નોના ઉત્તરો 'હા' કે 'ના' માંઆવે તેવા પ્રશ્નોને સ્થાન ન હોવુંજોઈએ.
– સૂચનશીલપ્રશ્નો પણ ન પૂછવાજોઈએ.
– અટકળ આધારીત જવાબ મળેતેવાપ્રશ્નો ન પૂછવા જોઈએ.
– સમર્થનઆધારીત પ્રશ્નો ન પૂછવા જોઈએ.
દા.ત. પૃથ્વી ગોળ છે બરોબર ને ? આવા પ્રશ્નોને સમર્થનઆધારીત પ્રશ્નો કહેછે
– પડઘા આધારીત પ્રશ્નોની નિષ્પત્તિ પણ યોગ્ય નથી.
દા.ત. ભારતનુંરાષ્ટ્રીય પ્રાણી વાઘ છે આપણુંરાષ્ટ્રીય પ્રાણી કયુંછે?

– ઘણીવાર અઘરા કે ઊંચી ક્ષમતાવાળા કે પૂર્વજ્ઞાનના અભાવના કારણે કે રસ ન હોવાના કારણે વિદ્યાર્થીઓ જવાબ આપવાનું ટાળે છે

## સુદૃઢિકરણ કૌશલ્ય

– 'વિદ્યાર્થીઓએ આપેલા પ્રશ્નોના જવાબના બદલામાં શિક્ષક વિદ્યાર્થીઓને 'ખૂબ સરસ', 'અતિ ઉત્તમ', 'સરસ' જેવા પ્રોત્સાહન પૂરું પાડતા શબ્દો કહે તેને સુદૃઢિકરણ કૌશલ્ય કહે છે

## સુદૃઢિકરણ કૌશલ્યના પ્રકારો

– હકારાત્મક (શાબ્દિક – અશાબ્દિક)
– નકારાત્મક (શાબ્દિક – અશાબ્દિક)

## હકારાત્મક સુદૃઢકો

– વિદ્યાર્થીઓના જવાબના બદલામાં શિક્ષક 'સરસ', 'ખૂબ સરસ', 'ઉત્તમ', 'અતિ ઉત્તમ' વગેરે શબ્દો દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરે; તેને શાબ્દિક હકારાત્મક સુદૃઢકો કહે છે.'

– ઘણીવાર શિક્ષક સ્મિત દ્વારા, માથુ હલાવી, વિદ્યાર્થીની પીઠ થાબડી વગેરે ચેષ્ટા દ્વારા પ્રોત્સાહિત કરે છે; તેને અશાબ્દિક હકારાત્મક સુદૃઢકો કહેવાય.

## નકારાત્મક સુદૃઢકો

– વિદ્યાર્થીઓને નિરાશ કરવા શિક્ષક દ્વારા વપરાતી યુક્તિઓને નકારાત્મક સુદૃઢકો કહે છે

– મૂર્ખ, ગધેડો, ઠોઠ વગેરે જેવા શબ્દો દ્વારા શિક્ષક વિદ્યાર્થીને ઉતારી પાડે તેવા સુદૃઢકોને નકારાત્મક શાબ્દિક સુદૃઢકો કહેવાય છે

– ડસ્ટર પછાડવું આંખો કાઢવી, ગુસ્સાથી વિદ્યાર્થી સામે જોવું વગેરેને નકારાત્મક અશાબ્દિક સુદૃઢકો કહેવાય

## કા.પા. કાર્ય કૌશલ્ય

'કાળા પાટીયા કે શ્યામ ફલક કે કૃષ્ણફલક પર શિક્ષક જે લખે તેને કા.પા. કાર્ય એટલે કાળા પાટીયા પર કરવામાં આવતું કાર્ય (લખાણ) કહે છે'

## કા.પા. કાર્યનાં લક્ષણો

– હસ્તાક્ષર સુવાચ્ય હોવા જોઈએ.
– પ્રત્યેક અક્ષર સ્પષ્ટ હોવો જોઈએ.
– બે અક્ષરો અને શબ્દો વચ્ચે યોગ્ય અંતર હોવું જોઈએ.
– અક્ષરો યોગ્ય કદના હોવા જોઈએ.
– લખાણ સીધી લીટીમાં હોવું જોઈએ.
– બે લીટી વચ્ચે પૂરતી જગ્યા જાળવવી જોઈએ.
– અક્ષર–ઉપર કે વાક્ય ઉપર બીજું વાક્ય કે અક્ષર ન લખાય જાય તે જોવું જોઈએ.
– વિષયવસ્તુના એકમ કે મુદ્દા સિવાય કંઈ બિનજરૂરી લખાણ ન લખવું
– મુદ્દા ટૂંકા અને સાદા તથા રંગીન ચોકના ઉપયોગથી અલગ પાડેલા હોવા જોઈએ.

**લેખન કાર્ય કરતાં પહેલા શિક્ષકે ધ્યાનમાં લેવા જેવી બાબતો :**

– કા.પા. કાર્ય કર્યા પછી કાળું પાટીયું સ્વચ્છ કરવું જોઈએ.
– કા.પા. અને વિદ્યાર્થી વચ્ચે આવવાનું ટાળવું
– ચોક અને ડસ્ટર સાથે વર્ગ પ્રવેશ કરવો.
– વિષયવસ્તુ કે વ્યાકરણની ભૂલ વગરનું લખાણ હોવું જોઈએ.

## કા.પા.નું મહત્વ

– તે દૃશ્ય સાધન છે તેનાથી વિદ્યાર્થીઓ સમજણ મેળવે છે
– કા.પા. કાર્ય એ દૃશ્ય અને શ્રાવ્યનું સંયોજન છે
– અપરિચિત શબ્દો લખીને સમજાવી શકાય છે
– કા.પા. થી એકમ વધુ સ્પષ્ટ બને છે
– નકશા, આકૃતિ, આલેખો દોરી શિક્ષક શિક્ષણને વધુ અસરકારક બનાવી શકે છે
– સતત થતી વ્યાખ્યાન પદ્ધતિમાં કા.પા. કાર્ય ઉમેરવાથી શિક્ષણમાં વૈવિધ્ય આવે છે

## ઉદાહરણ કૌશલ્ય

– ઉદાહરણ એટલે જેમાં શીખવવાનો વિચાર કે હેતુ કે સિદ્ધાંત સમાયેલો હોય તેવી વિષયવસ્તુ

## ઉદાહરણનાં લક્ષણો

– તે સરળ અને સ્પષ્ટ હોવું જોઈએ.
– શીખવવાના સિદ્ધાંત, નિયમ કે ખ્યાલ સાથે સુસંગત હોય તેવું હોવું જોઈએ.
– ઉદાહરણ રસપ્રદ જિજ્ઞાસા જગાડે તેવું અને કુતુહલવૃત્તિને ઉત્તેજે તેવું હોવું જોઈએ.
– નકશા, ચિત્રો, ચાર્ટ વગેરે અશાબ્દિક, દૃશ્ય અને સ્પષ્ટ ઉદાહરણનું સ્વરૂપ કહેવાય
– જ્યારે મુદ્દો સમજાવવા વાર્તા કે ઐતિહાસિક પ્રસંગ રજૂ કરાય તેને શાબ્દિક ઉદાહરણ સ્વરૂપ કહેવાય

## આગમન પદ્ધતિ

– ઉદાહરણને પ્રથમ રજૂ કરી ત્યારબાદ તેના પરથી સિદ્ધાંત તારવતા શીખવાડાય તેને આગમન પદ્ધતિ કહે છે

## નિગમન પદ્ધતિ

– પ્રથમ સિદ્ધાંત રજૂ કરી ત્યારબાદ અંતમાં ઉદાહરણ આપવામાંઆવે ; તેને નિગમન પદ્ધતિ કહેવાય છે.

## ઉદાહરણ કૌશલ્યનું મહત્વ

– કઠિન મુદ્દો સરળ બને છે

– અધ્યયનમાં રસ જળવાયેલો રહે છે

– વિદ્યાર્થીઓ જ્ઞાત પરથી અજ્ઞાત તરફ અને મૂર્ત સ્વરૂપ પરથી અમૂર્ત સ્વરૂપ તરફ જાય છે

– વિદ્યાર્થી સમજણપૂર્વક સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે

## ઉત્તેજના પરિવર્તન કૌશલ્ય

– વિદ્યાર્થીઓનું અધ્યયન –અધ્યાપન પદ્ધતિમાં ધ્યાન ટકાવી રાખવા શિક્ષક દ્વારા ઉપયોગ થતી વર્તન–પરિવર્તનમાં ફેરફારની પ્રક્રિયા એટલે ઉત્તેજના પરિવર્તન કૌશલ્ય કહેવાય

## ઉત્તેજના પરિવર્તન કૌશલ્યના ઘટકો

### હલનચલન

– શિક્ષણ કાર્ય દરમિયાન શિક્ષક દ્વારા થતું સતત હલનચલન.

### હાવભાવ

– વિષયવસ્તુના મુદ્દા અનુરૂપ હાવભાવ લાવવા.
દા.ત. સ્મિત, આશ્ચર્ય, આંખો કાઢવી વગેરે

### આરોહ – અવરોહ

– વ્યાખ્યાન દરમિયાન વાક્યોના આરોહ–અવરોહ જાળવવા, ફેરફાર કરવા વગેરે.

### કેન્દ્રીકરણ

– વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરવા માટે શાબ્દિક તથા અશાબ્દિક પ્રવિધિઓના ઉપયોગને કેન્દ્રીકરણ કહેવાય

### વિરામ

– શિક્ષણકાર્ય દરમિયાન કથનમાં ચોક્કસ સમયે મૌન પાળવું કે થંભી જવું કે અટકવું તેને વિરામ કહેવાય

### વર્ગવ્યવહાર પરિવર્તન

– શિક્ષણકાર્ય દરમિયાન વ્યાખ્યાન આપતાં આપતા અચાનક પ્રશ્નો પૂછવા, ચાર્ટ દોરવો, નકશા દોરવા, ચિત્રો બતાવવા વગેરે ને વર્ગ વ્યવહાર પરિવર્તન કહેવાય

## પ્રશ્ન ઉંડાણ કૌશલ્ય

– વિદ્યાર્થીઓને વિષયવસ્તુના મુદ્દા કે એકમના હાર્દ સુધી લઈ જવાની પ્રક્રિયાને પ્રશ્ન ઉંડાણ કૌશલ્ય કહે છે

## પ્રશ્ન ઉંડાણ કૌશલ્યનું મહત્વ

– વિષય પ્રત્યે વિદ્યાર્થી સ્પષ્ટ બને છે

– વિદ્યાર્થી ચર્ચામાં ભાગ લેતો થાય છે

– વિદ્યાર્થીઓને તાર્કીક અને વિચારશીલ બનાવે છે

# કન્યા કેળવણી

– કન્યા કેળવણીના વિકાસ માટે સરકારે ઇ.સ. ૧૯૫૭માં શ્રીમતી દુર્ગાબાઈ દેશમુખના અધ્યક્ષપણા નીચે 'નેશનલ કાઉન્સિલ ફોર વિમેન્સ એજ્યુકેશન' નામની સમિતિની રચના કરી.

– પંચવર્ષીય યોજના દરમિયાન કન્યા કેળવણી માટે સક્રિય પ્રયત્નો થતા રહ્યા.

– ભારતના બંધારણ અનુસાર 6 થી 14 વર્ષની વય સુધીનાં તમામ બાળકોને મફત અને ફરજિયાત અને સાર્વત્રિક શિક્ષણનો આદર્શ સ્વીકારવાના હેતુથી ઇ.સ. 1998-99થી સમગ્ર ગુજરાતમાં પ્રાથમિક શાળાઓમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ અમલમાં મૂક્યો. તેમાં કન્યા પ્રવેશને વધારે પ્રાધાન્ય આપવામાં આવે છે.

## બહુશ્રેણીય શાળા

– અહીં એક શિક્ષક અને બેથી વધુ શ્રેણી હોય છે

– પરંતુ શિક્ષણની ગુણવત્તા સુધારવાના હેતુથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬ અનુસાર અને ઓપરેશન બ્લેક બોર્ડ અનુસાર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આવી શાળાઓમાં બીજા શિક્ષકની નિમણૂક આપવાનું નક્કી કરાયું

– બીજા શિક્ષકના પગારની જવાબદારી ભારત સરકારની રહેશે તેવું ઉમેરવામાં આવ્યું

– મહિલા શિક્ષકને પ્રાધાન્ય આપવાનું પણ નક્કી કરાયું

– આવી શાળાઓના કારણે શિક્ષણની ગુણવત્તા કથળે છે કારણ કે, એક જ શિક્ષક પર સંપૂર્ણ જવાબદારી હોવાના કારણે તે વિદ્યાર્થીઓને ન્યાય આપી શકતો નથી.

### બહુશ્રેણીય શાળાની જરૂરિયાત

– 6 થી 14 વર્ષનાં દેશનાં તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

– ત્યારબાદ તમામ રાજ્યો માટે 'સર્વશિક્ષા અભિયાન મિશન' તથા આ મિશન દ્વારા સમગ્ર દેશમાં શિક્ષણનું સાર્વત્રીકરણ કરવામાં આવ્યું

**શા માટે બહુશ્રેણીય શાળાઓ ઉભી થાય છે ?**

– ડાંગ, જૂનાગઢ, બનાસકાંઠા, કચ્છ જ `વા જિલ્લાઓમાં આવેલાઅંતરિયાળગ્રામ્ય વિસ્તારોમાંક ુલ ૧ થી ૮ કે, ૧ થી ૫ ધોરણના વિદ્યાર્થીઓની સંખ્યા માંડ ૩૦ની આજુબાજુ રહે છે ; ત્યારે ત્યાં નિયમાનુસાર વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે એક જ શિક્ષક અપાય છે. આથી આવી શાળા બહુશ્રેણીય શાળામાં રૂપાંતર પામે છે.

– ઘરથી શાળાનુંઅંતર 3 થી 5 કિ.મી. કરતાં વધી જતાં બાળકોની સંખ્યા ઘટે છે. પરિણામે આવી શાળાઓ બહુશ્રેણીય શાળાઓમાં રૂપાંતર પામે છે.

– પહાડી વિસ્તાર, જંગલ વિસ્તાર, અંતરિયાળ વિસ્તારનાં બાળકોને શિક્ષણ આપવા બહ ુશ્રેણીય શાળાઓની જરૂરિયાત ઉદભવેછે

– આદિવાસી વસ્તી ધરાવતા ભારત દેશના વિવિધ વિસ્તારોમાં તેઓની સંસ્ક ૃતિ મુજબ શિક્ષણ આપવા બહુશ્રેણીય શાળા સ્થાપવી પડેછે

## આશ્રમશાળા

બંધારણનીકલમ –૨૧ (A) અનુસાર ૬ થી ૧૪ વર્ષની વયનાં તમામ બાળકોને મફત અને ફરિજયાત પ્રાથમિક શિક્ષણ આપવાની જોગવાઈ છે.

– ભારતના અંતરિયાળગામડાઓમાં૬ થી ૧૪ વર્ષની વયનાંતમામ બાળકોનેશિક્ષણનો લાભ મળેતેહેતુથી આ પ્રકારની શાળા સ્થાપવાનુંવિચારવામાંઆવ્યુંછે

– પ્રાચીન કાળથી આ પ્રકારની શાળાઓ ભારતમાં ઉપલબ્ધ છે

– ગાંધીજી, ઠક્કરબાપા, ભીમરાવ આંબેડકર, મહાદેવ ગોવિંદ રાનડે, રમાબાઈ રાનડે વગેરે ` આશ્રમશાળાનાં હિમાયતી હતાં

**આશ્રમશાળાની વિશેષતા**

– શિક્ષકો – બાળકો સાથે નિવાસ કરે છે.

– અભ્યાસના દિવસો દરમિયાન વિદ્યાર્થીઓએ આશ્રમ શાળામાંજ નિવાસ કરવાનો હોય છે

– વિદ્યાર્થીઓ દરેક કાર્યો સમૂહમાંરહી કર ` છે

– અહીં વ્યવસાયિક કાર્યો જેવાંકે ખેતીકામ, સીવણ, સુથારીકામ, લુહારીકામ વગેરે ` શીખવવામાંઆવેછે

– વિદ્યાર્થીઓનેજીવનની વાસ્તવિકતાનો ખ્યાલ આવે છે

**વિશેષતા**

– ગુજરાતની સૌપ્રથમ આશ્રમશાળા પંચમહાલના મીરાખેડીમાંસ્થાપવામાંઆવી.

– તેનીસ્થાપના ઈ.સ. 1922 માં થઈ હતી.

– તેનુંસંચાલન અમૃતલાલ ઠક્કર (ઠક્કરબાપા) સંભાળતાહતા.

– 1923માં સુરતના સરભોણ ગામે આશ્રમશાળા સ્થાપવામાં આવી.

– પદ્મશ્રી ઈશ્વરભાઈ પટેલે 1979માં સાબરમતી ગાંધી આશ્રમ ખાતે 'પરીક્ષીતલાલ મજમુદાર આશ્રમશાળા' સ્થાપી.

– ઘેલુભાઈનાયક (ઘેલુકાકા) અને તેમના ભાઈ છોટુભાઈ નાયકે ચૂનીલાલ વૈદ્યની મદદથી પ્રથમવાર ગુજરાતમાં કાલેબેલમાંઈ.સ. 1949માં 'ટ્રાઈબલ' વિસ્તારના બાળકો માટે આશ્રમ શાળા (નિવાસી શાળા) સ્થાપી.

– 1960માં મુંબઈમાંથી ગુજરાત છૂટુ પડતાં ગુજરાતમાં 41 આશ્રમશાળાઓ સ્થપાઈ હતી.

– 1961માં શ્રી ઢેબરસાહેબની અધ્યક્ષતામાં આદિવાસી શિક્ષણ માટે એક પંચ રચાયું હતું.

**આશ્રમ શાળાના સંચાલનનું વહીવટી માળખું**

↓

| સરકારી વહીવટ | સંસ્થાગતવહીવટ |
|---|---|
| ↓ | ↓ |
| **રાજ્ય સરકાર (આશ્રમશાળાની મંજૂરી માટે)** | **સંસ્થાહસ્તગત આશ્રમ શાળા** |
| ↓ | ↓ |
| **શિક્ષણ નિયામક (અનુદાનનીમંજૂરી)** | **આચાર્ય વહીવટ સંભાળે , દેખરેખ રાખે** |
| ↓ | ↓ |
| **નાયબ નિયામક (અનુદાનનીવિગતો તપાસે) (મંજૂરી માટે મૂકે ) □(અધિકારીઓની દેખરેખ) આશ્રમશાળાની મુલાકાત,□વાર્ષિક નિરીક્ષણકાર્ય,□પ્રશ્નોનો ઉકેલ માર્ગદર્શન** | **શિક્ષક માર્ગદર્શન** |

## પ્રાથમિક શિક્ષણ અંગેનકાયદાઓ

– મુંબઈપ્રાથમિક શિક્ષણનો મૂળ કાયદો ઈ.સ. 1947માં અમલમાં આવ્યો. ત્યારબાદ તેમાં 27 સુધારા થયા.
– ઈ.સ. 1949માં અમલમાં આવ્યા અને તેમાં 44 સુધારા થયા.
– ત્યારબાદ કેન્દ્ર સરકારનો ફરજિયાત અને મફત શિક્ષણ અધિનિયમ 2009 અને ગુજરાત શૈક્ષણિક કાયદા (અનુસાર) વિધેયક 2010 અમલમાં આવ્યા.

**મુંબઈપ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1947**
**મુંબઈપ્રાથમિક શિક્ષણ નિયમો 1949**
**ગુજરાતશૈક્ષણિકસંસ્થાઅધિનિયમ 1984**

### નેશનલકાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશન એક્ટ – 1993

– આ અધિનિયમ રાષ્ટ્રીય શિક્ષક – પ્રશિક્ષણ પરિષદ અધિનિયમ, 1993 કહેવાશે.
– આ અધિનિયમ સમગ્ર ભારતમાં'જમ્મુઅનેકાશ્મીર' નેબાદ કરતા એક સાથેલાગુપડશે
– આ કાઉન્સીલનુંમુખ્યાલયદિલ્હી આવેલું
– અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્ય સચિવની નિમણૂક કેન્દ્ર સરકાર દ્વારા થાય છે.
– કાઉન્સીલના સચિવ ભારત સરકારના એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ સાથેસીધા જોડાયેલહોય છે

### ગણિત – વિજ્ઞાન મંડળઅંતર્ગતપ્રવૃત્તિઓ

– ગણિત વિજ્ઞાનના ચાર્ટસ, મોડેલો
– વર્તમાનપત્રોમાંથીવિષય સંબંધિતલેખોનોસંગ્રહ
– એક્વેરિયમ
– આકાશદર્શન
– ગણિતશાસ્ત્રીઓનો પરિચય
– વકતૃત્વસ્પર્ધા
– ગણિત – વિજ્ઞાન વિષયને લગતા પ્રોજેક્ટ
– સાયન્સ કોર્નરઅનેમેથ્સકોર્નરનીસંરચના
– જિલ્લા કક્ષાએ ગણિત–વિજ્ઞાન પ્રદર્શન
– પરિસંવાદ
– વૈજ્ઞાનિકો અને ગણિતશાસ્ત્રીઓની જન્મ જયંતીની ઉજવણી
– પુસ્તકપ્રદર્શન
– બુલેટિનબોર્ડ

### ગણિત – વિજ્ઞાન પ્રદર્શનનુંમહત્ત્વ

– શ્રી જવાહરલાલ નહેરુનીજન્મ જયંતીનીઉજવણીના ભાગરૂપેસન ૧૯૮૮થી આ પ્રદર્શનપંડિતજવાહરલાલ નહેરુરાષ્ટ્રીય વિજ્ઞાન પ્રદર્શનતરીકે ઓળખાય છે
– એન.સી.ઈ.આર.ટી. નવી દિલ્હી દ્વારા સને – ૧૯૭૦થી દર વર્ષે રાષ્ટ્રીય કક્ષાએ વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે.

### ધો – ૧ થી ૫ માંઅપાતી પ્રવૃત્તિઓ

| | |
|---|---|
| માટીકામ | બાળવાર્તા/ બાળનાટકો |
| ભરતગૂંથણ | છાપકામ |
| કાગળકામ | જાદુઈનગર |
| ચીટકકામ | કોતરકામ |
| વેસ્ટમાંથીબેસ્ટ | ચિત્રકામ |
| પપેટશો | વિજ્ઞાનના સાદા પ્રયોગો |
| કાર્ટૂન ફિલ્મ | ગણિત ગમ્મત |
| બાળગીતો | હાસ્ય દરબાર |
| શબ્દ રમતો | રંગોળી |

### ધોરણ – ૬ થી ૮માંસર્જનાત્મક પ્રવૃત્તિઓ

– વાંસનીબનાવટ
– માટીનાંરમકડાં
– ફ્યુઝબાંધવા
– ગાજ બટન કરવાં
– શાક સમારવું વગેરે
– સ્વજાગૃતિ, સ્વચ્છતા, સુશોભન, હળવાશની પળો, પર્યાવરણને જાણો, વાંચન , લેખન, અવલોકન, સામાન્ય જ્ઞાન, સમૂહ જીવન, બાળપ્રદર્શન વગેરે
– બાળમેળાનુંઅમલીકરણ રાજ્યકક્ષાએ G.C.E.R.T. ગાંધીનગર, જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તાલુકા કક્ષાએ B.R.C., ત્યારબાદ C.R.C અને શાળા કક્ષાએ શિક્ષક વિદ્યાર્થીઓ દ્વારા થાય છે.

### ઈકો ક્લબ

– વર્તમાન સમયમાં વિવિધ પર્યાવરણને લગતી સમસ્યાઓ પ્રત્યે વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવવા G.C.E.R.T ગાંધીનગર દ્વારા રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ઈકો ક્લબ બનાવવા શાળા દીઠ રૂ. 300 આપવામાં આવે છે.

## ઈકો કલબ અંતર્ગતની પ્રવૃત્તિઓ

– પ્રકૃતિ ગીતોનું ગાન
– વન મહોત્સવ ઉજવણી
– પૃથ્વીદિનની ઉજવણી
– પર્યાવરણદિનની ઉજવણી
– પ્રાણી સંગ્રહાલયની મુલાકાત
– પક્ષીઓ માટે પરબ
– ઔષધબાગ અનેવૃક્ષારોપણ
– આયુર્વેદીક દવાઓની માહિતી વગેરે

## રમતોત્સવ

– આ રમતોત્સવની શરૂઆત વર્ષ – ૨૦૦૨–૨૦૦૩ થી જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર દ્વારા જિલ્લા પંચાયતની પ્રાથમિક શાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશનની શાળાઓ અનેઆશ્રમશાળાઓના ધો – ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને સમાવિષ્ટ કરીને કરવામાં આવેલ છે.

## રમતોત્સવમાં શિક્ષકો/કુમારો/કન્યાઓ માટેની રમતો

– કબડ્ડી
– ખો – ખો
– ૧૦૦ મીટર દોડ
– લાંબીકૂદ
– ગોળા ફેંક
– યોગાસનો
– ચક્રફેંક

## રમતોત્સવના તબક્કાઓ

૧. શાળા કક્ષા
૨. સી.આર.સી. કક્ષા
૩. તાલુકા કક્ષા
૪. જિલ્લા કક્ષા
૫. ઝોન કક્ષા
૬. રાજ્ય કક્ષા

## સ્માર્ટ કલાસ

સ્માર્ટ કલાસ એ શિક્ષણ ક્ષેત્રનું નવું વિઝન છે

સ્માર્ટ કલાસ રૂમ એટલેએવો કોઇ પણ રૂમ કે જેને પાયાની જરૂરિયાતથી લઈને ઉચ્ચ કક્ષાની ટેકનોલોજીથી સમૃદ્ધ કરવામાંઆવેલોહોય.

## સ્માર્ટ કલાસમાંઉપલબ્ધ સાધન સામગ્રી

–સ્માર્ટ બોર્ડ, ડોકયુમેન્ટ કેમેરા, ઓડિયો – વિઝયુઅલ પ્રેઝન્ટર, ડીવીડી, વીસીઆર, ડીટીએચ સિસ્ટમ, ડયુઅલ પ્રોજેકટર સ્ક્રીન્સ, ડોલબી ડિજિટલ સાઉન્ડ, લેસર પોઈન્ટ, વાયરલેસ માઈક્રોફોન,લેપટોપ વગેરે.

## સ્માર્ટ બોર્ડના ઉપયોગો

બ્લેકબોર્ડનીજગ્યાએ તેનોઉપયોગ થઇ શકે.
વિષયવસ્તુનીસચિત્ર રજૂઆતકરી શકાય.
રેડીમેડ ગાણિતિક સાધનોનો ગણિતની સંકલ્પના સમજવામાંઉપયોગ કરી શકાય.
તૈયાર નકશા, ડાયાગ્રામ, પ્રયોગનાં સાધનો વગેરે વિષયવસ્તુસાથેસાંકળીશકાય.

## DISE
## (ડીસ્ટ્રીકટ ઈન્ફોર્મેશનસિસ્ટમ ફોર એજયુકેશન)

– ભારત સરકારના માનવ સંશાધન અને વિકાસ વિભાગ (MHRD), નવી દિલ્હી દ્વારા DISE સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે; જે સર્વ શિક્ષા અભિયાન મારફત વર્ષ – 2001 થી કાર્યરત છે.

– આ સોફ્ટવેર દ્વારા સમગ્ર દેશની 13 લાખથી પણ વધુ તમામ પ્રકારની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની માહિતીનું એકત્રીકરણ કરવામાં આવે છે.

## NUEPA
## (NATIONAL UNIVERSITY OF EDUCATION PLANNING AND ADMINISTRATION)

– નેશનલ કક્ષાએ NUEPA( NATIONAL UNIVERSITY OF EDUCATION PLANNING AND ADMINISTRATION) દ્વારા ડાયસ ડેટા એકત્રિત કરી તમામ પ્રકારની માહિતી MHRD (માનવ સંસાધન અને વિકાસ વિભાગ)ને રજૂ કરવામાં આવે છે.

**કસ્તુરબાગાંધીબાલિકા વિદ્યાલય (KGBV)**

– કન્યા શિક્ષણને વધુ વ્યાપક બનાવવા સામાજિક અનેશૈક્ષણિકરીતેપછાત તાલુકાઓમાંકન્યા શિક્ષણ દર વધે અને જેન્ડર ગેપ ઘટે એ હેતુથી કેજીબીવી યોજના અમલી કરવામાં આવી છે જે કન્યાઓ અધવચ્ચેથી શાળા છોડી ગઈ છે તેમજ કદી શાળાએ નથી ગઈ તથા જેઓના વાલી આર્થિકકામગીરી અથવા ધંધાનાહેતુસતત સ્થળાંતરકરે છેતેવીકન્યાઓ, જેના માતા અથવા પિતા બંનેમાંથીકોઈ હયાત નથી

તેવીકન્યાઓ અનેજ ે કન્યા ગરીબી રેખા નીચેછેતેવી કન્યાઓનેશિક્ષણ આપવા માટે સર્વશિક્ષા અભિયાન દ્વારા ચાલતી નિવાસી શાળા એટલેકે કસ્તુરબાગાંધી બાલિકા વિદ્યાલય. જેમાં મફત શિક્ષણ, શૈક્ષણિક પ્રવાસ અનેરહેવા –જમવાનુંપૂર્ પાડવામાંઆવેછે

## દફતરોના પ્રકાર

જે તેદફતર/પત્રકમાંનોંધાયેલીવિગતોના આધાર ે તેને નિશ્ચિત કરેલ વિભાગ/પ્રકારમાંમૂકવામાંઆવેછે તેની ઉપયોગિતાના આધારે તેનુંવર્ગીકરણ જ ે તેવિભાગમાં કરવામાંઆવે છે આમ છતાંએ પણ ધ્યાને લેવાવું જોઈએ કે પ્રત્યેકવિભાગ/પ્રકારના પત્રકનુંમૂલ્યવધતું ઓછું આંકવાનીભૂલન કરીએ.

| ક્રમ | દફતર | વર્ગ |
|---|---|---|
| **૧.** | **કાયમી દફતર** | **(અ)** |
| **૨.** | **૩૫ વર્ષસુધીસાચવવાનુંદફતર** | **(બ)** |
| **૩.** | **૧૦ વર્ષસુધીસાચવવાનુંદફતર** | **(ક)** |
| **૪.** | **૫ વર્ષસુધીસાચવવાનુંદફતર** | **(ડ)** |
| **૫.** | **૧ વર્ષસુધીસાચવવાનુંદફતર** | **(ઈ)** |

### ૧.કાયમી દફતર (અ – વર્ગમાં સમાવિષ્ટ પત્રકો)

૧. વયપત્રક/ઉંમરવારી/સામાન્ય રજિસ્ટર/જનરલ રજિસ્ટર
૨. આવક/જાવક રજિસ્ટર
૩. ડેડસ્ટોકરજિસ્ટર
૪.હુકમોની ફાઇલ
૫. પગાર પત્રકો/ભથ્થાંબીલ
૬. મુલાકાતરજિસ્ટર
૭. સર્વિસબુક
૮. ખાનગી અહેવાલ (CR) રજિસ્ટર

### ૨. ૩૫ વર્ષ સુધી સાચવવાનુંદફતર (બ – વર્ગમાંસમાવિષ્ટ પત્રકો)

૧. અન્ય શાળામાંથી આવેલ શાળા છોડયાનાં પ્રમાણપત્રો (એલ.સી.ની ફાઇલ)
૨. વાલી સ્લીપની ફાઇલ (પ્રવેશવખતે)
૩. શાળા ફંડ હિસાબ/રોજમેળ/શાળા નિધિ/સાદિલ ખર્ચ
૪. કન્ટીજન્સી હિસાબ
૫. વિઝિટબુક/શેરોપોથી
૬. સિક્કા રજિસ્ટર
૭. પરિપત્રોની ફાઇલો/પરિપત્ર સંગ્રહ

### ૩. ૧૦ વર્ષ સુધી સાચવવાનુંદફતર (ક – વર્ગમાંસમાવિષ્ટ પત્રકો)

૧.નિરીક્ષક અધિકારી/તપાસણી અમલદારની સૂચનપોથી
૨. શાળા છોડયા બાબતના દાખલા/આપેલ સર્ટીફિકેટની ફાઇલ
૩. વયનાં પ્રમાણપત્રો/જન્મ તારીખનો દાખલો આપ્યાની ફાઇલ
૪. વાર્ષિકપરિણામ પત્રકો

### ૪. ૫ વર્ષ સુધી સાચવવાનું દફતર (ડ–વર્ગમાં સમાવિષ્ટ પત્રકો)

૧. મુખ્યશિક્ષકની લોગબુક
૨. સૂચનાબુક/શિક્ષકોની સૂચનાપોથી
૩. શિક્ષકોનુંદૈનિકહાજરી પત્રક
૪. માસિક પત્રક ફાઇલ
૫. ચાર્જ લીધા/દીધાના રિપોર્ટની ફાઇલ
૬. મુવમેન્ટરજિસ્ટર
૭. શાળા પુસ્તકાલયનુંઈસ્યુરજિસ્ટર'
૮. ટપાલ રવાનગી બુક
૯. ફીની પાવતી
૧૦. ચૂકવાયેલશિષ્યવૃત્તિનીપહોંચ
૧૧. વાર્ષિકઅહેવાલ
૧૨. રજા રીપોર્ટ
૧૩. વાલી સંપર્ક રજિસ્ટર
૧૪. સંસ્થાકીયઆયોજન
૧૫. વિદ્યાર્થીઓનાંહાજરીપત્રકો
૧૬. પત્રવ્યવહાર ફાઈલ
૧૭. શાળા સમિતિની કાર્યવાહીનોંધ (પ્રોસીડીંગ બુક)

### ૫. ૧ વર્ષસુધીસાચવવાનુંદફતર (ઇ –વર્ગમાં સમાવિષ્ટ પત્રકો)

૧. અભ્યાસક્રમ આયોજન
૨. પાઠયપુસ્તકવિતરણ
૩. વિદ્યાર્થીની ઉત્તરવહી
૪. માંગણીપત્રક
૫. વિદ્યાર્થીઓની યોગ્યતા દર્શકપત્રક
૬. દૈનિકનોંધપોથી
૭. વિદ્યાર્થી પ્રવાસ હિસાબ ફાઈલ
૮. સામૂહિકપ્રવૃત્તિઓનીરોજનીશી
૯. વિદ્યાર્થીઓનેવિતરણ કરે લ સામગ્રીની ફાઈલ
૧૦. પ્રવેશપાત્રબાળકોનુંપત્રક
૧૧. અન્ય વિભાગમાંસમાવેશન થયો હોય તેતમામ

# બાળ વિકાસ અનેશિક્ષણના સિદ્ધાંતો પ્રકૃતિ, હેતુ વિશેષતાઅનેજરૂરિયાત

– શિક્ષણ શબ્દની વ્યુત્પત્તિ 'શિક્ષ' ધાતુ પરથી થઈ છે. જેનો અર્થ થાય છે અનુશાસનમાં રહેવું. To discipline અર્થાત્ શિસ્તબદ્ધ કરવું.

– શિક્ષણ માટે વ્યાપક અર્થમાં વપરાતો શબ્દ કેળવણી છે જે સંસ્કૃતની 'વિદ' ધાતુમાંથી ઉત્પન્ન થયો છે. વિદ એટલે (વિદ્યા) એટલે To know.

– આમ, શિક્ષણ એ જાણવાની અને શિસ્તબદ્ધ બનવાની પ્રક્રિયા છે – શિક્ષણનો સામાન્ય અર્થ છે – 'શિક્ષણ પ્રદાન કરવાની પ્રક્રિયા.'

– કેળવણી માટે અંગ્રેજીમાં 'Education' શબ્દ વપરાય છે.

| Education | |
|---|---|
| e + duco<br>e = out of (ની બહાર)<br>duco = I lead<br>આમ, Education એટલે બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવી. | લેટિનભાષાના શબ્દ<br>– Educare શબ્દ પરથી ઉતરી આવ્યો છે.<br>Educare = To educate, to bring up, to raise.<br>To educate : કેળવવું, તાલીમ આપવી.<br>To bring up : ઉછેરવું.<br>To raise : ઉગાડવું.<br>– Educare = To bring forth<br>પેદા કરવું નવો જન્મ આપવો.<br>To lead out = માર્ગદર્શન કરવું.<br>– Education એટલે પ્રશિક્ષણ, સંવર્ધન અને પથદર્શન. |

**શિક્ષણની જુદી – જુદી વ્યાખ્યા :**

1. કેળવણી પામેલી વ્યક્તિ અશિક્ષિત વ્યક્તિ કરતાં ચડિયાતી છે. – **એરિસ્ટોટલ**
2. विद्यायामृतमश्नुते (વિદ્યા અમૃત તત્ત્વ/અમરતા બક્ષે છે.) – **ઉપનિષદ**
3. 'न हि ज्ञानेनेत सदृशं पवित्रमिह विद्यते' (જ્ઞાન જેવું બીજું કંઈ પવિત્ર નથી.) – **ભગવદ્ ગીતા**
4. શિક્ષણ માનવને આત્મવિશ્વાસુ અને નિઃસ્વાર્થી બનાવે છે. – **ઋગ્વેદ**
5. આપણને જે શિક્ષણ કુદરત તરફથી મળે છે, તેનું જ નામ માનવીય શિક્ષણ. – **પાણિનિ**
6. માનવીને ચારિત્ર્યવાન અને જગતને ઉપયોગી બનાવે તે જ શિક્ષણ. – **કૌટિલ્ય**
7. માનવીની સંપૂર્ણ વ્યક્તિમત્તાનું પ્રગટીકરણ એટલે કેળવણી. – **વિવેકાનંદ**
8. કેળવણી એટલે જ માનવ અને સમાજનું નિર્માણ. – **રાધાકૃષ્ણન**
9. વિકાસોન્મુખ આત્માની અંતર્ગત શક્તિઓ દ્વારા પૂર્ણતાની પ્રાપ્તિ એટલે કેળવણી. – **અરવિંદ ઘોષ**
10. કેળવણી એટલે બાળક અને માણસનાં શરીર, મન અને આત્માના ઉત્તમાંશોનું આવિષ્કારીકરણ. – **ગાંધીજી**
11. કેળવણી એટલે સત્યની સનાતન ખોજ, સત્યની અભિવ્યક્તિ અને સત્યની સ્વીકૃતિ. – **રવીન્દ્રનાથ ટાગોર**
12. યોગ્ય આદતોના નિર્માણ દ્વારા બાળકોમાં સદ્ગુણોના વિકાસની તાલીમ એટલે કેળવણી. – **પ્લેટો**
13. કેળવણી એટલે એવી પ્રક્રિયા કે જેમાં અને જેના વડે વ્યક્તિનાં જ્ઞાન, ચારિત્ર્ય અને વર્તનનું ઘડતર થાય. – **વ્હાઈટ હેડ**
14. કેળવણી એ યુવાશક્તિનું નિયમન કરે છે, વૃદ્ધો માટેનું આશ્વાસન છે, ગરીબોની સંપત્તિ છે અને શ્રીમંતોનું આભૂષણ છે. – **ડાયોજીનિસ**
15. શિક્ષણ એ સત્યનું ઓજાર છે. કેળવણી એટલે મુક્તિ, આર્ષદર્શન, સ્વયંપ્રેરણા, નિત્ય નવું સર્જન, સાહસ. – **વિનોબાજી**
16. કેળવણી એટલે બુદ્ધિશક્તિનું શિસ્તીકરણ. – **જ્હોન લોક**
17. જીવનના અંધકારમાં પ્રકાશનાં કિરણો ફેલાવે તે કેળવણી. – **એચ. જી. વેલ્સ**
18. કેળવણી એ અનુભવોના નવનિર્માણ અને પુનઃનિર્માણની પ્રક્રિયા છે. – **જ્હોન ડ્યૂઈ**
19. કેળવણી એટલે સભાનપૂર્વકની નિયંત્રિત કરેલી પ્રક્રિયા કે જેના દ્વારા પહેલાં વ્યક્તિના વર્તનમાં અને

વ્યક્તિ દ્વારા સમષ્ટિમાં પરિવર્તન લાવી શકાય. – **બ્રાઉન**

20. પ્રત્યેક માનવના માનસમાં અદ્દશ્ય રહેલા વિદ્યમાન વિશ્વના સર્વમાન્ય વિચારોનું પ્રગટીકરણ એટલે શિક્ષણ. – **સોક્રેટિસ**

21. કેળવણી મનુષ્યની જન્મજાત શક્તિઓનો નૈસર્ગિક, સુસંવાદી અને પ્રગતિશીલ વિકાસ છે. – **પેસ્ટોલોજી**

22. સ્વસ્થ શરીરમાં સ્વસ્થ મનનું નિર્માણ એટલે કેળવણી. સાચી કેળવણી સત્યમ, શિવમ અને સુંદરમ પ્રતિ ગતિ કરવા પ્રેરે છે. – **એરિસ્ટોટલ**

23. બાળકના અન્તર્નિહિતને બહિર્ગત કરે તે પ્રક્રિયા એટલે કેળવણી. – **ફ્રોબેલ**

24. કેળવણી એટલે વ્યક્તિની પૂર્ણતાનો તેની યોગ્યતા અનુસાર સંપૂર્ણ વિકાસ. – **કેન્ટ**

**શિક્ષણના પ્રકાર :**

1. શિક્ષણના ઉદ્દેશ્યોના આધારે શિક્ષણના પ્રકાર

શિક્ષણ
↓

| જ્ઞાનાત્મક | ભાવાત્મક | મનોગત્યાત્મક |
|---|---|---|

2. શિક્ષણનાં સ્તરોના આધારે

શિક્ષણ
↓

| સ્મૃતિ સ્તર | સમજણ સ્તર | ચિંતનસ્તર |
|---|---|---|

3. શાસન પ્રણાલીના આધારે

શિક્ષણ
↓

| નિરંકુશ શિક્ષણ | લોકશાહી શિક્ષણ | હસ્તક્ષેપ રહિત શિક્ષણ |
|---|---|---|

4. શિક્ષણના સ્વરૂપના આધારે

શિક્ષણ
↓

| વર્ણનાત્મક | નિદાનાત્મક | ઉપચારાત્મક |
|---|---|---|

5. શિક્ષણના પ્રબંધનના આધારે

શિક્ષણ
↓

| ઔપચારિક | અનૌપચારિક | અવૈધિક |
|---|---|---|

**શિક્ષણના અન્ય પ્રકારો :**

**– નિરંતર શિક્ષણ :**

– ભણતા, ન ભણતાં, અર્ધું ભણેલાં સૌ માટેનું શિક્ષણ.

– એક પ્રકારનું પૂરકશિક્ષણ છે

**– દૂરવર્તીશિક્ષણ :**

– શાળાકીય માળખું હોતું નથી, અભ્યાસકેન્દ્રો ચલાવવામાંઆવેછે

– ઘરે બેઠાં પત્રાચારથી અભ્યાસ એટલે દૂરવર્તી શિક્ષણ.

– 1969માં UK માં શરૂઆત થઈ.

– ભારતમાં ઈ.સ. 1985માં દૂરવર્તી શિક્ષણ માટે ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય મુક્ત વિશ્વ વિદ્યાલય શરૂ કરવામાં આવ્યું.

**– કેળવણીની પ્રક્રિયાનુંસ્વરૂપ :**

– જહોન એડમ્સ અને રોસના મતાનુસાર કેળવણી દ્વિધ્રુવીપ્રક્રિયા છે

કેળવણી
↓

| શિક્ષક | વિદ્યાર્થી |
|---|---|

- જહોન ડ્યૂઈના મતાનુસાર કેળવણી ત્રિધ્રુવી પ્રક્રિયા છે.

કેળવણી
↓

| વિદ્યાર્થી | શિક્ષક |
|---|---|

↓
સમાજ

**કેળવણીકારનાંમંતવ્યો:**

– તત્વજ્ઞાન વિનાની કેળવણી અંધ છેઅનેકેળવણી વિનાનુંતત્વજ્ઞાન નિરર્થકછે – **જહોન ડેવી**

– તત્વજ્ઞાન એ મહદ્અંશેકેળવણીની વિચારધારા છે – **જહોન ડેવી**

– તત્વજ્ઞાન વિનાની કેળવણી એટલે કેળવણીના સ્વરૂપને સમજવાની – પામવાની નિષ્ફળતા. – **જેન્ટાઈલ**

– કેળવણી એ તત્ત્વજ્ઞાનનું ક્રિયાત્મક પાસું છે અથવા કેળવણી એ ગતિશીલ તત્ત્વજ્ઞાન છે – **એડમ્સ**

– તત્ત્વજ્ઞાન જ કેળવણીને દિશા આપે છે, તેના કાર્યક્રમનું સ્વરૂપ બાંધે છે, તેના સાધનોની પસંદગીનાં મૂલ્યોઆપે છે અને તે જ શિક્ષકના કાર્યને ચેતના બક્ષે છે – **બ્રુબેકર**

**કેળવણી અને તત્ત્વજ્ઞાન**

– કેળવણી અને તત્ત્વજ્ઞાન અન્યોન્યાશ્રિત છે

– મહાન તત્ત્વવેત્તાઓ મહાન કેળવણીકારો હતા.

– તત્ત્વજ્ઞાન એ સર્વપ્રકારના શિક્ષણનો પાયો છે

– તત્ત્વજ્ઞાન દ્વારા જીવનમાં શિક્ષણની મહત્ત્વની ખોજ કરી શકાય છે

– તત્ત્વજ્ઞાન શિક્ષણના વિવિધ પાસાંઓને પ્રગટ કરે છે

# કેળવણીની તાત્ત્વિક વિચારધારા :

| વાદ | આદર્શવાદ (Idealism) | પ્રકૃતિવાદ (Naturalism) | વ્યવહારવાદ (Iragmalism) |
|---|---|---|---|
| વાદનું અન્ય નામ | વિચારવાદ | નિસર્ગવાદ, ભૌતિકવાદ, પદાર્થવાદ | પ્રયોજનવાદ, પ્રયોગવાદ, ઉપકરણવાદ |
| પ્રણેતા/ સમર્થક | સોક્રેટિસ, પ્લેટો, બર્કલે, પેસ્ટોલોજી, શોપન હોવર, એરિસ્ટોટલ, હાર્બર્ટ, ફ્રોબેલ, સ્વામી વિવેકાનંદ, અરવિંદઘોષ | રૂસો, પેસ્ટોલોજી, સ્પેન્સર, ફ્રોબેલ, બર્નાર્ડશો, મેકડૂગલ, કોમેનિયસ, ગાંધીજી, રવીન્દ્રનાથ ટાગોર, ગિજુભાઈબધેકા | વિલિયમ જેમ્સ, કિલપેટ્રિક જહોન ડ્યૂઈ, શીલર ચાર્લ્સ પીયર્સ, ગાંધીજી |
| સિદ્ધાંતો | – વસ્તુ કરતાં વિચારને પ્રાધાન્ય<br>– નિર્જીવ વસ્તુ કરતાં મનુષ્યને વધુ મહત્ત્વ<br>– આધ્યાત્મિક સત્ય અને તેની હિમાયત<br>– વ્યક્તિત્વ વિકાસ પર ભાર<br>– વિવિધતામાં એકતા<br>– ગુરુનું સ્થાન શ્રેષ્ઠ<br>– માનવ ઈશ્વરનું ઉત્કૃષ્ટ સર્જન<br>– અનુશાસન | – પ્રકૃતિ દ્વારા કેળવણીનો સિદ્ધાંત<br>– પ્રકૃતિ તરફ પાછા વળો<br>– પ્રકૃતિ એ જ સાચો ગુરુ<br>– સ્વતંત્રશિસ્ત, દમનનો વિરોધ<br>– વૈજ્ઞાનિક અને જૈવિક દષ્ટિકોણ<br>– સ્વયંસ્ફુરણાથી થતા બાળકના વિકાસને પ્રાધાન્ય<br>– પુસ્તકિયા જ્ઞાનનો વિરોધ | – વાસ્તવિકતાનો સ્વીકાર<br>– શાશ્વત મૂલ્યોનો સ્વીકાર<br>– પ્રયોગશીલતાને સમર્થન<br>– વર્તમાનમાં વિશ્વાસ<br>– અનુભવકેન્દ્રસ્થાને<br>– માનવતાવાદમાં શ્રદ્ધા<br>– લોકશાહી દષ્ટિકોણ<br>– પરિવર્તનના પૂજક<br>– પ્રવૃત્તિમય જીવનનું મહત્ત્વ<br>– વ્યક્તિત્વ વિકાસ |
| શિક્ષણની પદ્ધતિ | – વિશિષ્ટ પ્રદાન નથી<br>– શિક્ષણ પદ્ધતિના અમલીકરણમાં ઉદારતા<br>– કોઈ ચોક્કસ પદ્ધતિનો આગ્રહ નથી.<br>– અલગ – અલગ આદર્શવાદીઓએ અલગ–અલગ શિક્ષણ પદ્ધતિની હિમાયત કરી છે<br>પ્લેટો: પ્રશ્નોત્તર પદ્ધતિ<br>સોક્રેટિસ : સંવાદપદ્ધતિ<br>એરિસ્ટોટલ : આગમન–નિગમન પદ્ધતિ<br>પેસ્ટોલોજી : ઈન્દ્રિયો અને ક્રિયા દ્વારા શિક્ષણ<br>ફ્રોબેલ: ખેલકૂદ પદ્ધતિથી શિક્ષણ | – બાળકેન્દ્રી શિક્ષણ પદ્ધતિમાં માને છે<br>– બાળકની ભિન્નતાઓને ધ્યાનમાં રાખી શિક્ષણ–કાર્ય કરવું જોઈએ.<br>– પ્રકૃતિવાદ મનોવૈજ્ઞાનિક શિક્ષણ પદ્ધતિ પર ભાર મૂકે છે<br>1. ક્રિયા દ્વારા શિક્ષણ આપવું.<br>2. અનુભવ દ્વારા શિક્ષણ આપવું.<br>3. ખેલકૂદ દ્વારા શિક્ષણ આપવું.<br>શિક્ષણ પદ્ધતિઓ :<br>– ખેલપદ્ધતિ<br>– નિરીક્ષણ પદ્ધતિ<br>– હ્યુરિસ્ટિકપદ્ધતિ<br>– ડાલ્ટન પદ્ધતિ<br>– મોન્ટેસરી પદ્ધતિ<br>– કથન પદ્ધતિનો વિરોધ | – ક્રિયા દ્વારા શિક્ષણ<br>– સમસ્યા ઉકેલ પદ્ધતિ<br>– પ્રવાસ મુલાકાતપદ્ધતિ<br>– પ્રોજેક્ટ પદ્ધતિ<br>– જૂથઅભ્યાસ પદ્ધતિ<br>– રોજબરોજના અનુભવોનો વિનિયોગ |

# શિક્ષણદર્શન

**જિન જેક રૂસો :**

– શાળામાં ખોટા આક્ષેપનો ભોગ બનતાં સજા થતાં તેમનું મન શિક્ષણ પરથી ઊઠી ગયું

**દેશ:** ફ્રાન્સ

**રૂસોનું સાહિત્યસર્જન :**

– ઈ.સ. 1740માં શિક્ષણ પર પ્રથમ નિબંધ લખ્યો. 'Project for the Education of M-De Sainte Marie'

– ઈ.સ. 1750માં 'વિજ્ઞાન અને કલાની પ્રગતિ' નિબંધ લખ્યો.

– ઈ.સ. 1759 થી 1762 દરમિયાન પ્રગટ થયેલાં પુસ્તકો :

1. The New Heloise – A Romance (ન્યૂ હેલોઈઝ – અ રોમાન્સ)
2. Discourse on Political Economy
3. The Social Contract (સામાજિક કરાર)
4. Emile (એમિલ)

– 'એમિલ' નામના ગ્રંથમાં શિક્ષણદર્શન પ્રતિબિંબિત થાય છે

**રૂસોનું તત્ત્વદર્શન:**

– પૃથ્વીને પાટલે જન્મેલું બાળક નિર્દોષ હોય છે, પરંતુ સમાજના સંસર્ગથી તેનામાં વિકૃતિ પ્રવેશે છે

– સમાજે રચેલાં નગરો કબ્રસ્તાન જેવાં છે

**રૂસોનું શિક્ષણદર્શન:**

**– પ્રકૃતિવાદ :**

– શિક્ષણ દર્શનના ત્રણ પ્રેરણાસ્રોત છે

(1) પ્રકૃતિ (2) મનુષ્ય (3) વસ્તુઓ

– નિષેધાત્મક શિક્ષણની હિમાયત કરી.

– કેળવણી એ કુદરતી પ્રક્રિયા છે કૃત્રિમ નહીં.

– કેળવણી એ આંતરિક–અંતઃસ્ફુરિત પ્રક્રિયા છે

– મનુષ્યના વ્યક્તિત્વનો પૂર્ણતમ વિકાસ એટલે કેળવણી.

– આધુનિક શિક્ષણ પદ્ધતિઓ જેવી કે પ્રોજેક્ટ પદ્ધતિ, ડાલ્ટન, હ્યુરિસ્ટિક પદ્ધતિઓમાં રૂસોના વિચારો પડ્યા છે

– રૂસોના મતે જે બાળકોને ઓછામાં ઓછું શીખવે છે અને વિદ્યાર્થીને જાતે શીખવા તરફ દોરે છે તે સાચો શિક્ષક.

**આધુનિક શિક્ષણમાં રૂસોનું પ્રદાન :**

– ક્રિયા દ્વારા શિક્ષણ, હ્યુરિસ્ટિક પદ્ધતિ, મૂર્ત વસ્તુઓ દ્વારા શિક્ષણની પદ્ધતિઓ.

– શિસ્તનો આધુનિક ખ્યાલ

**જહોન ડ્યૂઈ:**

**વાદ :** – વ્યવહારવાદ

**પુસ્તકો:** –

(1) સ્કૂલ અને સોસાયટી

(2) બાળક અને અભ્યાસક્રમ

(3) લોકશાહી અને શિક્ષણ

(4) શાળા અને બાળક

(5) એજ્યુકેશન ટૂડે

**શિક્ષણદર્શન:**

– કેળવણી એ વ્યક્તિના સામાજિકીકરણની પ્રક્રિયા છે

– ડ્યૂઈના શિક્ષણદર્શન પર બે પરિબળોએ મહત્ત્વની અસર કરી છે

(1) મનોવિજ્ઞાન અને (2) સમાજશાસ્ત્ર.

– શિક્ષણનો હેતુ હંમેશાં તાત્કાલિક હોય છે અને શિક્ષણ રસપ્રદ હોય ત્યાં સુધી જ એ સાધ્યને પ્રાપ્ત કરે છે

– અનુભવ દ્વારા શિક્ષણ

**અભ્યાસક્રમનો સિદ્ધાંત:**

– જહોન ડ્યૂઈનાં પુસ્તકો How we think અને Interest and Effort in Educationમાં જોવા મળે છે.

**– ડ્યૂઈના મંતવ્ય મુજબ:**

શિક્ષણ હંમેશાં પરમાત્માનો સાચો પયગંબર છે. તે વિદ્યાર્થીઓને, બાળકોને પરમાત્માના રાજ્યમાં પ્રવેશ કરાવે છે.

– સામાજિક શિસ્ત પર ડ્યૂઈ ભાર મૂકે છે

– બાળકોમાં મુક્ત શિસ્તના આગ્રહી છે

**ગિજુભાઈ બધેકા:**

**– જન્મસ્થળ :** – ચિત્તલ, અમરેલી

– ઈ.સ. 1920માં બાલમંદિરની સ્થાપના કરી.

– ઈ.સ. 1923માં બાલ અધ્યાપન મંદિરની સ્થાપના કરી.

– ઈ.સ. 1925માં 'શિક્ષણપત્રિકા' નામનું માસિક શરૂ કર્યું.

– નાનાભાઈ ભટ્ટની દક્ષિણામૂર્તિમાં શરૂઆતમાં ગૃહપતિ અને ત્યારબાદ તે સંસ્થાના આચાર્યપદે કાર્ય કર્યું

**પ્રખ્યાત પુસ્તકો:**

– 'વાર્તાનું શાસ્ત્ર' અને 'દિવાસ્વપ્ન'

– કુલ 175 પુસ્તકો લખ્યાં.

– બાળસાહિત્યકારની ઓળખ.

– ઈ.સ. 1929માં રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો.

**બાળ શિક્ષણની વિભાવના :**

– જેઓ ચોપડી વાંચીને જ્ઞાન લેવાની મુરાદ રાખે છે તે મહેતાજી થશે, જેઓ બાળકને વાંચીને જ્ઞાન મેળવશે તે કેળવણીશાસ્ત્રી થશે બાળક માત્ર કેળવણીકાર માટે સમર્થ, અદ્વિતીય અને મહાન ગ્રંથ છે – **ગિજુભાઈ બધેકા**

– ગિજુભાઈ બધેકા 'મૂછાળીમા' તરીકે ઓળખાય છે

**સ્વામી વિવેકાનંદ**

– **જન્મ** :– 12-1-1863, કોલકાતા

– **શરૂઆતનું નામ** :– નરેન્દ્ર

– **ભારત ભ્રમણ** :– 1887 થી 1893

**શિક્ષણદર્શન: –**

– શિક્ષણ એ ખીલવણીનું કાર્ય છે

– શિક્ષણ એ પૂર્ણતા બહાર લાવવાનું કાર્ય છે

– વિવેકાનંદના શિક્ષણની સંકલ્પનાનાં મૂળ વેદાંતના અદ્વૈતવાદમાં રહેલાં છે

– શિક્ષક મિત્ર, પરામર્શક અને પથદર્શક છે

**મહર્ષિ અરવિંદ: –**

– **મુખ્ય ધ્યેય :** – વિકાસ પામતા આત્માની અંદર જે કંઈ ઉત્તમ છે તે પ્રગટ કરી તેનો ઉદાત્ત ઉપયોગ થાય તે માટે તેને સંપૂર્ણ બનાવવામાં રહેલું છે

– કેળવણીનું ધ્યેય ચેતમસનું વિસર્જન, રજસનું નિયંત્રણ અને સત્વનું ઉદ્બોધન છે

– શિક્ષણ માર્ગદર્શક છે

# બાળ વિકાસ

**વારસો અને વાતાવરણ**

**1. વારસો :–**

– ગુજરાતીમાં એક કહેવત છે : 'વડ એવા ટેટા અને બાપ એવા બેટા' – એટલે કે જેવાં માતા–પિતા હોય છે, સંતાન તેવું બને છે બીજા શબ્દોમાં કહીએ તો પ્રત્યેક બાળકને માતા –પિતા પાસેથી કેટલીક પાયાની બાબતો પ્રાપ્ત થાય છે માત્ર, માતા પિતા જ નહીં, પૂર્વજો તરફથી પણ વારસાગત લક્ષણો પ્રાપ્ત થાય છે; જેને આનુવંશિકતા, વંશાનુક્રમ કે વારસો કહે છે. વારસો એ વ્યક્તિની જન્મગત વિશિષ્ટતાઓનો સરવાળો છે. – **બી.એન.ઝા**

– માતા–પિતા પાસેથી સંતાનને જે ગુણ પ્રાપ્ત થાય છે ; તેને વારસો કહે છે. – **રુથ બેંડિક્ટ**

– પ્રકૃતિમાં દરેક પેઢીનું કાર્ય માતા –પિતા દ્વારા સંતાનોમાં કોઈ ને કોઈ જૈવિક અથવા મનોવૈજ્ઞાનિક વિશેષતાઓનું સ્તાંતરણ કરવાનું છે, જેને વંશાનુક્રમ કહે છે

– વ્યક્તિના વારસામાં તેનો શારીરિક બાંધો, શારીરિક વિશિષ્ટતાઓ, શારીરિક ક્રિયાઓ અથવા શારીરિક ક્ષમતાઓ જે તેના માતા –પિતા, પૂર્વજો અને પ્રજાતિ તરફથી પ્રાપ્ત થાય છે; તેનો સમાવેશ થાય છે.

– **ડગ્લાસ અને હોલેન્ડ**

**મેન્ડલનો નિયમ**

| | |
|---|---|
| **વંશાનુક્રમ** | – શારીરિક વૃદ્ધિ<br>– બુદ્ધિ<br>– વ્યવસાયિક યોગ્યતા<br>– સામાજિક સ્થિતિ<br>– ચારિત્ર્ય<br>– મહાનતા<br>– શારીરિક વિકાસ<br>– ગુણવત્તા પર પ્રભાવ |

**2. વાતાવરણનો નિયમ**

– વ્યક્તિને તેના પૈતૃક વારસા સિવાય પ્રભાવિત કરનાર બધાં તત્ત્વો વાતાવરણ છે – **બોરિંગ**

– વાતાવરણ એ એવાં બાહ્ય તત્ત્વોનું સંમિશ્રણ છે કે જે વ્યક્તિને તેના જીવનના આરંભથી અસર કરે છે – **વૂડવર્થ**

**બાળક પર વાતાવરણનો પ્રભાવ**

| | |
|---|---|
| **વાતાવરણ** | – શારીરિક વૃદ્ધિ<br>– માનસિક વિકાસ<br>– જાતિની ગુણવત્તા<br>– બુદ્ધિશક્તિ<br>– વ્યક્તિત્વ<br>– અનાથ અને જોડિયા બાળકો<br>– બાળકની પ્રતિભા<br>– ચારિત્ર્ય<br>– સામાજિક સ્થિતિ<br>– મહાનતા |

**શિક્ષક માટે આનુવંશિકતાઅનેવાતાવરણનુંમહત્ત્વ**

**મૂળવૃત્તિઓ(સહજવૃત્તિઓ) :**

– વિલિયમ મેકડૂગલેપોતાના પુસ્તક 'ઈન્ટ્રોડક્શન ટૂ સોશ્યલ સાયકોલોજી (108)'માં સૌપ્રથમ મૂળ વૃત્તિઓનું વર્ણન કર્યું છે.

– મેકડૂગલના મત મુજબ સહજવૃત્તિ સમસ્ત માનવ પ્રક્રિયાઓનું પ્રમુખ ચાલકબળ છે જો આવી સહજવૃત્તિને હટાવી લેવામાં આવે તો કોઈ પણ જીવાદોરી કોઈ પણ પ્રકારનુંકાર્ય કરવા અસમર્થ બને છે, ગતિહીન થઈ જાય છે

– મેકડૂગલના શબ્દોમાંસહજવૃત્તિ પરંપરાગત અથવા જન્મજાત મનોશારીરિક પ્રવૃત્તિ છે, જે પ્રાણીને કોઈ વિશેષવસ્તુનેજોવા, એના પ્રત્યેધ્યાન આપવા, એને જોઈ એક વિશેષપ્રકારની સાંવેગિકઉત્તેજનાનોઅનુભવ કરવા અને તેના સંબંધિતવિશેષ રીતે કાર્ય કરવા અથવા એવુંકરવાની પ્રબળ ઈચ્છાનો અનુભવ કરવા વિવશ કરી દેછે

**સહજવૃત્તિઓનીવિશેષતાઓ:**

| | |
|---|---|
| સહજવૃત્તિ | – જન્મજાત હોય છે |
| | – પ્રયોજનાત્મક હોય છે |
| | – તમામ જીવોમાં ઉપસ્થિત હોય છે |
| | – સંવેગથીસંબંધિતછે |
| | – આદતમાંભિન્નતા પ્રગટ કરે છે |
| | – સંશોધનને અવકાશ હોય છે |
| | – મોટા ભાગે લાભપ્રદ હોય છે |

**સહજવૃત્તિનુંવર્ગીકરણ**

| ક્રમ | મૂળવૃત્તિ | મૂળ વૃત્તિ સાથે જોડાયેલસંવેગ |
|---|---|---|
| 1. | પલાયન વૃત્તિ | ભય |
| 2. | યુયુત્સા | ક્રોધ |
| 3. | નિવૃત્તિ | ઘૃણા |
| 4. | બાળરક્ષા | વાત્સલ્ય |
| 5. | શરણાગતિ | મુશ્કેલી |
| 6. | કામ | કામુકતા |
| 7. | જિજ્ઞાસા | આશ્ચર્ય |
| 8. | આત્મહીનતા | આધીનતા |
| 9. | આત્મદર્શન | શ્રેષ્ઠતાનીભાવના |
| 10. | સામૂહિકતા | એકાકીપણું |
| 11. | ભોજનની શોધ | ભૂખ |
| 12. | સંગ્રહ | અધિકાર ભાવના |
| 13. | રચના | આનંદ |
| 14. | હાસ્ય | મનોરંજન |

**સહજવૃત્તિનુંશૈક્ષણિકમહત્ત્વ :**

1. પ્રેરણા પ્રદાન કરવી
2. રસ–રુચિ જાણવાં
3. જ્ઞાનપ્રાપ્તિમાં સહાયક
4. રચનાત્મક કાર્યોમાં સહાયક
5. વ્યવહાર પરિવર્તનમાં સહાયક
6. ચરિત્ર – નિર્માણમાં સહાયક
7. અનુશાસનમાં સહાયક
8. પાઠ્યક્રમ નિર્માણમાં સહાયક

**સંવેગઅનેસ્થાયી ભાવ :**

**પ્રમુખ માનવીય સંવેગ:** સુખ–દુઃખ, પ્રેમ, ભય, આશા, નિરાશા, શરમ, ગર્વ, ઈર્ષ્યા, આશ્ચર્ય, સહાનુભૂતિ

– માતાનો પોતાના બાળક માટે સ્થાયી ભાવ : પ્રેમ

– સ્થાયીભાવ સંવેગોનું એ સ્વરૂપ છેજે સ્થાયી સ્થિતિ ગ્રહણ કરી લેછે

| | |
|---|---|
| **સ્થાયી ભાવ** | સાધારણ |
| | જટિલ |
| | મૂર્ત |
| | અમૂર્ત |
| | નૈતિક |

## બાળકની વૃદ્ધિઅનેવિકાસ

**વૃદ્ધિઅનેવિકાસનો અર્થ:**

– બાળકના શરીર અનેવ્યવહારમાંજે પરિવર્તનથાય છેતેનેવૃદ્ધિ (Growth) કહે છે. – **ફ્રેંક**

– બાળકમાં નવીન વિશેષતાઓ અને નવી યોગ્યતા જન્મ લે છે તેનેવિકાસ (Development) કહે છે. – **હરલોક**

"વિકાસ એ ગુણાત્મક ફેરફાર છે, પરિપક્વતાના લક્ષ તરફ લઈ જતા ક્રમબદ્ધ સુસંવાદીઅને પ્રગતિકારક ફેરફારો એટલેવિકાસ." – **ઈલિઝાબેથ હરલોક**

**વિકાસના પ્રકાર :**

(1) શારીરિક વિકાસ

(2) માનસિક વિકાસ

(3) સામાજિક વિકાસ

(4) સંવેગાત્મક વિકાસ

(5) ચારિત્રિક વિકાસ

# વિકાસનાંક્ષેત્રો

| શારીરિક વિકાસ | સાંવેગિકવિકાસ | સામાજિક વિકાસ | માનસિક વિકાસ | ચારિત્રિક વિકાસ |
|---|---|---|---|---|
| ઊંચાઈ, વજન, સ્નાયુઓ, અને શારીરિક અવયવોનો વિકાસ | ભય, ક્રોધ, ગુસ્સો, પ્રેમ, ઈર્ષ્યાવગેરે. | માતા–પિતા, મિત્રો, શાળા કુટુંબ સાથે સંબંધ, સામાજિક વાતાવરણ સાથે અનુકૂલન | તર્ક વિકાસ, સમસ્યા ઉકેલ, સર્જનાત્મકતા, ભાષા વિકાસ | ચરિત્ર નિર્માણ આદર્શ |

## કોલ (Cole) અનુસાર

| ક્રમ | અવસ્થા | બાળક | બાલિકા | અન્ય વર્ગીકરણ |
|---|---|---|---|---|
| ૧. | શૈશવાવસ્થા | જન્મના બેવર્ષ | | શૈશવાવસ્થા |
| ૨. | પ્રારંભિક બાલ્યાવસ્થા | ૨ વર્ષથીપ વર્ષ | | શૈશવાવસ્થા |
| ૩. | મધ્ય બાલ્યાવસ્થા | ૬ થી ૧૨ વર્ષ | ૬ થી ૧૦ વર્ષ | બાલ્યાવસ્થા |
| ૪. | પૂર્વકિશોરાવસ્થા | ૧૩ – ૧૪ વર્ષ | ૧૧ – ૧૨ વર્ષ | કિશોરાવસ્થા |
| ૫. | પ્રારંભિક કિશોરાવસ્થા | ૧૫ – ૧૬ વર્ષ | ૧૨ – ૧૪ વર્ષ | કિશોરાવસ્થા |
| ૬. | મધ્ય કિશોરાવસ્થા | ૧૭ – ૧૮ વર્ષ | ૧૫ – ૧૭ વર્ષ | કિશોરાવસ્થા |
| ૭. | ઉત્તર કિશોરાવસ્થા | ૧૯ – ૨૦ વર્ષ | ૧૮ – ૨૦ વર્ષ | યુવાવસ્થા |
| ૮. | પ્રારંભિક પૌઢાવસ્થા | ૨૧ – ૩૪ વર્ષ | | યુવાવસ્થા |
| ૯. | મધ્ય પૌઢાવસ્થા | ૩૫ – ૪૯ વર્ષ | | પ્રૌઢાવસ્થા |
| ૧૦. | ઉત્તર પ્રૌઢાવસ્થા | ૫૦ – ૬૪ વર્ષ | | પ્રૌઢાવસ્થા |
| ૧૧. | વૃદ્ધાવસ્થા | ૬૫–૭૫ વર્ષ | | વૃદ્ધાવસ્થા |

## અન્ય વર્ગીકરણ

| વયજૂથ | વિકાસનો તબક્કો | શાળાનો તબક્કો |
|---|---|---|
| ગર્ભધાનથીજન્મ | ગર્ભાવસ્થા | – |
| જન્મથી ૨ વર્ષ | શિશુઅવસ્થા | – |
| ૨ થી ૬ વર્ષ | પૂર્વબાલ્યાવસ્થા | પૂર્વપ્રાથમિક |
| ૬ થી ૧૨ વર્ષ | ઉત્તર બાલ્યાવસ્થા (કિશોરાવસ્થા) | પ્રાથમિક |
| ૧૨ થી ૧૮ વર્ષ | તરુણાવસ્થા | માધ્યમિક અનેઉચ્ચતર માધ્યમિક |
| ૧૮ થી ૪૦ વર્ષ | યુવાવસ્થા | |
| ૪૦ થી ૬૫ વર્ષ | પ્રૌઢાવસ્થા | |
| ૬૫ થી વધુ | વૃદ્ધાવસ્થા | |

# કિશોરાવસ્થા

**અધિગમ માટે કઠિન સમય**

| અધિગમની દૃષ્ટિએ મુશ્કેલ સમય – કિશોવસ્થા | |
|---|---|
| | સ્વચ્છંદતા |
| | સમાયોજનમાંઅસમર્થતા |
| | સાંવેગિકઅપરિપક્વતા |
| | યૌન આકર્ષણ |
| | નિષેધાત્મકવ્યવહાર |
| | અધ્યયન અભિરુચિ |
| | બહિર્ગામીપ્રવૃત્તિ |
| | મૂલ્યોનોસંઘર્ષ |
| | પેન્ડલૂમજેવી અવસ્થાની અનુભૂતિ |
| | ઉદાસીનતા |
| | દિવાસ્વપ્ન |

**પ્રેરણા**

- પ્રેરકો એ પ્રાણીઓની એવી શારીરિક અને માનસિક સ્થિતિ છે, જે તેને કોઈ એક ચોક્કસ રીતે કાર્ય કરવા પ્રેરે છે. – મેકડૂગલ
- અભિપ્રેરણા એ કાર્ય શરૂ કરવાની, કાર્ય જાળવી રાખવાની કે ચાલુ રાખવાની અને કાર્ય નિયમિત કરવાની પ્રક્રિયા છે. – શેડ

**પ્રેરણાનાસિદ્ધાંતો**

**મેસ્લોનોપ્રેરણાસિદ્ધાંત**

માનવતાવાદી મનોવૈજ્ઞાનિકઅબ્રાહમ મેસ્લોએ 1954માં માનવપ્રેરણાનું જૂદું જ વર્ગીકરણ દર્શાવ્યું છે. તેના મતે જરૂરિયાતોના સંતોષમાં પસંદગીની પ્રાથમિકતા હોય છે. પ્રથમ તબક્કાની (શારીરિક) જરૂરિયાત સંતોષાયા પછી જ બીજા તબક્કાની (સલામતીની) જરૂરિયાત વિશે વ્યકિત જાગૃત બને છે. મેસ્લોએ દર્શાવેલ જરૂરિયાતનું શ્રેણી વિભાજન આ મુજબ છે.

૧. શારીરિક જરૂરિયાત
૨. સલામતીની જરૂરિયાત
૩. પ્રેમનીજરૂરિયાત
૪. આદરની જરૂરિયાત
૫. સ્વ – આવિષ્કારની જરૂરિયાત

**ફ્રોઈડનો મનોજાતીય વિકાસનો સિદ્ધાંત:**

ફ્રોઈડ વિકાસની પ્રક્રિયાનેજ્ઞાનાત્મક વિકાસની દૃષ્ટિએ નહીં, પરંતુ કામશકિતના સંતોષનેવ્યકિતત્વ વિકાસનો આધાર ગણે છે ફ્રોઈડ પ્રથમ પાંચ વર્ષને વિકાસ માટે અગત્યનાં ગણે છે ફ્રોઈડે મનોજાતીય વિકાસની નીચેમુજબનીઅવસ્થાઓ ગણાવી છે

(1) મુખ અવસ્થા : જન્મથી બે વર્ષ
(2) ગુદા અવસ્થા : બેથી ત્રણ વર્ષ
(3) લિંગ અવસ્થા : ત્રણથી પાંચ વર્ષ
(4) સુષુપ્ત અવસ્થા : છથી બાર વર્ષ
(5) સજાતીય અવસ્થા : બારથી ચૌદ વર્ષ
(6) વિજાતીય અવસ્થા : ચૌદથી અઢાર વર્ષ

ફ્રોઈડ કામનો અર્થઆનંદઆપતી દરેક પ્રવૃત્તિકે ક્રિયા એવો આપેછે

**જીન પિયાજેનો જ્ઞાનાત્મક વિકાસનો સિદ્ધાંત:**

સ્વિસ મનોવિજ્ઞાની જીન પિયાજે શૈશવથી તરુણાવસ્થા સુધીમાંથતા બૌદ્ધિક વિકાસ પર ભાર મૂકે છે જન્મથી પંદરવર્ષસુધીમાંથતા બૌદ્ધિક વિકાસની તેચાર અવસ્થાઓ ગણાવેછે

(1) જન્મથી બે વર્ષની ઉંમર સુધીમાં બાળક ઈન્દ્રીય અનુભવોથી જ્ઞાન મેળવે છે. તેના બૌદ્ધિક વિકાસમાં માનસિક પ્રક્રિયાઓ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
(2) બેથી સાત વર્ષની ઉંમરના ગાળામાં બાળક ભૌતિક – જગતને આત્મકેન્દ્રી રીતે જુએ છે, વિચારે છે.
(3) સાતથી બાર વર્ષની ઉંમર દરમિયાન તેનામાં વાસ્તવિકતાનું ભાન થાય છે.
(4) બારથી પંદર વર્ષના ગાળામાં અમૂર્ત ખ્યાલો, સિદ્ધાંતો, તર્ક, સંબંધો વચ્ચે સમજી શકે તેટલો બૌદ્ધિક વિકાસ થઈ જાય છે.

**વિદ્યાર્થીની મૂળભૂતજરૂરિયાત :**

જરૂરિયાત એટલે માનવીને કોઈ ધ્યેયની પરિપૂર્ણતા તરફ દોરી જતુંઆંતરિકપરિબળ.

# વિદ્યાર્થીની જરૂરિયાતો

| **શારીરિક જરૂરિયાતો** | **માનસિક (સંવેગિક) જરૂરિયાતો** | **સામાજિક જરૂરિયાતો** |
|---|---|---|
| ભૂખ | ક્રોધ | સામાજિક સ્વીકૃતિ |
| તરસ | ભય | સલામતી |
| ઊંઘ | ઈર્ષા | પ્રતિષ્ઠા |
| આરામ | ચિંતા | સામાજિક સિદ્ધિ |

| જાતીય વૃત્તિ | પ્રેમ | સહકાર |
|---|---|---|
| ભૂખ્યા પેટે ભજન ન થાય આ કહેવત શારીરિક જરૂરિયાતની પૂર્તિનું મહત્ત્વ દર્શાવે છે | હૂંફ | નેતૃત્વ |
| તંદુરસ્ત શરીરમાં તંદુરસ્તમન રહેછે | આનંદ | |
| | કદર | |

**વ્યકિતગત ભિન્નતા**

- શાળાનાં કે વર્ગનાં બાળકો બુદ્ધિ, અભિયોગ્યતા, અભિરુચિ, વલણો અને વ્યકિતત્ત્વમાં એકબીજાથી જુદાં પડે છે. વ્યકિત વ્યકિત વચ્ચેની આવી ભિન્નતાને વ્યકિતગત ભિન્નતા કે તફાવત કહે છે.
- બે સગા ભાઈઓમાં ભિન્નતા એ વ્યકિતગત ભિન્નતાનું ઉદાહરણ છે.
- જોડિયા બાળકોમાં લગભગ 99% સમાનતા જોવા મળે છે.

# વ્યકિતગત ભિન્નતાના પ્રકારો

| **શારીરિક ભિન્નતા** | **માનસિક ભિન્નતા** | **જાતિગત ભિન્નતા** |
|---|---|---|
| ઊંચાઈ<br>વજન<br>શરીરનો બાંધો<br>ચામડીનો રંગ<br>આંખનોરંગ<br>દેખાવ | બુદ્ધિઅભિયોગ્યતા<br>શીખવાની ઝડપ<br>સ્મૃતિ<br>અભિરુચિ<br>વ્યકિતત્ત્વના વિવિધ લક્ષણો<br>કાર્યકરવાની ઝડપ<br>સ્વભાવ<br>ટેવ<br>સંવેગ<br>લાગણી | પુરુષઅનેસ્ત્રીની જાતિગત ભિન્નતા |

## વ્યકિતગત ભિન્નતા પર અસર કરતાં પરિબળો

| | | |
|---|---|---|
| – વારસો | – વંશગતભેદ | – વાતાવરણ |
| – સંસ્કૃતિ | – જ્ઞાતિ | – આર્થિકસ્તર |
| – વર્ગભેદ | – સામાજિક સ્તર | – વય |
| – જાતિભેદ | | |

**વૈયક્તિકભિન્નતાના પ્રકારો**

- અભિક્રમિત અધ્યયન એ વ્યકિતગત તફાવતો સંતોષવાની શ્રેષ્ઠ પદ્ધતિ છે.
- શાળામાં ભણતાં બાળકો શકિત અને રસની બાબતમાં ઘણી રીતે જુદાં પડતાં હોય છે. છતાં આપણે તેમની સાથે એકસરખો વર્તાવ રાખીએ છીએ. – **સ્કીનર**

**વ્યકિતગત તફાવતોના શૈક્ષણિકતફાવતો**

૧. અધ્યેતાનુંવર્ગીકરણ
૨. વ્યકિતગત શિક્ષણ
૩. વર્ગમાંમર્યાદિતસંખ્યા
૪. શિક્ષણ પદ્ધતિઓનુંઆયોજન
૫. ગૃહકાર્યનું આયોજન
૬. વલણો – અભિરુચિનો વિકાસ

# બુદ્ધિ

**બુદ્ધિનીવ્યાખ્યા**

– વાતાવરણ સાથેઅનુકૂલન સાધવાની શકિત એટલે બુદ્ધિ – **થોમસન**

– સત્યની દૃષ્ટિએ સારા પ્રતિચારો આપવાની શકિત એટલેબુદ્ધિ – **થોર્નડાઈક**

– બુદ્ધિએ અમૂર્તખ્યાલો વિશેવિચારવાની શકિત છે – **ટર્મન**

– બુદ્ધિમાં બે તત્ત્વોનો સમાવેશ થાય છે જ્ઞાનપ્રાપ્તિની ક્ષમતા અને પ્રાપ્ત જ્ઞાન. – **હેનમન**

– બુદ્ધિ એટલે કોઈપણ નવીન પરિસ્થિતિનો સભાનતાપૂર્વક સ્વીકાર. – **રોઝ**

– બુદ્ધિ એટલે યોગ્ય નિર્ણય, યોગ્ય સમજ અને યોગ્ય તર્ક કરવાની શક્તિ. – **બર્ટ**

– બુદ્ધિ એટલે પૂર્વાનુભવોના પ્રકાશમાં સહજવૃત્તિજન્ય વલણોમાં સુધારો કરવાની શક્તિ – **મેકડૂગલ**

– બુદ્ધિ એટલે યોગ્ય વિચાર, યોગ્ય નિર્ણય અને સ્વવિવેચન કરવાની શક્તિ. – **બીને**

### બુદ્ધિની સંરચના અંગેના જાણીતા સિદ્ધાંતો

1. સ્પિયરમેનનો દ્વિતત્ત્વીય અથવા દ્વિઅવયવી સિદ્ધાંત (1904)
2. થર્સ્ટનનો બહુઅવયવી સિદ્ધાંત (1938)
3. ગિલફર્ડનું બૌદ્ધિક શક્તિઓની સંરચનાનું મોડલ

- બુદ્ધિ શબ્દ સંસ્કૃત ધાતુ **બુધ** ઉપરથી ઊતરી આવ્યો છે. **બુધ**નો અર્થ થાય છે 'જાણવું.' બુદ્ધિ એટલે જાણવાની શક્તિ.

- બુદ્ધિ કાર્ય કરવાની એક વિધિ છે. – વુડવર્થ
- શીખવાની શક્તિ એ જ બુદ્ધિ. – બકિંગ હામ
- બુદ્ધિ એટલે પરિસ્થિતિનો સ્વીકાર કરવાની શક્તિ. – પીજે

### બુદ્ધિની લાક્ષણિકતાઓ

- બુદ્ધિ જન્મજાત શક્તિ છે.
- મૂર્ત – અમૂર્ત ચિંતન – મનન સાથે સંબંધિત છે.
- વારસા, વાતાવરણ અને જાતીય તફાવતના આધારે બુદ્ધિમાં ભિન્નતા જોવા મળે છે.
- શીખવવામાં, સમજવામાં, પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધવામાં ઉપયોગી છે.
- સમસ્યાઓનું સમાધાન કરાવે અને ઉકેલ મેળવે છે.
- ક્રિયા, કાર્ય, કૌશલ્યોમાં ઉપયોગી છે.
- બુદ્ધિ એ ક્ષમતા, શક્તિ અને યોગ્યતા પ્રદાન કરે છે.

# બુદ્ધિના પ્રકાર

| **મૂર્ત બુદ્ધિ** | **અમૂર્ત બુદ્ધિ** | **સામાજિક બુદ્ધિ** |
|---|---|---|
| અન્ય નામ – ગામક બુદ્ધિ, યાંત્રિક બુદ્ધિ<br>સંબંધ – મશીનો અને યંત્રો સાથે<br>ઉદા. – ઈજનેર, કડિયા, પ્લમ્બર વગેરે | સંબંધ – જ્ઞાન અને સમજ સાથે તેમજ પુસ્તકિયા જ્ઞાન સાથે<br>ઉદા. ડોકટર, વકીલ, તત્ત્વજ્ઞાની, ચિત્રકાર વગેરે | સંબંધ – સમાજ સાથે<br>ઉદા. નેતા |

### બુદ્ધિમાપન:

– બુદ્ધિની કોઈ એક વ્યાખ્યા આપવી શક્ય નથી.

– બુદ્ધિનું પરોક્ષ માપન શક્ય છે

– બુદ્ધિમાપન એટલે બાળકની યોગ્યતાઓનું માપ કરવું

– વ્યક્તિના બુદ્ધિમાપન માટે વિવિધ પ્રકારની કસોટીઓનો આશ્રય લેવો પડે છે

– બુદ્ધિમાપનનો સૌપ્રથમ સફળ પ્રયત્ન ફ્રેન્ચ મનોવિજ્ઞાની બિને અને સાયમને કર્યો.

– બાળક 16 વર્ષની ઉંમરે પહોંચે ત્યાં સુધી બુદ્ધિનો મહત્તમ વિકાસ સધાઈ જતો હોવાથી માનસિક વય 16 વર્ષ સુધી ગણી શકાય.

– સ્ટર્ન નામના મનોવૈજ્ઞાનિકે સૌપ્રથમ વખત બુદ્ધિ આંકનો ખ્યાલ આપ્યો.

– જો માનસિક અને શારીરિક વય સરખી હોય તો બુદ્ધિઆંક 100 આવે, જે સામાન્ય બુદ્ધિ આંક સૂચવે છે.

$$\text{બુદ્ધિઆંક (IQ)} = \frac{\text{માનસિક વય}}{\text{શારીરિક વય}} \times 100$$

**અથવા**

$$\text{બુદ્ધિઆંક (IQ)} = \frac{MA}{CA} \times 100$$

ધારોક કે, 14 વર્ષના વેદની માનસિક વય 16 વર્ષ છે તો તેનો

$$\text{બુદ્ધિઆંક (IQ)} = \frac{16}{14} \times 100$$

IQ = 1.14 × 100
= 114

આમ, વેદનોબુદ્ધિઆંક 114 છે.

**ટર્મનનામના મનોવૈજ્ઞાનિકે આપેલવર્ગીકરણ**

| બુદ્ધિઆંક | બુદ્ધિનીકક્ષા |
|---|---|
| ૨૦ થી ઓછો | મહા મૂર્ખ |
| ૨૦ થી ૫૦ | મૂર્ખ |
| ૫૦ થી ૭૦ | નિમ્ન બુદ્ધિ |
| ૭૦ થી ઓછો | નિશ્ચિત ક્ષીણ બુદ્ધિ |
| ૭૦–૮૦ | ક્ષીણ બુદ્ધિ |
| ૮૦–૯૦ | મંદબુદ્ધિ |
| ૯૦–૧૧૦ | સામાન્ય બુદ્ધિ |
| ૧૧૦ – ૧૨૦ | શ્રેષ્ઠબુદ્ધિ |
| ૧૨૦ – ૧૪૦ | અતિ શ્રેષ્ઠબુદ્ધિ |
| ૧૪૦ થી વધુ | પ્રતિભાશાળી |

**બુદ્ધિકસોટીના પ્રકાર અનેસ્વરૂપ**

| બુદ્ધિમાપનકસોટી | |
|---|---|
| **વ્યક્તિગત કસોટી** | **સામૂહિક કસોટી** |
| – એક જ વ્યક્તિનેઆપી તેની બુદ્ધિનું માપન કરવામાંઆવેછે | – આ કસોટી એકી સાથે અનેક વ્યક્તિઓને આપી શકાય છે |
| – આ કસોટીનો પ્રારંભ બિને નામના મનોવિજ્ઞાનીએ કર્યો હતો. | – આ કસોટીનો પ્રારંભ પ્રથમ વિશ્વ યુદ્ધદરમિયાન અમેરિકામાંથયો હતો. |

**ઉપરની બંન્કેસોટી નીચેનાસ્વરૂપેહોઈ શકે**

| શાબ્દિક કસોટી | અશાબ્દિક કસોટી | ક્રિયાત્મક કસોટી |
|---|---|---|
| આ કસોટીમાં ભાષાનો ઉપયોગ કરવામાંઆવેછે | અભણ, નિરક્ષર કે ઓછું ભણેલ વ્યક્તિના બુદ્ધિ માપન માટે આ કસોટીનો ઉપયોગ થાય છે | ક્રિયા દ્વારા બુદ્ધિનું માપન કરતી કસોટીને ક્રિયાત્મક કસોટી કહેછે |
| અમૂર્ત બુદ્ધિની કસોટી થઈ શકે છે | સૂચનાઓ મૌખિક આપવામાંઆવેછે | માત્ર વ્યક્તિગત આપી શકાય છે |
| બાળક વાંચીને વિચારપૂર્વકજવાબ આપેછે | આ કસોટીમાં ક્રિયાનું પ્રાધાન્ય નથી. તેથી સંસ્કૃતિગત પ્રતીકોનો ઉપયોગ થાય છે | ચિત્રના જુદા – જુદા બ્લોક ગોઠવી ચિત્ર બનાવવું, આ પ્રકારની કસોટી છે. |

## વ્યકિતગત અનેસામૂહિકબુદ્ધિકસોટી

- પ્રથમ બુદ્ધિમાપન કસોટી રચનાર આલ્ફ્રેડ બિને અને થિયોડોર સાયમન.
- બુદ્ધિમાપન કસોટી ખૂબ જ સમય લે છે.
- ભારતમાં ‘માણસ દોરો’ કસોટીની રચના કરનાર ડૉ. પ્રેમિલા ફાટક (વડોદરા) છે.
- સર આલ્ફ્રેડ બિનેને ‘બુદ્ધિમાપનના પિતા’ ગણવામાં આવે છે.
- સમૂહ બુદ્ધિ માપન કસોટીની સૌપ્રથમ રચના અમેરિકન લશ્કર દ્વારા કરવામાં આવી.
- ગુજરાતમાં અને ભારતભરમાં સૌપ્રથમ સમૂહ બુદ્ધિમાપન કસોટીની રચના ડૉ. કે.જી. દેસાઈ દ્વારા કરવામાં આવી હતી.
- ૧૦૦ બુદ્ધિઆંક ધરાવતી વ્યકિત સામાન્ય બુદ્ધિ ધરાવતી વ્યકિત ગણાય છે.
- ડૉ. ગુણવંત શાહે રચેલ સમૂહ બુદ્ધિમાપન કસોટી ૧૬ થી ૨૫ વર્ષના વિદ્યાર્થીઓ માટે છે.
- વ્યક્તિગત બુદ્ધિમાપન કસોટી વધારે ચોકસાઈથી બુદ્ધિનું માપન કરે છે.

**બુદ્ધિઅંગેનજુદા જુદા સિદ્ધાંતો:**

(1) એક કેન્દ્રીય અથવા એક સત્તાત્મક સિદ્ધાંત

(2) દ્વિ–તત્ત્વીય અથવા દ્વિઅવયવી સિદ્ધાંત

**પ્રણેતા:** – સ્પિયરમેન

- સ્પિયરમેને શકિતના બદલે ‘ઘટક’ કે અવયવ શબ્દ વાપર્યો છે.
- તેણે આંકડાશાસ્ત્રીય પદ્ધતિથી બુદ્ધિયુક્ત કાર્યોનું પૃથક્કરણ કર્યું.
- સ્પિયરમેન અનુસાર બુદ્ધિના બે અવયવો/ઘટકો છે.

(1) સામાન્ય ઘટક (G)

(2) વિશિષ્ટ ઘટક (S)

(3) બુદ્ધિનો બહુઅવયવી સિદ્ધાંત

પ્રણેતા: – થર્સ્ટન

– થર્સ્ટને દર્શાવ્યું કે બુદ્ધિ સાત પ્રાથમિક માનસિક શક્તિઓ (PMA)ની બનેલી છે.

(1) પ્રત્યક્ષીકરણની ઝડપ (P)

(2) શબ્દોની પ્રવાહિતા (W)

(3) આગમન/સામાન્ય તર્ક (I OR R)

(4) અવકાશીય સંબંધો (S)

(5) અંકશક્તિ (N)

(6) સાહચર્યયુક્ત સ્મૃતિ (M)

(7) શાબ્દિક અર્થગ્રહણ (V)

(4) ગિલ્ફર્ડે બૌદ્ધિક શક્તિઓના અવયવોનું ત્રિપરિમાણદર્શક મોડલ આપ્યું.

| | |
|---|---|
| **બુદ્ધિ કસોટીનો ઉપયોગ** | સર્વોત્તમ અધ્યેતાની પસંદગી માટે |
| | રાષ્ટ્રનાં બાળકોનુંબુદ્ધિ જ્ઞાન જાણવા માટે |
| | મંદ બુદ્ધિવાળા અધ્યેતાની તારવણી માટે |
| | અધ્યેતાનાવર્ગીકરણ માટે |
| | અધ્યેતાનીસુધારણામાટ` |
| | અધ્યેતાનીબુદ્ધિશક્તિઅનુસાર કાર્યવહેંચણીમાટ` |
| | અધ્યેતાની વિશિષ્ટ શક્તિના જ્ઞાન માટે |
| | અપવ્યય નિવારણ માટે |
| | અધ્યેતાના ભવિષ્યની આગાહી માટે |

**વ્યક્તિગત બુદ્ધિ અને સામૂહિક બુદ્ધિ કસોટી વચ્ચેનો તફાવત**

| **વ્યક્તિગત બુદ્ધિકસોટી** | **સામૂહિકબુદ્ધિકસોટી** |
|---|---|
| આ પ્રકારની કસોટી માત્ર અનુભવી અને તાલીમ પામેલી વ્યક્તિ લઈ શકે છે | આ પ્રકારની કસોટીઓ શિક્ષક કે અન્ય શિક્ષિત વ્યક્તિ પણ લઈ શકે છે |
| આ કસોટી બાળક માટે ખાસ ઉપયોગી છે ખાસ કરીને નાનાં બાળકો માટ` ઉપયોગી છે | આ કસોટી મોટા બાળકો તેમ જ મોટી ઉંમરની વ્યક્તિઓ માટે ઉપયોગી છે |
| આ કસોટી લેતી વખતે પરિક્ષક – પરીક્ષાર્થી વચ્ચે આત્મીયતા સધાય છે. | આ પ્રકારની કસોટીમાં આત્મીયતા જોવા મળતી નથી. |
| આ પ્રકારની કસોટી આપનાર પરીક્ષાર્થીના ગુણ– દોષથી પરિચિત થવાય છે | આ પ્રકારની કસોટીમાં કસોટી આપનાર વિદ્યાર્થીઓના ગુણદોષથી પરિચિત થતા નથી. |
| આ પ્રકારની કસોટીથી વિદ્યાર્થીની નિષ્ફળતાનાં કારણો જાણી શકાય છે | આ પ્રકારની કસોટીથી વિદ્યાર્થીની નિષ્ફળતાનાં કારણો જાણી શકાતાં નથી. |
| આ પ્રકારની કસોટી ખર્ચાળ અને વધુ સમય માગી લેછે | આ પ્રકારની કસોટી ઓછી ખર્ચાળ અને ઓછો સમય લેછે |

**ગુજરાતમાંતૈયારથયેલબુદ્ધિકસોટી**

૧. દેસાઈ – ભટ્ટ સમૂહ બુદ્ધિ કસોટી

૨. ડૉ. જી.બી. શાહ અશાબ્દિક બુદ્ધિ માપન કસોટી

૩. ડૉ. એમ.બી.બૂચ રચિત સામાજિક બુદ્ધિ કસોટી

૪. ડૉ. એચ.એન. શુક્લ રચિત સ્ટેનફર્ડ બિને બુદ્ધિમાપનકસોટી (રૂપાંતરિત)

૫. ચંપાબહેનભટ્ટ સમૂહબુદ્ધિકસોટી

૬. જયાબહેનપટેલ સમૂહબુદ્ધિકસોટી

૭. મધુકરપટેલ બુદ્ધિમાપનકસોટી

૮. ડૉ. ડી. એમ. ભાવસાર બિનભાષી સમૂહબુદ્ધિ કસોટીઓ

**બહુવિધ બુદ્ધિઓ**

– બહુવિધ બુદ્ધિનોખ્યાલ હોવાર્ડગાર્ડનરદ્વારા ઈ.સ. 1983માં પ્રકાશિત થયેલા પુસ્તક 'ફ્રેમ્સ ઓફ માઈન્ડ'માં રજૂ થયો.

– તેજણાવે છેક` બુદ્ધિએક નહીં પણ સાત સ્વતંત્ર બુદ્ધિઓ છે જ`ને બહુવિધ બુદ્ધિના સિદ્ધાંત તરીક` ઓળખવામાંઆવેછે

– પાછળથી બુદ્ધિનીસંખ્યાઆઠ કરી છે

**બહુવિધ બુદ્ધિ**

(1) તાર્કિક – ગાણિતિક બુદ્ધિ

(2) શાબ્દિક – ભાષાકીય બુદ્ધિ

(3) શારીરિક બુદ્ધિ

(4) સાંગીતિક બુદ્ધિ

(5) અવકાશીય બુદ્ધિ

(6) વૈયક્તિક બુદ્ધિ

(7) આંતરવૈયક્તિક બુદ્ધિ

(8) પર્યાવરણ બુદ્ધિ

## અભિયોગ્યતા

- અભિયોગ્યતા એ કોઈ વિશિષ્ટ કલા, વિષય કે વ્યવસાય કેળવવાનો ચોક્કસ દિશાનો પ્રયાસ છે. – **ડિક્ષનેરી ઓફ એજ્યુકેશન**

- ચોક્કસ વ્યવસાય કે કલા માટે નિશ્ચિત પ્રકારની તાલીમ આપીને યોગ્ય પ્રકારની ક્ષમતા પ્રાપ્ત કરવાની શક્તિને અભિયોગ્યતા કહેવામાં આવે છે.

| | |
|---|---|
| **અભિયોગ્યતા** | વ્યક્તિગત ગર્ભિતશક્તિ છે |
| | અભિયોગ્યતાને તાલીમ દ્વારા વિકસાવી શકાય છે |
| | અભિયોગ્યતા વ્યક્તિના જ્ઞાન, કૌશલ્ય અને શક્તિઓના નિદર્શનમાં પ્રગટ થાય છે |
| | અભિયોગ્યતા જન્મદત્ત છે – વારસાથી પ્રાપ્ત થાય છે. પણ તેના વિકાસ માટે તાલીમ અને વાતાવરણ જરૂરી છે. |
| | અભિયોગ્યતાનુંપ્રમાણ ઓછું કે વધારે હોઈ શકે. અનેક પ્રકારની વિશિષ્ટ અભિયોગ્યતા અસ્તિત્વ ધરાવેછે |
| | અભિયોગ્યતામાં વૈયક્તિક ભિન્નતા અસ્તિત્વ ધરાવેછે |

| | |
|---|---|
| **અભિયોગ્યતા માપનુંમહત્વ** | અધ્યેતાનાશોખની પસંદગીમાટે |
| | મનોવૈજ્ઞાનિકસંશોધનોમાટે |
| | કલા – સંગીત – ઈજનેરી – લૉ– મેડીકલ કોલેજમાંપ્રવેશ આપવા માટે |
| | મનોવૈજ્ઞાનિકસંશોધનોમાટે |
| | જુદા – જુદા વ્યવસાયોમાં યોગ્ય વ્યક્તિની ભરતી અને નિમણૂક માટે |
| | વ્યવસાયિક તાલીમોમાં તાલીમાર્થીની પસંદગીમાટે |

– કેટલના મતેઅભિયોગ્યતાના 13 પ્રકાર છે.

– થર્સ્ટનના મતેઅભિયોગ્યતાના 6 પ્રકાર છે.

– ગુજરાતના વિદ્યાર્થીઓ માટે સંગીત અભિયોગ્યતા કસોટી ડૉ. દુષ્યંતશુક્લેરચી છે

– GATB એટલે જનરલ એપ્ટિટ્યૂડ ટેસ્ટ બેટરી. તેમાં કુલ 15 કસોટી છે.

– ગિલ્ફર્ડે 180 જાતની અભિયોગ્યતાની કલ્પના કરી છે.

–DAT એટલે ડિફરન્શિયલ એપ્ટિટ્યૂડ ટેસ્ટ –DAT માં કુલ 8 કસોટીઓ છે.

– FACT ફ્લેગન એપ્ટિટ્યૂડ ક્લાસિફિકેશન ટેસ્ટ

– FACT માં કુલ 20 કસોટીઓ છે.

– FACT ધો – ૯ થી ૧૨ માટે તૈયાર કરવામાં આવેલી છે.

## ગુજરાતીઅભિયોગ્યતા કસોટી

(1) સંગીત અભિયોગ્યતા – ડૉ. દુષ્યંત શુક્લ

(2) ઝડપ અને ચોકસાઈ – ડૉ. કે.જી.દેસાઈ

(મિનેસોટાક્લાસિકલ ટેસ્ટ પર આધારિત)

(3) કલાપરખ કસોટી – ડૉ. અનિલ અંબાસણા

(4) શાબ્દિક અભિયોગ્યતા – ઉર્વશી દેસાઈ

– મિનેસોટા ક્લેરિકલ ટેસ્ટ કારકુનની અભિયોગ્યતા કસોટી છે

## સર્જનાત્મકતા

કોઈ પણ પ્રક્રિયા જયારે કોઈ ચોક્કસ સમયગાળા માટે દીર્ઘજીવી, ઉપયોગી અને કોઈ ચોક્કસ જૂથનેસંતોષ આપે તેવા નવીન કાર્યમાં પરિણમે ; ત્યારે તેને સર્જનાત્મક પ્રક્રિયા ગણવામાં આવે છે.

| | |
|---|---|
| **સર્જનશીલ બાળકનાં લક્ષણો** | કલ્પનાશક્તિ |
| | પહેલવૃત્તિ |
| | સાહસિકતા |
| | સતત ચિંતનશીલતા |
| | આગળ વધવાની અદમ્ય ઝંખના |
| | સરળતા |
| | જિજ્ઞાસાવૃત્તિ |
| | આત્મવિશ્વાસ |
| | અતૂટસ્નેહ |
| | નિર્ણાયત્મકતા |
| | મૌલિકતા |
| | મેધાવીપણું |

- સર્જનશીલતાના માપનક્ષેત્રે ટૉરેન્સનું વિશિષ્ટ પ્રદાન છે.
- ગિલ્ફર્ડ, ટૉરેન્સ, મેક્કિનન, ગેઝેલ્સ, જેક્સન સર્જનાત્મકતાનો અભ્યાસ કરનાર મનોવૈજ્ઞાનિકોનાં નામ છે.
- ટૉરેન્સના મતે સર્જનશીલ વ્યક્તિનાં મુખ્ય ત્રણ વલણો.

  (1) મૌલિક સર્જન કરવાની શક્તિવાળો

WWW.HIRENSIR.COM

(2) વિનોદી, રમતિયાળ અને જડતાના અભાવવાળો

(3) મૌલિક સર્જનની શક્તિવાળો

## બચાવ પ્રયુક્તિઓ

વ્યક્તિ પોતાના જીવનકાળ દરમિયાન અનેક ધ્યેય રાખે છે અને તેની પૂર્તતા માટે સતત પ્રયત્નશીલ રહે છે. લક્ષ્યપ્રાપ્તિના માર્ગમાં જે અવરોધો આવે તેના કારણે તે વ્યક્તિમાં વૈફલ્ય જન્મે છે. આ પ્રકારની માનસિક તંગદિલીને હળવી કરવા માટે વ્યક્તિ કેટલાક પરોક્ષ ઉપાયોનો આધાર લે છે, જેને બચાવપ્રયુક્તિઓ (Deference Mechanisms) કહેવામાં આવે છે.

– વ્યક્તિ હતાશા કે વૈફલ્યથી બચવા માટે મનોવૈજ્ઞાનિક પ્રયુક્તિઓનો આશ્રય લે છે તે પ્રયુક્તિઓને બચાવ પ્રયુક્તિઓ, માનસિક પ્રયુક્તિઓ કે અનુકૂલન પ્રયુક્તિઓ કહેવામાં આવે છે – **ચૌહાણ**

– જેના દ્વારા લોકો તેમના હેતુઓ સિદ્ધ કરે, તંગદિલી હળવી કરે અને સંઘર્ષ દૂર કરે તેને અનુકૂલન પ્રયુક્તિ કહેવામાં આવે છે – **શેફર અને શોબેન**

– વ્યક્તિ પોતાના અહમને જાળવી રાખવા માટે જે પ્રયત્નો અચેતન રીતે કરે છે તે બચાવપ્રયુક્તિ છે – **કોલમેન**

– બચાવ પ્રયુક્તિઓની સંકલ્પના ફ્રોઈડે ઈ.સ. 1959માં વિકસાવી.

## બચાવ પ્રયુક્તિઓ:

1. તાદાત્મ્ય
2. આક્રમકતા
3. સ્થળાંતર
4. પ્રક્ષેપણ
5. ઊર્ધ્વીકરણ
6. ક્ષતિપૂર્તિ
7. દિવાસ્વપ્ન
8. દમન
9. પરાગતિ
10. આત્મકેન્દ્રિતા
11. નકારાત્મકતા
12. અલિપ્તતા
13. શારીરિક દર્દ
14. સ્થિરીકરણ
15. પ્રતિક્રિયા

## અપવાદરૂપ બાળકોના પ્રકારો :

**(1) શારીરિક ખામી ધરાવતાં બાળકો**

હાથ, પગ, હોઠ, આંખ, કાન કે શરીરના કોઈ અંગમાં રહેલી ખામી ધરાવતાં શારીરિક ખોડખાંપણવાળાં બાળકો, અંધ અને મૂક –બધિર બાળકો.

**(2) માનસિક શક્તિમાં વિચલિતવાળાં બાળકો**

(1) બૌદ્ધિક રીતે તેજસ્વી (પ્રતિભાશાળી) બાળકો

(2) માનસિક ક્ષતિવાળાં (ઓછી બુદ્ધિકક્ષા ધરાવતાં) બાળકો

**(3) વર્તન વિચલનવાળાં બાળકો**

(1) સાંવેગિક ખલેલ ધરાવતાં બાળકો

(2) સામાજિક અપાનુકૂલન ધરાવતાં બાળકો

**(4) પ્રત્યાયન ક્ષમતામાં વિચલિતતા ધરાવતાં બાળકો**

(1) અધ્યયન અક્ષમતા ધરાવતાં બાળકો

(2) વાણી દોષવાળાં બાળકો

**(5) સંવેદનાત્મક વિચલન ધરાવતાં બાળકો**

(1) શ્રાવ્ય સંવેદનાની ખામી ધરાવતાં બાળકો

(2) દૃશ્ય સંવેદનાની ખામી ધરાવતાં બાળકો

### પ્રતિભાશાળી બાળકો :

– તેઓ મૌલિક અને સર્જનશીલ હોય છે

– તેમનો IQ 170 થી 190 સુધીનો હોય છે.

– પરિપક્વ, સ્વવિવેચક અને ગ્રહણશીલ હોય છે

– તેઝડપથી શીખે છે અને લાંબા સમય સુધી યાદ રાખે છે

## પ્રતિભાશાળી બાળકો માટે શિક્ષણ પદ્ધતિઓ :

(1) શોધ વિધિ

(2) પ્રોજેક્ટ વિધિ

(3) અભિનય પદ્ધતિ

(4) પર્યટન પદ્ધતિ

(5) સીમ્પોઝિયમ

(6) સમસ્યા–ઉકેલ પદ્ધતિ

(7) પેનલ ચર્ચા

(8) નવીન શૈક્ષણિક ઉપકરણોનો વર્ગખંડમાં વિનિયોગ.

WWW.HIRENSIR.COM

## માનસિક પછાત બાળકો :

**મહામૂર્ખ:**

**લક્ષણ :** (1) બુદ્ધિ આંક 25 થી ઓછો હોય છે.

(2) માનસિક અને શારીરિક વિકાસ ત્રણ વર્ષના સામાન્ય બાળકથી ઓછો હોય છે.

(3) જલદી ભૂખ્યાં થાય છે અને અકરાંતિયાની જેમ ખાય છે.

(4) ઘણીવાર તોફાન અને ભાંગફોડ કરે છે.

**જડ :**

**લક્ષણ :** (1) બુદ્ધિ આંક 25 થી 50 ની વચ્ચે હોય છે.

(2) માનસિક વય 3 થી $7\frac{1}{2}$ વર્ષ સુધીની હોય છે.

(3) તેમનું વર્તન કે વ્યવહાર ગૂંચવાડો સર્જે છે.

**મંદબુદ્ધિ:**

**લક્ષણ :** (1) આવાં બાળકો 50 થી 70 જેટલો બુદ્ધિ આંક ધરાવે છે.

(2) તેમની માનસિક આયુ 7 થી 12 વર્ષ જેટલી હોય છે.

(3) તેઓ પ્રાથમિક શિક્ષણ સુધી પરાણે પહોંચે છે.

(4) ટેવોના આધારે જીવન જીવે છે.

## અધ્યયન અક્ષમતા ધરાવતાં બાળકોનું શિક્ષણ :

### (1) ડિસ્લેસિકબાળકો :

**વ્યાખ્યા :** જે બાળકો વાંચવા–લખવા–શીખવામાં મુશ્કેલી અનુભવે છે તેવાં બાળકોને ડિસ્લેસિક બાળકો કહેવામાં આવે છે

**લક્ષણો :**

– જોડણીમાં ભૂલો કરે છે

– અક્ષરો અસ્તવ્યસ્ત રીતે લખે છે

– ક્રમવાર યાદ કરવામાં મુશ્કેલી અનુભવે છે

**શિક્ષણ :**

– આવાં બાળકોનું વહેલું નિદાન કરી ઉપચારાત્મક કાર્ય કરતા રહેવું જોઈએ.

– આવાં બાળકોનો વિશ્વાસ વધારવો જોઈએ.

### (2) ડિસ્લેક્યુલિક બાળકો :

– બાળકોને ગણિતસંબંધી અક્ષમતાને ડિસ્લેક્યુલિયા કહેવામાં આવે છે

– આ પ્રકારની અક્ષમતાવાળા બાળકો ગણિતમાં ખૂબ જ તકલીફ અનુભવે છે

– સંખ્યા લખવામાં એક આંકડાના બદલે બીજો આંકડો લખી દે છે

**વ્યક્તિત્વ :**

– વ્યક્તિત્વમાં રહેલાં તત્ત્વો જે વાંકે ગુણો, સ્વભાવ, રસ, રુચિ, વલણ, જ્ઞાન, સમજ, ઉપયોગ, ક્રિયા, કાર્ય અને કૌશલ્ય એટલે વ્યક્તિત્વ.

**વ્યક્તિત્વ (Personality) :**

– Persona (મહોરુ) લેટિન શબ્દ પરથી આવ્યો છે.

– વ્યક્તિત્વ એટલે આંતરિક અને બાહ્ય સ્વરૂપ સાથેનો સંબંધ છે

– વ્યક્તિ એટલે સમાજ દ્વારા માન્ય અને સામાન્ય ગુણોની સમતુલા

## વ્યક્તિત્વનું સ્વરૂપ :

| | |
|---|---|
| | રસ, રુચિ, વલણ |
| **અનુકૂલન** | બાહ્ય વર્તણૂક |
| ↓ | મનોશારીરિક શક્તિઓ |
| **વ્યક્તિત્વ** | બુદ્ધિ, અભિયોગ્યતા, સર્જનાત્મકતા |
| ↓ | સદાચાર નીતિ |
| **વાતાવરણ** | વિકાસાત્મક પ્રક્રિયાઓ |
| | વૃત્તિઓ, ટેવો, કુટેવો |
| | દેખાવ, પ્રભાવ, હાવભાવ |

## વ્યક્તિ માપન (કસોટીના પ્રકારો) :

**વ્યક્તિમાપન**

↓

| **આત્મલક્ષી** (આત્મનિવેદનપદ્ધતિ) | **નિરીક્ષણ** (વસ્તુલક્ષી) પદ્ધતિ | **પ્રક્ષેપણપ્રયુક્તિઓ** |
|---|---|---|
| ↓ | ↓ | ↓ |
| ૧. આત્મલક્ષી | ૧. નિયંત્રિતનિરીક્ષણ | ૧. રોરશાકની શાહીના ડાઘા કસોટી |
| ૨. વ્યક્તિ ઈતિહાસ | ૨. ક્રમમાપદંડ | ૨. વાક્યપૂર્તિકસોટી |
| ૩. મુલાકાતપ્રયુક્તિ | ૩. શારીરિક ફેરફાર દ્વારા | ૩. વસ્તુબોધકસોટી |
| ૪. વ્યક્તિત્વ સંશોધનિકા | ૪. શાબ્દીક ફેરફાર | ૪. શબ્દ સાહચર્યકસોટી |
| | ૫. સામાજિકમિતિ | ૫. CAT |
| | | ૬. મુક્તસાહચર્યકસોટી |

WWW.HIRENSIR.COM

# વ્યક્તિત્વ વિકાસ પર અસર કરતાં પરિબળો

– CAT – ચિલ્ડ્રન એપરસેપ્શન ટેસ્ટ – **ડૉ. અર્નેસ્ટ ક્રિપ્સ**

– TAT – થિએટિક એપરસેપ્શન ટેસ્ટ – **હેનરી, મરે અને મોર્ગન**

## રસ અનેધ્યાન :

– રસ માટે અંગ્રેજીમાં Interest શબ્દ છે. જે લેટિન શબ્દ Interesse શબ્દ પરથી ઊતરી આવ્યો છે. જેનો અર્થ In between (ની વચ્ચે) જેવો થાય છે.

– રસ એ કરેલુંધ્યાન છે – **મેકડૂગલ**

– રસ એ કોઈ પ્રવૃત્તિનુંક્રિયાત્મક રૂપ છે – **ડ્રેવર**

## રસનાં ક્ષેત્રો :

(1) સાહિત્ય ક્ષેત્ર

(2) કલા ક્ષેત્ર

(3) સંગીત ક્ષેત્ર

(4) વિજ્ઞાન ક્ષેત્ર

(5) સમાજસેવાક્ષે ત્ર

## રસના બેપ્રકાર છે :

**1. જન્મજાત રસ :**

– જન્મજાત રસનો અર્થછેમૂળપ્રવૃત્તિઓ બાળકોમાં રમવુંખાવુંહસવુંવગેરે મૂળપ્રવૃત્તિઓહોય છે

– માતાને રસ બાળકોમાં, ભૂખ્યાનેરસ ભોજનમાં, બાળકનેરસ રમવામાંહોય છે

– આ પ્રકારના રસનેકુદરતી કે જન્મજાત રસ કહેછે

**2. અર્જિત રસ :**

– ભાવ સંવેદનાથીઉત્પન્ન થયેલો રસ અર્જિત રસ કહેવાય છે આ રસના કારણે વ્યક્તિએ કોઈ વિશિષ્ટ કાર્યમાંકૌશલ્ય મેળવ્યુંકહેવાય

– ઘડિયાળ રિપેરકરનારને ઘડિયાળ જોતાં જ ખ્યાલ આવેછેકે, ક્યાંગરબડ છે

– સ્કૂટરની મરામત કરનારને સ્કૂટર ચાલુ કરતાં જ ખ્યાલ આવેછેકે, તેમાંકઈ ખામી છે

– સારો શિક્ષક વર્ગમાંકયા બાળકમાંકઈ ખામી અને કઈ વિશેષતાછેતેજાણી લેછે

## ધ્યાનના પ્રકાર :

(1) અનૈચ્છિક ધ્યાન

(2) ઐચ્છિક ધ્યાન

## ધ્યાનનેઅસર કરતાંપરિબળો :

**(1) ગતિ :** શિક્ષક વર્ગમાં સ્થિર બેસીને કે એક જ જગ્યાએ ઊભા – ઊભા અધ્યાપન કરે તેના કરતાં જરૂરી હલનચલન કરી અધ્યાપન કરે તો વિદ્યાર્થીઓનું ધ્યાન વધુ રહે છે.

**(2) સમયગાળો :** જે વસ્તુ જોવા માટે વધુ સમય મળે તેના પર ધ્યાન વધુ જાય છે. આથી, શિક્ષકે પાઠની મુખ્ય બાબતો કા.પા. પર લખવી જોઈએ.

**(3) સ્થિતિ :** વર્ગની ચારેય દીવાલ કોરી રહેતી હોય અને તેના પર કોઈ દિવસ ચિત્ર ટીંગાડવામાં આવે તો વિદ્યાર્થીઓનું ધ્યાન તરત જ તેના પર જાય છે.

**(4) તીવ્રતા :** ધીમા અવાજ કરતાં મોટા અવાજ તરફ આપણું ધ્યાન વધુ ખેંચાય છે.

**(5) વિષમતા :** જ્યાં વિષમતા હોય ત્યાં આપણું ધ્યાન વધુ ખેંચાય છે. દા.ત. સફેદ ચોકથી લખેલ લખાણ નીચે રંગીન ચોક વડે લીટી દોરવાથી તે શબ્દ પર વધુ ધ્યાન જાય છે.

**(6) નવીનતા :** આપણું ધ્યાન નવીન ચિત્ર, નકશા કે સામગ્રી સાથે શિક્ષક અધ્યાપન કરે તો વિદ્યાર્થીઓનું ધ્યાન વધુ આકર્ષાય છે.

**(7) આકાર :** નાની વસ્તુઓ કરતાં મોટી વસ્તુઓ પર ધ્યાન વધુ આકર્ષિત થાય છે.

**(8) સ્વરૂપ :** શિક્ષકે પોતાના પહેરવેશ કે અધ્યાપનમાં ઉપયોગમાં લેવાતી વસ્તુઓ સારી વાપરવી જોઈએ.

**(9) પરિવર્તન :** કોઈ વસ્તુમાં પરિવર્તન થાય તો તે તરફ ધ્યાન દોરાય છે.

**(10) પ્રકૃતિ :** ધ્યાનમાં કેન્દ્રીકરણનો આધાર વસ્તુની પ્રકૃતિ પર પણ રહેલ છે. જેમ કે નાનાં બાળકોને રંગબેરંગી ચિત્રોવાળું પુસ્તક વધુ ગમે છે.

**(11) પુનરાવર્તન :** ચોક્કસ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે શિક્ષક પુનરાવર્તન કરાવે છે.

**(12) રહસ્ય :** ધ્યાનના કેન્દ્રીકરણનો આધાર કોઈ બાબતના રહસ્ય પર હોય છે.

| ધ્યાનનાં પ્રેરક બાહ્ય પરિબળો | ધ્યાનનાં પ્રેરક આંતરિક પરિબળો |
|---|---|
| – ઉદ્દીપકોની તીવ્રતા | – રસ |
| – નવીનતા | – પૂર્વાનુભવ |
| – ગતિશીલતા | – ઈચ્છા અનેમનોવલણો |
| – વિરોધ | – માનસિક સ્થિતિ |
| – વસ્તુનુંપ્રમાણ | |

## અધ્યયનની સંકલ્પના:

અધ્યેતા (વિદ્યાર્થી) જન્મે છે ત્યારથી જ તેની શીખવાની ક્રિયા શરૂ થાય છે અધ્યેતાને થતા અનુભવો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અધ્યેતાના વર્તનને ઘડે છે, તેના વર્તનમાં પરિવર્તન આણે છે અધ્યેતાના વર્તનમાં આવેલા આ પરિવર્તનને આપણે અધ્યયન કહીએ છે

આમ, અધ્યયન એટલે અનુભવના પરિણામે વર્તનમાં થતો ફેરફાર.

## વ્યાખ્યાઓ :

– અનુભવ અને તાલીમ દ્વારા વર્તનમાં થતો ફેરફાર એટલે અધ્યયન. **– ગેટ્સ, જરસિલ્ડ, ચારમેલ**

– વર્તનમાં પ્રગતિશીલ અનુકૂલન પ્રાપ્ત કરવાની પ્રક્રિયા અધ્યયન છે **– સ્કિનર**

– અધ્યયન એ પૂર્વાનુભવના પરિણામ સ્વરૂપે વર્તનમાં થતો સાપેક્ષ કાયમી ફેરફાર છે – **સી.ટી.મોર્ગન**

– અધ્યયન એટલે એવો અનુભવ જે વ્યક્તિની ક્રિયાઓ ઉપર અસર કરી તેના વર્તનમાં ફેરફાર આણે – **થોમસ ઈ. કેલ્ટોન**

## અધ્યયનના સિદ્ધાંતો :

| **વાદ/સિદ્ધાંત** | **મનોવૈજ્ઞાનિક** |
|---|---|
| સંરચનાવાદ | વુંટ અને ટીશનર |
| કાર્યવાદ | વિલિયમ જેમ્સ |
| પ્રેરણાવાદ | મેકડૂગલ |
| મનોવિશ્લેષણવાદ | ફ્રોઈડ |
| સમષ્ટિવાદ | કોહલર, કોફકા, વર્દીમર |
| વર્તનવાદ/પર્યાવરણવાદ | જે.બી.વોટસન, ક્લાર્ક હલ ગ્રથી, બી. એફ. સ્કિનર |
| જોડાણવાદ | થોર્નડાઈક |
| સાંનિધ્યાત્મક અભિસંધાન | ગ્રથી |
| કારક અભિસંધાન | સ્કિનર |
| હેતુલક્ષી વર્તનવાદ | ટોલમેન |
| ક્ષેત્રસિદ્ધાંત | લેવિન |
| શાસ્ત્રીય અભિસંધાન | સ્કિનર |
| પ્રયત્ન-ભૂલ દ્વારા અધ્યયન | થોર્નડાઈક |
| સામાજિક અધ્યયન સિદ્ધાંત | આલ્બર્ટ બાન્ડુરા |
| જ્ઞાનાત્મક વિકાસનો સિદ્ધાંત | જીન પિયાજે |
| અર્થપૂર્ણ અધ્યયન | ડેવિડ આસુબેલ |
| અધ્યયન શ્રેણી | રોબર્ટ ગેને |
| સમાજલક્ષી મનોવિશ્લેષણાત્મક વ્યક્તિત્વ સિદ્ધાંત | એડલર |
| વિશ્લેષણાત્મક વ્યક્તિ સિદ્ધાંત | યુંગ |

## અભિક્રમિત અધ્યયન :

– અભિક્રમિત અધ્યયનની સંકલ્પનાનાં મૂળ સોક્રેટિસની પ્રશ્નોત્તર પદ્ધતિમાં જ ઊંડે ઊંડે છૂપાયેલાં છે જોકે એણે કયાંય પણ અભિક્રમિત અધ્યયન શબ્દનો પ્રયોગ કર્યો નથી.

– બી. એફ. સ્કિનરને અભિક્રમિત અધ્યયનનો જન્મદાતા માનવામાં આવે છે

## અભિક્રમના પ્રકાર :

(1) રૈખિક અભિક્રમ
(2) પ્રશાખા અભિક્રમ
(3) મેથેમેટિક્સ

– એડગર ડેઈલે અનુભવશંકુ આપ્યો.

## 1. શાસ્ત્રીય અભિસંધાન:

**પ્રણેતા:** રશિયન મનોવૈજ્ઞાનિક ઈવાન પાવલોવ

**પ્રાણી :** કૂતરો (કૂતરો, ઘંટડી અને લાળરસ)

– હાથની ચામડીમાં કોઈ ટાંકણી ભોંકે ત્યારે આપણે હાથ એકદમ ખેંચી લઈએ છે

– હાથની ચામડીને ટાંકણીનો સ્પર્શ: **ઉત્તેજક**

– હાથ પાછો ખેંચવાની ક્રિયા : **પ્રતિચાર**

– ઉત્તેજક – પ્રતિચારની ક્રિયા ચાલ્યા કરતી હોય છે, તેમને પ્રતિક્ષિપ્ત ક્રિયા કહે છે.

**પ્રતિક્ષિપ્ત ક્રિયાનાં ઉદાહરણ :**

– લાડુ જોઈ મોંમાં પાણી આવે

– વધુ પડતા પ્રકાશના ઝબકારા વખતે આંખ મિંચાઈ જાય.

– પગને તળિયે કોઈ ગલીપચી કરે ત્યારે પગ ખસેડી લેવાય

– અંગારા પર હાથ પડતાં ખેંચી લેવાય

– ટ્રાફિક સર્કલ ઉપર ઊભેલો પોલીસ ડી.એસ.પી.ને સલામ ભરે.

**પાવલોવના પ્રયોગનાંત્રણ પગલાં:**

| | | |
|---|---|---|
| **પગલું – 1** | ઉત્તેજક – 1 | પ્રતિચાર – 1 |
| | ખોરાક ⟶ | લાળરસ |
| | ઉત્તેજક – ½ | પ્રતિચાર – 1 |
| **પગલું – 2** | ખોરાક અને ⟶ | લાળરસ |
| | ઘંટડી | |
| | ઉત્તેજક – 2 | પ્રતિચાર – 1 |
| **પગલું – 3** | ઘંટડી ⟶ | લાળરસ ઝરે |

– નિશાળનો ઘંટ વાગતાં જ બાળકો પ્રાર્થનામાં ગોઠવાય છે, લાલ લાઈટ જોઈને આપણે વાહન અટકાવી દઈએ છીએ, વર્ગમાં શિક્ષક પ્રવેશતાં જ બાળકો તેમને આવકારે છે વગેરે શાસ્ત્રીય અભિસંધાનનાં ઉદાહરણ છે.

– ખોરાક જોતાંલાળરસ ઝરે એ અનભિસંધિતપ્રતિચાર છે

– ઘંટડી વગાડતાં લાળરસ ઝરે એ અભિસંધિત પ્રતિચાર છે

## 2. કારક અભિસંધાન:

**અન્ય નામ :** ક્રિયાપ્રસૂત અભિસંધાન, સાધનભૂત અભિસંધાન

**પ્રણેતા:** બુરહાસફેડરિક સ્કિનર

**પ્રાણી :** કબૂતર, ઉંદર

કારક અભિસંધાનએ એવા પ્રકારનુંઅધ્યયન છેજેમાં પ્રતિપોષણને કારણે પ્રતિચાર મળવાની શક્યતા વધે છે

## કારક અભિસંધાનનાશૈક્ષણિકફલિતાર્થો :

– શાળામાં ઘણું સરસ, શાબાશ, very good જેવા શબ્દો દ્વારા અધ્યેતાઓને અધ્યયન માટે પ્રેરણા પૂરી પાડી શકાય છે.

– કારક અભિસંધાન દ્વારા અધ્યેતાના વર્તનમાં અપેક્ષિતફેરફારો લાવી શકાય છે

– સફળ પ્રતિચાર અધ્યેતાનેવારંવાર ક્રિયા તરફ પ્રેરે છે આ બાબતને ધ્યાનમાં રાખીને અધ્યાપક મૂલ્યાંકન કસોટીઓના સાચા જવાબની તરત જ અધ્યેતાનેજાણ કરે છે

– અધ્યેતાઓનેસુયોગ્ય અનુભવો પૂરા પાડીને સારી અધ્યયન ટેવો વિકસાવી શકાય છે

## આંતરસૂઝદ્વારા અધ્યયન :

**પ્રણેતા :** કોહલર

**પ્રાણી :** સુલતાન – ચિપાન્ઝી

**અન્ય :** પંજરું , કેળું, લાકડી

– આંતરસૂઝદ્વારા અધ્યયનમાં યાંત્રિકતાનેસ્થાન અપાતુંનથી.

– 'સમગ્રતા તરફથી વિભાગ તરફ' અને 'સંશ્લેષણ તરફથી વિશ્લેષણતરફ' જેવા શિક્ષણનાંસૂત્રોધ્યાનમાં રાખી અધ્યાપકે અધ્યાપન પદ્ધતિ પસંદકરવી જોઈએ.

– સમસ્યા ઉકેલ પદ્ધતિ અધ્યેતાઓમાંઆંતરસૂઝ વિકસાવવામાંવધુઉપકારક છે

– જ્ઞાન અખંડછેતેબાબતનો અનુભવઅધ્યેતાનેથાય એ માટે અધ્યાપકે હંમેશાંનવા જ્ઞાનનેજૂનાજ્ઞાન સાથે તેમજ નવા અનુભવોનેપૂર્વાનુભવોસાથે જોડવા માટે પ્રયત્નો કરવા જોઈએ.

**રોબર્ટગેનેએઆપેલાઅધ્યયનના આઠ પ્રકારો :**

(1) સંકેત અધ્યયન
(2) ઉદ્દીપક – પ્રતિચાર અધ્યયન
(3) સ્નાયવિક સંકેતીકરણ
(4) શાબ્દિક સંકેતીકરણ
(5) વિભેદીકરણ અધ્યયન
(6) સંકલ્પના અધ્યયન
(7) નિયમનું અધ્યયન
(8) સમસ્યા ઉકેલ અધ્યયન

– તત્પરતાનો નિયમ થોર્નડાઈકે આપ્યો.

## અભિસંધિત પ્રતિચાર :

(1) મચ્છર કરડતાં હાથ તરત ત્યાં જતો રહેવો.
(2) પગમાં કાંટો વાગતાં પગ ઊંચો થઈ જાય.

## અભિસંધિતપ્રતિચાર :

આ પ્રકારમાંકૃત્રિમ કે બનાવટી પ્રતિચાર હોય છે જેમ કે, મીઠાઈ બતાવી ઘંટડી વગાડતાં મોઢામાં પાણી આવી જાય. પરંતુક્યારેક મીઠાઈ ન બતાવી ફક્ત ઘંટડીવગાડતાંપણ મોઢામાંપાણી આવી જાય છે

**– સુદઢકોનોખ્યાલ એફ. બી. સ્કિનરે આપ્યો.**

– ઉદ્દીપક દ્વારા જે પ્રતિક્રિયા થાય છે; તે પ્રતિચાર છે.

– વાઘ સામે મળવો અને દોડવું અહીં 'દોડવું એ પ્રતિચાર અનેવાઘ એ ઉદ્દીપક છે

– અભિસંધિત પ્રતિચાર એ કૃત્રિમ કે બનાવટી પ્રતિચાર છે

વિદ્યાર્થીને જે પ્રકારે અધ્યયન અનુભવો પૂરા પાડી શીખવવામાંઆવે તેનેઅધ્યાપન પદ્ધતિ કહેછે પદ્ધતિઓનુંવિજ્ઞાન પદ્ધતિશાસ્ત્ર તરીકે ઓળખાય છે ધોરણ 1 થી 5માં અભ્યાસ કરતાં બાળકોને પ્રવૃત્તિ ગમે

છે અને તેમની જિજ્ઞાસા પ્રબળ હોય છે, એટલે આ વયજૂથનાં બાળકો માટે વપરાતી પદ્ધતિઓ અનુભવકેન્દ્રી હોય છે

# અધ્યાપન સૂત્રો

સમગ્ર અધ્યાપન દરમિયાન શિક્ષક દ્વારા અનુભવાયેલી પરિસ્થિતિ, શિક્ષણ વ્યવહાર તથા વર્ગ વ્યવહાર દ્વારા શીખવવામાં આવેલી પ્રક્રિયા એટલે અધ્યાપન સૂત્રો

(1) **સરળ પરથી કઠિન તરફ :** વિદ્યાર્થીઓ પ્રથમ સરળ બાબત શીખે છે, ત્યાર પછી ક્રમશ: કઠિન બાબત શીખવા પ્રયત્ન કરે છે. અધ્યાપન વખતે સરળ મુદ્દાથી કઠિન મુદ્દા તરફ જવાથી વિદ્યાર્થીઓમાં આનંદ, ઉત્સાહ અને તત્પરતા જળવાઈ રહે છે. આ સૂત્રની મદદથી શિક્ષક ઓછી મહેનતે સારું કામ કરી શકે છે. અધ્યયન સરળ, રોચક અને અર્થપૂર્ણ બને છે.

(2) **સાદા પરથી સંકુલ તરફ :** શિક્ષકે વિદ્યાર્થીઓને શીખવવાની શરૂઆત પ્રથમ સાદી બાબતથી કરવી જોઈએ, ત્યારબાદ વિદ્યાર્થીને જટિલ અથવા સંકુલ મુદ્દાઓ તરફ લઈ જવો જોઈએ. આ સૂત્રના ઉપયોગથી વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ વધારી શકાય છે.

(3) **જ્ઞાત પરથી અજ્ઞાત તરફ :** વિદ્યાર્થી જાણતો હોય, જેનું એને પૂર્વજ્ઞાન હોય ત્યાંથી શરૂ કરી નવું જ્ઞાન આપવામાં આવે છે. પૂર્વજ્ઞાનના પાયા પર નવીન જ્ઞાનની ઈમારત ચણવામાં આવે છે. પૂર્વજ્ઞાન પ્રથમ રજૂ કરવાથી વર્ગચર્ચામાં વિદ્યાર્થીનો ઉત્સાહ વધે છે. જ્ઞાનનો આરંભ હંમેશાં પરિચિત પ્રસંગો, ઘટના, બાબત, શબ્દો દ્વારા થાય અને એના આધારે અજ્ઞાત બાબતોનું જ્ઞાન આપી શકાય છે. તત્પરતાના નિયમ સાથે આ સૂત્રને નજીકનો સંબંધ છે.

(4) **મૂર્ત પરથી અમૂર્ત તરફ :** જે બાબત કે વસ્તુ જોઈ શકાય, જાણી શકાય, સ્પર્શ કરી શકાય તેવી બાબત કે વસ્તુને મૂર્ત કહેવામાં આવે છે. મૂર્ત એટલે પ્રત્યક્ષ. જે વિચાર, સંવેદના કે ભાવને જોઈ ન શકાય પણ માત્ર માનસિક સ્તરે અનુભવી શકાય તે અમૂર્ત કહેવાય. અમૂર્ત એટલે અપ્રત્યક્ષ. હર્બર્ટ સ્પેન્સર કહે છે કે પાઠનો આરંભ મૂર્તથી કરવો જોઈએ અને સમાપ્તિ અમૂર્તમાં થવી જોઈએ. આ સૂત્રની મદદથી વિદ્યાર્થી પ્રથમ સંવેદન અનુભવે છે, પછી પ્રત્યક્ષીકરણ અને ખ્યાલોના ઘડતર દ્વારા તેનામાં ક્ષમતાની સમજ વિકસે છે.

(5) **પૃથક્કરણ પરથી સંયોગીકરણ તરફ :** સ્વઅધ્યયન માટે આ સૂત્ર ખૂબ જ ઉપયોગી છે. વિદ્યાર્થી પોતાની રીતે કોઈ પણ વિષયમાં પ્રયોગ કરીને કે ઉદાહરણો તપાસીને ગુણધર્મ, સામાન્ય સત્ય, નિયમ કે સિદ્ધાંતની તારવણી કરે છે ત્યારે પૃથક્કરણ પરથી સંયોગીકરણના સૂત્રનો ઉપયોગ કરે છે. આ સૂત્રના ઉપયોગના પરિણામે વિદ્યાર્થીનું જ્ઞાન નિશ્ચિત, સ્પષ્ટ અને ચોક્કસ બને છે. વિદ્યાર્થી જ્ઞાનપ્રાપ્તિ માટે ગોખણપટ્ટીનો ઉપયોગ કરતો અટકે છે. માહિતીનું વિભાજન કરી ઉકેલ મેળવતાં શીખે છે.

(6) **આગમન પરથી નિગમન તરફ :** શિક્ષક અધ્યાપન કાર્યની શરૂઆતમાં જુદા–જુદા માધ્યમ દ્વારા વિવિધ ઉદાહરણો કે દૃષ્ટાંતો રજૂ કરી તેના આધારે નિયમ તારવે, વ્યાખ્યા બાંધેઅને સામાન્યીકરણ કરે ત્યારે આગમન તરફથી નિગમન તરફના સૂત્રનો ઉપયોગ કરે છેએમ કહેવાયછે એટલેકે વિવિધ ઉદાહરણો દ્વારા સિદ્ધાંતનિરૂપણ કરવામાંઆવેછે નિગમન પદ્ધતિમાં આનાથી ઊલટું થાય છે આ પદ્ધતિમાં નિયમ, વ્યાખ્યા, રજૂઆત પહેલાંકરવામાં આવે છેઅને પછી ઉદાહરણોની રજૂઆત કરવામાં આવે છે આ સૂત્રની મદદથી વિદ્યાર્થી સ્વાનુભવે જ્ઞાન પ્રાપ્ત કરે છે વિદ્યાર્થીમાંસિદ્ધાંત, નિયમ અનેવ્યાખ્યા વિશેનીસાચી સમજ સરળતાથી વિકસે છે તેમજ જ્ઞાનનુંદૃઢીકરણ થાય છે આ રીતેમેળવેલું જ્ઞાન લાંબાસમય સુધીયાદ રહેછે વિદ્યાર્થીઓમાંતર્કશક્તિ, ચિંતન, ચોકસાઈ અને એકાગ્રતા જેવા ગુણોનોવિકાસ થાય છે

(7) **પૂર્ણથી ખંડ તરફ :** આ સૂત્ર ગેસ્ટાલ્ટ સિદ્ધાંત પર આધારિત છે. આ સૂત્ર અનુસાર વ્યક્તિ કોઈ પણ વસ્તુને સમગ્ર સ્વરૂપે જુએ છે. પછી જ વ્યક્તિની દૃષ્ટિ તેના જુદા જુદા ભાગો પર પડે છે. આમ, સમગ્ર વધુ અર્થપૂર્ણ છે.

# અધ્યયન – અધ્યાપન પ્રયુક્તિઓ

### અધ્યાપન પદ્ધતિઓ

– શિક્ષક વર્ગખંડમાંપ્રવચન પદ્ધતિ, જૂથચર્ચાપદ્ધતિ, નિદર્શન પદ્ધતિ, નિરીક્ષણ અભ્યાસ પદ્ધતિ અને પ્રોજેક્ટ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે

### અધ્યાપન પ્રવિધિઓ

– વર્ગખંડમાંશિક્ષણકાર્ય અસરકારક અને કલાત્મક રીતે રજૂ કરી વિદ્યાર્થીઓને પાર ંગત બનાવવામાં આવે તેનેઅધ્યાપન પ્રવિધિઓ કહેછે દા.ત. કથન, વર્ણન, પ્રશ્નોત્તર, પ્રદર્શન, મુલાકાતવગેરે.

### અધ્યાપન પ્રયુક્તિઓ

– કઠપૂતળી, વાર્તા, ગાન, નાટક, એકપાત્રીય અભિનય વગેરે અધ્યાપન પ્રયુક્તિઓકહેછે

### અધ્યાપન પ્રવૃત્તિઓ

– રમતગમત, માટીકામ, ચિત્રકામ, છાપકામ, હસ્તકલાઓ, ભરતગૂંથણ વગેરે અધ્યાપન પ્રવૃત્તિઓ છે

# વિવિધ પ્રયુક્તિઓ

### અધ્યયન પ્રવૃત્તિઓ

– અધ્યયન–અધ્યાપન દરમિયાન અધ્યેતાઅધ્યાપન કરવા નીચેમુજબનીપ્રવૃત્તિઓનોઉપયોગ કરે છે

### ગૃહકાર્ય

– વિદ્યાર્થીની ઉંમર મુજબગૃહકાર્યઆપવું
– શૈક્ષણિકહેતુઓનીસિદ્ધિ માટે ગૃહકાર્યઆપવું
– વિવિધતાવાળુગૃહકાર્યઆપવું
– નિયમિત રીતેગૃહકાર્યતપાસવું

### પૂરક વાચન

– પૂરક વાચન માટે વિદ્યાર્થીઓ પાસે પુસ્તકાલયોનો યોગ્ય ઉપયોગ કરાવવો જોઈએ.
– વિદ્યાર્થીઓને વિવિધ પુસ્તકોનો પરીચય કરાવવો જોઈએ.
– વર્ગમાંવાંચનપ્રવૃત્તિઓકરાવવી.
– પુસ્તકપ્રદર્શનયોજવું

# અધ્યાપન પ્રવૃત્તિઓ

### (1) નાટ્યીકરણ – પાત્ર અભિનય પ્રયુક્તિ:

ભાષા અને પર્યાવરણ જેવા વિષયના અમુક એકમ નાટ્યસ્વરૂપેરજૂથઈ શકે તેવાહોય છે આવાંએકમોનું નાટ્ય રૂપાંતર કરી વિદ્યાર્થીઓ દ્વારા નાટ્યસ્વરૂપે ભજવવામાંઆવેતો શિક્ષણકાર્યરસપ્રદ થઈ શકે. આ પદ્ધતિમાં ક્યારેક પાત્ર અભિનય કરાવીને પણ શિક્ષણકાર્યનેરસપ્રદ બનાવી શકાય છે

– શિક્ષણ – વિદ્યાર્થી વચ્ચે આત્મીયતા વધે છે. પરસ્પર સહયોગ વધે છે.
– અમૂર્તખ્યાલો સ્પષ્ટ બનેછે
– વિષયવસ્તુસરળતાથી સમજાય છે, જ્ઞાન ચિર ંજીવી બનેછે
– આ પ્રયુક્તિવિષયાભિમુખમાટે પણ ઉપયોગી છે
– આ પ્રયુક્તિવિદ્યાર્થીકેન્દ્રી પ્રયુક્તિછે
ઐતિહાસિક પાત્રો, પર્યાવરણ, ભાષાઓ વગેરે સમજાવવા નાટક ઉપયોગી છે

### (2) વાર્તાકથન:

ગુજરાતી, પર્યાવરણ, ઈતિહાસ વગેરે જેવા વિષયોમાં કેટલાક એકમ વાર્તાકથનની રજૂકરતાંરજૂઆતરસપ્રદ થઈ જાય છે આ પ્રયુક્તિ વાપરતી વખતે વિષયવસ્તુ ગૌણ બની જાય અનેવાર્તામહત્ત્વની બની જાય તેવું થવુંજોઈએ. વાર્તા રસદાયક અને સ્વાભાવિક હોવી જોઈએ.

– બાળકોની કલ્પનાશક્તિ વિકસેછે
– ગમ્મત સાથેજ્ઞાન મળેછે
– ચારિત્ર્ય ઘડતરલક્ષી મૂલ્યો વિકસેછે
– જે તેએકમનુંજ્ઞાન ચિરસ્થાયી બનેછે
– વિદ્યાર્થીઓનેવિષયાભિમુખકરવા માટે ઉપયોગી છે
– ગમ્મત સાથેસમજણ આપેછે
– ચારિત્ર્યના મૂલ્યોનુંસિંચનકરી શકાય છે

### (3) કથન–ચર્ચા:

શિક્ષણના રોજબરોજના વર્ગવ્યવહારમાંકથન –ચર્ચાનો ઉપયોગ સ્વાભાવિક રીતે થતો જોવા મળે છે આ પ્રયુક્તિ વિચારોના આદાનપ્રદાનની પ્રક્રિયા છે નાનાં બાળકો માટે આ પદ્ધતિ ખાસ ઉપયોગી નથી.

– વિદ્યાર્થીઓમાં કલ્પનાશક્તિ, તર્ક શક્તિ, નિર્ણયશક્તિકેળવાય છે
– વિદ્યાર્થીઓમાં પ્રશ્ન પૂછવાની, જવાબ આપવાની, વિચારો કે અભિપ્રાયો આપવાની ક્ષમતા કેળવાય છે
– શિક્ષક – વિદ્યાર્થી અને વિદ્યાર્થી – વિદ્યાર્થી વચ્ચે ચર્ચા થાય છે.
– લાંબો અભ્યાસક્રમ પણ સમયમર્યાદામાંપૂર્ણકરી શકાય છે

### (4) ગાન પ્રયુક્તિ:

સ્વર અનેલય સાથેતાલબદ્ધ ગાન દ્વારા કાવ્ય, ગીત, ભજન, પદ, જોડકણાંવગેરેનુંગાન કરી સંભળાવવામાં આવેતેનેગાન પ્રયુક્તિકહેછે

– સમૂહશિક્ષણ માટે અતિ ઉપયોગી પ્રયુક્તિ છે
– સ્મૃતિ વિકસે છે, જ્ઞાન ચિરંજીવ બને છે

### (5) નિદર્શન પ્રયુક્તિ :

નિદર્શન એટલે દર્શાવવું – બતાવવું. શિક્ષક વિદ્યાર્થીઓને પ્રયોગો, નકશા, ચાર્ટ વગેરે બતાવે છે. આ પ્રયુક્તિને નિદર્શન પ્રયુક્તિ કહે છે. વિદ્યાર્થીઓ અવલોકન કરે છે અને તારણો નોંધે છે. પૂરતી સાધન – સામગ્રી હોય તો જ નિદર્શન શક્ય બને છે.

– વિષયવસ્તુની સંકલ્પના સ્પષ્ટ બને છે
– પ્રત્યક્ષ જોયેલી બાબત લાંબા સમય સુધી યાદ રહે છે
– પ્રયોગલક્ષી અને પ્રવૃત્તિલક્ષી પ્રયુક્તિ છે
– શિક્ષણ પ્રક્રિયા અસરકારક, ઝડપી અને ગુણવત્તાયુક્ત બને છે
– બાળકોની કલ્પનાશક્તિ, જિજ્ઞાસા, સર્જનશક્તિ વગેરે ખીલવી શકાય છે

### (6) કઠપૂતળી વિદ્યા :

કઠપૂતળીમાં અદૃશ્ય રીતે દોરીસંચાર કરીને નાચતી પૂતળી દ્વારા ખેલ બતાવવામાં આવે છે વિષયવસ્તુના કેટલાક એકમોને કઠપૂતળીના માધ્યમથી અભિનય અને સંગીત સાથે રજૂ કરવાથી શિક્ષણ જીવંત અને રસપ્રદ બને છે

– વિદ્યાર્થીના મન પર વિષયવસ્તુની અસરકારકતા સહિત કાયમી છાપ ઊભી થાય છે
– વાસ્તવિક પરિસ્થિતિને પ્રતિબિંબિત કરી શકાય છે
– સમૂહશિક્ષણ થાય છે

### (7) રમત દ્વારા શિક્ષણ :

રમત દ્વારા વિષયશિક્ષણની આ પદ્ધતિમાં બુદ્ધિ, કલ્પના, વિચારની ચતુરાઈ જેવાં કૌશલ્યો વિકસે છે

– વિદ્યાર્થી રમત કે ક્રિયા દ્વારા આનંદ મેળવે છે
– સ્વ–અનુભવે વિવિધ જાણકારી મેળવે છે
– રમત દ્વારા સ્વસ્થતા, આનંદ, શ્રદ્ધા અને આત્મસંતોષ મેળવે છે
– શિક્ષણનું વિષયવસ્તુ સરળતાથી યાદ રહે છે
– કેટલાંક જીવનલક્ષી મૂલ્યોનું ઘડતર થાય છે

### (8) પ્રોજેક્ટ પદ્ધતિ :

આ પદ્ધતિ જહોન ડ્યૂઈએ રજૂ કરેલા 'ક્રિયા દ્વારા શિક્ષણ' અને 'અનુભવ દ્વારા શિક્ષણ'ના સિદ્ધાંત પર રચાયેલ છે આ પદ્ધતિને મૂર્તસ્વરૂપ આપવાનું કામ વિલિયમ કિલપેટ્રિકે કર્યું ડૉ જે. એ. સ્ટીવન્સને પણ આ પદ્ધતિના વિકાસમાં ફાળો આપ્યો છે

### પ્રોજેક્ટ પદ્ધતિનાં સોપાનો :

(1) પ્રોજેક્ટ માટે યોગ્ય પરિસ્થિતિનું નિર્માણ
(2) પ્રોજેક્ટ પસંદગી
(3) પ્રોજેક્ટ કાર્યનું આયોજન
(4) અમલ
(5) અહેવાલની રજૂઆત
(6) મૂલ્યાંકન

### પ્રોજેક્ટ પદ્ધતિના ફાયદા :

– અધ્યયન સમૃદ્ધ બને છે
– જ્ઞાન ચિરંજીવી બને છે
– શ્રમનું ગૌરવ સચવાય છે
– લોકશાહી જીવનની તાલીમ મળે છે
– સ્વઅધ્યયનની ટેવ વિકસે છે
– શિક્ષક વિદ્યાર્થી વચ્ચે આત્મીય સંબંધો વિકસે છે
– શિક્ષકની પ્રતિભાનું સંક્રમણ સુંદર રીતે થાય છે
– અધ્યયન પ્રક્રિયા રસપ્રદ બને છે
– અધ્યયન અનુબંધવાળું બને છે
– સ્વાવલંબન અને જવાબદારીનું ભાન જેવા ગુણો વિકસે છે
– વ્યક્તિગત તફાવતો સંતોષાય છે
– વિવિધ માનસિક શક્તિ–કૌશલ્યોનો વિકાસ થાય છે
– રૂઢિગ્રસ્ત શિક્ષણ પ્રણાલીમાંથી મુક્તિ મળે છે

### સમસ્યા ઉકેલ પદ્ધતિ :

– સમસ્યા ઉકેલ પદ્ધતિ એ વૈચારિક પ્રક્રિયા છે વૈચારિક પ્રક્રિયાનો ઉદભવ કોઈ વિષય કે મુદ્દા પરની ગૂંચવણ, શંકા કે સમસ્યાથી થાય છે

**સમસ્યા ઉકેલ પદ્ધતિનાં સોપાનો :**

(1) સમસ્યા ઉદભવ
(2) સમસ્યા પૃથક્કરણ
(3) આયોજન
(4) સમસ્યાના સંભવિત ઉકેલ તરફ ગતિ
(5) સમસ્યાનો ઉકેલ અને તેના ખરાપણાની ચકાસણી.

### ગદ્ય શિક્ષણની પદ્ધતિઓ :

(1) કથન પદ્ધતિ

(2) પ્રશ્ન પદ્ધતિ

(3) નાટ્યીકરણ પદ્ધતિ

(4) સ્વાધ્યાય પદ્ધતિ

(5) ચર્ચા પદ્ધતિ

(6) વાર્તા પદ્ધતિ

## પદ્ય શિક્ષણની પદ્ધતિઓ :

(1) ગીત–અભિનય પદ્ધતિ

(2) અર્થબોધ પદ્ધતિ

(3) તુલના પદ્ધતિ

(4) વ્યાખ્યાન પદ્ધતિ

(5) રસાસ્વાદ પદ્ધતિ

(6) સમીક્ષા પદ્ધતિ

## વ્યાકરણ શિક્ષણની પદ્ધતિઓ :

(1) આગમન પદ્ધતિ

(2) નિગમન પદ્ધતિ

(3) અનુબંધ પદ્ધતિ

(4) ભાષાસંસર્ગ પદ્ધતિ

## માઈક્રોટીચિંગ:

– માઈક્રોટીચિંગઅંગેનાખ્યાલનો ઉદભવ સને 1961માં કેલિફોર્નિયામાં સ્ટેનફર્ડ યુનિવર્સિટીમાં થયો હતો. તેના પ્રણેતા ડ્વાઈટ એલન હતા. તેમણે 1963માં માઈક્રોટીચિંગ શબ્દ પ્રયોજ્યો હતો.

– માઈક્રોટીચિંગએ શીખવવાની કોઈ પદ્ધતિ નથી ; પણ કૌશલ્યો પ્રાપ્ત કરવાની એક પ્રવિધિ છે.

– માઈક્રોટીચિંગ પ્રવિધિ દ્વારા શિક્ષક સંવેદનાની સંકલ્પના (અધ્યાપન કૌશલ્યો, વિષયવસ્તુનો મુદ્દો) લઈ માત્ર પાંચ – દસ તાલીમાર્થીઓ સાથે માત્ર પાંચ – સાત મિનિટ માટે શિક્ષણ કાર્ય કરે છે.

– પાઠનુંવિષયવસ્તુનાનું વિદ્યાર્થીઓની સંખ્યાઓછી તથા પાઠ આપવાનો સમય પણ ઓછો, તે માઈક્રોટીચિંગના મહત્ત્વનાં લક્ષણો છે.

## માઈક્રોટીચિંગનાતબક્કા :

(1) શિક્ષણનો તબક્કો

(2) પ્રતિપોષણનો તબક્કો

(3) પુનઃ આયોજનનો તબક્કો

(4) પુનઃ શિક્ષણનો તબક્કો

(5) પુનઃ પ્રતિપોષણનો તબક્કો

– માઈક્રોટીચિંગના પ્રથમ તબક્કામાં મુખ્ય પાંચ બાબતોનો સમાવેશકરવામાંઆવેછે

(1) સૈદ્ધાંતિક સમજ

(2) માઈક્રોપાઠનું નિદર્શન – નિરીક્ષણ

(3) પાઠના નિરીક્ષણ પર ચર્ચા

(4) માઈક્રોપાઠનું આયોજન

(5) માઈક્રોપાઠની રજૂઆત

– વર્ગમાં જુદી – જુદી કક્ષા ધરાવતા વિદ્યાર્થીઓ માટે સૌથી અસરકારક પદ્ધતિ સ્વાધ્યાય પદ્ધતિ છે.

– પાવલોવના અભિસંધાનને 'S' ટાઈપ અભિસંધાન પણ કહે છે.

– પાવલોવ અભિસંધાન માટે અવેજીરૂપ ઉદ્દીપકની હાજરી અનિવાર્ય ગણે છે, જ્યારે સ્કિનર સુદ્દઢકની હાજરી અનિવાર્યગણેછે

# શિક્ષણનુંમનોવિજ્ઞાન

## મનોવિજ્ઞાનની સંકલ્પના:

માનવી પોતાના તેમજ અન્યોના વર્તન – વ્યવહારો વિશેની વૈજ્ઞાનિક સમજ મેળવી શકે છે વર્તમાનનેધ્યાનમાં રાખીને ભૂતકાળ પર દ્દષ્ટિ નાંખી શકે. ભવિષ્ય વિશેવિચારી શકે છે માનવીની માનસિક પ્રક્રિયાઓ, વર્તન–વ્યવહારો, વિચારો – લાગણીઓ, પ્રેરણા, સંઘર્ષો વિશેની સમજ પ્રાપ્ત કરવાનો શાસ્ત્રીય અભ્યાસ એટલે મનોવિજ્ઞાન. આમ, મનોવિજ્ઞાન એ માનવવર્તનને સમજવા માટેનો વૈજ્ઞાનિક અભ્યાસ છે. મનોવિજ્ઞાનના અભ્યાસનું ધ્યેય જીવનની ગુણવત્તા સુધારવાનું પણ છે. આજે મનોવિજ્ઞાનના અભ્યાસમાં વિવિધ વિચારધારાઓ અને દ્દષ્ટિબિંદુઓનો સમાવેશ થયો છે.

## મનોવિજ્ઞાનની વ્યાખ્યા

"મનોવિજ્ઞાન માનવી અને માવેતર પ્રાણીઓના વર્તનનો અભ્યાસ કરતું વિજ્ઞાન છે"
**– સી.ટી.મોર્ગન**

"પર્યાવરણના સંદર્ભમાંમાનવી અને માનવેત્તર પ્રાણીઓના વર્તનનો અભ્યાસ કરતુંવિજ્ઞાન એટલે મનોવિજ્ઞાન. **– જે.બી.વોટસન**

મનોવિજ્ઞાન માનવીની માનસિક અને શારીરિક પ્રવૃત્તિઓનો વૈજ્ઞાનિક અભ્યાસ છે. – **એચ.ઈ.ગેરેટ.**

મનોવિજ્ઞાન વર્તન અને માનસિક પ્રક્રિયાઓનો અભ્યાસ કરતું વિજ્ઞાન છે. – **હિલગાર્ડ, એટકિન્સન અને એટકિન્સન**

ઉપરની વ્યાખ્યાઓ પરથી નીચેનાત્રણ નિષ્કર્ષનીકળે છે

(1) મનોવિજ્ઞાન એક વિજ્ઞાન છે.

(2) મનોવિજ્ઞાન એ વર્તનનું વિજ્ઞાન છે.

(3) મનોવિજ્ઞાન માત્ર માનવીના જ નહીં, પરંતુ માનવેત્તર પ્રાણીઓના વર્તનનો પણ અભ્યાસ કરે છે.

મનોવિજ્ઞાનનો સરળ અર્થ એટલે મનનું વિજ્ઞાન. અંગ્રેજીમાંતેને 'Psychology' કહે છે, જે ગ્રીક શબ્દો 'psyche' અને 'logos' પરથી બનેલો છે.

Psyche એટલે Soul (આત્મા), Mind (મન) અને Self (સ્વ) અને 'logos' એટલે શાસ્ત્ર કે અભ્યાસ.

કોઈ નક્કર પદાર્થ નથી કે મન, આત્મા અને ચેતનાને ઓળખી – જોઈ શકાય. છેવટે, મનોવૈજ્ઞાનિકોએ વર્તનના પાસાને વળગી રહેવાનું ઈષ્ટ માન્યું કારણકે વિવિધ વર્તનમાંજે પ્રગટ થાય છે તે જોઈ શકાય છે, તેને સ્વીકારી પ્રગટ વર્તનનો અભ્યાસ શરૂ થયો :

મનોવિજ્ઞાન એ સજીવ પ્રાણીઓના હેતુલક્ષીવર્તનનું શાસ્ત્ર છે – **મેકડૂગલ**

મનોવિજ્ઞાન એ મનુષ્ય અને પ્રાણીઓના વર્તનનું વિજ્ઞાન છે – **જ્યોર્જ જે. મૌલી**

મનોવિજ્ઞાનમાંમાનવીના વર્તનનેખાસ મહત્ત્વ છે, તેથીતેને science of behaviour કહે છે.

"મનોવિજ્ઞાન એટલે વાતાવરણના સંપર્કમાં થતી વ્યક્તિની પ્રવૃત્તિઓનોવૈજ્ઞાનિકઅભ્યાસ." – **વૂડવર્થ**

"મનોવિજ્ઞાન એ જીવનની કોઈ પણ પરિસ્થિતિના સંદર્ભમાંથતા વર્તનનોઅભ્યાસ છે" – **સ્કિનર**

"મનોવિજ્ઞાન એ વર્તનનુંવૈજ્ઞાનિક સંશોધન છે" – **એલ. એન. મન**

"મનોવિજ્ઞાન માનવ–વર્તન અને માનવ –સંબંધોનું અધ્યયન કરે છે" – **કો અને કો**

## મનોવિજ્ઞાનનો ઉદભવ અને વિકાસ

– ઈ.સ. પૂર્વેથી ઈ.સ. પછીની તરતની સદીઓમાં ગ્રીસ–રોમમાં એરિસ્ટોટલ જેવા તત્ત્વવેત્તાઓએ અને ભારતમાં ચાણક્ય, ભરતમુનિ અને પતંજલિ જેવાં વિદ્વાનોએ માનવવર્તનનો અભ્યાસ કર્યો હતો.

– રૂડાલ્ફે મનોવિજ્ઞાન માટે સૌપ્રથમ Psychology શબ્દનો પ્રયોગ કર્યો. મૂળ શબ્દ Phyche અને Logos એવા બે શબ્દોના જોડાણથી Psychology શબ્દ બન્યો. Psyche એટલે આત્મા અને Logos એટલે વિજ્ઞાન.

– Psychology એટલે આત્માનો અભ્યાસ કરતું વિજ્ઞાન.

– Psycheનો અર્થ 'મન' પણ થાય છે. તેથી મનોવિજ્ઞાનને 'મનનું વિજ્ઞાન' પણ કહે છે.

– વેબર, ફેકનર, મ્યુલર, હેલ્મહોલ્ટ્ઝ વગેરેએ શરૂઆતના મનોવિજ્ઞાનના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

– ઓગણીસમી સદીમાં રચનાવાદી મનોવૈજ્ઞાનિક વિલ્હેમ વુન્ટે મનોવિજ્ઞાનને 'ચેતન અનુભવો' એટલેકે મનની અંદર સભાનપણે અનુભવાતા મનોવ્યાપારોનો અભ્યાસ કરતું વિજ્ઞાન ગણાવ્યું.

– વર્તનવાદી વોટસને મનોવિજ્ઞાનને 'ફક્ત વર્તનનો જ' અભ્યાસ કરતું વિજ્ઞાન ગણાવ્યું.

## શૈક્ષણિકમનોવિજ્ઞાન

શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં બાળકના વર્તનનો અભ્યાસ શૈક્ષણિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કરવામાંઆવેછે શીખવવાની પ્રક્રિયા પર અસર કરતાં પરિબળો, એના પર થતી આનુંવંશિકતા અને વાતાવરણની અસરો, પરિપકવતા અને શિક્ષણ વચ્ચેના સંબંધો સ્મૃતિ અને વિસ્મૃતિ, અસરકારક અધ્યયન પદ્ધતિઓ વગેરેનો અભ્યાસ આ શાખામાં કરવામાંઆવે છે શિક્ષણ સાથે મનોવિજ્ઞાનનો સંબંધ સ્થાપિત કરવાનો યશ પેસ્ટોલોજીનેજાય છે તેમને શૈક્ષણિક "મનોવિજ્ઞાનના પિતા" ગણવામાંઆવે છે શિક્ષણમાં મનોવિજ્ઞાનનો ઉપયોગ જયારથી શરૂ થયો ત્યારથી બાળકેન્દ્રી શિક્ષણનો પ્રારંભ થયો ગણાય. પેસ્ટોલોજી માનતા કે જેટલે અંશે શિક્ષણનું મનોવિજ્ઞાનીકરણ થાય તેટલેઅંશેશિક્ષણમાંસફળતા મળે તેથીજ તેમણેકહ્યું કે, 'હું શિક્ષણમાંમનોવિજ્ઞાન પ્રયોજીશ.'

શિક્ષણ એ આજન્મ ચાલનારી પ્રક્રિયા છે, અનુભવ કે તાલીમના આધારે વર્તનમાં થતું પરિવર્તન

છે વર્તનપ્રગતિશીલ અનુકૂલન પ્રાપ્ત કરવાની પ્રક્રિયા છે અને વ્યકિતના કાર્યોમાં – વર્તન – વ્યવહાર પરિવર્તન જોવા મળે છે, જેના દ્વારા વ્યકિત ધ્યેય પ્રાપ્ત કરી શકે છે. આમ શિક્ષણ એ જીવન પર્યન્ત ચાલનારી પ્રક્રિયા છે.

Education is a life Long Process. – John Daisy

Education નો શાબ્દિક અર્થ –

| | | |
|---|---|---|
| Education | = | to Train (તાલીમબદ્ધ કરવું) |
| Educere | = | to lead out (અંદર પડેલાને બહાર કાઢવું) |
| Educare | = | to bring out (બહાર લાવવું) |
| E + duco | = | bring up (અંદરથી વિકસિત કરવું) |

**"માણસનાં શરીર, મન, આત્મામાં જે કંઈ શ્રેષ્ઠ છે તે બધું બહાર લાવવું એટલે શિક્ષણ."** **– ગાંધીજી**

## શૈક્ષણિક મનોવિજ્ઞાનનું સ્વરૂપ :

(1) માનવવર્તન એ શૈક્ષણિક મનોવિજ્ઞાનનું કેન્દ્ર છે.

(2) શૈક્ષણિક મનોવિજ્ઞાન શીખવાની પ્રક્રિયાને વધુ મહત્ત્વ આપે છે.

(3) શૈક્ષણિક મનોવિજ્ઞાન સંશોધન અને નિરીક્ષણ વડે મેળવેલાં તથ્યોનું સંકલન કરે છે.

(4) અધ્યાપન મનોવિજ્ઞાનમાં પ્રાપ્ત થતાં તથ્યોને તપાસીને સૈદ્ધાંતિક રૂપ આપવામાં આવે છે.

(5) વર્ગખંડની સમસ્યાઓ સમજવાનું અને તેનો ઉકેલ મેળવવાનું શાસ્ત્ર છે.

**શૈક્ષણિક મનોવિજ્ઞાન નીચેના મુદ્દાઓનો અભ્યાસ કરે છે :**

(1) શિક્ષક – વિદ્યાર્થી વચ્ચેનો વર્ગ–વ્યવહાર અને આંતરવ્યવહાર

(2) વર્ગખંડનું પર્યાવરણ.

(3) સમાજ, ઘર, શાળા અને મિત્રવર્તુળની વિદ્યાર્થીના વિકાસ પર થતી અસરો.

(4) માનસિક શકિતઓની ઓળખ અને માપન.

(5) તેજસ્વી અને મંદબુદ્ધિ ધરાવતાં બાળકોનું શિક્ષણ.

(6) નિદાનાત્મક અને ઉપચારાત્મક શિક્ષણ.

(7) અધ્યયન પ્રક્રિયાને ગતિશીલ બનાવવાના ઉપાયો.

(8) વિદ્યાર્થીવર્તનની સમસ્યાઓ સમજવી અને તેનો ઉકેલ લાવવો.

(9) બાળકોની સર્જનાત્મકશકિત ખીલવવી.

**શિક્ષકે શા માટે મનોવિજ્ઞાનનું જ્ઞાન મેળવવું જોઈએ. ?**

શીખનાર (learner)ને ઓળખવા, શીખવાની પ્રક્રિયાને સમજવા (How to learn ?) અને વર્ગખંડની સમગ્ર ભૂમિકાને સમજવા માટે મનોવિજ્ઞાનનું જ્ઞાન શિક્ષક માટે અનિવાર્ય અને ઉપયોગી છે. નીચેનાં ક્ષેત્રોમાં મનોવિજ્ઞાનનું જ્ઞાન શિક્ષક માટે આશીર્વાદરૂપ બને છે.

**(1) વિદ્યાર્થી કેન્દ્રી શિક્ષણ :**

મનોવિજ્ઞાનનું જ્ઞાન શિક્ષકને એ હકીકતનો નિર્દેશ કરે છે કે અધ્યયન પ્રક્રિયામાં અધ્યેતા (વિદ્યાર્થી) કેન્દ્રસ્થાને છે માત્ર માહિતી આપવાથી ભણતરનું કાર્ય પૂર્ણ થતું નથી. વિદ્યાર્થીને – શીખનારને સમજવાનો છે. તેની મૂળભૂત જરૂરિયાતો, સમાજની જરૂરિયાતો, અધ્યેતાની બૌદ્ધિક, સામાજિક સાંવેગિક પરિસ્થિતિ પ્રમાણે શિક્ષક શિક્ષણપદ્ધતિમાં ફેરફાર કરી શકે છે.

**(2) વિદ્યાર્થીઓના તફાવતો ધ્યાનમાં લેવા :**

અભ્યાસાર્થે આવતાં તમામ બાળકો સમાન હોતાં નથી. બધાંજ વય, બુદ્ધિ શીખવાની યોગ્યતા, ઝડપ, રસ, મનોવલણ વગેરેમાં ભિન્ન હોય ત્યારે વ્યકિતગત ભિન્નતાને ઓળખી શૈક્ષણિક કાર્ય કરવું જોઈએ.

**(3) શિક્ષણ પદ્ધતિઓની પસંદગી:**

વિષય, અભ્યાસક્રમમાં આપેલી ક્ષમતાઓ, વિદ્યાર્થીની ક્ષમતા, વય, વર્ગખંડનું વાતાવરણ ધ્યાનમાં રાખી વિદ્યાર્થી પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન મેળવે એવી શૈક્ષણિક પદ્ધતિઓની પસંદગીનું જ્ઞાન શિક્ષકને શૈક્ષણિક મનોવિજ્ઞાન દ્વારા થાય છે

**(4) અભ્યાસક્રમનું આયોજન :**

વિદ્યાર્થીઓના વ્યક્તિગત તફાવતો, જરૂરિયાતો, રાષ્ટ્રની અને વ્યકિતગત શકિતઓ અને મર્યાદાઓ વચ્ચે સંતુલન જાળવી શિક્ષણકાર્ય, અભ્યાસક્રમનું આયોજન, વર્ગખંડ અને વર્ગખંડ બહારની પ્રવૃત્તિ, તાસ આયોજન, એકમ આયોજન, વાર્ષિક આયોજન વગેરે માટે શિક્ષકને શૈક્ષણિક મનોવિજ્ઞાન માર્ગદર્શન પૂરું પાડે છે

**(5) શીખવાની પ્રક્રિયાની સમજ :**

બાળક કેવી રીતે, કયારે, કેટલું અને કેવું શીખે છે, તેની સમજ પણ મનોવિજ્ઞાન દ્વારા પ્રાપ્ત થાય છે

**(6) માનવસંબંધોના વિકાસનું વિજ્ઞાન :**

શિક્ષણ એ જીવંત અને વ્યક્તિઓ સાથેના આદાનપ્રદાનની નીપજ છે માતા –પિતા, શિક્ષક, મિત્રો, વચ્ચેના માનવીય સંબંધોસમજવામાં અને વિકસાવવામાં શૈક્ષણિક મનોવિજ્ઞાન શિક્ષકને યોગ્ય ભૂમિકાપૂરીપાડેછે

**(7) વિશિષ્ટ પ્રકારના વિદ્યાર્થીઓની ઓળખ :**

વર્ગખંડમાંસામાન્ય, મંદબુદ્ધિ તેજસ્વી, તોફાની, અલિપ્ત, સમસ્યારૂપ એવા અનેક પ્રકારના વિદ્યાર્થીઓ હોય છે. આ વિવિક પ્રકારના વિદ્યાર્થીઓની સાચી ઓળખ મેળવવી અને યોગ્ય રીતે અભ્યાસ માટે પ્રેરવા અને એમની સમસ્યાઓ સમજીને યોગ્ય ઉકેલ શોધવામાં શૈક્ષણિક મનોવિજ્ઞાન ઉપયોગી છે.

**(8) માનવીય વિકાસ તબક્કાની સમજ :**

વિદ્યાર્થીઓ સતત શીખે છે, વિકસે છે વિકાસના વિવિધ તબક્કે થતા માનસિક, શારીરિક, સામાજિક, સાંવેગિકવિકાસમાં થતા ફેરફારોની જાણ માટે શૈક્ષણિકમનોવિજ્ઞાન શિક્ષકનેઉપયોગી છે

**(9) અનુકૂલન અને શિસ્ત :**

વિદ્યાર્થી પક્ષે જ્યારે અશિસ્તના પ્રશ્નો ઊભા થાય ત્યારે એને સાચી સલાહ અને માર્ગદર્શનતેમજ મનોવૈજ્ઞાનિક સારવાર આપી અનુકૂલન સાધવામાંતેને મદદરૂપ થવાનુંકાર્ય વિચારણા માંગી લે છે શિક્ષકને અવાર–નવાર આ પરિસ્થિતિનો સામનો કરવાનો થાય છે; જેમાં મનોવિજ્ઞાનનો અભ્યાસુ શિક્ષક સફળતા મેળવે છે.

**(10) માપન અને મૂલ્યાંકન :**

હાલના સમયમાં વિદ્યાર્થીના સતત અને સર્વગ્રાહીમૂલ્યાંકનપર ભાર મૂકાયો છે વિદ્યાર્થી જે કંઈ શીખેએ બધુંપાર ંગતતાની કક્ષાએ જ શીખેએ અભિગમ પર ભાર મૂકવામાંઆવે છે ; ત્યારે શિક્ષકે વિવિધ – પ્રકારની કસોટીઓનું અર્થઘટન કઈ રીતે કરવું ? મૂલ્યાંકનનો હેતુ શો છે ? કયા પ્રકારની કસોટીઓ લેવી ? નિદાન અને ઉપચારની વિવિધ પ્રયુક્તિઓનો કેવી રીતે વિનિયોગ કરવો ? જેવા અનેક પ્રશ્નોનો ઉકેલ મનોવિજ્ઞાન આપે છે.

**(11) સ્વઓળખ :**

શિક્ષકના વ્યક્તિત્વનાંપણ આગવાંપાસાંછે પોતાની અંગત સમસ્યાઓ, ખૂબીઓ – ખામીઓ હોય છે આ બધાની અસર શિક્ષણકાર્યપર ન પડેતેઅંગે સભાન રહેવુંજરૂરી છે પોતાની શક્તિ –મર્યાદાને ઓળખી હકારાત્મક પાસાંઓનો વિકાસ અને નબળાં પાસાંઓનુંનિર્મૂલન પોતાની ક્ષમતા અનેઆવડતનો મહત્તમ ઉપયોગ કરી શિક્ષણકાર્યનેસમૃદ્ધકરવામાંએક શિક્ષકનેડગલેનેપગલેમાર્ગદર્શકબનેછે

1. શૈક્ષણિક મનોવિજ્ઞાન એ વિજ્ઞાન છે.
2. શૈક્ષણિક મનોવિજ્ઞાન મનોવિજ્ઞાનના સામાન્ય સિદ્ધાંતોનો શિક્ષણમાં વિનિયોગ કરનારું શાસ્ત્ર છે.
3. શૈક્ષણિક મનોવિજ્ઞાનનું સ્વરૂપ વ્યાવહારિક છે.
4. શૈક્ષણિક મનોવિજ્ઞાન પ્રયોગાત્મક છે.
5. શૈક્ષણિક મનોવિજ્ઞાન અન્વેષણાત્મક છે.

## મનોવિજ્ઞાનની વિચારધારાઓ

### (૧) રચનાવાદ

– તેના વિકાસમાં વિલ્હેમ વુન્ટ અને એડવર્ડ ટિત્શેનરનો ફાળો નોંધપાત્ર છે.

– તેઓએ આંતરનિરીક્ષણ પદ્ધતિ અપનાવી હતી.

### (૨) કાર્યવાદ

– રચનાવાદની સમાંતરે તેના વિરોધમાં કાર્યવાદ વિકસ્યો.

– તેમાં વિલિયમ જેમ્સ, જહોન ડ્યૂઈ, એન્જલ અને કારનો મહત્ત્વનો ફાળો છે.

– તેમાં ચેતનાના ઘટકોનું પૃથક્કરણ કરવાને બદલે ચેતનાનાં કાર્યોનો અભ્યાસ કરવા ઉપર ભાર મૂકાયો.

### (૩) વર્તનવાદ

– અમેરિકાના જે.બી.વોટસનેવર્તનવાદનો વિકાસ કર્યો હતો.

– વર્તનના અભ્યાસ માટે વોટસને ‘બાહ્ય નિરીક્ષણ’ અને પ્રયોગની પદ્ધતિ સૂચવી.

– વર્તનવાદના વિકાસમાં એડવીન ગ્રથી, ઈ.સી.ટોલમેન, બી.એફ.સ્કીનર વગેરે નવા વર્તનવાદીનોફાળો મહત્ત્વનો છે.

### (૪) સમષ્ટિવાદ

– 1912માં જર્મનીમાં આ વાદ વિકસ્યો હતો.

– મેક્સ વર્ધાઈમર, કોફકા, કોહલરની ત્રિપુટીએ ફી–ફિનામિનન તરીકે જાણીતો પ્રયોગ કર્યો હતો.

–સમષ્ટિવાદ વર્તનને અને મનોવ્યાપારોને અવિભાજ્ય એકમ ગણે છે.

– રચનાવાદ અનેવર્તનવાદનો સમષ્ટિવાદ વિરોધ કરે છે.

### (૫) મનોવિશ્લેષણવાદ

– મનોવિશ્લેષણવાદનો જન્મ વિયેનામાં થયો.

– મનોવિશ્લેષણવાદના પ્રણેતા ડૉ. સિગ્મંડ ફ્રોઈડ છે.

– તેમણે અચેતન મનનો ખ્યાલ આપ્યો હતો.

– તેમણે માનસિક સમસ્યા ધરાવતા દર્દીઓની સારવાર માટે સ્વપ્ન વિશ્લેષણ અને મુક્ત સાહચર્ય પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.
– તેઓએ 'વ્યક્તિત્વનો સિદ્ધાંત' આપ્યો હતો.
– સામાન્ય માનવીના વ્યક્તિત્વના ઘટકોની ઊંડાણથી સમજૂતી આપીને મનોવિજ્ઞાનમાં મહત્ત્વનું પ્રદાન કર્યું હતું.

# મનોવિજ્ઞાનનો ઈતિહાસ

| પ્રદાન આપનારનું નામ | સમયગાળો | પ્રદાનનું ક્ષેત્ર |
|---|---|---|
| પ્લેટો | ઈ.સ. પૂ. 427 થી 347 | તત્ત્વજ્ઞાન |
| એરિસ્ટોટલ | ઈ.સ. પૂ. 384 થી 322 | તત્ત્વજ્ઞાન–સાહચર્યના સિદ્ધાંતો |
| મ્યુલર | 1801 થી 1858 | મનોભૌતિકશાસ્ત્ર |
| અર્નસ્ટ વેબર | 1795 થી 1878 | મન–શરીરના સંબંધ અંગેના પ્રયોગો અને સિદ્ધાંતો |
| ગુસ્તાવ ફેકનર | 1801 થી 1887 | મન–શરીરના સંબંધ અંગેના પ્રયોગો અને સિદ્ધાંતો |
| હેલ્મ હોલ્ત્ઝ | 1821 થી 1894 | મન–શરીરના સંબંધ અંગેના પ્રયોગો અને સિદ્ધાંતો |
| વોલ્ટર કેનન | 1871 થી 1945 | મન–શરીરના સંબંધ અંગેના પ્રયોગો અને સિદ્ધાંતો |
| વિલ્હેમ વુન્ટ | 1832 થી 1920 | મનોવિજ્ઞાનની સૌપ્રથમ પ્રયોગશાળા સ્થાપી |
| એડવર્ડ ટિત્શેનર | 1859 થી 1952 | રચનાવાદ – અસ્તિત્વવાદ |
| વિલિયમ જેમ્સ | 1832 થી 1920 | કાર્યવાદ |
| જહોન ડ્યૂઈ | 1859 થી 1952 | કાર્યવાદ |
| જે.બી.વોટસન | 1878 થી 1958 | વર્તનવાદ |
| સિગ્મંડ ફ્રોઈડ | 1856 થી 1939 | મનોવિશ્લેષણવાદ |
| આલ્ફ્રેડ એડલર | 1870 થી 1937 | મનોવિશ્લેષણવાદ |
| કાર્લ યુંગ | 1875 થી 1962 | મનોવિશ્લેષણવાદ |
| આઈ.પી. પાવલોવ | 1849 થી 1936 | શિક્ષણક્ષેત્રે શાસ્ત્રીય અભિસંધાન |
| બી.એફ.સ્કીનર અબિંગહોસ | 1850 થી 1909 | સ્મૃતિ અંગેના પ્રયોગો |

## ભારતમાં આધુનિક મનોવિજ્ઞાનનો વિકાસ

– ભારતમાંમનોવિજ્ઞાનનેવિષય તરીકે અભ્યાસક્રમમાં સૌપ્રથમ સામેલ કરવાનું શ્રેય કોલકાતા યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન વિભાગને જાય છે.
– ૧૯૦૫માં બ્રોજેન્દ્રનાથ સીલ દ્વારા મનોવિજ્ઞાનની પ્રથમ પ્રયોગશાળાની સ્થાપના કોલકાતા યુનિવર્સિટી ખાતે થઈ.
– ડૉ. સિગ્મંડ ફ્રોઈડના મનોવિશ્લેષણવાદથી પ્રભાવિત શેખર બોઝને ભારતની મનોવિજ્ઞાન વિષયમાં સૌપ્રથમ પીએચ.ડી.ની પદવી આપવામાં આવી.
– આગવી પ્રતિભા ધરાવનાર ગુજરાતી ડૉ. ધીરેન્દ્ર મહેતાએ જર્મનીમાં ડૉ. ફ્રોઈડના માર્ગદર્શન નીચે તાલીમ લીધી હતી.

# મનોવિજ્ઞાનની વિચારધારાઓ

| સંપ્રદાય | સંપ્રદાયની માન્યતા અને પદ્ધતિ | પ્રદાન આપનાર વિજ્ઞાની |
|---|---|---|
| રચનાવાદ | ચેતનાનો ઘટકલક્ષી અભ્યાસ આંતરનિરીક્ષણ પદ્ધતિ | વિલ્હેમ વુન્ટ (1832-1920) |
| કાર્યવાદ | ચેતના દ્વારા થતાં વિવિધ કાર્યો અને વાતાવરણ સાથેની આંતરક્રિયા | વિલિયમ જેમ્સ (1842-1910) |
| વર્તનવાદ | પ્રગટ વર્તનનો જ અભ્યાસ, બાહ્ય નિરીક્ષણ અને પ્રયોગ પદ્ધતિ | જે.બી.વોટસન (1878-1958) |
| સમષ્ટિવાદ | ઘટકોનો નહીં પરંતુ સમગ્રનો અભ્યાસ | મેક્સ વર્દીમર (1880-1943) |
| મનો વિશ્લેષણ વાદ | અર્ધચેતન અને અચેતન મનનું મહત્ત્વ બાળપણના અનુભવોની સમગ્ર પુખ્ત વ્યક્તિ પર અસરનું નિરીક્ષણ, સ્વપ્ન વિશ્લેષણ, મુક્ત સાહચર્ય | સિગ્મંડ ફ્રોઈડ (1856-1939) |

# આધુનિક મનોવિજ્ઞાનની ઐતિહાસિક તવારીખો

| | |
|---|---|
| 1857 | વિલિયમ જેમ્સે મનોવિજ્ઞાનનો સૌપ્રથમ અભ્યાસ કર્યો. |
| 1878 | અમેરિકાની મનોવિજ્ઞાનની પ્રથમ |

| | |
|---|---|
| | પી.એચ.ડી. ની પદવી એનાયત થઈ. |
| 1879 | મનોવિજ્ઞાનની સૌપ્રથમ પ્રયોગશાળા લાઈપઝિંગ યુનિવર્સિટીમાં વિલ્હેમ વુન્ટ દ્વારા સ્થાપવામાં આવી. |
| 1883 | અમેરિકાની સૌપ્રથમ મનોવિજ્ઞાનની પ્રયોગશાળા જ્હોન હોપકિન્સ યુનિવર્સિટીમાં સ્થપાઈ. |
| 1885 | એબિંગહોસે 'સ્મૃતિ' પર પુસ્તક પ્રકાશિત કર્યું. |
| 1886 | જ્હોન ડ્યુઈએ સર્વપ્રથમ મનોવિજ્ઞાનમાં અમેરિકન પાઠ્યપુસ્તક બહાર પાડ્યું. |
| 1890 | વિલિયમ જેમ્સે 'મનોવિજ્ઞાનના સિદ્ધાંતો' નામનું પુસ્તક પ્રગટ કર્યું. |
| 1900 | સિગ્મંડ ફ્રોઈડનું 'સ્વપ્ન અર્થઘટન' પર પુસ્તક પ્રકાશિત થયું. |
| 1903 | વડોદરા રાજ્યના મહારાજા સયાજીરાવે વડોદરામાં માનસિક રોગોની હોસ્પિટલ શરૂ કરાવી. |
| 1906 | કોલકાતા યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન વિભાગમાં મનોવિજ્ઞાનની ભારતની સૌપ્રથમ પ્રયોગશાળા શરૂ થઈ. |
| 1912 | 1863 થી અમદાવાદમાં મેન્ટલ એસાયલમ તરીકે શરૂ થયેલ સંસ્થાનેબ્રિટિશ કાઉન્સિલે મેન્ટલ હોસ્પિટલનો દરજ્જો આપ્યો. |
| 1912 | મેક્સ વર્ધીમરે સમષ્ટીવાદી અભિગમ આપ્યો. |
| 1913 | જ્હોન વોટસને 'વર્તનવાદ' રજૂ કર્યો. |
| 1916 | કોલકાતા યુનિવર્સિટી ખાતે ભારતનો સૌપ્રથમ મનોવિજ્ઞાન વિભાગ શરૂ થયો. |
| 1922 | મનોવિજ્ઞાનને ભારતીય વિજ્ઞાન પરિષદમાં સ્થાન મળ્યું. |
| 1924 | ભારતીય મનોવિજ્ઞાન મંડળની સ્થાપના થઈ. |
| 1935 | વડોદરાની મ.સ. યુનિવર્સિટીમાં શિક્ષણ અને મનોવિજ્ઞાનનો સ્વતંત્ર વિભાગ શરૂ થયો. |
| 1940 | કોલકાતામાં 'લ્યુબિની પાર્ક મેન્ટલ હોસ્પિટલ'ની સ્થાપના થઈ. |
| 1945 | ભારતીય સંરક્ષણ ક્ષેત્રે મનોવિજ્ઞાન શાખાની સ્થાપના દ્વારા સંરક્ષણમાં મનોવિજ્ઞાનનો ઉપયોગ શરૂ થયો. |
| 1951 | અમદાવાદમાં મનોદુર્બળ બાળકોની વૈજ્ઞાનિક રીતે સારસંભાળ લેતી બી.એમ.ઈન્સ્ટિટ્યૂટની સ્થપના થઈ. |
| 1955 | બેંગ્લોર ખાતે માનસિક સ્વાસ્થ્ય અને ચેતાવિજ્ઞાનની રાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના થઈ. |
| 1957 | મનોવિજ્ઞાનનું પ્રથમ નોબેલ પારિતોષિક હેબેટ સિમોનને એનાયત કરાયું. |
| 1962 | રાંચી ખાતે માનસિક રોગોની હોસ્પિટલ શરૂ થઈ. |
| 1972 | પ્રથમ ભારતીય સર્વેક્ષણ દ્વારા હાથ ધરાયેલ સંશોધન પ્રકાશિત થયું. |

## ગુજરાતમાં માનસિક સ્વાસ્થ્ય અને મનોવિજ્ઞાન

– મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં વિશેષ ખેડાણ થયા પહેલાં ૬–૧–૧૮૬૩ના રોજ મેજર જનરલ ડૉ. પી.પીરે લે અમદાવાદમાં સૌપ્રથમ મેન્ટલ એસાઈલમની શરૂઆત કરી.

– ૧૯૧૨માં આ મેન્ટલ એસાઈલમને બ્રિટિશ કાઉન્સિલે મેન્ટલ હોસ્પિટલ તરીકે નો દરજ્જો આપ્યો.

– ગુજરાત સરકાર દ્વારા જુલાઈ ૧૯૮૨માં આ હોસ્પિટલને 'માનસિક આરોગ્યની હોસ્પિટલ' નામ આપવામાં આવ્યું.

– ગુજરાતના વડોદરા શહેરમાં ૧૯૦૩માં મહારાજા સયાજીરાવ ગાયકવાડે મેન્ટલ હોસ્પિટલ શરૂ કરાવી.

– ગુજરાતના વડોદરા શહેરમાં ૧૯૩૫માં શિક્ષણ અને મનોવિજ્ઞાનની વિદ્યાશાખા શરૂ થઈ.

– નવસારીમાં આવેલ ગાર્ડી કોલેજને ગુજરાત યુનિવર્સિટીમાં સૌપ્રથમ ૧૯૫૨માં મનોવિજ્ઞાનનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું જાય છે

– અમદાવાદ ખાતે ૧૯૫૪માં ગુજરાત યુનિવર્સિટીમાં મનોવિજ્ઞાન વિભાગ શરૂ થયો.

## મનોવિજ્ઞાનમાં માનવવર્તનને સમજવાના અભિગમો

1. **જૈવ અભિગમ** –
2. **વાર્તનિક અભિગમ** –
3. **મનોગત્યાત્મક અભિગમ** –
4. **જ્ઞાનાત્મક અભિગમ**
5. **માનવીય અભિગમ** –

**6. સામાજિક – સંસ્કૃતિક અભિગમ –**

## મનોવિજ્ઞાનના વર્તનની અભ્યાસ પદ્ધતિઓ

– નિરીક્ષણ પદ્ધતિ
– પ્રયોગ પદ્ધતિ
– દીર્ઘકાલીન અને સમકાલીન અભ્યાસો
– વ્યક્તિ અભ્યાસ પદ્ધતિ

## મનોવૈજ્ઞાનિક કસોટીઓ

– ફ્રાન્સમાં આલ્ફ્રેડ બિને નામના મનોવૈજ્ઞાનિકે ડૉ. સાઈમનના સહયોગથી સૌપ્રથમ ૧૯૦૫માં બુદ્ધિકસોટીની રચના કરી.

## મનોવિજ્ઞાનમાં કસોટીના પ્રકારો

– બુદ્ધિ કસોટી
– અભિરુચિ કસોટી
– વ્યક્તિત્વ કસોટી
– અભિયોગ્યતા કસોટી
– સિદ્ધિ કસોટી

## વિકાસની વ્યાખ્યા

– સમગ્ર દેહતંત્રમાં થતો ફેરફાર એ વિકાસ છે – **ક્રો અને ક્રો**

– વિકાસ એ ગુણાત્મક ફેરફાર છે પરિપક્વતાના લક્ષ્ય તરફ લઈ જતો ક્રમબદ્ધ, સુસંવાદી અને પ્રગત્યાત્મક ફેરફાર એટલેવિકાસ. – **ઈલિઝાબેથ હરલોક**

## વિકાસની અવસ્થા વિશેનો ભારતીય ખ્યાલ

**1. બ્રહ્મચર્યાશ્રમ –**

– જન્મથી ૨૫ વર્ષનો સમયગાળો બ્રહ્મચર્યાશ્રમ ગણાય છે.

– આ સમયગાળા દરમ્યાન વ્યક્તિએ જ્ઞાન પ્રાપ્ત કરવાનુંઅને આર્થિક ઉપાર્જન અંગેનુંકૌશલ્ય પ્રાપ્ત કરવાનું હોય છે.

**2. ગૃહસ્થાશ્રમ –**

– ૨૬ થી ૫૦ વર્ષનો સમયગાળો ગૃહસ્થાશ્રમ ગણાય છે.

– ગૃહસ્થાશ્રમ દરમ્યાન શિક્ષણ મેળવ્યા બાદ સંસારની જવાબદારી લેવાની હોય છે.

**3. વાનપ્રસ્થાશ્રમ –**

– ૫૧ થી ૭૫ વર્ષનો સમયગાળો વાનપ્રસ્થાશ્રમ ગણાય છે.

– વાનપ્રસ્થાશ્રમ દરમ્યાન વ્યક્તિ માનસિક રીતે સંસારનો ત્યાગ કરે છે

**4. સંન્યસ્તાશ્રમ –**

– ૭૬ વર્ષથી મૃત્યુ સુધીનો સમયગાળો સંન્યસ્તાશ્રમ ગણાય છે.

– સંન્યસ્તાશ્રમ દરમ્યાન વ્યક્તિ પ્રભુની ભક્તિમાં લીન થાય છે.

## બોધાત્મક વિકાસ

– સ્વીસ મનોવૈજ્ઞાનિક જ્યાં પિયાજેએ બોધાત્મક વિકાસનો સિદ્ધાંત આપ્યો છે.

**– બોધાત્મક વિકાસના ચાર તબક્કા :**

(૧) સાંવેદનિક કારક તબક્કો : જન્મથી બે વર્ષ
(૨) પૂર્વ ક્રિયાત્મક તબક્કો : બેથી સાત વર્ષ
(૩) મૂર્ત–ક્રિયાત્મક તબક્કો : સાતથી બાર વર્ષ
(૪) અમૂર્ત–ક્રિયાત્મક તબક્કો : બાર વર્ષથી આગળ

## ધ્યાનની વ્યાખ્યા

– ધ્યાન એટલે ચોક્કસ ઉદ્દીપકની પસંદગી કરી તેના પર એકાગ્ર બનવાની ક્રિયા. – **એચ. ઈ. ગેરેટ**

– ધ્યાન એટલે પસંદગીયુક્ત ઉદ્દીપકો ઉપર માનસિક કેન્દ્રીકરણ કરવું – **જેમ્સ ડ્રેવર**

## પ્રત્યક્ષીકરણની વ્યાખ્યા

– પ્રત્યક્ષીકરણ એવી સંગઠનની પ્રક્રિયા છેજેના દ્વારા આપણે પદાર્થોને તેમના યથોચિત સ્વરૂપમાં વૃક્ષો, મકાનો, યંત્રો, મનુષ્યો તરીકે ઓળખીએ છીએ. – **એચ. ઈ. ગેરેટ**

– પ્રત્યક્ષીકરણ એવી પ્રક્રિયા છે જે દ્વારા આપણે આપણા પર્યાવરણમાંના ઉદ્દીપકોની તરેહોનુંસંગઠન અને અર્થઘટન કરીએ છીએ. – **હિલગાર્ડ, એટકિન્સન અને એટકિન્સન**

## પ્રત્યક્ષીકરણમાં સંગઠનના સિદ્ધાંતો

– ગેસ્ટાલ્ટવાદી વૈજ્ઞાનિકો કોહલર , કોફકા, વર્ધીમરે જણાવ્યુંકે મગજમાં સંપૂર્ણ સંગઠિત પ્રત્યક્ષીકરણ કરવાની શક્તિ રહેલી છે. ગેસ્ટાલ્ટવાદી વૈજ્ઞાનિકોએ પ્રત્યક્ષીકરણના સિદ્ધાંતો આપેલા છે.

**1. સમીપતાનો સિદ્ધાંત –**

– આકાશમાં દેખાતા કેટલાક તારા એકબીજાની નજીક હોવાથી ચોક્કસ સમૂહમાં નક્ષત્ર સ્વરૂપે જોવા મળે છે એ સમીપતાનો સિદ્ધાંત દર્શાવે છે.

**2. સમાનતાનો સિદ્ધાંત –**

સમાન ઉદ્દીપકો પોતાનું જૂથ બનાવે છે. અસમાન ઉદ્દીપકો કરતાં સમાન ઉદ્દીપકો જૂથમાં અનુભવાય છે.

**3. સાતત્યનો સિદ્ધાંત –**

– ઉદ્દીપકો સાતત્યમાં હોય તો પોતાનું જૂથ બનાવે છે. એક હરોળમાં રહેલા ઉદ્દીપકો સંગઠિત થઈ પોતાનો એકમ બનાવે છે. સાતત્યના ગુણના કારણે ઉદ્દીપકનું પ્રત્યક્ષીકરણ સતત અને સમગ્ર વસ્તુના રૂપમાં થાય છે

**4. પૂરકતાનો સિદ્ધાંત –**

પદાર્થો કે ઉદ્દીપકો વચ્ચે થોડી ખાલી કે અધૂરી જગ્યા હોય તો પણ આકૃતિને સંપૂર્ણના રૂપમાં જોવાનું વલણ હોય છે, તેને પૂરકતા કહે છે.

**5. સુંદર આકારનો સિદ્ધાંત –**

– છૂટાછવાયા રહેલા ઉદ્દીપકો જો એક ચોક્કસ સારા આકારમાં સાંકળી શકતાં હોય; તો તે એક આકૃતિ રચે છે.

**6. સમાવેશકતાનો સિદ્ધાંત –**

– નજીક રહેલા ઉદ્દીપકો જુદા–જુદા હોય છતાં પણ એકબીજાનો પોતાનામાં સમાવેશ કરે છે

## પ્રેરણાની વ્યાખ્યા

– પ્રેરણા એ પ્રવૃત્તિને ઉદીપ્ત કરનાર અને તેને પોષનાર કોઈ વિશિષ્ટ આંતરિક તત્ત્વ કે પરિસ્થિતિ છે – **જે. પી. ગીલ્ફર્ડ**

– શારીરિક જરૂરિયાતો, વલણો અને અભિરુચિઓ : આ તમામ પ્રેરણાઓ વ્યક્તિને પ્રવૃત્ત કરવા માટે છે અને અન્ય પ્રવૃત્તિની અપેક્ષાએ અમૂક ચોક્કસ પ્રવૃત્તિની પસંદગી કરવાની દોરવણી આપે છે. – **એચ. ઈ. ગેરેટ**

– પ્રેરણા એટલે આંતરિક જરૂરિયાતમાંથી ઉદભવેલું અને તે જરૂરિયાત સંતુષ્ટ થાય તેવાં લક્ષ્યો તરફ અભિમુખ બનેલું વર્તન. – **સી. ટી. મોર્ગન**

## સિદ્ધિ પ્રેરણા

– મેકલેલેન્ડે સિદ્ધિ પ્રેરણાનો અભ્યાસ કર્યો છે.

– તેનું માપન કરવા માટે ખાસ કરીને પ્રત્યક્ષ અધિજ્ઞાન કસોટી ટી.એ.ટી. (થીમેટિક એપર્સેપ્શન ટેસ્ટ) નો ઉપયોગ થાય છે.

**હતાશા**

– ડોલાર્ડ અને મિલરે આપેલો હતાશા આક્રમકતાનો ખ્યાલ જાણીતો છે.

**સંઘર્ષ**

– કોઈપણ બાબતને પસંદ કરવાનો કે છોડવાનો નિર્ણય કરવામાં તીવ્રપણે અનુભવાતી અનિર્ણાયકતાની સ્થિતિ એટલે સંઘર્ષ.

## સંઘર્ષના ચાર પ્રકારો

1. અભિગમન – અભિગમન સંઘર્ષ
2. પરિહરણ – પરિહરણ સંઘર્ષ
3. અભિગમન – પરિહરણ સંઘર્ષ
4. બેવડો અભિગમન – પરિહરણ સંઘર્ષ

## વ્યગ્રતા

– ફ્રોઈડે વસ્તુલક્ષી વ્યગ્રતા અને માનસિક વ્યગ્રતા વચ્ચેનો તફાવત સમજાવ્યો છે.

## આવેગ

**વ્યાખ્યા**

– આવેગ એટલે ચેતાતંત્રની આત્યંતિક ક્રિયાશીલતા. – **લિન્ડસે**

– આવેગ કે એક ઉત્કટ સુખદ કે દુખદ લાગણી છે કે જે કેટલેક અંશે શરીરની ક્ષુબ્ધાવસ્થામાંથી જન્મે છે

આવેગ એ એક એવો વ્યાપાર છે કે જે વ્યક્તિના ચહેરાના હાવભાવો કે ચેષ્ટાઓ દ્વારા પ્રગટ થાય છે – **સી.ટી.મોર્ગન**

– વિશ્વમાં આજે બુદ્ધિ આંક (IQ – Intelligence Quotient) નો ખ્યાલ પ્રચલિત છે ત્યારે ડેનિલ ગોલમેન અને તેના સાથીદારોએ આવેગાત્મક આંક (EQ – Emotional Quotient) નો ખ્યાલ વિકસાવ્યો છે.

## આવેગ વિશેના મનોવૈજ્ઞાનિકોના સિદ્ધાંત

– જેમ્સ – લેંગનો સિદ્ધાંત

– કેનન – બોર્ડનો સિદ્ધાંત

– સામાન્ય સમજનો સિદ્ધાંત

– જેમ્સ લેંગના સિદ્ધાંત મુજબ પ્રથમ શારીરિક પ્રતિક્રિયા ઉપજે છે અને તેના પરિણામે આવેગ અનુભવ ઉપજે છે

'શારીરિક ફેરફારો એ આવેગનું પરિણામ નહિ, પરંતુ કારણ છે'. – **જેમ્સ–લેંગ**

– **કેનન બોર્ડના** સિદ્ધાંત મુજબ ઉદ્દીપકને જોતાં તેનો સંદેશો મગજમાં પહોંચે છે.

– **સિંગર અને શાખ્તરના** મતે આપણે ચોક્કસ પ્રકારની ઉત્તેજનાઓને જુદા – જુદા નામે ઓળખીએ છીએ.

– **ઈઝાર્ડ** (1977) આનંદ, આશ્ચર્ય, ક્રોધ, ઘૃણા, તિરસ્કાર, ભય, શરમ, અપરાધની લાગણી, રસ અને ઉત્તેજના એવા દસ આવેગો ગણાવ્યા છે.

– **પ્લુટચિક** (1984)ના મતે વર્તનની જુદી – જુદી વિગતો આવેગો સાથે સંકળાયેલી છે.

– **લેઝારસે** આવેગને વાતાવરણ સાથેના ગત્યાત્મક સંબંધમાંસારા કે ખરાબ સમાચાર સામેની મનોશારીરિક પ્રતિક્રિયા તરીકે ઓળખાવ્યા છે

– **ટોમકિન્સે** (1981) તાત્કાલિક અને કુદરતી અસરકારક પ્રતિક્રિયાઓની સાર્થકતા પર ભાર મૂક્યો.

## આવેગ નિયંત્રણના માર્ગો

1. સ્વજાગૃતિ
2. સ્વવ્યવસ્થાપન
3. સામાજિક જાગૃતિ
4. સામાજિક કુશળતા

## વર્ગવ્યવહારઅનેપ્રત્યાયન :

## શિક્ષણ વ્યવહાર :

ક્ષમતાકેન્દ્રી શૈક્ષણિક પ્રક્રિયામાં ક્ષમતાઓ પારંગતતાના સ્તરે સિદ્ધ કરવા માટે વિષયવસ્તુએ તો માત્ર સાધન કે માધ્યમ હોય છે શિક્ષણ – વ્યવહાર દરમિયાન શૈક્ષણિક મનોવિજ્ઞાન, શૈક્ષણિક વ્યવસ્થાપન અને સામાજિક પાસાંઓ પણ શિક્ષકે જાણવા જરૂરી છે. વિદ્યાર્થીના વૃદ્ધિ–વિકાસની પ્રક્રિયા સમજીને શિક્ષણ –વ્યવહારનુંઆયોજન અને અમલ થાય તેમાંઘણી સરળતા રહેછેઅનેસફળતા મળેછે

વિદ્યાર્થીના શિક્ષણ માટે અધ્યયન–અધ્યાપન પ્રક્રિયાને વધુ રસિક અને સરળ બનાવવા તથા કૌશલ્યોનો વિકાસ કરી જીવનમૂલ્યોવિકસાવવા શિક્ષક શાળામાં કે શાળા બહાર વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ યોજે છે, તેતમામનો શિક્ષણ વ્યવહારમાંસમાવેશથાય છે

**વ્યાખ્યા**

– 'વિદ્યાર્થીઓ નિયત સમયમાં વિષયવસ્તુમાંચોક્કસ ક્ષમતાસિદ્ધિ પ્રાપ્ત કરે તેનેશિક્ષક –વિદ્યાર્થી વચ્ચેની અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા કહેવાય'

– શિક્ષણ વ્યવહાર માત્ર વર્ગખંડનીપ્રક્રિયા ન રહેતાં ; તે શાળા, શાળાની બહાર તથા સમાજ અને વાલી પાસેથી જે કંઈ પણ વિદ્યાર્થીઓ શીખે તે સમગ્ર પ્રક્રિયાને આવરી લે છે.

– વર્ગખંડમાંથતી પ્રક્રિયા શિક્ષણ વ્યવહારનો એક ભાગ છે

## વર્ગવ્યવહાર :

– શિક્ષણ–વ્યવહારનો નાનો અંશ કે ભાગ તે વર્ગવ્યવહાર અધ્યયન –અધ્યાપન પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થી અનેશિક્ષક વચ્ચેથતો આંતરવ્યવહાર, તમામ પ્રકારની આદાન–પ્રદાન પ્રક્રિયાનેવર્ગવ્યવહાર કહેછે

– વર્ગખંડમાંત્રણ પ્રકારે આદાન–પ્રદાનની ક્રિયા થાય છે

1. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે થતી આંતરક્રિયા
2. વિદ્યાર્થી – વિદ્યાર્થી વચ્ચે થતી આંતરક્રિયા
3. વિદ્યાર્થી અને ઉદ્દીપકો વચ્ચે થતી આંતરક્રિયા

## શિક્ષક–વિદ્યાર્થી વચ્ચેવર્ગવ્યવહારનાઘટકો

– પ્રો. નેડ ફલેન્ડર્સેનીચે પ્રમાણે વિવિધ શિક્ષક – વિદ્યાર્થી વચ્ચેવર્ગવ્યવહારનાઘટકો દર્શાવ્યાછે

### લાગણીનો સ્વીકાર

– અહીં શિક્ષકે બાળકોની વયકક્ષા મુજબ લાગણીઓ સ્વીકારી તેનીસાથેનમ્ર વ્યવહાર કરવો જોઈએ.

### પ્રયત્ન

– વર્ગખંડમાંશિક્ષકે વિદ્યાર્થીઓના વિવિધ જવાબો કે વિદ્યાર્થીની અધ્યયનમાં સક્રિયતા જોઈને તેને પ્રોત્સાહિત કરવા જોઈએ.

### વિદ્યાર્થીના વિચારો

– વર્ગશિક્ષણ દરમિયાન વિદ્યાર્થી પોતાનો વિચાર રજૂ કરે; ત્યારે તેને શિક્ષક દ્વારા યોગ્ય અનુમોદન આપવું જોઈએ.

### પ્રશ્નો

– વર્ગ શિક્ષણ દરમિયાન શિક્ષકે વિષયવસ્તુને અનુલક્ષીનેવિવિધ પ્રશ્નો પૂછવાજોઈએ.

### પ્રવચનો

– અહીં શિક્ષક સક્રિય રીતે ભાગ લઈ વિષયવસ્તુ

વ્યાખ્યાન દ્વારા સમજાવે છે અને વિદ્યાર્થી નિષ્ક્રિય રહી સાંભળે છે

### ટીકા કરવી

– 'અહીં શિક્ષક નકારાત્મક સુદઢકો દ્વારા વિદ્યાર્થીઓને યોગ્ય દિશા તરફ દોરી જવાનો પ્રયત્ન કરે છે'

### વિદ્યાર્થીના જવાબો

– 'વિદ્યાર્થીએ આપેલા જવાબોને સ્વીકાર કરી શિક્ષક તેને પ્રોત્સાહન પુરૂપાડે છે'

### વિદ્યાર્થીની પહેલ

– વર્ગખંડમાં અધ્યાપન –અધ્યયન દરમિયાન વિદ્યાર્થી વિષયવસ્તુના મુદ્દા અંગે પોતાની સમજણ રજૂ કરે છે

### મૂંઝવણ

– અહીં શિક્ષક વિષયવસ્તુના અધ્યાપન દરમિયાન નવી બાબતો જેવી કે પ્રશ્નો પૂછવા, કઠિન સમીકરણ કરાવતાં પહેલાં અને કોઈ નવો મુદ્દો લેતાં પહેલાં થોડો વિરામ લે તેને મૂંઝવણ કહેવાય કેમ કે, આ સમય દરમિયાન વિદ્યાર્થીને ખબર હોતી નથી કે હવે શિક્ષક શું કરાવશે?

### અસરકારક વર્ગવ્યવહાર માટે શિક્ષકની ભૂમિકા

– વિષયવસ્તુ પર શિક્ષકની પકડ
– વર્ગશિસ્ત બાબતે શિક્ષકની પકડ
– હકારાત્મક સુદઢકો આપવા
– પ્રોત્સાહન આપવું
– વિદ્યાર્થીનું અપમાન ન કરવું
– અધ્યયન–અધ્યાપન દરમિયાન T.L.M., પ્રોજેક્ટ વગેરે સાધનો વાપરવાં.

## શિક્ષણ વ્યવહારની લાક્ષણિકતાઓ :

– ક્ષમતાકેન્દ્રી અને વિદ્યાર્થીકેન્દ્રી હોય.
– અધ્યયન પર વધારે ઝોક–અધ્યાપન તેને પૂરક હોય.
– વિદ્યાર્થીની વયકક્ષા, અભિરુચિ અને વલણને અનુરૂપ હોય.
– શિક્ષક માર્ગદર્શક, પ્રેરક અને પ્રયોજક હોય.
– નિદાન, ઉપચારાત્મક શિક્ષણ તેમજ સમૃદ્ધિકરણ સાથેસાથે થતું હોય.
– ક્ષમતાઓ પારંગતતાના સ્તરે સિદ્ધ થાય તે માટે પ્રયાસો થતા હોય.
– વિદ્યાર્થી કેન્દ્રમાં હોય છે
– ક્ષમતાસિદ્ધિનું સ્થાન મહત્ત્વનું હોય છે
– વિદ્યાર્થીની વય, રસ અને તેના મનોવલણ આધારીત હોય છે
– સમસ્યાનું નિદાન અને ઉપચારાત્મક શિક્ષણ કરવામાં આવે છે
– વિષયવસ્તુની ક્ષમતાઓમાં વિદ્યાર્થીની પારંગતતા માટે પ્રયત્ન કરવામાં આવે છે

## વર્ગવ્યવહાર સંબંધમાં શિક્ષકે લક્ષમાં રાખવાની બાબતો :

– વિષય કે એકમની સંપૂર્ણ પૂર્વતૈયારી કરીને જ વર્ગમાં જવું
– પ્રસન્નચિત્તે અને સસ્મિત મુખે વર્ગવ્યવહાર શરૂ કરવો.
– બાળકોનું અભિવાદન અને લાગણીઓ સપ્રેમ સ્વીકારવી.
– શિક્ષણ કાર્ય માટે જરૂરી સ્વસ્થ વાતાવરણ સ્થાપી શિક્ષણ કાર્ય માટે વિદ્યાર્થીઓને માનસિક રીતે તૈયાર કરવા.
– શિક્ષક – વિદ્યાર્થી વચ્ચેના સંબંધો આત્મીય બનાવવા.
– વિદ્યાર્થીઓને શિક્ષણકાર્યને અંતે સ્વાધ્યાય આપવો, કસોટી લેવી અને તપાસણી કરી શિક્ષણ કાર્ય પુનઃ કરવું
– વિદ્યાર્થીઓ સમક્ષ આયોજન મુજબ જ શિક્ષણકાર્ય કરવું નિરર્થક વાતો કે સ્વપ્રશંસામાં સમય ન બગાડવો.
– શિક્ષકે વર્ગવ્યવહાર દરમિયાન ઓછામાં ઓછું બોલવું અને વિદ્યાર્થીઓને વધારેમાં વધારે બોલવા દેવાં બોલતાં કરવાં, વિદ્યાર્થીઓને વધારે પ્રવૃત્તિઓ આપવી–ચર્ચા કરવી.
– વર્ગમાં શારીરિક શિક્ષાને સ્થાન ન આપવું પરંતુ વિદ્યાર્થીઓ સાથે પ્રેમયુક્ત વર્ગવ્યવહાર કરી મુક્ત અને સ્વયંશિસ્ત ઊભી કરવી.
– વર્ગમાં વિદ્યાર્થીઓની ટીકા કે અપમાન ન કરવું

### જીવન–કૌશલ્યોનો અર્થ:

જીવન–કૌશલ્યો એટલે એવાં કૌશલ્યો/શક્તિઓ/આવડતો કે જે વ્યક્તિને રોજિંદા જીવનના પડકારોને હકારાત્મકતાથી ઝીલવા અને દૈનિક જીવનની જરૂરિયાતોને કુશળતાપૂર્વક પૂર્ણ કરવા માટે સક્ષમ બનાવે છે

– જીવન–કૌશલ્ય એ વ્યક્તિની નિહિત શક્તિ છે, હસ્તગત કરેલ આવડત છે અને ખીલવેલું કૌશલ્ય છે તેના દ્વારા વ્યક્તિ પોતાની જરૂરિયાતો વિના વિઘ્ને સંતોષી શકે છે

## જીવન કૌશલ્યનુંમહત્ત્વ :

– વિદ્યાર્થીઓ પોતાની શારીરિક–માનસિક ક્ષમતાઓનો વધુમાંવધુ ઉપયોગ કરીને વ્યક્તિનો સર્વાંગીવિકાસ સાધી શકે છે

– જીવન–કૌશલ્યો હસ્તગત થતાં જ વ્યક્તિત્વ અને સામર્થ્યનોવિકાસ થાય છેઅનેપરિણામેમાનવજીવન ઉન્નત બનેછે

– વિદ્યાર્થીઓમાં જીવન –કૌશલ્યો વિકસાવવાથી તે જવાબદાર, રક્ષક, કાર્યદક્ષ અને સમાજના વિકાસમાં ફાળો આપતા નાગરિક તરીકે વિકસે છે.

## – WHO (વિશ્વ આરોગ્ય સંસ્થા) એ તારવેલાંમહત્ત્વપૂર્ણકૌશલ્યો નીચેમુજબ છે :

1. સ્વજાગૃતિ
2. સમાનુભૂતિ – પરાનુભૂતિ
3. સમસ્યા ઉકેલ
4. નિર્ણયશક્તિ
5. અસરકારક પ્રત્યાયન
6. આંતરમાનવીય વ્યવહાર
7. સર્જનાત્મક ચિંતન
8. વિવેચનાત્મક ચિંતન
9. સંવેગાનુકૂલન
10. તનાવ અનુકૂલન

**શિક્ષણવ્યવહાર = આયોજન → અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા → મૂલ્યાંકન**

**– વર્ગખંડનીપ્રક્રિયા ત્રિધ્રુવીછે.**

૧. શિક્ષણ
૨. વિદ્યાર્થી
3. શૈક્ષણિકસાધનસામગ્રી

– અધ્યયન એટલેઊંચેજવું

– પારંગતતા સ્તરે ક્ષમતાસિદ્ધિ પ્રાપ્ત કરવા માટે શિક્ષક–વિદ્યાર્થી વચ્ચેનો પારસ્પરિક વ્યવહાર એટલે અધ્યયન – અધ્યાપન પ્રક્રિયા.

**મૂર્ત** – જે વસ્તુ વાત કે ઘટનાનેસ્પર્શી શકાય, જોઈ શકાય કે અનુભવી શકાય તે મૂર્તકહેવાય છે દા.ત. પાણી.

**અમૂર્ત** – વિચાર, સંવેદનકે ભાવ પ્રત્યક્ષ રીતેજોઈ કે સ્પર્શી શકાતાં નથી, પરંતુ માત્ર માનસિક સ્તરે અનુભવીશકાય છે ; તે અમૂર્ત કહેવાય છે. દા.ત. પ્રેમ

**– જે. વેલ્ટનેઅધ્યાપન સૂત્રોનીવ્યાખ્યા આપી છે.**

**– 'પૂર્ણથીખંડતરફ' સૂત્રગેસ્ટાલ્ટનાસમષ્ટિવાદના સિદ્ધાંતપર આધારિત છે.**

**– અધ્યાપન સૂત્રોની વાત સૌપ્રથમ હર્બર્ટસ્પેન્સરે કરી.**

| અધ્યાપન વિષયવસ્તુ | | અધ્યાપન સૂત્ર |
|---|---|---|
| કાવ્ય શિક્ષણ | – | પૂર્ણપરથી ખંડતરફ |
| ક્રમસૂચકસંખ્યા | – | મૂર્તપરથી અમૂર્ત |
| સાદા શબ્દો પરથી જોડાક્ષર | – | સાદા પરથી સંકુલ |
| સરવાળા પરથી ગુણાકાર | – | સરળ પરથી કઠિન |
| ગ્રામપંચાયત પરથી વિધાનસભા | – | જ્ઞાત પરથી અજ્ઞાત |
| વાક્ય પરથી કર્તા, કર્મ, ક્રિયાપદ | – | પૂર્ણપરથી ખંડતરફ |
| શ્વસનક્રિયા | – | પૃથક્કરણ પરથી સંયોગીકરણ |
| વ્યાવહારિક સરવાળા–બાદબાકી | – | પૃથક્કરણ પરથી સંયોગીકરણ |
| ત્રિકોણના ખૂણાના માપનો સરવાળો | – | આગમન–નિગમન |

**અધ્યયન પદ્ધતિ = વિષયવસ્તુ + ભાષાશૈલી + હાવભાવ + શૈક્ષણિક સાધનોનો ઉપયોગ + વિદ્યાર્થીઓનો શાબ્દિક – અશાબ્દિક સહયોગ.**

# મૂલ્યશિક્ષણ

## મૂલ્યનોઅર્થઅનેવિભાવના :

મૂલ્ય એ મૂળભૂત રીતે તત્ત્વજ્ઞાન (Philosophy)નો શબ્દ છે. મૂલ્યનો સંબંધ માનવજીવન સાથે છે. જીવનને વધુ સારું અને સુંદર બનાવવું તેનું અંતિમ લક્ષ્ય છે. મૂલ્ય એક વિચાર છે, સંકલ્પના છે. મૂલ્ય વિશેની સંકલ્પના નીચેની વ્યાખ્યા દ્વારા સ્પષ્ટ થાય છે.

WWW.HIRENSIR.COM

મૂલ્યો એ સામાજિક આંકાક્ષાઓ છે, લક્ષ્યાંકો છે કે જે સામાજિકીકરણની પ્રક્રિયા દ્વારા આત્મસાત થયા પછી તે પસંદગીયુક્ત કદર કરવા યોગ્ય ધોરણોનું સ્વરૂપ ધારણ કરે છે

આપણી ઈચ્છાઓ, આવેગો, આકાંક્ષાઓ, જરૂરિયાતોને તૃપ્ત કરે તે મૂલ્યો છે તે આપણી કામનાઓને તૃપ્ત કરે છે – **બ્રુબેકર**

– મૂલ્યોનો સંબંધ કોઈ બાબતની ઉપયોગિતા, ગુણવત્તા, કિંમત કે મહત્ત્વ સાથે પણ છે, તેથી જ બ્રુબેકર મૂલ્યોને માનવજીવનની ઈચ્છાઓ, આવેગો, જરૂરિયાતો સંતોષનાર એક પરિબળ ગણે છે

– મૂલ્યો મનુષ્ય જીવનને સત્યમ્, શિવમ્, સુંદરમ્ તરફ દોરી જવાનું છે

– જીવનમાં 'શું સારું', શું ખોટું' તેના નિર્ણય તરફ મૂલ્યો માણસને દોરી જાય છે

– મૂલ્ય એ સમય અને સંજોગોના સંદર્ભમાં સાપેક્ષ છે

## મૂલ્યો:

1. સ્વચ્છતા
2. ખેલદિલી
3. રાષ્ટ્રપ્રેમ
4. સહનશીલતા
5. સહભાગીપણુ
6. સમાજસેવા
7. જવાબદાર નાગરિકતા

## અભ્યાસક્રમમાં સમાવિષ્ટ મૂલ્યો:

1. વ્યક્તિગત મૂલ્યો
2. સામાજિક મૂલ્યો
3. રાષ્ટ્રીય મૂલ્યો
4. સંસ્કૃતિક મૂલ્યો
5. આંતરરાષ્ટ્રીય મૂલ્યો
6. નૈતિક મૂલ્યો
7. આધ્યાત્મિક મૂલ્યો
8. આર્થિક મૂલ્યો

## મૂલ્યશિક્ષણ માટે કરવા જેવી પ્રવૃત્તિઓ:

– વિવિધ પ્રકારની સ્પર્ધાઓનું આયોજન કરવું જોઈએ.

– શાળામાં વિવિધ ઉત્સવોની ઉજવણી કરવી જોઈએ.

– શાળામાં વિદ્યાર્થીઓને સમૂહજીવનની પ્રવૃત્તિઓ આપવી જોઈએ.

– વિવિધ પ્રકારનાં પ્રદર્શનો યોજવાં જોઈએ.

– શિક્ષકે વિદ્યાર્થીઓ માટે રોલ મોડેલની ભૂમિકા ભજવવી જોઈએ.

## મૂલ્યશિક્ષણના અભિગમો :

1. પ્રત્યક્ષ અભિગમ
2. પરોક્ષ અભિગમ
3. પ્રસંગોપાત અભિગમ

# ધ રાઈટ ટૂ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ – 2009 (RTE)

આ અધિનિયમ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ – 2009 તરીકે ઓળખાય છે.

**26 ઓગસ્ટ, 2009ના રોજ પ્રસિદ્ધ થયેલ આ અધિનિયમનો અમલ 1-4-2010થી થયો છે.**

– 6 થી 14 વર્ષની વયનાં તમામ બાળકોને નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડવા માટે આ નિયમ લાવવામાં આવ્યો છે.

**પ્રકરણ ૧ – પ્રારંભિક**

**પ્રકરણ ૨ – નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણનો અધિકાર**

– નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ અંગે બાળકોના અધિકાર

– પ્રવેશ ન અપાયેલ અથવા જેમણે પ્રાથમિક શિક્ષણ પૂરું ન કર્યું હોય તેવાં બાળકો માટે ખાસ જોગવાઈઓ

– શાળા બદલવાનો અધિકાર

**પ્રકરણ ૩ – સંબંધિત સરકાર, સ્થાનિક સત્તામંડળ અને માતા – પિતાની ફરજો**

**પ્રકરણ – ૪ શાળા અને શિક્ષકોની જવાબદારીઓ**

- નિશુલ્ક અને ફરજિયાત શિક્ષણ માટે શાળાની જવાબદારીનો વ્યાપ
- પ્રવેશ માટે ઉપરની વધારાની ફી અને કસોટી, તપાસ કે ઈન્ટરવ્યુ પર પ્રતિબંધ
- પ્રવેશ માટે ઉંમરની સાબિતી
- પ્રવેશની ના પાડવી નહીં
- વર્ગમાં અનુત્તીર્ણ (નાપાસ) કરી રાખી મૂકવા અને શાળામાંથી કાઢી મૂકવા પર પ્રતિબંધ

WWW.HIRENSIR.COM

- બાળકને શારીરિક શિક્ષા અને માનસિક ત્રાસ ઉપર પ્રતિબંધ
- શાળા સંચાલન સમિતિ
- વિદ્યાર્થી – શિક્ષક ગુણોત્તર
- શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવી
- શિક્ષકોને બિનશૈક્ષણિક હેતુ માટે મોકલવા ઉપર પ્રતિબંધ
- શિક્ષકોના ખાનગી ટ્યુશન કરવા ઉપર પ્રતિબંધ

**પ્રકરણ – ૫ અભ્યાસક્રમ અને પાયાનું બુનિયાદી શિક્ષણ પૂરું કરવું.**

**પ્રકરણ – ૬ બાળકોના અધિકારનું રક્ષણ**

– બાળકના શિક્ષણના અધિકાર ઓનજર રાખવી
– ફરિયાદ – નિવારણ
– રાષ્ટ્રીય સલાહકાર સમિતિની રચના
– રાજ્ય સલાહકાર સમિતિની રચના

**પ્રકરણ – ૭ પ્રકીર્ણ**

**પ્રકરણ – ૧ પ્રારંભિક**

**કલમ – ૧ (૨)** – આ ધારો જમ્મુ કાશ્મીર રાજ્ય સિવાયના ભારતને લાગુ પડે છે.

**કલમ – ૨ (ખ)** – ઉપરની વધારાની ફી એટલે કોઈ પણ પ્રકારનું દાન અથવા ફાળો અથવા શાળાએ અધિસૂચિત કરેલી ફી સિવાયની ફીની રકમ.

**કલમ – ૨ (ગ)** – 'બાળક એટલે ૬ થી ૧૪ વર્ષનો છોકરો અથવા છોકરી.

**કલમ – ૨ (ઘ)** – 'વંચિત જૂથનું બાળક' એટલે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અથવા સંબંધિત સરકાર જાહેરનામું બહાર પાડીને નિર્દિષ્ટ કરે એવા સામાજિક, સંસ્કૃતિક, આર્થિક, ભૌગોલિક, ભાષાકીય, જાતિ અથવા આવા બીજાં પરિબળોને કારણે વંચિત રહેલ આવા જૂથનાં બીજાં બાળકો.

**કલમ – ૨ (ચ)** – 'નબળા વર્ગનુંબાળક' એટલે સંબંધિતસરકારે જાહેરનામુંબહાર પાડીને નિર્દિષ્ટ કરેલી લઘુત્તમ મર્યાદા કરતાં જેમનાં માતા – પિતા અથવા વાલીની વાર્ષિક આવક ઓછી હોય તેમનું બાળક.

**કલમ – ૨(છ)** – 'પાયાનું બુનિયાદી શિક્ષણ' એટલે પહેલા ધોરણથી આઠમા ધોરણ સુધીનું શિક્ષણ.

**કલમ – ૨(જ)** – બાળકના સંબંધમાં 'વાલી' એટલે કે બાળકની સંભાળ અને કબજો ધરાવતી વ્યકિત. તેમાં કુદરતી વાલી અથવા કોર્ટ કે કાયદાથી નીમેલી અથવા જાહેર કરેલી વ્યકિતનો સમાવેશ થાય છે.

**કલમ – ૨ (ઝ)** સ્થાનિક સત્તામંડળ એટલે મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા મ્યુનિસિપલ કાઉન્સિલ અથવા જિલ્લા પંચાયત અથવા નગર પંચાયત અથવા પંચાયત કે ગમે તે નામે ઓળખાતું સત્તામંડળ કે જે શાળા પર વહીવટી નિયંત્રણ ધરાવતું હોય.

**કલમ – ૨ (ડ)** માતા–પિતા એટલે બાળકના કુદરતી અથવા ઓરમાન અથવા દત્તક લેનાર પિતા અથવા માતા.

**કલમ – ૨ (થ)** શાળા એટલે પાયાનું બુનિયાદી શિક્ષણ આપતી કોઈ પણ માન્ય શાળા. તેમાં નીચેનાનો સમાવેશ થાય છે.

1. સંબંધિત સરકાર અથવા સ્થાનિક સત્તામંડળે સ્થાપેલ, તેની માલિકીની અથવા તેમનાથી નિયંત્રિત થતી શાળા.
2. સહાય મેળવતી શાળા એટલે પોતાના અંશત: ખર્ચ અથવા સંપૂર્ણ ખર્ચને પહોંચી વળવા સંબંધિત સરકાર અથવા સ્થાનિક સત્તામંડળ પાસેથી સહાય અથવા અનુદાન મેળવતી શાળા.
3. નિર્દિષ્ટ વર્ગની શાળા (કેન્દ્રીય વિદ્યાલય, નવોદય વિદ્યાલય જેવી વિશિષ્ટ લક્ષણ ધરાવતી શાળા)
4. કોઈ પણ પ્રકારની ગ્રાન્ટ કે સહાય ન મેળવતી શાળા.

**પ્રકરણ – ૨**

**નિઃશુલ્કઅનેફરજિયાત શિક્ષણનો અધિકાર**

**કલમ – ૩ :**

(1) 6 થી 14 વર્ષની ઉંમરના દરેક બાળકને તેની નજીકની શાળામાં પાયાનું બુનિયાદી શિક્ષણ પૂરું થતાં સુધી નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો અધિકાર.

(2) પેટા કલમ (1) ના હેતુ સારુ બાળકને પાયાનું બુનિયાદી શિક્ષણ મેળવતાં અને પૂરું કરતાં અટકાવે તેવી કોઈ પણ ફી – ચાર્જ – ખર્ચ ચૂકવવાની બાળકની જવાબદારી રહેશે નહીં.

(4) છ વર્ષથી વધુ ઉંમરના કોઈ બાળકને કોઈ શાળામાં પ્રવેશ ન અપાયો હોય અથવા પ્રવેશ અપાયા છતાં, તે તેનું પ્રાથમિક શિક્ષણ પૂરું ન કરી શક્યો / શકી હોય; તેની ઉંમરને અનુરૂપ વર્ગમાં પ્રવેશ આપવામાં આવશે.

પરંતુ બાળકને તેની ઉંમર મુજબના વર્ગમાં પ્રત્યક્ષ પ્રવેશઅપાયો હોય ; ત્યાં તે બાળક બીજા સાથે સમાન રહી શકે તે માટે, નિયત કરવામાં આવે તેવી રીતે

અને તેવી સમયમર્યાદાની અંદર ખાસ તાલીમ મેળવવાનોહક રહેશે

વધુમાંજોગવાઈ એવી છેકે પાયાના બુનિયાદી શિક્ષણમાં પ્રવેશ અપાયેલ બાળક 14 વર્ષ પછી પણ પ્રાથમિક શિક્ષણ પૂરું કરતાં સુધી નિઃશુલ્ક પાયાનું બુનિયાદી શિક્ષણ મેળવવાને પાત્ર રહેશે.

બીજી શાળામાંપ્રવેશ મેળવવા ઈચ્છતુંબાળક જ્યાં છેલ્લેદાખલ થયેલ હોય તે શાળાના મુખ્ય શિક્ષક અથવા શાળાના ઈન્ચાર્જ શિક્ષક તરત શાળા બદલવા માટે પ્રમાણપત્ર કાઢી આપશે

પરંતુ પ્રમાણપત્ર રજૂ કરવામાં વિલંબનેકારણે બીજી શાળામાં પ્રવેશ આપવામાં વિલંબ કરવા કે તે નકારવાનુંચાલી શકશે નહીં. શાળા બદલવા અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવામાંવિલંબકરનાર મુખ્યશિક્ષક અથવા શાળાના પ્રભારી સામેતેમનેલાગુપડતા સેવા – નિયમો અનુસારશિસ્તના પગલાંલઈ શકાશે

**પ્રકરણ – ૩**

**સંબંધિતસરકાર, સ્થાનિક સત્તામંડળઅનેમાતા – પિતાની ફરજો**

**કલમ ૭ (૧) :** આ ધારાની જોગવાઈઓના અમલ માટે નાણાંપૂરાંપાડવાની કેન્દ્ર સરકાર અનેરાજ્ય સરકારની સહવર્તી જવાબદારી રહેશે

**પ્રકરણ – ૪**

**શાળા અનેશિક્ષકોની જવાબદારીઓ**

**કલમ ૧૨ (૧) :** આ ધારાના હેતુસરશાળા –

(ક) 6 થી 14 વર્ષનાં બાળકોને નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડશે.

(ગ) નબળા વર્ગનાંઅને વંચિત બાળકોને નજીકની શાળામાં તે વર્ગનાંબાળકોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા પચીસ ટકા બાળકોને ધોરણ – 1 માં દાખલ કરશે અને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ પૂરું પાડશે.

**કલમ ૧૩ (૧) :** કોઈ શાળા અથવા વ્યક્તિ બાળકને દાખલ કરતી વખતે વધારાની ફી વસૂલ કરશે નહીં અથવા તેનાંમાતા –પિતા/ વાલીની કસોટી – તપાસ મુલાકાત (ઈન્ટરવ્યૂ) લઈ શકશે નહીં.

**કલમ ૧૩ (૨) :** કોઈ શાળા અથવા વ્યક્તિ પેટાકલમ (૧)ની જોગવાઈઓનુંઉલ્લંઘનકરીને,

(ક) વધારાની ફી મેળવશેતો તેનેદંડનીસજા થઈ શકે. વસૂલકરેલી વધારાની રકમની દસ ગણી રકમ સુધીનો દંડથશે

**કલમ – ૧૪ :**

– ઉંમરની સાબિતીના અભાવે કોઈ બાળકને શાળામાં પ્રવેશનોઈનકાર કરાશેનહીં.

**કલમ – ૧૫ :**

– બાળકને શૈક્ષણિક વર્ષની શરૂઆત વખતે અથવા નિયત કરવામાં આવે તેટલા લંબાવેલસમયની અંદર દાખલ કરવામાં આવશે પરંતુ લંબાયેલાસમય પછી આવો પ્રવેશ માંગવામાંઆવે તો કોઈ બાળકને પ્રવેશ માટે ઈનકાર કરાશેનહીં.

**કલમ – ૧૬ :**

– શાળામાં દાખલ કરેલ કોઈ પણ બાળકને પાયાનું બુનિયાદી શિક્ષણ પૂરું થતાં સુધીમાં કોઈ પણ ધોરણમાં નાપાસ કરી રાખી શકાશે નહીં અને શાળામાંથીકાઢી મૂકીશકાશેનહીં.

**કલમ – ૧૭ :**

– કોઈ પણ બાળકનેશારીરિક શિક્ષા અથવા માનસિક ત્રાસ આપી શકાશેનહીં.

**કલમ – ૨૦ :**

– કેન્દ્ર સરકાર જાહેરનામુંબહાર પાડીને અનુસૂચિમાં કોઈ નિયમ અને ધોરણ ઉમેરીનેઅથવા તેમાંથીકમી કરીનેઅનુસૂચિસુધારીશકશે

**કલમ – ૨૧ (૧) :**

– સ્થાનિક સત્તામંડળના ચૂંટાયેલપ્રતિનિધિઓ અને આવી શાળામાં દાખલ કરેલાં બાળકોનાં માતા –પિતા અથવા વાલી અને શિક્ષકોની બનેલી શાળા સંચાલન સમિતિની રચના કરશે આવી સમિતિના ઓછામાં ઓછા $\frac{3}{4}$ (૭૫%) સભ્યો બાળકોનાં માતા–પિતા અથવા વાલી રહેશે

વંચિતજૂથઅનેનબળા વિભાગનાંબાળકોનાં માતા–પિતા અથવા વાલીઓને પ્રમાણસર પ્રતિનિધિત્વ આપવામાંઆવશે આ સમિતિના પચાસ ટકા સભ્યો સ્ત્રીઓ રહેશે

**કલમ – ૨૧ (૨) :**

– શાળા સંચાલનસમિતિ નીચેનાંકાર્યો કરશે:

(ક) શાળાની કામગીરી પર દેખરેખ – નિયંત્રણ રાખશે.

(ખ) શાળા વિકાસ યોજના તૈયારકરી તેની ભલામણ કરશે

(ગ) ગ્રાન્ટના ઉપયોગ પર દેખરેખ –નિયંત્રણ રાખશે.

(ઘ) નિયત કરવામાંઆવેતેવાંબીજા કાર્યો.

**કલમ – ૨૭ :**

– દસ વર્ષીય વસ્તી ગણતરી, આપત્તિરાહત ફરજ અથવા સ્થાનિક સત્તામંડળઅથવા રાજ્ય વિધાનસભા

અથવા સંસદની ચૂંટણીનેલગતી ફરજો સિવાય કોઈ પણ શિક્ષકને કોઈ બિનશૈક્ષણિક હેતુમાટે મોકલી શકાશેનહીં.

**કલમ – ૨૮ :**

– કોઈ પણ શિક્ષક ખાનગી ટ્યૂશન અથવા ખાનગી શિક્ષણની પ્રવૃત્તિનુંકામ કરશેનહીં.

**પ્રકરણ – ૫**

**અભ્યાસક્રમ અનેપાયાનુંબુનિયાદીશિક્ષણ પૂર્ણ કરવું**

**કલમ – ૨૯**

– પાયાના બુનિયાદીશિક્ષણ માટે નો અભ્યાસક્રમ અને મૂલ્યાંકન કાર્યપદ્ધતિ, સંબંધિત સરકાર, જાહેરનામું બહાર પાડીને નિર્દિષ્ટ કરે તેવુંશૈક્ષણિક સત્તામંડળ નિયત કરશે

– પેટા કલમ (૧) હેઠળ અભ્યાસક્રમ અને મૂલ્યાંકન કાર્ય પદ્ધતિ નિયત કરતી વખતે શૈક્ષણિક સત્તામંડળ નીચેનીબાબતો ધ્યાનમાંલેશે

(ક) સંવિધાનમાંદર્શાવેલમૂલ્યોસાથેસુસંગતતા

(ખ) બાળકનો સર્વાંગીવિકાસ

(ગ) બાળકનાં જ્ઞાન, ક્ષમતા અને બુદ્ધિશક્તિનું નિર્માણ

(ઘ) શિક્ષણનુંમાધ્યમ શક્ય હોય ત્યાંસુધીબાળકની માતૃભાષારહેશે

**કલમ – ૩૦**

(૧) પાયાનુંબુનિયાદી શિક્ષણ પૂર્ણ થતાં સુધીમાં બાળકનેબોર્ડનીકોઈ પરીક્ષા પાસ કરવાની રહેશેનહી.

(૨) પાયાનું બુનિયાદી શિક્ષણ પૂર્ણ કરનાર દરેક બાળકનેનિયત કરવામાંઆવેતેવા સ્વરૂપમાંઅનેતેવી રીતેપ્રમાણપત્ર આપવામાંઆવશે

**પ્રકરણ – ૬**

**બાળકોના અધિકારનુંરક્ષણ**

**કલમ – ૩૧ (૧) :**

બાળકોના અધિકાર–રક્ષણ માટેની ધારા, 2005ની કલમ – 3 હેઠળ બાળકોના અધિકાર–રક્ષણ માટેના રાજ્ય આયોગ તેનેસોંપાયેલકાર્યો કરશે

**કલમ – ૩૨ :**

(૧) બાળકના અધિકારને લગતી કોઈ ફરિયાદ હોય તેવી વ્યક્તિ તેના ક્ષેત્રાધિકાર ધરાવતા સ્થાનિક સત્તામંડળનેલેખિતફરિયાદ કરી શકશે

(૨) પેટા કલમ – (૧) હેઠળ ફરિયાદ મળ્યા પછી સ્થાનિક સત્તામંડળ સંબંધિત પક્ષકારોને સાંભળવાની યોગ્ય તક આપ્યા પછી ત્રણ મહિનાની અંદર તે બાબતનો નિર્ણય કરશે.

**કલમ – ૩૩ :**

(૧) કેન્દ્ર સરકાર જાહેરનામુંબહાર પાડીને, પ્રાથમિક શિક્ષણ અનેબાળ વિકાસના ક્ષેત્રમાંજ્ઞાન અનેપ્રત્યક્ષ અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી, કેન્દ્ર સરકારને જરૂરી લાગે તેવી વધુમાંવધુ પંદર સભ્યોની બનેલી રાષ્ટ્રીય સલાહકાર સમિતિની રચના કરશે

(૨) રાષ્ટ્રીય સલાહકાર સમિતિ આ ધારાની જોગવાઈઓના અસરકારક અમલ અંગેકેન્દ્ર સરકારને સલાહ આપશે

**કલમ – ૩૪ :**

(૧) રાજ્ય સરકાર જાહેરનામુંબહાર પાડીને, પ્રાથમિક શિક્ષણ અનેબાળવિકાસના ક્ષેત્રમાંજ્ઞાન અનેપ્રત્યક્ષ અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી, રાજ્ય સરાકરને જરૂરી લાગે તેવી વધુમાંવધુ પંદર સભ્યોની બનેલી રાજ્ય સલાહકાર સમિતિની રચના કરશે

(૨) રાજ્ય સલાહકાર સમિતિ આ ધારાની જોગવાઈઓના અસરકારક અમલ અંગેરાજ્ય સરકારને સલાહ આપશે

**પ્રકરણ – ૭**

**પ્રકીર્ણ**

**કલમ – ૩૬ :**

– કલમ – ૧૩ની પેટા કલમ–૩, કલમ –૧૮ ની પેટા કલમ – ૫ અને કલમ – ૧૯ ની પેટા કલમ –૫ હેઠળ શિક્ષાપાત્ર ગુનાઓમાટે સરકારે યોગ્ય જાહેરનામુંબહાર પાડી આ અંગેઅધિકૃત કરેલ અધિકારીની પૂર્વમંજૂરી સિવાય કોઈ ફોજદારી કાર્યવાહીકરવામાંઆવશેનહીં.

**કલમ – ૩૮ :**

(૧) સંબંધિતસરકાર, આ ધારાની જોગવાઈઓના અમલ માટે જાહેરનામુંબહાર પાડીનેનિયમો ઘડશે

WWW.HIRENSIR.COM

# શાળા માટેનાં ધોરણ અનેમાપદંડ

| ક્રમ | બાબત | ધોરણો અનેમાપદંડ |
|---|---|---|
| ૧ | શિક્ષકોની સંખ્યા<br>(ક) પ્રથમ ધોરણથી પાંચમાધોરણ માટે | બાળકોની સંખ્યા શિક્ષક<br>૧ થી ૬૦ સુધી(૨)<br>૬૧ થી ૯૦ સુધી(૩)<br>૯૧ થી ૧૨૦ સુધી(૪)<br>૧૨૧ થી ૨૦૦ સુધી(૫) □૧૫૦ થી વધારે ૫ + ૧ મુખ્ય શિક્ષક□૨૦૦ બાળકોથી વધારે વિદ્યાર્થી – શિક્ષક ગુણોત્તર (મુખ્ય શિક્ષક સિવાય) ૪૦ થી વધારે નહીં. |
| | (ખ) છઠ્ઠા થી આઠમા ધોરણ સુધી | (૧) વર્ગદીઠઓછામાંઓછા એક શિક્ષક, જ`થી નીચેનાદરે ક વિષય માટે ઓછામાંઓછા એક શિક્ષક<br>(અ) વિજ્ઞાન અનેગણિત<br>(બ) સમાજવિદ્યા<br>(ક) ભાષાઓ<br>(૨) પ્રત્યેક૩૫ બાળકો માટે ઓછામાંઓછો એક શિક્ષક<br>(૩) બાળકોનો પ્રવેશ૧૦૦ થી વધારે હોય ત્યાં<br>(૧) એક પૂર્ણકાલીનમુખ્યશિક્ષક<br>(૨) નીચેનામાટે અંશકાલીનપ્રશિક્ષક<br>(ક) કલાશિક્ષક<br>(ખ) આરોગ્ય અનેશારીરિક શિક્ષણ<br>(ગ) કાર્યશિક્ષણ |
| ૨ | મકાન | નીચેપ્રમાણેબાર `માસ માટે અનુકૂળ મકાન<br>(૧) દરેક શિક્ષક માટે ઓછામાંઓછો એક વર્ગખંડઅનેકાર્યાલયસહ – સ્ટોર, સહ – મુખ્ય શિક્ષકનો ખંડ<br>(૨) અવરોધમુક્તપ્રવેશ<br>(૩) છોકરા અનેછોકરીઓ માટે અલગ ટોઈલેટ<br>(૪) બધાંબાળકો માટે સલામત અનેપીવાના પૂરતાંપાણીની સગવડ<br>(૫) શાળામાં મધ્યાહન ભોજન યોજના માટે જયાં શાળામાં રસોઈ થતી હોય ત્યાંરસોડું<br>(૬) ક્રીડાંગણ<br>(૭) શાળાના મકાનના રક્ષણ માટે દીવાલ અથવા વાડાની વ્યવસ્થા. |
| ૩. | શૈક્ષણિક વર્ષમાં કામકાજના ઓછોમાંઓછા દિવસ | (૧) ધો – ૧ થી ૫ માટે કામકાજના ૨૦૦ દિવસ<br>(૨) ધો – ૬ થી ૮ માટે કામકાજના ૨૨૦ દિવસ<br>(૩) ધો – ૧ થી ૫ માટેના શૈક્ષણિક વર્ષ દીઠ શિક્ષણના ૮૦૦ કલાક<br>(૪) ધો – ૬ થી ૮ માટે શૈક્ષણિક વર્ષદીઠ શિક્ષણના ૧૦૦૦ કલાક |
| ૪. | શિક્ષક માટે અઠવાડિયાના કામ – કાજના ઓછામાં ઓછા કલાક | શિક્ષકે તૈયારી માટે આપવા પડે તે સહિતના શિક્ષકદીઠ અઠવાડિયાના કામના ૪૫ કલાક. |

## શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) :

ભારત સરકારના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ – ૨૦૦૯ (RTE-2009) તા. ૧–૪–૨૦૧૦થી અમલમાંઆવતા આ અધિનિયમની કલમ –૨૧ મુજબ, આ અધિનિયમની કલમ – ૨ની પેટા કલમ (થ)ના ફકરા (૪)માં નિર્દિષ્ટ બિનઅનુદાનિત (Non Granted) શાળા સિવાયની દરેક શાળાના અધિકારક્ષેત્રમાં શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવાની રહેશે અને દર બે વર્ષે તેની પુનઃરચના કરવાની રહેશે.

– શાળા વ્યવસ્થાપન સમિતિ કુલ બાર(૧૨) સભ્યોની બનશે જેના ૭૫% એટલે કે ¾ સભ્યો (૧૨ માંથી ૯ સભ્યો) શાળામાં અભ્યાસ કરતાં બાળકોનાં માતા–પિતા કે વાલીઓમાંથી હશે, જેમાં વંચિત જૂથ અને નબળા વિભાગનાંબાળકોનાંમાતા –પિતા કે વાલીઓને પણ પ્રમાણસર પ્રતિનિધિત્વ આપવાનું રહેશે

– બાકી રહેલ 25% સભ્યસંખ્યામાં નીચેની વ્યક્તિઓનો સમાવેશ કરવાનો રહેશે.

(ક) એક સભ્ય ગ્રામ પંચાયત, નગરપાલિકા કે સ્થાનિક સત્તાતંત્રનાચૂંટાયેલસભ્ય.

(ખ) એક સભ્ય શાળાના શિક્ષકોમાંથી શિક્ષકો નક્કી કરે તેશિક્ષક.

(ગ) એક સભ્ય સ્થાનિક શિક્ષણવિદ્, શાળાનાં SMC સમિતિમાં સમાવિષ્ટ માતા–પિતા નક્કી કરે તે

(ઘ) સ્થાનિક કડિયો (ગામમાં કડિયો ન હોય તો બાજુના ગામનો કડિયો), આ સભ્યની નિમણૂક એસ.એમ.સી.ના અધ્યક્ષ કરશે

– શાળા વ્યવસ્થાપન સમિતિ પોતાના રોજિંદા વહીવટ ચલાવવા માટે સમિતિમાંમાતા –પિતા તરીકે સમાવિષ્ટ સભ્યોમાંથીઅધ્યક્ષ અનેઉપાધ્યક્ષની પસંદગીકરશે

– શાળાના આચાર્યઅથવા જ્યાંશાળાના આચાર્ય ન હોય ત્યાં શાળાના શ્રેયાન શિક્ષક હોદ્દાની રૂએ શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્ય સચિવ બનશે

– માતા–પિતા તરીકે સમાવિષ્ટ સભ્યોમાંથી એક મહિલા સભ્ય અને સમિતિના સભ્યસચિવની સંયુક્ત સહીથી SMCનું બેન્ક એકાઉન્ટ ખોલાવવાનું રહેશે.

– શાળા વ્યવસ્થાપન સમિતિની મીટીંગ ત્રણ મહિને ઓછામાં ઓછી એક વખત બોલાવવાની રહેશે મીટીંગોની નોંધ (Minutes) અને કરવામાં આવેલ નિર્ણયો અંગેની નોંધો વ્યવસ્થિત રીતે કરવાની/જાળવવાની રહેશે અને લોકોની જાણ અર્થે મૂકવાની રહેશે.

– SMCના કુલ ૯ વાલી સભ્યો પૈકી ઓછામાં ઓછા 50% સભ્યો (૫ સભ્યો) મહિલાઓ રહેશે.

## શાળાના વ્યવસ્થાપન સમિતિનાં કર્તવ્યોઅનેફરજો

(૧) શાળાની કામગીરી ઉપર દેખરેખ અનેનિયંત્રણ રાખશે

(૨) શાળા વિકાસ યોજના તૈયારકરી તેનીભલામણ કરશે

(૩) રાજ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્ર અથવા બીજા કોઈ સ્રોતમાંથીમળેલગ્રાન્ટના ઉપયોગ/વપરાશ ઉપર દેખરેખ–નિયંત્રણરાખશે

(૪) શાળાની પડોશ–નજીકના વિસ્તારની જનતાને સરળ અને રચનાત્મક શૈલીથી RTE એક્ટ, ૨૦૦૯ અન્વયે બાળકોને પ્રાપ્ત થયેલ અધિકારો અંગે સમજણ આપશે તથા રાજ્ય સરકાર, સ્થાનિક સત્તાતંત્ર, શાળા, માતા–પિતા અને વાલીઓની ફરજો અંગેનીસમજણ આપશે

(૫) RTE એક્ટ ૨૦૦૯ની કલમ – ૨૭માં નિર્દિષ્ટ ફરજો સિવાયની અન્ય બિનશૈક્ષણિક ફરજો શિક્ષકોને સોંપવામાં આવે નહિ તે માટે દેખરેખ અને નિયંત્રણ રાખશે.

(૬) શાળાની નજીકનાં તમામ બાળકોના નામાંકન અનેનિયમિત હાજરી સુનિશ્ચિતકરશે

(૭) મધ્યાહન ભોજનના પ્રભાવી નિયંત્રણ માટે મધ્યાહન ભોજનના સંચાલક, રસોઈયા અને મદદનીશની નિમણૂકકરવાની અનેતેઓને હટાવવાની સત્તા રહેશે

(૮) શાળા વિકાસ/સુધારણા કાર્યક્રમ માટે મળતા નાણાકીય ભંડોળનોયોગ્ય ઉપયોગ થાય, માલસામાન ખરીદી સ્પર્ધાત્મક ભાવો મંગાવી સૌથી ઓછા ભાવ ધરાવતા વેપારી પાસેથી ગુણવત્તાયુક્ત અને કરકસરભરી રીતે શાળાની જરૂરિયાત મુજબ અને યોજનાની માર્ગદર્શિકામુજબ, શાળાના હેતુમાટે જ થાય તેજોવાનું રહેશે

(૯) લોક ભાગીદારીથી શાળાનાં મકાનોના નિર્માણ, નિભાવ અને દુરસ્તીનાંકામો હાથ ધરવાં અને તેનું નિરીક્ષણ/દેખરેખ રાખવી.

(૧૦) RTEની જોગવાઈઓનો અમલ થાય તે માટે દેખરેખ રાખવી.

(૧૧) શાળાપ્રવેશથી વંચિત રહેલ અથવા પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરેલ ન હોય તેવાં બાળકો માટેની જરૂરિયાતો નક્કી કરવા યોજના તૈયાર કરવી.

(૧૨) વિકલાંગ બાળકોની ઓળખ –નામાંકન અને ભણવા માટેની સવલતો બાબતે દેખરેખ – નિયંત્રણ રાખવું.

(૧૩) શાળાના આવક અને ખર્ચના વાર્ષિક હિસાબો તૈયાર કરવા.

(૧૪) અધિનિયમ અંતર્ગત પોતાનાં કર્તવ્યો અને ફરજો બજાવવા માટે શાળા વ્યવસ્થાપન સમિતિને મળનાર નાણાં માટે અલાયદા હિસાબો જાળવવાના રહેશે દરેક વર્ષે તે ઓડિટ માટે બતાવવાના રહેશે

– શાળા વ્યવસ્થાપન સમિતિએ મધ્યાહન ભોજનના સંચાલક, રસોઈયા અને મદદનીશને નિમણૂક કરવાની થાય છે જો શાળા વ્યવસ્થાપન સમિતિ સમયસર નિમણૂક ના કરે તેવા કિસ્સામાં નિમણૂક અને ગેરરીતિ થતાં સમિતિ તેઓને દૂર ના કરતી હોય ત્યારે તેઓને હટાવવાની સત્તા તાલુકા મામલતદાર અથવા રાજ્ય સરકાર નક્કી કરે તેવા સત્તાધિકારીને સોંપવામાં આવે છે

– શાળા વ્યવસ્થાપન સમિતિના 75% સભ્યો વાલીઓ અને 50% સભ્યો મહિલાઓ હોવાથી અને આ સમિતિને દરેક ગ્રાન્ટના વપરાશ ઉપર દેખરેખ રાખવાની હોવાથી ગ્રામ શિક્ષણ સમિતિ (VEC), ગ્રામ બાંધકામ સમિતિ (VCWC), વાલી શિક્ષક મંડળ (PTA) અને માતૃ શિક્ષક મંડળ (MTA) વગેરે સમિતિઓની જરૂર ન હોવાથી તે રદ કરવામાં આવે છે.

## ક્રિયાત્મક સંશોધન (Action Research)

ક્રિયાત્મક સંશોધન (Action Research) એટલે શાળા કે વર્ગખંડમાં કોઈ પ્રશ્નના ઉકેલ માટે હાથ ધરાતું વૈજ્ઞાનિક સંશોધન. એક શિક્ષક, સંચાલક કે સંશોધનકર્તા પોતાને નડતા પ્રશ્નોનો વૈજ્ઞાનિક ઢબે ઉકેલ લાવવા પ્રયત્ન કરે એટલે ક્રિયાત્મક સંશોધન થયું એમ કહેવાય. આમ, ક્રિયાત્મક સંશોધન એટલે શિક્ષણસુધાર માટેનો પ્રયોગ. ક્રિયાત્મક સંશોધન શાળાના સ્થાનિક પ્રશ્નોના તાત્કાલિક ઉકેલ માટે એક યા વધુ શિક્ષકો કે સંચાલકોએ ઉપાડેલું સંશોધન છે.

ક્રિયાત્મક સંશોધનની શરૂઆત 1946માં જર્મન–મનોવૈજ્ઞાનિક કર્ટ લેવિને કરી. પણ કેળવણીમાં આવા સંશોધનનો વિચાર ડૉ. સ્ટીફન કોરે આપ્યો. આમ, શિક્ષણમાં સ્ટીફન કોરે ક્રિયાત્મક સંશોધન કાર્યાન્વિત કર્યું

– પોતાની સમસ્યાઓને વૈજ્ઞાનિક ઢબે ચકાસી, અભ્યાસ કરી પોતાને માર્ગદર્શન મળે, પોતાની કાર્યપદ્ધતિમાં સુધારણા કરી શકાય, પોતાના નિર્ણયો અને કાર્યો ચકાસી શકાય, એવા નિર્ણયનેક કાર્યને ક્રિયાત્મક સંશોધન કહેછે – **જેન ફેસન્ટ**

**ક્રિયાત્મક સંશોધન એ કેળવણી ક્ષેત્રની નાની સિંચાઈ યોજના છે. – ડૉ. ગુણવંત શાહ**

– સામાન્ય શિક્ષક કે સંચાલક પોતાને નડતી સમસ્યાઓને વૈજ્ઞાનિક ઢબે ઉકેલવા પ્રયાસ કરે, પૂર્વગ્રહ કે પક્ષપાત વિના વૈજ્ઞાનિક પરલક્ષી દષ્ટિથી સંશોધન હાથ ધરે અને પોતાના સંચાલન કે વર્ગવ્યવહાર સુધારણામાં તેના નિષ્કર્ષો કામે લગાડે તેને ક્રિયાત્મક સંશોધન કહેવાય – **ડૉ. મોતીભાઈ પટેલ**

આમ, ક્રિયાત્મક સંશોધન શિક્ષકો માટેનું વર્ગકાર્યની શાળા કાર્યની મુશ્કેલી દરમિયાન ઉદભવતું નાનકડું છતાં વૈજ્ઞાનિક સંશોધન છે

- ક્રિયાત્મક સંશોધન શિક્ષક કે આચાર્યને શાળાના કાર્યક્રમોમાં પરિવર્તન અને સુધારણા કરવાનું શીખવે છે.
- ક્રિયાત્મક સંશોધન શિક્ષકને વર્ગ અધ્યાપનમાં કે શાળાના પરિસરને લઈને મૂંઝવતા પ્રશ્નો અંગે મનોવૈજ્ઞાનિક રીતે વિચારવાની અને ઉકેલ લાવવાની રીત બતાવે છે.
- વર્ગખંડ કે શાળાની સમસ્યાઓનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરી, સંશોધન કરી, યોગ્ય ઉકેલ લાવવામાં મદદરુપ થાય છે.
- સંશોધનનો સમયગાળો ટૂંકો હોવાથી સમસ્યાઓનો તાત્કાલિક અને યોગ્ય ઉકેલ લાવવામાં ઉપકારક નિવડે છે.
- શાળા સંસ્થાના જડ, પ્રણાલીગત અને યાંત્રિક પર્યાવરણમાં નવજીવન અને પરિવર્તનશીલતા લાવે છે.
- પ્રયોગકાર્ય વ્યવહારિક હોવાથી તેનું મૂલ્યાંકન શક્ય બને છે. અનુકાર્ય પણ થઈ શકે છે.
- વૈજ્ઞાનિક રીતે સંશોધન કરવાની દષ્ટી કેળવાય છે.
- શાળા, વર્ગ – સુધારણાનું સ્તર ઊંચુ આવે છે.

સંશોધનકારકોઈપણ પ્રશ્નનેસંશોધનનીસમસ્યા તરીક ે સ્વીકારતો નથી. સમસ્યા જરૂરિયાતમાંથીજન્મેછે કોઈ પ્રશ્નનો ઉકેલ ન મળે, કોઈ પણ વણઉકે લ્યો પ્રશ્ન ચિંતા જન્માવેત્યારે સંશોધનમાટે ની ભૂમિકાતૈયારથાય છે સંશોધનની શરૂઆતમાં સમસ્યાનુંસ્વરૂપ સ્પષ્ટ કરવું જોઈએ. વિષયની સ્પષ્ટતા, એની મર્યાદા, એનો વ્યાપ અર્થાત સંશોધનની ચોકક્સ દિશા નક્કી થયેલી હોવી જોઈએ.

સમસ્યાનુંવિધાન કર્યાપછી સમસ્યાનુંક્ષેત્રસ્પષ્ટ કરવું પડે છે ક ેટલીક વાર સમસ્યા અતિવિશાળ હોય, એક કરતાં અનેક ક્ષમતાઓને સમાવતી હોય ; તો તેને પેટા સમસ્યાઓમાં અભિવ્યકત કરવી પડે છે. સમસ્યાનું ક્ષેત્ર સીમિત કરવું પડે છે.

સંશોધકપોતાની સમસ્યા જ ે ક્ષેત્રમાંથીઆવેલીહોય તે ક્ષેત્રનો ઉંડો અભ્યાસ કરે છે પોતાના અવલોકનોની બીજાના અવલોકનો સાથેતુલનાકર ે છે અવલોકનોની યર્થાથતાતપાસવા પુનઃ નિરીક્ષણ કર ે છે

ક્રિયાત્મક સંશોધનનીસમસ્યાઓ વાસ્તવિક રૂપમાંહોય છે સમસ્યાઓનો ઉદભવ આપોઆપ થતો નથી. તેના ઉદભવ માટે કોઈ કારણ જવાબદાર હોય છે અવલોકનકાર પોતાના અનુભવોઅનેરોજ – બરોજના અવલોકનો તેમજ પાયાની માહિતીના આધારે જે તે સમસ્યાઓને લગતાં સંભવિત કારણો નક્કી કરે છે.

સમસ્યાનાંસંભવિતકારણો નક્કી કર્યાબાદ તે પરથી ક્રિયાત્મક ઉત્કલ્પનાની રચના કરવામાંઆવેછે ક્રિયાત્મક વિધાન સ્વરૂપે લખેલા ઉપાયો અને સંશોધનનાપરિણામો અંગેનાઆગાહીયુક્ત વિધાનોને ઉત્કલ્પના કહેવામાંઆવેછે

ઉત્કલ્પના સંશોધકનાઅભ્યાસની શરૂઆતની અપેક્ષાઓનો અંદાજ પૂરો પાડે છે સમસ્યા ઉક ેલની દિશામાં જવા માટે ઉત્કલ્પનાની રચના મહત્ત્વની છે ઉત્કલ્પનાઓ રચ્યા પછી તેસત્ય છેક ે તેચકાસવા માટેનુંપ્રાયોગિક કાર્યકરવામાંઆવેછે આ પ્રાયોગિક કાર્યના અંતે સંશોધનનાં અંતિમ પરિણામો નક્કી કરવામાંઆવેછે તેનેતારણો કહેવામાંઆવેછે આવાં તારણો ઉપરથી ક્રિયાત્મક સંશોધનમાંતારણોની પ્રાપ્તિ એ મુખ્યછે તારણો ઉપરથી ક્રિયાત્મક સંશોધનમાંક્યાં ક્ષતિ છે, ક્યાંસુધારથઈ શક ે એમ છેતેઅંગેનું પ્રત્યક્ષ માર્ગદર્શનમળે છે તારણોના આધાર ે ક્ષતિ નિવારણ માટેનુંઅનુકાર્યકરી શકાય છે

ક્રિયાત્મક સંશોધનનાછેલ્લા ભાગમાંસમગ્ર અભ્યાસના મહત્ત્વનાં પાસાંઓનો નિચોડ રજૂ કરવામાં આવે છે, જેથી તારણો સ્પષ્ટ ઉપસી આવે

## સતત અનેસર્વગ્રાહીમૂલ્યાંકન

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૧૯૮૬માં વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ પર ભાર મૂકી, શાળા કક્ષાએ સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિનો વિકાસ થાય તે માટે ભલામણ કરવામાં આવેલ. ગુજરાતમાં આ પદ્ધતિના વિકાસ માટે વર્ષ 1992-93 માં પ્રયત્ન કરવામાં આવેલ.

સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનનો અસરકારક અમલ થાય તેમાટે CBSE એ છેલ્લા બે વર્ષથી પ્રયત્ન કરેલ છે. ડૉ. રવીન્દ્રભાઈ દવેના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પણ CCE નો અમલ થયેલ છે.

મૂલ્યાંકનએ સતત ચાલતી પ્રક્રિયા છે વ્યાપક અનેસુધારાત્મકએવી મૂલ્યાંકનપ્રક્રિયા શિક્ષણનો જ એક ભાગ છે શિક્ષણ દ્વારા વ્યક્તિનાં વર્તનમાં અપેક્ષિત પરિવર્તન આવ્યુંક ે નહિ તે ચકાસવાનુંકાર્ય મૂલ્યાંકન કર ે છે શિક્ષક વિવિધ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની ભાગીદારી, વર્ગવ્યવહાર, કૌશલ્યો, ટેવો, રસ, રુચિ, વલણ, ગુણો, તેની સામાજિકતા વગેરે ગુણોનું અનૌપચારિક મૂલ્યાંકન કરે છે. વર્ગમાં અધ્યાપન કાર્ય શરૂ કર્યા પહેલાં શિક્ષક દ્વારા પૂર્વજ્ઞાનની ચકાસણી થાય છે. આમ, અધ્યાપન કાર્યની શરૂઆત જ મૂલ્યાંકનથી થાય છે.

શિક્ષકે યોગ્ય રીતેમૂલ્યાંકનકરવા માટ ે લેખિત, મૌખિક અનેક્રિયાત્મક કસોટીઓ રચવાનું,પ્રયોજવાનું, પરીક્ષણ કાર્ય કરવાનું કૌશલ્ય ક ેળવવું જરૂરી છે પ્રસંગનોંધ, ક્રમમાપદંડ, ચેકલિસ્ટ , વલણમાપદંડ, રસ સંશોધનિકા, અભિયોગ્યતા કસોટી, સામાજિકતામિતિ જેવા મૂલ્યાંકનનાં સાધનોના ઉપયોગમાં નિષ્ણાત બનવું જરૂરી છે.

**સતત (Continuos) :–**

સંબંધિત અભ્યાસક્રમના એકમોના સંદર્ભમાં વિદ્યાર્થીનુંએકથી વધુ વખત વિવિધ પ્રકાર ે મૂલ્યાંકન કરવામાં આવે અને અધ્યયનના દર ેક તબક્કે અધ્યાપનના હેતુઓસિદ્ધ થાય તેમાટ ે કરવામાંઆવતું મૂલ્યાંકનએટલેસતત મૂલ્યાંકન

**સર્વગ્રાહી (Comprehensive) : –**

WWW.HIRENSIR.COM

વિદ્યાર્થીઓનુંઔપચારિક અને અનૌપચારિક મૂલ્યાંકન અધ્યાપન અને અધ્યયનની સાથે –સાથે વિદ્યાર્થીના શારીરિક, માનસિક, સામાજિક અને ભાવાત્મક પાસાંઓનુંમૂલ્યાંકન અધ્યયન –અધ્યાપન પ્રક્રિયા દ્વારા તેનામાં વિકસેલાં કૌશલ્યો અને જીવનમૂલ્યોનુંમૂલ્યાંકનએટલે સર્વગ્રાહી મૂલ્યાંકન વિદ્યાર્થીના સર્વાંગી વિકાસનેલગતાંતમામ પાસાંઓનું મૂલ્યાંકનએટલેસર્વગ્રાહીમૂલ્યાંકન.

સર્વગ્રાહીમૂલ્યાંકનનાહેતુઓ

- ગોખણપટ્ટીને બદલે કૌશલ્યોનો વિકાસ થાય.
- વિદ્યાર્થીઓમાં ઉદભવતો બિનજરૂરી માનસિક તણાવ દૂર થાય.
- ક્રિયાત્મક, પ્રયોગશીલ અને પ્રવૃત્તિલક્ષી શિક્ષણ મેળવે.
- જ્ઞાનનો વિસ્ફોટ થઈ રહ્યો છે; ત્યારે તે કેવી રીતે શીખવું તે શીખે.
- સંશોધનાત્મક અભિગમ કેળવાય.
- વિદ્યાર્થીઓને વિચારવાની અને વિચારો વિસ્તારવાની પૂરતી તક મળે.
- સાક્ષરી વિષયોના શિક્ષણની સાથે માનવીય વિકાસ માટે જરૂરી એવા ગુણોનો વિકાસ થાય.
- વિદ્યાર્થી પોતે સ્વઅધ્યયન અને સ્વમૂલ્યાંકન કરતો થાય.
- વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઓળખી તેને વિકસાવવી.
- શિક્ષણકાર્ય માટે નૂતન આયોજન, પદ્ધતિઓ વિકસાવવાની તક મળે.
- સર્વગ્રાહી શિક્ષણ, પરીક્ષણ અને મૂલ્યાંકન દ્વારા સર્વાંગી વિકાસનો ધ્યેય સિદ્ધ થાય.

**સર્વગ્રાહી મૂલ્યાંકની જરૂરિયાત**

યશપાલ કમિટી (૧૯૯૨)એ પોતાના એહવાલમાં ભાર વગરના ભણતર પર ભાર મૂક્યો ગુજરાતમાં પણ વિદ્યાર્થીઓના ભણતરનો બોજ ઘટાડવા અત્યાર સુધીમાંપાઠ્યપુસ્તકો, અભ્યાસક્રમો, શિક્ષણનુંમાળખું પરીક્ષા પદ્ધતિ વગેરે શિક્ષણના ક્ષેત્રોમાંવિવિધ સુધારાદાખલ કર્યા સતત અનેસર્વાંગી મૂલ્યાંકનપદ્ધતિ પણ આવા સુધારાનોએક ભાગ છે

## મૂલ્યાંકનપ્રકારો

**(અ) સ્વરૂપની દૃષ્ટીએ મૂલ્યાંકનનપ્રકાર બેછ ે.**

(૧) ઔપચારિક મૂલ્યાંકન
(૨) અનૌપચારિક મૂલ્યાંકન

**(૧) ઔપચારિક મૂલ્યાંકન**

– નક્કી કરેલ સમયે, સ્થળે, ચોક્કસ આયોજન પ્રમાણેવિધિસર થતા મુલ્યાંકનનેઔપચારિક મૂલ્યાંકનકહેછે
– આ મૂલ્યાંકનમાંચોકસાઈ વધુઆવેછે
– સામાન્ય રીતે સાપ્તાહિક, માસિક, સત્રાંત, પૂર્વવાર્ષિકઅને વાર્ષિક પરીક્ષા ઔપચારિક મૂલ્યાંકનછે
– ચોક્કસ સમયગાળા પછી આ પ્રકારનું મૂલ્યાંકનકરવામાંઆવેછે
– આ પ્રકારના મૂલ્યાંકનમાંબાળક સજાગ રહેછે
– આ પ્રકારના મૂલ્યાંકન બાદ વિદ્યાર્થીઓમાં રહેલીકચાશનેઉપચારાત્મક શિક્ષણ દ્વારા દૂર કરી શકાય છે

**(૨) અનૌપચારિક મૂલ્યાંકન**

– આ મૂલ્યાંકનઅવિધિસર પ્રકારનુંછે
– આ મૂલ્યાંકનમાટ ે ચોક્કસ સમય, સ્થળ નક્કી હોતાંનથી.
– વર્ગ શિક્ષણ દરમિયાન સ્વાધ્યાય તપાસણી, મૌખિક – પ્રશ્નોત્તરી, સહ – અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા વિવિધ પ્રવિધિનો ઉપયોગ કરી આ પ્રકારનું મૂલ્યાંકન થઈ શકે છે.

**(બ) પ્રક્રિયાની દષ્ટીએ મૂલ્યાંકન**

(૧) લેખિતમૂલ્યાંકન
(૨) મૌખિક મૂલ્યાંકન
(૩) ક્રિયાત્મક મૂલ્યાંકન

**(ક) સમયની દષ્ટીએ મૂલ્યાંકના પ્રકાર :**

(૧) સતત મૂલ્યાંકન
(૨) સાર્વત્રિકમૂલ્યાંકન

**(ડ) વ્યવસ્થાની દષ્ટીએ મૂંલ્યાંકના પ્રકાર :**

(૧) શૈક્ષણિકમૂલ્યાંકન
(૨) શિક્ષણ સંલગ્નપ્રવૃત્તિઓનુંમૂલ્યાંકન
(૩) ભૌતિક સુવિધાઓની જાળવણી અને તેના ઉપયોગનુંમૂલ્યાંકન

WWW.HIRENSIR.COM

WWW.HIRENSIR.COM

## પ્રાથમિક શિક્ષણમાં ગ્રેડીંગ પદ્ધતિ :

| ટકા | ગ્રેડ |
|---|---|
| 80% તેથી વધુ | A+ |
| 65% થી 80% | A |
| 50% થી 65% | B+ |
| 35% થી 50% | B |
| 35% થી ઓછા | C |

ગુણઆધારિત મૂલ્યાંકનમાં સિદ્ધિની ટકાવારી શૂન્યથી લઈને સો ટકા વ્યાપકતા ધરાવે છે, જે ઘણી સારી બાબત છે

(૧) સ્પર્ધાનું તત્ત્વ નહીંવત થઈ જાય છે

(૨) વિદ્યાર્થીઓનો માનસિક તણાવ અને સંઘર્ષ ઘટે છે

(૩) પીઅર લર્નિંગ (સમોવડિયા જૂથ દ્વારા શિક્ષણ)નું આયોજન સરળ બને છે

(૪) શિક્ષણ માટે નિદાન–ઉપચાર પ્રક્રિયા સરળ બને છે

(૫) વિદ્યાર્થી લઘુતાગ્રંથિ કે ગુરુતાગ્રંથિનો ભોગ બનતો અટકે છે

## ગ્રેડીંગ પદ્ધતિના પ્રકાર :

**(૧) પ્રત્યક્ષ ગ્રેડીંગ –**

વિદ્યાર્થીની સિદ્ધિનું માપન કરી ગુણ આપવામાં ન આવે પણ સીધે–સીધો જ ગ્રેડ આપવામાં આવે ; ત્યારે તેને પ્રત્યક્ષ ગ્રેડીંગ કહે છે. ગુજરાતમાં હાલમાં ધોરણ – ૧ અને ધોરણ – ૨ના મૂલ્યાંકનમાં પ્રત્યક્ષ ગ્રેડીંગ પદ્ધતિ અમલમાં છે.

**(૨) પરોક્ષ ગ્રેડીંગ –**

જ્યારે વિદ્યાર્થીની સિદ્ધિ પહેલાં ગુણ દ્વારા નક્કી થાય અને પછી તેને ગ્રેડમાં રૂપાંતરીત કરવામાં આવે ; ત્યારે તે પરોક્ષ ગ્રેડીંગ કહેવામાં આવે છે. ગુજરાતમાં હાલમાં ધો– ૩ થી ૬ના મૂલ્યાંકન પરોક્ષ ગ્રેડીંગ પદ્ધતિ અમલમાં છે. અહીં વિદ્યાર્થીની લેખિત, મૌખિક અને ક્રિયાત્મક કસોટીના પહેલાં ગુણ આપવામાં આવે છે. શાળાનાં પરિણામપત્રકમાં ગુણ જ મૂકાય છે. તે પછી આ ગુણના આધારે નિશ્ચિત કરેલ જે તે ગ્રેડ આપવામાં આવે છે. વિદ્યાર્થીના પ્રગતિપત્રકમાં માત્ર ગ્રેડ જ જણાવવામાં આવે છે.

– ધોરણ – ૧ અને ૨ માં મૂલ્યાંકન અને વર્ગબઢતી

ધોરણ – ૧ અને ૨માં વિધિવત પરીક્ષા લેવામાં આવતી નથી. તેમનું સતત અને અનૌપચારિક મૂલ્યાંકન કરવાનું છે. તેમની કચાશ શોધી તે દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

**વર્ગબઢતી –**

**ધોરણ – ૧ અને ૨માં વર્ગબઢતી માટેના પ્રવર્તમાન નિયમો**

વિદ્યાર્થીની ઓછામાં ઓછી ૧૦૦ દિવસની હાજરી અનિવાર્ય છે

**ધોરણ – ૩ થી ૮ માં મૂલ્યાંકન વ્યૂહરચના**

ધોરણ – ૩ થી ૮માં વર્ષમાં બે વાર કસોટી લેવાય છે. પ્રથમ સત્ર અને બીજા સત્રના અંતે આવી લેખિત કસોટી લેવામાં આવે છે. જિલ્લા પંચાયત – શિક્ષણ સમિતિ દ્વારા છાપીને પ્રશ્નપત્રો શાળાને મોકલવામાં આવે છે.

**સતત મૂલ્યાંકનના ફાયદા**

– વર્ષ દરમિયાન સતત મૂલ્યાંકન થાય છે
– પાસ – નાપાસ કે વર્ગબઢતી હોતી નથી.
– વર્ગ શિક્ષણકાર્ય તરત થઈ જાય છે પૂરતો સમય મળતાં કચાશ દૂર થાય છે
– બાળકોને પરિણામ માટે ભય, હતાશા કે ચિંતા જેવું કોઈ કારણ હોતું નથી.
– ટ્યૂશન, ગાઈડ, અપેક્ષિત, લાગવગ કે અન્ય કોઈ ગેરરીતિ થતી નથી.
– અપવ્યય કે સ્થગિતતાનો સવાલ પેદા થતો નથી.
– ઔપચારિક, અનૌપચારિક બન્ને રીતે મૂલ્યાંકન થાય છે
– પ્રશ્નપત્ર વિધિસર હોતાં નથી.
– આ પ્રકારનું મૂલ્યાંકન સર્વાંગી બને છે
– વ્યક્તિગત સિદ્ધિ જાણી શકાય છે
–સમગ્ર મૂલ્યાંકન એ સતત મૂલ્યાંકનનો એક ભાગ છે

**પ્રાથમિક શાળા કક્ષાએ ચલાવાતી વિવિધ પ્રવૃત્તિઓ**

| | |
|---|---|
| અક્ષયપાત્ર યોજના | ઈકો–ક્લબ |
| ગુણોત્સવ | ઔષધિબાગ |
| શાળા પ્રવેશોત્સવ | સેનિટેશન સફાઈ |
| મધ્યાહન ભોજન | શાળા સાફ–સફાઈ |
| આરોગ્ય તપાસણી | બાગ–બગીચાની જાળવણી |
| બાળમેળો | સમૂહ કવાયત (દર શનિવારે) |
| આજનો દીપક | પ્રાર્થના સભા–યોગ–ધ્યાન |
| આજનું ગુલાબ | મીના મંચ દ્વારા કન્યાઓના ઉત્કર્ષની પ્રવૃત્તિ |
| રાષ્ટ્રીય અને સામાજિક તહેવારોની ઉજવણી | ગણિત – વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિઓ |
| રમતોત્સવ તથા ખેલ મહાકુંભ | |

**WWW.HIRENSIR.COM**

| બચાવ પ્રયુક્તિ | વ્યાખ્યા | અન્ય વિગતો | ઉદાહરણ |
|---|---|---|---|
| તાદાત્મ્ય | જ્યારે કોઈ વ્યકિત અન્ય કોઈ વ્યકિત, સંસ્થા, વિચાર અથવા આદર્શ સાથે એકાત્મ અનુભવે છે ત્યારે તાદાત્મ્ય અનુભવે છે એમ કહેવાય<br>– વ્યકિતગત ધોરણે મળેલી નિષ્ફળતા કે પોતાની ઊણપોને ભૂલી જવાની પ્રક્રિયા. | મુગ્ધાવસ્થા કે તરુણાવસ્થામાં આ બચાવપ્રયુક્તિ જોવા મળે છે<br>– જે વ્યકિત સાથે તાદાત્મ્ય અનુભવાતું હોય, તેના સદ્‌ગુણોનું અનુકરણ થાય તો ચારિત્ર્ય ઘડતર થઇ શકે.<br>– અસામાજિક પાત્રો સાથે તાદાત્મ્ય અનુભવે તો તે વ્યકિત મનોવિકૃતિનો ભોગ બને છે | – નવલકથા વાંચતી વખતે કે ફિલ્મ જોતી વખતે નાયક – નાયિકા વચ્ચે તાદાત્મ્ય સધાય છે.<br>– ક્રિકેટમાં નિષ્ફળ જનાર ખેલાડી પ્રખ્યાત ખેલાડીની જેમ રમવાનો પ્રયત્ન કરે.<br>– વિદ્યાર્થી પોતાના પ્રિય શિક્ષક સાથે તાદાત્મ્ય કેળવે છે |
| આક્રમકતા | જ્યારે વ્યક્તિ કોઈ પણ બાબતમાં હતાશા કે વૈફલ્ય અનુભવે તેમજ કોઈ કાર્યમાં તેની જરૂરિયાતની પૂર્તિ થતી નથી ; ત્યારે તે આક્રમક બને છે, જેને આક્રમકતા કહે છે. | – વિરોધી લાગણીઓ દબાવવાથી કેટલીકવાર માઠાં પરિણામો આવે છે<br>– પણ સંયમિત રીતે હૈયાવરાળ ઠાલવી દેવાથી વ્યક્તિ સંતુલિત બને છે | – પોતાનું ધાર્યું ન થતાં સાસુ વહુ પર ગુસ્સો ઠાલવે છે<br>– આચાર્ય કે અધ્યાપકોના વર્તનથી દુભાયેલા વિદ્યાર્થી આંદોલન કરે છે, તોડફોડ કરે છે |
| સ્થાનાંતર | – કેટલીક વાર વ્યક્તિ કોઈ પ્રાણી કે પદાર્થ પ્રત્યેનો આક્રમક ભાવ પ્રગટ કરી શકતી નથી. આ સંજોગોમાં તે પોતાની માનસિક તંગદિલી હળવી કરવા પોતાનો આક્રમક ભાવ કોઈ અન્ય તરફ વાળી દે છે | – કયારેક કોઈની તરફ આક્રમક ભાવ વ્યક્ત ન થઈ શકતો હોય, તેવા સંજોગોમાં કયારેક વ્યક્તિ આપઘાત કરી બેસે છે | – આચાર્યથી દુભાયેલ અધ્યાપક અધ્યેતાઓ પર ગુસ્સો કરે છે<br>– સાસુથી દુભાયેલ વહુ પોતાના બાળકને મારે છે |
| પ્રક્ષેપણ | – જ્યારે વ્યક્તિ પોતાની પ્રતિષ્ઠા કે મોભો જાળવી રાખવા માટે પોતાના દોષો–ખામીઓને બીજા પર ઢોળી દે છે ; ત્યારે તેને પ્રક્ષેપણ કહેવામાં આવે છે.<br>– પોતાના મનોભાવનું પ્રતિબિંબ બીજામાં નિહાળવું તેને પ્રક્ષેપણ કહે છે | – આ તાદાત્મ્યથી વિરોધી પ્રયુક્તિ છે<br>– વ્યક્તિ જાણ્યે – અજાણ્યે પોતાના ગુણ–દોષ, આશા કે વૃત્તિઓનું સામેની વ્યક્તિમાં અજાણતાં આરોપણ કરે છે | – ઝઘડામાં માર ખાઈને આવનાર વ્યક્તિ જણાવે છે કે હું અહિંસામાં માનું છું.<br>– પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થી કહે છે કે પેપર અઘરું હતું<br>– શાળામાં મોડા આવનાર શિક્ષક કહે છે કે રસ્તામાં ટ્રાફિક વધુ હતો. |
| ઊર્ધ્વીકરણ | સમાજને અસ્વીકાર્ય એવી વ્યક્તિના વર્તનને સમાજ – સ્વીકાર્ય એવા સ્વરૂપમાં ફેરવવાની ક્રિયા એટલે ઊર્ધ્વીકરણ.<br>– સામાજિક રીતે અસ્વીકાર્ય વર્તનને સ્થાને સ્વીકાર્ય વર્તન મૂકી માનસિક તંગદિલી હળવી કરવાના પ્રયાસને ઊર્ધ્વીકરણ કહે છે | વ્યક્તિ આવી માનસિકતાને સમાજ ઉપયોગી બને અને સમાજ સ્વીકારી શકે તેવી દિશામાં પ્રયોજે. | – ગેરમાર્ગે જતી જિજ્ઞાસાવૃત્તિને સંશોધન તરફ વાળે<br>– સંગ્રહવૃત્તિ ધરાવનાર જ્ઞાનસંગ્રહ તરફ વળે<br>– ચિત્રકલા, સંગીતકલા કે સાહિત્ય સર્જન દ્વારા પોતાની જાતીય વૃત્તિના ઊર્ધ્વીકરણથી વ્યક્તિ અને સમાજનું શ્રેય સાધે છે |

**WWW.HIRENSIR.COM**

WWW.HIRENSIR.COM

| | | | |
|---|---|---|---|
| **ક્ષતિપૂર્તિ** | કોઇ એક ક્ષેત્રમાંનિષ્ફળતાને વર`લી વ્યકિત અન્ય ક્ષેત્રમાં પ્રાવીણ્ય પ્રાપ્ત કરીનેએક ક્ષેત્રની નિષ્ફળતાને બીજા ક્ષેત્રની સિદ્ધિમાંફેરવી દેછે તેનેક્ષતિપૂર્તિકહેછે | – કોઇ એક ક્ષેત્રની નિષ્ફળતા કે ઊણપ ઢાંકવા માટે વ્યકિત આ પ્રયુકિતનો આશ્રય લેછે<br>– આ એક વૈકલ્પિકલક્ષ્ય હાંસલકરવાની પ્રયુકિતછે | – પોતાની ડૉકટર બનવાની ઇચ્છા પૂર્ણન થતાં પિતા પોતાના પુત્રનેડોકટર બનાવી સિદ્ધિ પ્રાપ્ત કર્યાનો સંતોષ મેળવે<br>– ચૂંટણીમાંએક – બે વખત હારેલો ઉમેદવાર, રાજકારણનું ક્ષેત્ર છોડી દેવાના બદલે ચૂંટણી જીતવાનો યોજનાબદ્ધ પ્રયત્ન કરી સફળતા મેળવે છે. |
| **દિવાસ્વપ્ન** | સ્વપ્ન જયારે ખુલ્લીઆંખેદિવસમાંઅનુભવવામાંઆવે ; ત્યારે તેને દિવાસ્વપ્ન કહેવાય. | દિવાસ્વપ્ન દ્વારા વ્યકિત વાસ્તવિક જીવનમાંજે નથી મળતું, તે મેળવવાનો અને માણવાનો પ્રયાસ કરે છે. | – કોઇ વ્યકિત પોતાના શત્રુનેમનોમન પરાજિત કર`.<br>– અભ્યાસમાંનબળો વિદ્યાર્થી દિવાસ્વપ્નમાંપોતાનો પ્રથમ નંબરઆવ્યો એવી કલ્પના કરે .<br>– પોતાની કલ્પનાના વિજાતીય પાત્રને મળ્યાનો કે મેળવ્યાનોઆનંદમાણેછે |
| **યૌકિતકીકરણ (મનમનામણું)** | જયારે કોઇ વ્યકિત સામાજિક દષ્ટીએ અસ્વીકાર્ય એવા વર્તનના સમર્થનમાંસમાજને સ્વીકાર્ય દલીલ શોધી કાઢ `; ત્યારે તેને યૌક્તિકીકરણ કહેવાય છે. યૌકિતકીકરણના બે પ્રકાર છે.<br>**૧. ખાટી દ્રાક્ષ યૌક્તિકીકરણ :** કેટલીક વખત સારી અને પોતાને ઉપયોગી પરિસ્થિતિ/વસ્તુ હોવા છતાં મેળવી ન શકવાના કારણેતેવસ્તુખોટી ક` ખરાબ છેતેમકહી વ્યકિત પોતાની નિષ્ફળતાનો ઢાંક – પિછાડો કરે તો દ્રાક્ષ ખાટી છે તે પ્રકારની બચાવ પ્રયુકિત થશે.<br>**૨. મીઠા લીબું યૌક્તિકીકરણ :** કેટલીક વખત પોતાનેકોઇ ખોટી કે ખરાબ વસ્તુ/ઘટના/મળે/બને ત્યાર` તેનેખોટ્ુ કહેવાનેબદલેજ `થાય તેસારા માટે થાય તેનીતિ અપનાવે તો તેનેમીઠા લીંબુપ્રકારનુંયૌક્તિકીકરણ કહેછે | – શિયાળની વાર્તા'આ દ્રાક્ષ તો ખાટી' છે | **૧. ખાટી દ્રાક્ષ યૌક્તિકીકરણ :** ઉદા. એમ.એ.એમ.એડ. થયેલી વ્યકિતને બી.એડ કોલેજમાંનોકરી ન મળે તો તે પોતાની નિષ્ફળતા પર ઢાંકપિછાડો કરવા દલીલ કરે છે'મારે તો બી.એડ કોલેજમાંલેકચરર થવુંન હતુ કારણ ક ` ત્યાં પગારની સરખામણીમાંકામ વધુકરવુંપડેછે<br>– પોતાના વારો આવે તે પહેલાંમીઠાઇ પતી જાય તો મને ગળ્યુંભાવતુંજ નથી.<br>– વ્હિકલમાંપંચરથતાંચાલીનેઓફિસેજવુંપડેતો કહેક ` આજે સારું વોકિંગ થઇ ગયું<br>– સુંદરપત્નીન મળતાંકહેક ` રૂપ કરતાંગુણસારા. |
| **પરાગતિ** | વર્તમાન વાસ્તવિક પરિસ્થિતિનો સામનો કરવાને બદલે પોતાની આવશ્યકતાની પૂર્તિમાટ` વ્યકિત જયારે પાછી પાની કરે તેનેપરાગતિ અથવા પરાગમન કહેછે | – વ્યકિત પોતાની પૂરતી વિકાસની કક્ષા કરતાંઓછી પરિપક્વતાની વિકાસ કક્ષાએ પહોંચી જઇ નિમ્ન – કક્ષાએ પાછા જવાની પ્રયુકિત છે. | – પુખ્તવયનીવ્યકિત નાના બાળક જેવુંવર્તનકર`.<br>– મોટી વયના માણસો કાલુકાલુબોલે, ઘૂંટણિયેચાલે |

WWW.HIRENSIR.COM

| | | | |
|---|---|---|---|
| **નકારાત્મકતા** | કેટલીક વાર વ્યક્તિ જ્યારે ઈચ્છિત લક્ષ્ય મેળવી શક્તિ નથી; ત્યારે આ પ્રયુક્તિ વાપરે છે. | – નકારાત્મક વલણ વિઘાતક નીવડે છે<br>– નકારાત્મક વલણો મોટી ઉંમરે સ્વભાવગત બની જાય છે<br>– શિશુ અવસ્થામાં આ વલણ જોવા મળે છે | – કોઈ બાળકને શિક્ષણ પ્રત્યે રોષ હોય તો તેમની સૂચનાનો અનાદર કરી નકારાત્મક વલણ અપનાવે છે |
| **અલિપ્તતા** | કેટલીક વખત વ્યક્તિ જે તે વાસ્તવિકતાનો સામનો કરવાને બદલે પરિસ્થિતિમાંથી બચવા માટે તેઓ તેમાંથી અલિપ્ત થઈ જાય છે | – પરિસ્થિતિ પોતાને અનુકૂળ ન હોય ત્યારે વ્યક્તિ પલાયનવાદના આશ્રયે જાય છે | – બાળક રિસાઈને અંગૂઠો ચૂસે છે<br>– કેટલાક લોકો આબરૂ જવાના ડરથી કે ભયથી સ્પર્ધાઓથી દૂર રહે છે |
| **આત્મકેન્દ્રીપણું** | ઘણીવાર વ્યક્તિ માનસિક રીતે અસુરક્ષિત કે અસલામતી અનુભવે છે પરિણામે વ્યક્તિ બીજાનું ધ્યાન પોતાના તરફ ખેંચી પોતાનો અહમ સંતોષવા પ્રયત્ન કરે છે | – વ્યક્તિ 'સ્વ'ને કેન્દ્રમાં રાખી પ્રવૃત્તિ કરે છે<br>– તે હંમેશાં સિદ્ધિને ઝંખે છે<br>– તેઓ અન્ય વ્યક્તિઓ કે તેમની શક્તિઓને કે સિદ્ધિઓને જલદી સ્વીકારી શકતા નથી. | – સભામાં મોટેથી બોલવું<br>– મોટેથી ટીકા–ટીપ્પણી કરવી.<br>– વાતવાતમાં બડાઈ મારવી.<br>– પોતાની જાત અને પૂર્વજોનાં વખાણ કરવાં<br>– લોકોનું ધ્યાન ખેંચવા તોફાન કરવું તોડફોડ કરવી. |
| **દમન** | વ્યક્તિ સમાજમાન્ય કે નૈતિકતાના ધોરણો વિરુદ્ધ હોય એવા વિચારો કે અનૈતિક વિચારોને પોતાના 'અજ્ઞાત મન' કે અજાગૃત મનમાં પોતાના જાગૃત અહમનું રક્ષણ કરવા માટે ધકેલી દે છે, જેને દમન કહે છે | – વ્યક્તિ વાસ્તવિક જીવનથી દૂર ભાગે છે | – કોઈ વડીલ પ્રત્યે અણગમો હોવા છતાં વડીલ પ્રત્યે રોષ વ્યક્ત કરતો નથી, પરંતુ તેમનો આદર કરે છે એમના પ્રત્યેના રોષના ભાવને અજાગૃત મનમાં ધકેલી દે છે |
| **શારીરિક દર્દ** | કેટલીક વાર વ્યક્તિ પરિસ્થિતિ કે વાસ્તવિકતાનો સામનો કરી શકતી નથી, ત્યારે તે શારીરિક દુખ કે દર્દનો ભોગ બને છે | – માનસિક પરિસ્થિતિની શારીરિક પરિસ્થિતિ પર અસર થાય છે | – પરીક્ષા વખતે વિદ્યાર્થીને માથું દુઃખે, ઝાડા થઈ જાય અથવા પેટમાં ચૂંક આવે છે<br>– ઘણી વખત હિસ્ટિરિયા જેવા દર્દનો ભોગ બને છે |